गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૪૦૦૫ वर्गांक

पुस्तकनुं नाम ગામારણ

विषय △૮૪૫૩:૯૬

જામાસ્પી.

કે જેમાં

કયાની પાદશાહ ગુસ્તાસ્પે પોતાનાં વજીર જામાસ્પને દુન્યામાં
બનેલા તેમજ બનનારા બનાવો વીષે પુછેલા સવાલો
અને તેનાં જવાબો, જાનવરોની બોલીનાં સગનો,
મનુષ્યોનાં અવયવો પરથી તેની પરીક્ષા,
ફાલનાંમું, હકીમું, વીગેરે લગ-
ભગ ૪૦૦ બાબદો
સમાયલી છે.

છપાવી પ્રગટ કરનાર

દોરાબ રૂસ્તમજી જામાસ્પજી દસ્તુર મેહેરજી રાંણા.



મુંબઈ.

(સર્વે હક પ્રગટ કર્ત્તાએ સ્વાધીન રાખ્યા છે.)

સને ૧૨૮૧ યજદેજરદી સને ૧૯૧૨ ઇસવી.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજ... ...પારાચંદ સંગ્રહ
૪૦૦૫

આ પુસ્તક "ધી મેહેર પ્રીન્ટીંગ વર્કસ," ગ્રાંટરોડ, રણછોડદાશ ત્રીભાવનદાશ બીલ્ડીંગ, મુંબઇમાં દોરાબજી રૂસ્તમજી દસ્તુરે પોતાને માટે છાપ્યું છે અને તે ઠેકાણેથી પ્રગટ કીધું છે.

મારા તિર્થસ્વરૂપ પિતાજી

એં. રૂસ્તમજી જામાસ્પજી દસ્તુર મેહેરજી રાણાં

જેઓએ પોતાનો વડિલોપાર્જીત

સાહિત્યના શોખનો વારસો મને આપ્યો છે

તેઓની જીંદગી ટકાવી રાખી હમો બચ્ચાંઓ ઉપર અપાર

ઉપકારો કરનારા

લોકપ્રિય, લાયકીવાલા, સકળગુણ સંપન્ન બાહોશ અને પ્રખ્યાત

ડા૦ સાહેબ સોરાબજી આદરજી પાત્રાંવાળાને

અનંત ઉપકારોના બદલા લેખે

આ નાનકડું પુસ્તક પ્રેમની લાગણીથી

અર્પણ કરૂં છું

આપનો હમેશનો

દોરાબ. રૂ. જા. દસ્તુર મેહેરજી રાણાં.

ખુલાસો.

શુ નહાનું કે મોટું કાંઇપણ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું કે તેમાં "પ્રસ્તાવના" યા દિબાચા રૂપે કાંઇપણ લખવાનો એક જાતનો રીવાજ પડી ગયો છે પછી ખરેખર તેની જરૂર હોય યા નહી. જ્યારે કેટલાંક પુસ્તકો એવાં હોય છે કે જેને માટે કાંઇપણ દીબાચાની ખાસ જરૂર હોતી નથી ત્યારે વલી બીજાં કેટલાંક પુસ્તકો એવાં હોય છે કે જેને માટે ખાસ દીબાચાની જરૂર હોય છે. આ "જામાસ્પી"નું પુસ્તક પણ છેલ્લા વર્ગમાં આવી જતું હોવાથી અને આ જાણીતાં પુસ્તકનો દીબાચો તેવીજ કોઇ જાણીતી કલમને હાથે લખાય તોજ તે આ પુસ્તકને જેબ આપી શકે એમ હોવાથી આ કામ મેં જાણીતા નોશાકરા લેખક મી. શો. મ. દેશાઇને સોંપ્યું જે તેવણે પોતાની બોહોલી રોકાણો છતાં મોટી ખુશીથી કબુલ રાખી આ પુસ્તકની "પ્રસ્તાવના" લખી આપી છે જે માટે હું તેઓનો અત્યંત ઉપકારી છું. આ પછી મારે પોતાને માટે બોલવાનું કે લખવાનું જો કે કાંઇપણ રહ્યું નથી છતાં મારા પોતા તરફથી ખુલાસા રૂપે બે બોલ લખવાની જરૂર જોઉ છું.

આ પુસ્તક મેં મારા વડીલ બંધુ એરવદ શોરાબજી રૂસતમજી દસ્તુર મેહેરજી રાણાંએ પોતાને હાથે લખેલાં એક પુસ્તક ઉપરથી છપાવ્યું છે કે જે પુસ્તક તેવણે જુદી જુદી જુની પાંચ કેતાબો તપાસી લખ્યું છે કે જેમાંની એક નવસારીની પેહેલા દસ્તુર મેહેરજી રાણાં લાયબ્રેરીમાં છે. મજકુર લાયબ્રેરીમાં જે કેતાબ છે તે મરહુમ પેહેલા દસ્તુર મેહેરજી રાણાં ખાનદાનનાં એક નબીરા એરવદ શોરાબજી દસ્તુર ફરાંમજીનાં હાથની લખેલી છે જે યજદેજરદી ૧૨૦૩ નાં સાલમાં યાને આજથી લગભગ ૮૦ વર્ષ ઉપર લખવામાં આવેલી છે જે તે મરહુમે ૨૬૩ વરસ ઉપર એટલે સંવત ૧૭૦૪ નાં સાલમાં લખાયલી એક કેતાબ ઉપરથી ઉતારી હતી કે જેનો લખનાર નેરીઓસંગ ધવલની ૧૬ મી પેહેડીએ ઉતરેલો એરવદ રૂશતમ બોનહોસંગ હતો.

આ પુસ્તક મેં તેની અસલ એબારતમાંજ પ્રગટ કરવાનું દુરૂસ્ત ધાર્યું

છે અને તેમાં મારા પોતા તરફથી કાંઇ પણ વધઘટ કરવામાં આવી નથી.

આ પુસ્તકની મદહેનજર બાહાર પડયા પછી ઘણી તરફથી મને વાગીત્ર સવાલો પુછવામાં આવે છે કે આ જામાસ્પી ખરી છે કે? તાવીજો જે સો છે તે બધાં ખરાં છે કે? તે પ્રમાણે બધું બરોબર બનશે કે? આ બધું ખરૂ છે કે ખોટું અને તે પ્રમાણે બનશે કે કેમ તેની જામીનગીરી હું કેવી રીતે આપી શકુ? અને તેટલાજ માટે મેં મારા તરફથી "ખુલાસો" કરવાની જરૂર જોઇ છે.

તાવીજો માટે મારૂં અંગત મત પુછવામાં આવે તો હું એટલું જણાવીશ કે આગળનાં વખતમાં તેની થોડે કે ઘણે અંશે કાંઇ અસર થતી હોવી જોઇએ પણ આજનાં જમાનાંમાં તેની જો કાંઇબી અસર થતી નંહી હોય તો તે આપણાજ નાસ્તીકપણાને આભારી હોવું જોઇએ. તા. ૧૯ મી જુન ૧૯૧૧ નાં "સાંજવર્તમાન" માં સાપનાં ઝેરનાં ઉતાર વિષે નીચલો ટુચકો લખવામાં આવ્યો હતો કે નાંમદાર નીઝામનું નાંમ લેવાથી સાપનું ઝેર ઉતરી જાય છે.

"મી૦ જે. એમ. શીંગલ નામના એક શખસે નામદાર નીઝામ ઉપર સાપના ઝેર સંબંધી પત્ર લખ્યો હતો જેના જવાબમાં નામદાર નીઝામના વડા સેક્રેટરી અહમદહુસેને લખી જણાવ્યું છે કે એક માણસને સાપ કરડયો હોય તો તેના કાનમાં નાચે પ્રમાણે કહેજો 'અરે ઝેર, મીર માહબુબ અલીખાનને ખાતર આ શખસને છોડી જા. અને આ બાબદની ખબર હું નામદાર નીઝામને એક દીવસથી ત્રણ દીવસની અંદર આપીશ" જે માણસને સાપ કરડયો હોય તે પણ બોલી શકશે પણ જો માણસ બેભાન હોય તો બીજા માણસે તેના કાનમાં બોલવું. જો કોઇ જાનવરને સાપ કરડયો હોય તો તેના કાનમાં ઉપલા શબ્દો બોલવાથી તેનું ઝેર ઉતરી જાય છે. દર્દીના કાનમાં નામદાર નીઝામનું નામ દેવાની જેમ જરૂર છે તેમ તે દર્દી સાજો થવા પછી નામદાર નીઝામને તે વીષે ખબર આપવાની પણ જરૂર છે. આ ખબર ત્રણ દીવસની પહેલાં આપવી જો ખબર આપવામાં નહી આવે તો ઝેર પાછું ઉભવશે આ ખબર આપવાને હઇદરાબાદ ખાતે આવવાની કાંઇ જરૂર નથી, તાર અથવા ટપાલથી નીઝામને ખબર આપવી. પરબીડીયા ઉપર "સાપના કરડવા વીશે ખબર" એમ લખવું કે જેથી નામદાર નીઝામ તરફથી તેના જવાબ મોકલવામાં આવશે."

એજ પ્રમાણે આંખમાં ફુલું પડે છે તો આજનાં કેટલાક દસ્તુરો ફુલાંભો દોરો આપે છે અને તેથી સેંકડો જણાં સારાં થયલાં છે અને થાય છે. આ પણ એક જાતનું તાવીજ છે. અમદાવાદનાં મીસ એનજીન્યરે ખોરદેહ અવસ્તાનું જે દફતર પ્રગટ કીધું છે તેમાં જે તાવીજો આપ્યાં છે તેમાંનાં એક ચોરીનાં તાવીજ માટે મુંબઇમાં કેટલાક ગ્રહસ્થોએ અજમાયસ કીધી હતી અને તે આબાદ ખરૂં પડયું હતું એમ મારી જાણમાં આવ્યું છે. જો આજનાં કળજુગનાં વખતમાં પણ આવા ટુચકાઓ હસ્તી ધરાવતા હોય—કહોકે કાર્ય સાધક રીતે અસર કરતા હોય તો આગળા જમાનામાં તાવીજો એથી કાંઇક વધોલી અસર નીપજાવતાં હોય તો તેમાં કાંઇ અજાયબ થવાનું નથી.

આ જામાસ્પીનું આખુ પુસ્તક ખુદ જામાસ્પને પોતાને હાથે લખાયલું હોય એ બીલકુલ બનવા જોગ નથી. છતાં એટલુ તો ખરૂ છે કે તે આજથી અઢી સદીની અંદરનું લખાયલું નથી અને તે છતાં તેમાં જે આગાહી કરવામાં આવી છે તેમાંની કેટલીક તો આજે આપણે ખરી પડતી જોઇએ છીએ.

છેવટ આ પુસ્તક પ્રગટ કરવા માટે મારા વડીલ બંધુએ પોતાની હાથની લખેલી કેતાબ મને આપી તે માટે તેવણનો અને આ પુસ્તકની પ્રસ્તાવના લખવા માટે મી. શો. મ. દેશાઇનો અને આ પુસ્તકનાં આગમજથી ગ્રાહકો થઇ જેઓએ મને આસરો આપ્યો છે તેઓનો હું ખરા અંતઃકરણથી ઉપકાર માનું છું.

મુંબઇ તા. ૧ લી જુન ૧૯૧૨.

દોરાબ રૂ. જા. દસ્તુર.

મેહેરજી રાણાં.

પ્રસ્તાવના.

"Astrology was much in vogue during the middle ages, and became the parent of modern astronomy, as alchemy did of chemistry."

પારસી લોકોમાં ખાસ કરીને અને મુસલમીનોમાં સાધારણ રીતે "જામાસ્પી" કેતાબ જાણીતી છે. છેલ્લી પા કિંવાં અરધી સદીના જુના વિચારના અને ધાર્મિક બુદ્ધિના પારસી મરદો શું, કે ઓરતો શું સર્વને જામાસ્પી વાંચવાનો અને રાખવાનો અતિશય શોખ તથા ચરસ હતો, કેમકે જામાસ્પીમાં તેઓ ભક્તિભાવથી માનતાં હતાં. વળી જરથોસ્તી દીનના ફેલાવામાં અગ્ર ભાગ લેનારા ગુસ્તાસ્પ પાદશાહ અને જામાસ્પ હકીમનો આ ભવિષ્યવાણી કહેનારી કેતાબ સાથે સંબંધ જોડાયલો હોવાથી લાગણીથી દોરવાઇને પણ પારસી લોકો આ પુસ્તકને ઘણું વજન આપતા રહ્યા છે. પરંતુ છેલ્લી પા સદી દરમ્યાન પારસીઓની વૃત્તિ જ્યોતિષ શાસ્ત્ર અને ભવિષ્ય વાણીને બીલકુલ નહિ માનવા તરફ દોરાઇ, કેમકે કેળવણીના પ્રતાપે એસ્ત્રાનોમી શીખવાથી એસ્ત્રાલોજી ઉપર તેઓને અભાવ થયો, અને પછી દેખાદેખીથી જોશીઓ કે જોશીઓના હુન્નર ઉપર શક થયાથી એક ફેશન પડી ગઇ, કે જોશીઓને ઠગારા ગણવા અને જોશી જે જોષ જુએ છે તે તદન ખોટું છે. પાછળથી જ્યારે ઝાડકીલ, રામપ્રસાદ, હરેશ્વર આદિ આ જમાનાના જામાસ્પો સુધરેલા વખતમાં ભવિષ્ય કહેવા લાગ્યા ત્યારે સુધરેલા પારસીઓનું વળણ આજકાલ પાછું ફેરવાવા લાગ્યું છે, અને જ્યોતિષ વિદ્યાને એક ઉત્તમ સાયન્સ લેખે સ્વિકારવાનું શરૂ થયું છે. એટલુંજ નહિ, પણ ઘણા સુધરેલા પારસીઓ હવે એ વિદ્યા શિખવા લાગ્યા છે. આગલા

વખતમાં તો નવસારી, સુરત, ભરૂચ વિગેરે ઠેકાણે ઘણાક મોબેદ સાહેબો મોબેદી ઉપરાંત જોશીનું કામ કરતા હતા. આજે પણ એવાં થોડાક મોબેદોનાં ઘરો હયાત છે. પરંતુ ખરી વાત એ છે, કે જ્યોતિષ વિદ્યામાં મુખ્યત્વે હિસાબનું બારીક કામ પડે છે, અને તિવ્ર પ્રકારની ગણુત્રિની જરૂર છે. જ્યારે બીજી ખરી વાત એ છે કે પારસી કોમ હિંદુ કોમ કરતાં હિસાબ અને ગણુત્રિમાં ઘણીજ ઉતરતી છે. હિસાબના કામમાં કોમના પ્રમાણથી તપાસતાં થોડાજ ગણુત્રિબાજ પારસીઓ હોય છે. જેઓ ગણિતમાં હુશિયાર હોય છે તેઓ ઘણાક જોશીપણાનું કામ શિખી શક્યા છે.

હવે બીજાં ૨ કારણોને લીધે જામાસ્પી જેવી ઉમદા કેતાબ ઉપરથી લોકોનું દિલ ઉઠી જાય છે. ૧ લું:-ગુસ્તાસ્પ પાદશાહના વખતના જામાસ્પ હકીમે જે પુસ્તક રચ્યું હતું તે કાયમ રહેવા પામ્યું નથી. જેના હાથમાં આવ્યું તેણે નકલ કરતાં તેમાં પોતાની બુદ્ધિ લગાવી ફેરફાર ને વધઘટ કરી દીધા છે; તેમાં ખાસ કરીને યુનાની હકીમોએ અને મુસલમીન નવીશંદાઓએ તેમાં જે નહિ હતું તે દાખલ કરી દીધું છે, અને હતું તે કાઢી નાખ્યું છે. વળી કાળે કાળે નકલ કરનારાઓએ તેમાં ડહાપણ ડોળીને કેટલીક હકીકત પોતાના વખત સુધી બનવા પામી હોય તે પણ જામાસ્પેજ લખી હોય એમ ઠોકી માર્યું છે. આથી કરીને અસલ જામાસ્પી હવે રહી નથી. એક શખસ પાસે જે પ્રત હશે તે બીજા જણની નકલ સાથે મુકાબલે બેસી શક્તી નથી. તે કારણે લોકોનો વિશ્વાશ ઉઠી ગયો. અને ૨ જું:—અસલ જામાસ્પીના ૪૦૦-૩૦૦ અને ૨૦૦ વરસ ઉપરની તે વેળાની ગુજરાતી ભાષા જેને હિંદવી અથવા હિંદી ભાષા પારશીઓ કહેતા હતા તે ભાષામાં તરજુમા લખાયલા છે, અને અસલી પારશી ભાષામાં તેની નકલો થયલી હોવાથી આજના જમાનાને તે અનુકુળ થઇ પડતી નથી.

આજના કેળવણી લેતા એક પારસી જવાન અગર એક હિંદુ, જામાસ્પી એ શું છે તે વીશે જ્યારે કાંઇજ જાણતો ન

હોય ત્યારે તેને પ્રથમ તેની ટુકમાં સમજણ પાડવી જરૂરની છે. તેમજ જયોતિષ વિદ્યા પ્રાચીન કાળથી હતીજ અને તે સાયન્સ ખરી છે એટલું પ્રથમ સમજાવવું જરૂરનું છે. ડૉ. વેબસ્ટર કહી ગયો છે, કે મધ્યાંતર અથવા મધ્યકાળમાં જયોતિષ વિદ્યા અંધકારમાં હતી, પણ પાછળથી તો જેમ કિમ્યું શોધતાં રસાયણ શાસ્ત્ર જન્મી પડયું, તેમજ જયોતિપ વિદ્યાની શોધ કરતાં તો ખગોળવિદ્યાનો અવતાર પેદા થયો. જયોતિષ વિદ્યા એ સાયન્સને લઇને વૈદકય વિદ્યા–ખગોળ વિદ્યા–હકીમાની હિકમત–ગણિતની ગણુત્રિ એ વિગેરે ઘણી ઘણી શાખાઓ સતેજ બનેલી છે. જેઓ જાત્તક જયોતિશ ફળ દર્પણુ જુએ તેને આ વિદ્યાનો ખરો ખ્યાલ આવે, અને જામાસ્પ હકીમના જોષ વીશે અનુભવ થાય. તે જાત્તકનો કેટલોક આધાર હું નીચે મુજબ લઇશ.

જામાસ્પી=એટલે જામાસ્પ હકીમે બનાવેલી હજારો વરસનું ભવિષ્ય કહી જનારી કેતાબ. જામાસ્પ=એટલે ઇરાન દેશના પારશી પાદશાહ ગુસ્તાસ્પનો વઝીર, હકીમ, જોષિ, અને વિદ્વાન. જેમ તે વૈદાંની હિકમત જાણવાથી હકીમ હતો, તેમ દુન્યાંના વહેવારમાં પુખ્ત હોવાથી હકીકત અને હીકમતનો હકીમ હતો. એની સરખામણી હિંદુઓના શ્રી વરાહમિહરાચાર્ય, અથવા ભૃગુરૂષિ સાથે સેહેલથી કરી શકાશે હિંદુઓમાં પરમેશ્વરના વેદરૂપી ૬ અંગો કહેલાં છે તેમાં જયોતિષ વિદ્યાને આંખ સાથે સરખાવેલી છે. જયોતિષ વિદ્યા એ વેદનો મુખ્ય ભાગ છે. આંખ વિના જેમ મનુષ્યનું શરિર નકામું છે, તેમ વેદરૂપી ઇશ્વરનું શરિર જયોતિષ વિદ્યા અથવા આગાહીના એલ્મ વગર નકામું છે. હિંદુઓની જામાસ્પી કેવી છે? આગાહીનો એલ્મ વેદમાં એક ઠેકાંણે નથી. જુદે જુદે ઠેકાંણે થોડો થોડો ભાગ અને કકડા બુકલા આવેલા છે. તે સર્વને એક ઠેકાંણે ભેગાં કરી "**વેદાંગ જયોતિષ**" નામનું પુસ્તક યાસ્ક મૂનીએ બનાવ્યું છે. પરંતુ એ કાંઇ ખરી જામાસ્પી નથી. એ તો જોતીશ શાસ્ત્રના મુળ તત્વ શિખવનારો ગ્રંથ છે. પાછળથી જુદા જુદા રૂષિ મૂનીઓએ

ઉપલા ગ્રંથને લઇને ૩ સ્કંધો બનાવ્યા. (૧) સિદ્ધાંત. (૨) સહિંતા. (૩) હોર. એ નામના ૩ સ્કંધો છે. જેમ જામાસ્પ હકીમના નામ ઉપરથી જામસ્પી નામ પડયું, તેમજ બ્રહ્મના બનાવેલાં સિદ્ધાંતને બ્રહ્મ-સિદ્ધાંત, આર્યના રચેલાંને આર્ય-સિદ્ધાંત, સૂર્ય-સિદ્ધાંત, પોલસ્ત્ય-સિદ્ધાંત, લલ્લ-સિદ્ધાંત વિગેરે ૧૮ જોશીપણાંની કેતાબો રચાઇ છે. જેમ જામાસ્પ હકીમની જામાસ્પીમાં ખગોળવિદ્યા-ભૂગોળવિદ્યા-તારા-સેતારા-આફતાબ-માહતાબ-વૈદક શાસ્ત્ર-રમળવિદ્યા વિગેરેનો સમાવેશ થાય છે તેમ ગ્રહણ તથા તારા અને સૂર્ય મંડળના ગણિતની હકીકત એ ૧૮ પુસ્તકમાં આવી જાય છે. તથાપિ જામાસ્પીમાં શાસ્ત્ર ઉપરાંત ભવિષમાં બનનારા બનાવોની આગાહી જેમ સમાવેલી છે, તેવી આગાહી અને ભવિષ્ય વાંણી તો ભૃગુસંહિતામાં જણાવેલી છે. આશરે ૮ સદીઓ ઉપર ભાસ્કરાચાર્યએ "સિદ્ધાંત શિરોમણી" નામનું પુસ્તક રચ્યું છે, તમાં યુગોના આવભાવ જે પ્રમાણે બતાવ્યા તેમ જામાસ્પે જામાસ્પીમાં રચેલા છે. ગુસ્તાસ્પનો જમાનો ૧૦ હજાર વરસનો ગણ્યે કે, સાત હજાર વરસનો ગણ્યે, તોપણ હજારો વરસની આગાહી તો હકીમ જામાસ્પનીજ કહેવાય. વળી હિંદુઓમાં ૧૮ સિદ્ધાંતો પછી ૧૮ સંહિતાઓ રચાયલી છે, તેમાં ૧૮ મહાન પુરૂષોએ સત્ય-ત્રેતા-દ્વાપર-અને કળિ એ ચાર યુગોના ભુત, ભવિષ, ને વર્તમાન નિવેદન જેવી રીતે કરેલાં છે, તેવાં જામાસ્પીમાં પેશદાદ-કયાંની-હખામની-ને સાસાંની બધા વંશના કાળોના નિવેદન એવી રીતે કરેલાં છે, કે વાંચનારને પેહેલાં તો અજાયબી લાગ્યા વિના રહેતી નથી, પણ જયોતિષની ઓછી શ્રદ્ધા અને કમી જ્ઞાનને લીધે ઘણાઓને પાછળથી કોઇએ કરેલી બનાવટ હોવાનો શક જામાસ્પી ઉપર લઇ જવામાં આવે છે. નારદ-ગર્ગ-ભૃગુરૂષિ-પારાશર રૂષિ-વસિષ્ટ રૂષિ-અને દેવલ વિગેરે રૂષિમૂનીઓની બનાવેલી જામાસ્પી (સહિંતા) નારદ સહિંતા, દેવલ સહિંતા વિગેરે કર્તાના નામ ઉપરથી જેમ આજ સુધી કહેવાતી આવેલી છે, તેજ રીતે જામાસ્પ હકીમના નામ

ઉપરથી જામાસ્પી નામ આ કેતાબને મળેલું છે. ઉપર જણાવેલી સહિંતાઓ ૪૦૦૦૦૦ ચાર લાખ શ્લોકની બનેલી છે!

હવે આ જામાસ્પીમાં જણાવેલી આગાહી અને હીકમત તથા ગ્રહોની વિદ્યા અને સૂર્ય મંડળની આ પૃથ્વિ ઉપર થતી અસર જે વર્ણવી છે, તેને શું આજની વિદ્યાને આધારે સમજાવી નહીં શકાય? જેઓ એસ્ટ્રાનોમી શિખ્યા છે, અને પછી મેડીકલ સાયન્સનો જેમણે અભ્યાસ કર્યો છે, તેઓ સર્વ ગ્રહોની અસર, સત્તા, અને અધિકાર આ દુન્યાના મનુષ્યો, પશુઓ, પ્રાણી, વનસ્પતિ, અને તમામ પદાર્થો ઉપર કેવી રીતે હોય છે તેનું કેટલુંક જ્ઞાન જરૂર મેળવે છે. વૈદકય વિદ્યાની રૂએ તેમજ આત્મિક વિદ્યાની રૂએ વેદાંત શાસ્ત્રમાં "પિંડે તે બ્રહ્માડે" એ વાકય આવે છે. તેની સમજણ પ્રથમ લેવી જોઇએ. બ્રહ્માંડ કહેતાં પરમાત્માએ પેદા કરેલી તમામ સૃષ્ટિ છે. તેમાં અસંખ્ય દુન્યાઓ છે, દુન્યાઓમાં પાહડો-નદિઓ-ઝાડપાનો વિગેરે છે. એ સર્વને બ્રહ્માંડ કહીએ છિયે. પિંડ એ મનુષ્ય દેહને કહેવો. અને તત્વવેતાઓએ એવું શોધી કાઢયું છે, કે પરવરદેગારની તમામ ખલકતમાં જે જે કાંઇ હૈયાત છે તે તમામે તમામ એક યા બીજે રૂપે આદમીના શરિરમાં (મીનિએચર ફોર્મમાં) ન્હાના પ્રમાણમાં હૈયાત છેજ. જેમ પૃથ્વિ પર પર્વતો, નદિ, નાળાં, પાણી, માટી, અગ્નિ, વાયુ વિગેરે છે તેમજ માણસના દેહમાં એ સર્વ ન્હાના આકારમાં છેજ. સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો વિગેરેનો સંબંધ અને અસર, લાખો અને કરોડો મૈલને છેટે આપણાથી તેઓ હોવા છતાં આ જગતના વનસ્પતિ પદાર્થથી માંડીને મનુષ્ય જાત સૂધી તેઓ અસર કરે છે, અને પોતાની સત્તા વાપરે છે. એ કારણથી દેશોની, કાળોની, સ્થિતિઓની આગાહીઓ, હજારો વરસની ગણત્રિથી, ભૃગુ જેવા રૂષિઓ અને જામાસ્પ જેવા હકીમો કરી ગયા છે. તેમાં શંકા નાંખવાનું કે વેહેમ ખાવાનું કાંઇ પણ કારણ નથી. ભૃગુરૂષિની અસલ જામાસ્પીઓ આજે પણ મદ્રાસ તરફ વસતાં ભૃગુરૂષિના ખાંદાનના

વારસો પાસે ફાળે પડતી ભાગમાં મળેલી હયાતિ ભોગવે છે, અને તેમાંની આગાહીઓ જામાસ્પીની માફકજ ખરી પડેલી જણાય છે. આજે દુન્યાનો કોઈ પણ માણસ મદ્રાસ તરફ રહેતા ભૃગુ રૂષિના ખાનદાનવાળા મોહલ્લામાં જાય, કે વેંહેંચણીમાં આવેલા જીલ્લા પ્રમાણે ભાગીરદારો પોતાને હીસ્સે આવેલાં પુસ્તકમાંથી તુર્તજ ભવિષ્ય પુછવા જનારની અસલ નસલ કે' બધું તે આવનારને વાચી બતાવે છે.

જુઓ, કે કમળ અને કુંપલિ તળાવમાંજ વસે છે તોપણ સહવારે સૂર્યનું ઉગવું થાય ત્યારે સરોવરમાં કમળનું ખીલવું થાય છે, અને સૂર્યઅસ્ત થાય ત્યારે તે પણ અસ્ત થાય છે. સૂય મુખિ ફુલ પણ સૂર્યના ઉગવા કે આથમવા ઉપર ખીલે છે કે કરમાય છે. ત્યારે સૂર્યની અસર અને સત્તા વનસ્પતિ ને ફુલો ઉપર જ્યારે આટલી બધી થાય છે તો પછી મનુષ્ય ઉપર કેમ ન ચાલે? પોયણી જેને આપણે કુંપલિ કહ્યે છિયે તે જેમ ચંદ્રમા ખીલે તેમ પ્રકાશિત થાય, અને ચંદ્રમા અસ્ત થાય ત્યારે તે પણ ઢંકાઇ જાય. એવી રીતે ગ્રહોની અસર આપણે અનુભવ્યે છિયે.

દરિયામાં ભરતી ને ઓટ થાય છે તે પણ ચંદ્રના આકર્ષણથીજ થાય છે. ચંદ્રોદય વખતે ભરતી થાય ને ચંદ્ર અસ્ત થાય ત્યારે ઓટ થવા માંડે. જેમ ચંદ્ર વધતો જાય તેમ ભરતીના પાણી પણ વધતાં જાય. પુનેમની ભરતી ને અમાસની ઓટ એ જાતે જોવાથી જણાશે. ત્યારે વનસ્પતિ, ફુલ ઉપરાંત પાણી પર પણ ગ્રહોની અસર જણાય છે.

વળી હિસ્તીર્યાના રોગવાળાંને, હાંફણવાળાંને, ગાંડાં માણસને, સનેપાતવાળાં મનુષ્યોને ગ્રહોની અસર કેવી થાય છે તે ડાકટરો અને વૈદો સારી પેઠે જાણે છે. ચંદ્ર જેમ જેમ વધે છે તેમ તેમ ગાંડા માણસનું ગાંડાપણું વધે છે. અમાસે ગાંડો સાજો ને પૂનેમે ઘેલો ગાંડો. શુદવાળા ૧૫ દહાડા કેટલાંક દર-

દોનું જોર ઓછું હોય છે, ને વદવાળાં પખવાડિયામાં વધુ દરદ હોય છે. મરવા પડેલો માણુસ અમાસની આસપાસના દહાડાઓમાં મરવાનો, અગર ચાંદરાત પછી સાજો થવાનો એ દરરોજના અનુભવથી આપણે જાણ્યે છિયે. વદ ૧૪, ૧૫ એ ભારી દહાડા કહેવાય છે તેનું કારણુજ આદમીઓ ઉપર ચંદ્રની અસરનું છે.

આવી રીતે ગ્રહોની અસર અને માણુસ, પ્રાણી, પદાર્થ, દેશ, પરદેશ, તથા ખંડો અને જગતો સાથનો ગ્રહ મંડળનો સંબંધ એ પારખવાની વિદ્યા જામાસ્પ હકીમ નામનો મહા વિદ્વાન જાણુતો હતો, અને તેની રૂએ તેણે હજારો વરસથી કહો કે ૧૦ હજાર વરસથી દેશે દેશની આગાહીનું જે પુસ્તક રચ્યું તે તેના નામ ઉપરથી જામાસ્પી કહેવાયું. વળી ભવિષ્ય વાંણી ઉપરાંત તેમાં દવા દારૂના ઉત્તમ ઉપાયોનો સંગ્રહ કરેલો છે. તથાપિ કહેવું પડે છે કે તે દવા દારૂના શબ્દો ભાષાંતર કરતાં જેને જે ગમે તે અર્થ થોકી દીધાથી વસાંણાઓના નામોમાં અને ઉપચારમાં ફરક પડી ગયલો હોવાથી એકાયક ખાત્રી થતી નથી. એ જામાસ્પ હકીમ પારસીઓના ઇરાનના પાદશાહ ગુસ્તાસ્પનો પિત્રાઇ ભાઇ પણ થતો હતો. તે હોરમઝદશાહનો પુત્ર અને પેગંબર જરથુસ્ત્રનો ચેલો હોવાથી, ખુદાઇ બક્ષેશથી મળેલું અગમનીગમનું જાણુવાનું કુલ સુંગવાથી જે થયું, જે થાય છે, અને થશે તેનું બન્ને જેહાંનનું જ્ઞાન તેને થયું એમ કહેવાય છે, આ કાંઇજ નહીં પણ તેના જયોતિશના અને વૈદાંના ઉંડાં જ્ઞાનનું પરિણામ છે. આ કેતાબમાં ગુસ્તાસ્પશાહ અને એ જામાસ્પ વચ્ચે ચાલેલો સંવાદ છે. એટલુંજ નહીં પણ તે વાંચવાથી ગ્રહ મંડળનું—આગલી ઇરાનની તવારીખનું—બેહેસ્ત દોજખેનું—હિંદુસ્થાનની આગાહી અને રાહ રીતિનું—સ્વપ્નાની તાબીરનું—પારસીઓના ત્રીસે રોજના ફળનું—દંતકથાઓની સમજણનું—પારસીઓના ધાર્મિક રિવાજો અને ક્રિયાનું—માનત અને બાધાઓ વખતે ફરેસ્તાઓને માન્ય રાખવાનું—વિગેરે ઘણી બાબતોનું જાણુવાનું મળે છે તેમજ ફાલ અને રમલ વિદ્યાની હકીકત તેમાં આવી છે. પરંતુ તેમાં ૪૦૦ થી વધારે વરસની જુની પારસી હિંદી

ભાષામાં લખાયલી બીના જણાય છે. જાનવરો, પશુ, અને પખીઓના ઉડવા-બેસવા-અને બોલવા ઉપર ભવિષ્ય વાંણીઓ રચેલી એમાં દીઠામાં આવે છે. માણસના સર્વ અંગો અને અવયવોની પરિક્ષા કેમ કરવી અને તે ઉપરથી માનવીના ગુણદોષ કેમ પારખવા તેની પણ આ કેતાબમાં સમજ આપી છે. શેતાંની, દેવદરૂજી, ભુત પલીદી વિગેરેની સમજણ અને ઈલાજ એ સર્વ એવી રીતે એ કેતાબમાં કાળે કાળે ઘુસવા પામેલું છે, કે ઇરાનથી હિંદુસ્થાન આવ્યા પછી એ કેતાબમાં થયલા ફેરફાર અને વધારા ઘટાડા ઝટ આપણને કહી આપે છે.

સારાંશ, આ ચોપડી ઉમદા હોવી જોઇએ પણ તે પોતાના ખરાં રૂપમાં આજે કેઠે પણ માલમ પડતી નથી. આ કેતાબ ઉત્તમ હોવાનું અનુમાન થાય છે, પરંતુ ઇરાનથી હિંદુસ્થાન નાશી આવ્યા તે સમય પછીના હેવાલો જે ઢપે લખાયેલા છે તે અસલ હોય એમ લાગતું નથી. એ વધારા, અને ઘટાડા કે સુધારા કંઇક દરજજે દસ્તુર મોબેદોને અને કંઇક મુસલમીન હોકમાઓને આભારી હોય એમ હું સમજું છું. કેટલીક વધઘટ ૯ અને ૧૦ મી સદીની, અને કેટલીક ફેરફારી છેલ્લી ૩-૪ સદીમાં થયલી જણાઇ આવે છે. એક સાધારણ નકલ કરનારે નકલ કીધી, કે તેમાં કાંઇને કાંઇ તેણે પોતાના તરફનું ઉમેરેલું છેજ છે. એવી અવદશા આ નામચીન જામાસ્પીની થયલી હું ખાત્રીભર્યા અનુમાનને આધારે કરૂં છું. ટુકમાં જેવી હિંદુઓમાં ભૃગુસંહિતા છે તેવી આ જામાસ્પસંહિતા છે, અને આગાહીનું પુસ્તક-ભવિષ્ય વાંણી કહી જનારૂં-આ જામાસ્પી છે અને ગુસ્તાસ્પ પાદશાહ તથા જામાસ્પ હકીમ વચ્ચે ચાલેલી પુરશેશો પાશુખની જુની કેતાબનો આ તરજુમો બહાર પાડવા માટે કર્તાને હું ધન્યવાદ દઉં છું.

નવસારી.
તા. ૧૯ માર્ચ ૧૯૧૨.

શે૦ મ૦ દેશાઇ.

સાંકળ્યું.

પૃષ્ટ.

જમશેદ પાદશાહ જાંણુવરની બોલી જાંનતો તો, તે પર સ્વારી કરતો, તે હરેક જાનવર વેલાપર શી તરેહ બોલે છે. તેનાં શબ્દનાં સગન.

જરથોસ્ત કયાં શેહેરમાં પેદા થઇઆ; તાંનો પાહાદશાહ કોણ, શેહેર કેવું, જરથોસ્ત આવ્યા તે વખતે મોજેજો શું દેખડાવ્યો, હોરમજદંના દરગાહામાં કેટલાં વરસના ગયા, કેટલાં વરસ રહીઆ,

જાંમાસ્પી

તમામ

હકીમાં સાથે

ખોદાતાલાએ ચાર ફરેસ્તા મોકલીઆ.

જે ખોદાતાલાએ ફરેસ્તા ચાર ૪) મોકલીઆ, જે જરથુશત પેગમબર દીન લઇને દુનીઆમાં ગયા છે તે દીન રવા કરવાને ખાતર ફરેસ્તા ચાર ગુવા મોકલ્યા તે ચાર ચીજ લાવ્યા તે ચાર જણને વેહેંચી આપી તેનાંનામ.

ગોસ્તાશપને મેહે આપ્યો તેથી બેહેશતમાં મોકલ્યો. પોતીકું જીવતાં બેહેશત દીઠું તથા અસપંદીઆરને અનાર ખવાડીઉ તેથી વજરની દેહ થઇ. તથા પેસુતનને દુધ પાયું તેથી અમમરગ છે. તથા જાંમાસ્પને ફુલ સુંઘાડીઉ તેથી હોયું તથા થયું તથા થશે તે બેહુ દુનીઆનું માલમ પડીયું, અને જાણવા લાગા પછી ફરેસ્તા ગીઆ.

ગોસતાસ્પ પાદશાહે જામાસ્પે બેન હોરમજદશાહ, પોતીકા પીતરાઈ ભાઇને પુછીઉ જે બેહેશત તથા દોજખ તથા બેહુ દુનીઆની ઉપજ નીપજ થયું અને થશે, તે કહે. પરથમ દાદાર અહુરમજદની શેતાએશ શુકરાંનાં કરૂં છું જે જુમલે જહાંનનો તે શાહેબ છે. બખશેશનો કરનાર મેહેરબાંન, જુમલે જહાનનો પાલનારો, રોજીનો દેનાર પરવરદેગાર, કવી ખુદરતનો શાહેબ તેની બેજમતને જોરે એ દાશતાંન શરૂ કરૂ જે મારા દીલની મોરાદ માહારાં દીલને પોહોંચે અને મકશદ હાંસલ થાએ તેમને તેવી વદીઆ દેય. એ પરવરદીગાર રાદીરાસ્તીને જોરે હું દાસ્તાંન શરૂ કરૂં છું, જામાસ્પી શરૂ કરૂ, જે થયું તથા થશે તે શરવે માલમ પડે, તમામ દીન તથા દુનીઆંની વાત સરવે જાંમાસ્પીમાં માલમ પડે.

ગોશતાસ્પ પાહાદશાહે જાંમાસ્પ હકીમને પુછીયું જે ખોદાયતાલા કેમ પેદા થયા, અને હારેમન પાપી કેમ પેદા થયો, અને બેહેશત કેમ પેદા થયાં, અને દોજખ કેમ પેદા થયાં અને ફરેશતા કેમ પેદા થયા, અને

નાપાક દેવ કેમ પેદા થયા, અને સેતારા કેમ પેદા કીધા, અને ઘરે કેમ પેદા કીધા.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે ખોદાયતાલા ગેબજ હતો તેને પેદા થયાને કંઈ કાલ થયા ને વલી જશે, કદીમ અઇઆંમ છે તે ખુદરતમાં તે હમેશ છે. અને હારેમન પાપી ફરેસ્તો હતો, તેની અવલી રાહા તેની મંટે તે અવલી રાહે ચાલ્યો તથા તે ફરીઓ, તેની બુરી નઇએતથી તેને દોજખ ૭ નીપજવીઆં. જમીન તલારે ચોઠાં દોજખમાં ગીરફતાર છે. અને શ્રી દાદાર હોરમજદે શાત બેહેશત પેદા કીધાં બાગની મીશાલે, અને પાંચમાં બેહેશતમાં પોતીકી બેઠક છે. અને ફરેશતા સાત પોતીકી જાતી ચશમથી પેદા કીધા, તથા ફરેશતા ઇજદ, દીવાની ચેરાગ કરીએ તેમ એક ચેરાગથી હજારો હજાર ચેરાગ કરીએ તેમ પેદા કીધા એક લેજ્માં. નાંપાકી હારેમને ફરેશતાનામુ દઇ કંઇ લાખ તથા કરોડ પેદા કીધા અને હોરમજદે આંસમાન ઉપર શેતારા નાના તથા મોટા પેદા કીધા તેવારે હારેમન પાપીએ કંઇ ગરે પેદા કીધા. હોરમજદે ફરેશતા રૂડાં કાંમ ઉપર રાખ્યા અને નાપાક હારેમને જુડાં કાંમ ઉપર રાખ્યા. તથા જે તેથી ભુડુ નીપજે.

ગેશતાસ્પ પાહાદશાહે પુછીઉં જે આંશમાંન શી તરેહનો છે અને કેવો છે, અને ખોરશેદની માંહે ચાલ શી છે અને લાંબો તથા પોહોલો. માહાતાંબની ચાલ, લાંમબો તથા પોહોલો, આંશમાન ઉપર શેતારા નાંનાં તથા મોતાનું વજન શું છે અને આંશમાંનને થાંભ કેટલા છે અને આંશમાંન શી પ્રકારનું છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાહાદશાહ આંસમાંન પોલાદ ખરાં લોહાંનું છે. અને દલે જાદો ૯૦૦ ફરસંગ છે અને પોહોલો ૯૦૦ ફરસંગ છે ફેરાવ. પરથમ ફરેશતા નહી હતા, પછી હારેમન આંશમાંન ફારીને દુનીઆંમાં આવ્યો હતો. તેવાર પછે હોરમજદે આંસમાનને ફરતો કીધો અને હારેમન પાપીને બંધ કીધો. અને આંશમાંનને થાંભ ૮ છે. અને ખોરશેદ પોહોલો ૪૦૦ ફરસંગ છે અને લાંમબો ૪૦૦ ફરસંગનો અને ગોડાની રતપર બેઠક છે. માહાતાબ લાંમબો ૨૦૦ ફરસંગ છે અને પોહોલો ૨૦૦ ફરસંગ છે અને બદલની રતપર બેઠક છે. રજકરોજી તથા શવાબ એને હાથ છે. જે જમીન ઉપર રાતના ગુનાહનો સુમાર થાએ છે વાસ્તે દીશનાં ખુરશેદનું નુર વરશે તેથી જેહાંન પાક થાએ છે, અને ખુરશેદ મરદ નૂં ભરેકો તેજ ગરમ છે અને માહાતાબ નીરમલ આરસીની મીશાલે છે,

અને માહાતાબ માહે કાલકી છે. તમાંમ જેહાંન ઊજલું છે, તે તમાંમ નદી દરીઆ દેખાએ છે અને માહાતાબ ગાએની સુરતે છે અને મોતા તારા ગજ ૩ નાં છે, માંથાની સુરેતે છે. આંશમાંન ફરસંગ ૧૨૦૦૦નો કહીઉં છે. ગજ તે હાથ એકને કહે છે. અને ચંદરની ગાએની સુરતે છે, લાંમબી પોહોલી છે અને ચાર દશાએ મેલેઆ છે. સુકર પુરવ દશાએ છે, વનંત આઠમન દશાએ છે, ભરશપત આહેમન દશાએ છે, તેશતર ઇજદ દખન દશાએ છે, દરૂ તારો ઉતર દશાએ છે બીજા સરવે તારા લખેઆ છે.

ગુસતાસ્પ પાદશાહે જાંમાશપ હકીમને પુછ્યું જે ફરેશતા કોણની સુરતે છે, અને મેહેર ઇજદની બેથક કીઆં છે, રશને આશતાદ, સરોશ શા કાંમ ઉપર છે, મુરગ એક હોરમજદે પેદા કીધો છે તે કાહાં છે, બેહેશત કહી દશાએ છે અને દોજખ કાં છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે ફરેશતા આદમીની સુરતે છે, મરદની સુરતે છે તથા ઓરતની સુરતે છે. અને મેહેર ઇજદની બેઠક અલબરૂજ ડુંગર ઉપર છે, અને રશને આશતાદ તથા શરોશ એ રૂવાંનનો હસાબ સુમાર લે છે, અને પુલ આગલ હોરમજદે એક મુરગ પેદા કીધું છે તે દેવને ભાંજવા. તેનાં અવાજથી દેવ દરૂજ નાંશી દોજખમાં જાએચ. અને બેહેશત દક્ષિન દશાએ છે, અને દોજખ જમીનની તલે નીચું હવામાં છે ઉત્તર દશાએ.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે દુનીઆં કેમ સરજી અને કેમ જમીન પેદા કીધી અને જમીન શા ઉપર છે અને ગયોમરદને કેમ પેદા કીધો, શા માટે મનુસ્ય પેદા કીધાં અને આપણે કાંહાંથી પેદા થયાં અને કોલાપોશ કાંહાંથી પેદા થયો અને મહમદની દીન કોણ કબુલ કરશે અને પોરીઓદકેશી પછી કોણ દીન લાવશે અને બાર રાશમાં શા શા કામ નીપજ્યાં અને હારેમન એ દુનીઆંમાં શું કામ આવ્યો અને બંધ કોણે કીધો અને પોરીઓદકેશી દીન શાને કહે છે અને તમામ શું શું નીપજીઉ અને જરથોસ્ત અસ્પેનતમાન પેગમબર પરથમ હતા કે હમણા પેદા થયા. તેની દીન કોણ કબુલ કરશે અને પાદશાહ શી તરેહ પેદા થયા, શા કાંમ કીધાં, અમારત ગુફા કોણે બાંધીઆ અને ગયોમરદ અવ્યા તેવારે શીશી ચીજ લાવ્યા અને દુનીઆં પેદા કીધી તેવારે દીપ કેટલા વશવાને કાજ પેદા કીધા અને આતશ દુનીઆમાંથી કાંય ગીઆ અને અલબરૂજ ડુંગર ઉપર શી શી અમારત છે, દરીઆવ કાંહાંથી પેદા થયો, ખારો છે કે મીઠો છે, અને આશમાનની ઉપર ગગડે છે તે શું છે અને માછલીઓ પીલો રંગબેરંગી ગાલે છે તે શું છે, વીજલી ચમકે છે તે શુ છે અને આતશ દુનીઆમાં કેટલા છે અને ગહમબાર તથા પરબ કાંહાંથી પેદા થયાં અને ફરજ કાંહાંથી પેદા થયા

અને દશતાન કાંહાંથી પેદા થાઇઉ અને શરોશ ઇજદનું રેથાંન કાંહાં છે અને ખરમાહી કાંહાં છે અને ગોપતશાહ તથા શીહમુરગ તથા મમરગ. અને દરીઆવમાં કઇ ગાયનાં સીંગડાં ઉપર આતશ છે. ગોપતશાહ, ત્રણ પાવનો ખર અને કેખશરૂ પાદશાહની બેઠક. ડુંગર કોણે પેદા કીધા, શીઆલો તથા ઉનાલો તથા ચોમાસુ કાંય પેદા કીધાં, હોશેદર તથા હોશેદરમાહ તથા શોશીઓશ એ કેમ પેદા થાશે ને કેટલાં વરસ રેહેશે ?

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે પરથમ આંશમાંન શરજીઉ, તેવાર પછી જમીન પેદા થાઇ અને આંશમાંનને મુકાબલે જમીન એ પાણી ઉપર રાખી છે, તે પાણી ઉપર ગાએ છે અને ગાએનાં શીંગ ઉપર જમીન નાંખી છે, તે જમીન હાલવા લાગી તેવારે હોરમજદે એ જમીનને કમર બંધને કાજ એક દુંગર જરજીઓ તેનું નામ શુકનતેગડ કહે છે. તે શુકનતેગડ જે જમીનને કમરે પરબત છે તેથી જમીન પાવભર છે. તે શુકનતેગડ ઉત્તર દશાએ છે. જેવારે જમીન ઉપર ગણો ગુનાહ થાએ તેવારે ગાએ જે જમીનની તલે છે તે ગાએ ગુનાહથી ધ્રુજે તેવારે તેને ધરતીકંપ કહે છે. અને બાર રાશ કહી ને ૧૨૦૦૦ વરશની બાંધની છે. તેવાર હરેક રાશ તે હરેક હજારો ભોગવે. મીન, મેખ, વરખ એ ત્રણે હજારો મલીને આંશમાંન તથા જમીન તથા દુનીઆં પેદા થાઇ. એ શરવે અમારત કરતાં ૩૦૦૦ ગીઆં. કરકનાં હજારામાં ગયોમરદ આવ્યા, પછે એક દન પેશાબ કરતાં વીરજ જમીનમાં ઉતરીયું તેથી મસીયું મસીઆનું જોડું પેદા થાઇઉ, જમીનથી નીખલ્યું તથા ઉગીયું. તેની આસપાસ વીરજ રહ્યું તેથી ધાતની જનશ પેદા થઇ. સુંનું, રૂપું, કથી, તાંબુ, લોહ્હુ, તથા સીસું, પોલાદ એ જણુસ પેદા થાઇ. ગયોમરદથી હીંદુ ગયોમરદનાં ફરજંદથી પેદા થયાં, એક જોડાંનાં સાત જોડાં પેદા થાઇઆં, તેને સાતે દીપ ઉપર મોકલીઆં તે હીંદુસ્તાંન માંહે એક જોડુ મુકીઉં તેને દેવ ગાલેબ કીધો તેથી દેવ પેદા થયા.

પછી શદીં રાશનાં હજારા માંહે શાશનાં હજારમાં હારેમન આંશમાંન ફાડી શેતાંન પોતીકું લશકર લઇ આવ્યો જે ગયોમરદને મારૂ. પછી એક દીપ ઉપર નજર પડયું તે દીપ બલીયું તે દીપ આજ સુધી ઉજડ છે. હોરમજદે આએ દુનીઆં માંહે ફરેશતા મોકલીઆ અને હારેમનને અશો જરથોસ્તનું ફરોહર દેખાડયું તે દેખાને ઉંધો પડેઓ, પછે દોજખ માંહે બંધ કીધો. એ વાત એમ છે જે જેવારે હારેમન પેદા થાઇઓ તેવારે ગયોમરદનું તથા અશો જરથોસ્તનું અશો ફરોવર તઇઆર કીધું પછી દુનીઆં તઇઆર થાઇ અને ગયોમરદની સાથે એટલી ચીજ દુનીઆંમાં આવી, હારેમનને બેહેરાંમ ઇજેદે બંદ કરીને દોજખ માંહે નાંખ્યો.

કનયા, તોલા, તથા વરચક રાશમાં પેગમબર આવ્યા તાં સુધી પોરીઓ દકેશી એને કેહે છે જે ખોદાયને માંનતા તે પોરીઓ દકેશી દીન ચાલી. પેગમબર નહી તથા ચાર નાચાર જાંન્યું નહી, શરવે એક આકારે. થોડીએક નેરંગ તેમુરસ્પ તથા જમશેદ તથા ફરેદુન નેરંગ હારેમનને બંધ કરવા લાગ્યા. જરથોસ્તનું અશો ફરોહર હોરમજદની દરગાહ હતું. પછી ગુસતાસ્પનાં વખત માંહે પેગમબર દીન લઇ આવ્યા અને આલમે દીન કબુલ કીધી. હારેમન દુનીઆં ભાંજવા આવ્યો આખર ગેરફતાર ગીઓ. અને પાદશાહી ગયોમરદથી ચાલી તે યજદજરદી લગીન ચાલશે. અને અમારત, ઘેર, હવેલી, બાગ, કારજાં, એ સરવે પાદશાહાઓએ તલેશમ પેદા કીધાં. દીપ સાત હોરમજદે સરજીઆં આદમી વીસે છે. કોહલાં પોશ તથા મુસલમાંન તથા પારસી એ તરણે તબકા ફરેદુનને તોખમનાં.

ધન, મકર, કુંભ, મીન એ ચાર હજારા આખરનાં ગીઆ. અલબરૂજ દુંગર ઉપર હોરમજદની બેઠક છે અને ફરેસતાની બેઠક છે. એ અલબરૂજની હકીકત આગલ લખાશે. એ અલબરૂજ માંહે દરીઆવ પેદા થયાની મારફત છે. દરીઆ કીનારે હોમ ઇજદ તથા યુ પાદશાહા ઇજશને કરે છે તેનો જોર તે દરીઆવમાં નાંખે છે તેથી શીહ મુરગ તથા યમરગ તથા ગાએ તેનાં શીંગ ઉપર આતશ છે, ખરમાઇ તથા હોમનું ઝાદ તથા તરણ પાવનું ખર એ સરવે અલબરૂજ એથે છે. દરીઆવ ખારો એટલા વાશતે જે દોજખમાં ફરી આવે છે માટે ખારો થાય છે. અને આંશમાનપર ગગદે છે વરસાદનાં હીંગામમાં તે નુંદ ફરેશતો પોકારે છે. માછલી પીલો ગાલે છે તે ફરેશતાની તલવારનું મ્યાંન છે. વીજ તે આતશ છે. આતશ વાહ જશતે આતશ દુનીઆં માહે ૧૦૦૧ અવલ આપણે પકાવવાનું કરતા તે હાંદી ચુલાપર મેલી ખીસતા તે વેલા આતશ પોતે આવી પકાઇ જાતા. પછી કેરશાસપે ગરૂજ મારી આતશ પગંજદા કીધો તેથી એ દુનીઆં માહે રહીઆ. અને ગહમબાર જમશેદથી તથા પરભ પાહાદશાહથી થયાં અને ફરજ જરથોસ્તથી પેદા થઇ. દસતાંન તેમુરશ પાદશાહાની ઓરત થી થયું અને નશો તેમુરશનાં વખતથી થયો. આખર છેલ્લી પાદશાહીથી મહમદ આપણી દીનનો દુશમન પેદા થશે. સરોશનું રેહાન અરજે તથા સરવે દીપમાં છે તથા કેખશરૂનું રેહાંન ચેચશત ગોફામાં છે. દુંગર એટલો માટે સરજીઆ જે રસ્તાખેજ પેલેકાર થાશે તેવારે દરીઆઓ પુરવાને ખાતર પેદા કીધા. શીઆલો, હુનાલો તથા ચોમાંસું એ રૂત તરણ રસ્તાખેજનાં હીંગામ છે તેનાં હીશાબમાં છે. હોશેદર તથા હોશેદરમાહ તથા શોશીઓશ એ તરણ પેગમબર રસ્તાખેજ પેદા થશે. વરશ ૩૦૦ પેગમબરે હોશેદરની

રાહા રશમ ચાલશે તથા હોશેદરમાંહાનાં વખતમાં કેખશરૂ થશે તે વરશ ૩૦૦ લગી અને ૩૦૦ થતાં જુવાક તથા કેરશાશપ તથા ગુશતાસ્પ પાદશાહી કરશે.

ગુસતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ગયોમરદ પાદશાહીએ બેઠા પછી આખરનો પાદશાહ કોણ, તેમાં ભલાં બુરાં મને બતલાવ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધોજે જે વાર દાદાર હોરમજદે આંશમાન તથા જમીન પેદા કીધી તથા આંબાદાની કીધી તેવારે તેજ વખતે પેહેલો પાદશાહા ગયોમરદ પેદા કીધો અને ખોદાઈ નુરથી તથા અજમતથી હતો. જુદાઇ તથા બુરૂ તેનાં વખતમાં નહી હતું. તેને દુનીઆમાં ખુબી ગણી કીધી. પરેથમ દાદ દીન તેથી થાઇ. હોરમજદની પાખદીન હજારે કીધી. શીઆંમકનાં વખતમાં તાઇ એ ભાંતે હતી, પછી તેનાં વખતમાં, બુરૂરાએ દેવ તે વખતમાં પેદા થયો, તે નાપાક દેવે શીઆંમકને મારીઓ અને પાદશાહી લીધી અને ફેશાદ પેદા કીધો. તમામ નેકી સાથે બુરાઇ ભેલી. કેટલાએક દીન માસ વરશ બરૂરાએ દેવે પાદશાહી કીધી, બેદાદી અને અનીઆએ ગણો કીધો અને તમાંમ જેહાંન ખરાબ કીધી. પછી દીનદાર પેદા થાઇઓ, ખોદાતાલાથી હોસંગ આયો અને બરૂરાએ દેવશે લદીઓ, જાલમી બરૂરાએ દેવને મારીઓ અને દેવ જાદુગરોથી જેહાંન ખાલી થાઇ, તમાંમ રઇયતે દીન કબુલ કીધી અને હોસંગની દાદ દીનથી જેહાંન ખુસાલ થાઇ. ત્યાંથી જમશેદના વખત તાઇ ભાતે આફતાબની મીશાલે નુરાંની હતી. પછી જમશેદનાં વખત તાઇ જમશેદની પાદશાહી હતી તેવારે લોભ. હાજત, રંજ તેવું કાંઇ નહી હતું, પણ પછવાડે જેમતની વાત કોઇ જાંણતું નહી હતું. જેહાંન ખુશાલનાંજ નેઆંમત ભરી હતી જહાં સુધી જમશેદનો મુલક જોવાકે લીધો તાં સુધી જેહાંન એ ભાંતની ખુબીમાં હતી. પછી જુવાકે બેહેશતની શાખ ખાકમાં નાંખી બેદુંધી તથા જુલમ તથા બેદાદી ફેશાદ ભરી થાઇ. નહી દીન, નહી દેઆનત, નહી નેકી હતી. જેહાંન દર તથા મેહેનત ભરી થઈ, દેવ દુનીઆંમાં મહસુર હતા અને આદમી દેવોથી પુકાર ભરીઆ થાઇઆ. એ ભાતે જેહાંનમાં જુલમ મેહેનત હતી, જહાં સુધી ફરેદુને તેનો મુલક લીધો. જેહાંન નવી થઈ, ફરીથી કેઆંની દીન તેને તાજી કીધી, અને બેસુમાર તેને આબાદાન કીધી. તેની દાદથી જેહાંન બેહેશતની મીશાલ થઇ, તમામ બેદાદી તથા બુરાઇ નાપેદા થઇ અને જેવાર તુર અને શેલમ રાહાથી ફરી બેઠા અને બાપના હુકમથી શર ફેરવીઆં તેવારે આંશમાંને તેનાંની ઉપર ઠીકર નાંખી. પછી દીનને ખાતર મનુચેરે કમર બાંધી. તેનાં તાલેએ દીન તથા દાદની તરફ મેહેરબાંની કીધી, તેની દાદથી જેહાંન ખુશાલ થાઇ, બેહેશત

ની મીશાલ થઇ. પછી જેવારે તુરને તોખમથી પરસંગ પેદા થાઇઓ તેવાર ફરી લડાઈ તથા કીનો પેદા થાઇઓ. લડાઇ, કીનો, ફેસાદ, અદાવત પેદા થઇ અને ખરવઇ ઉમર પેદા થઇ. તેવાર પછી કેકોબાદ આવ્યો અને તે સરવે ખરાબી બરતરફ કીધી, તેને તમામ જેહાંન રાહ રશમ નેક બખત જમશેદની ધરી હતી. તમાંમ જીંદગાંની દાદ અદલમાં ગુજારી, કીઆંનીથી દીનની રાહ રશમ તેથી રોશન થઇ, તમાંમ જેહાંન આબાદાંન થઇ અને રઇએત ખુશાલ થઇ. પછી અફરાશીઆબ પેદા થઇઓ તેથી જેહાંનમાં જુલમ તથા બેદાદી ગણી પેદા થઇ. પછી કેખશરૂ આવ્યો અને તેને પકડયો, તેની રાહ રશમ સરવે બરતરફ કીધી, ફરી તેને કયાંની દીન આબાદાંન કીધી તથા આરાસ્ત કીધી, તેથી દાદ અદલથી જેહાંન આબાદાંન થઇ, ઘણાં શેહેર આબાદાંન હતાં, તેથી દાદ દેહેશત પેદા થઈ. અરજાસ્પનાં વખતમાં એ ભાંતે હતી. પછી અરજાસ્પ આવ્યો તેને એકાએક લોહરાસ્પ તેના હાથપર મારીઓ ગયો, તેને ઘણીએક ખરાબી કીધી તે વેળાએ તમામ શોર ફેસાદ પેદા થાઇઓ. પછી ગુશતાસ્પ સીસ્તાનથી આવ્યો અને બાપના કીના પર કંમર બાંધી અને અરજાસ્પનું શીર કાતીઉ અને જેહાંન બંદથી છોડવી અને દાદ દીનનો રવો ભલો કીધો. તેની દાદથી ફરી જેહાંન બેહસ્તની મીશાલે તાજી થઇ. તેનાં અદલથી વરૂએ ભેરત સાથે પાણી પીધાં. તેનાં મુલકમાં એક દરવીશ નહી હતો. ઘણાં શેહેર નવાં વસાવ્યાં પેગમબર જરથોસ્ત તેનાં વખતમાં આવ્યા, બુરી રાહ રશમ તોદી અને કારજાં હર જગે બાંધીઆં અને ગણી પાકીજે પેદા થઇ. તેનાં વખતમાં બદી નહી હતી, જુલમ નહી હતો.

ગુસતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછીઊં જે હવેપછી થશે તે કહો.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ તું અમમરગ અહીઆત રહેશે, કંગદેજમાં અસપંદીઆરનું મોત કોણુને હાથે રૂશતમને હાથે છે. મારૂ મોત આજથી ૬ મહીનાં પછી તલાવને કીનારે વીછું કરદશે તેનાં જેહેરથી હું મરીશ અને બહમનનું મોત અજદાને હાથ છે અને રૂશતમનું મોત એનાં ભાઇને હાથ છે. બહમન મુવા પછે પાંચમી પેહેદીએ શીકંદર પેદા થશે, ગણી દીન જરથોશતની ભાંજશે, ગણું જોલમ તથા લદાઇ પેદા કરશે, તે વેલાએત ઉજાડી પછી કેતલુએકે અરદેશર પેદા થશે, ફરી જેહાંન આબાદાંન કરશે, દીન રોશન કરશે, પાક મરદોની ખુબી સાથે. પછી અરદાએવીરૂાફ ખોદાયની દરગાહએ જાશે, સરવે જોઇ આવશે. તેથી તમામ દીન કબુલ કરશે, જેહાંન તાજી થાશે, ઘણાં શેહેર તથા ગાંમદાં આબાદાંન કરશે. પછી કેટલીએક પાદશાહી થયાં, પછી કોબાદનાં વખતમાં નાપાક મજદક પેદા

થશે, જુદી દીન ચલાવશે. પછી નોશેરવાંન આદેલ નાપાક મજદકને તથા તેની દીનનો શરીક હશે તે શરવેને ખાકમાં નાંખી નોશેરવાંન પાદશાહી કરશે. ગણી દાદ દીન રોશન થાશે. પછે કેટલુંએકે મહમદ પેદા થાશે. અરબસતાંન તથા બરબસતાંનનાં તેનો ઉસતાદ દસ્તુર દીનઆરજ છે. પછે યજદજરદ શેરીઆરનાં વખતમાં મહમદ અરદેશરને મારશે આખરે મહમદ વરશ ૧૦૦૦ રસ્તાખેજ લગે પાદશાહી કરશે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે આતશ ૬ એ શાંમાં છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે પેહેલો આતશ "એરેજોસંવંગ" તે આતશ દાદાર હોરમજદની દરગા, બીજો આતશ "વોહુફ્રીઆંન" આદમી તથા જાંનવર તથા પશુની જાતમાં છે, તરીજો આતશ "ઊરવા જશત" એ આતશ ઓરવરમાં તથા ઝાડમાં છે, ચોઠો આતશ "વાઆ જશત" તે આતશ વીજનો છે, પથરમાં છે; પાંચમો આતશ "સપેનશત" તે આતશ આપણે જેણે પકાવીએ છીએ તે આતશ તમાંમ દુનીઆં માંહે છે. છઠો આતશ "નેરીઓસંગે" તે આતશ પાદશાહ તથા દશતુરની દુતીમાં છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પરથમ ગાય શરજી કે ગયોમરદ શરજીઓ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે પરથમ ગાએ શરજી તેનું નાંમ ગાવીઓદાદ કહે છે. પછી ગયોમરદ શરજીઓ અને જમાંનો જે છલો છે તે ગણો મોટો અને હમેશ કદીમ માન રહેશે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે સોકંતેગદ પરબત માહ ચશમો કીઓ છે, જમીનથી કેમ છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે સોકંતેગદમાં મોહો કરીને જમીન તથા તારાથી સુનનાંની નલી નીખ જાવાની કીધી છે, પદાઆલથી આંશમાંન લગે છે, તે નલે કરી પરથવી એથેનું પાણી આંશમાંન ઉપર ચઢે છે, તે પાણી પદાઆલથી ઉભરાઇ ઊનચું આવે છે તેવારે તે પાણીને વાગો મારે છે તેવારે તે પાણીને દાર કરી કહે છે. તે દારથી તમાંમ વણસપતી તાજી રહે છે. અને સોકંતેગદ દુનીઆં તથા જમીનને નાંભે છે, તેનું શર ઉપલાં માંહીં આંશમાંનથી છે અને તે પરબતનું મોહલ્લ જમીનને હેથે છે, પદાઆલને હેથે આંસમાંન છે અને તે સોકંતેગદનું મુલ. તાં જમીનનો નાંભ છે. તેની મુકાએલ ઊંતર દશાએ આંશમાંન ઉપર જદેનો તારો છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ખુરશેદ ઊનચો ચઢે તેવારે જમીન શી રીતે પાક થાએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે જેમ જેમ ખુરશેદ ઊનચો ચડે, રોશનાઇ થાએ તેમ તેમ દુનીઆં પાક થાએ, એનો માએનો એજે દેવ પરથવીમાં જમીન ઉપર નાંપાકી તથા પલીદી તથા ખુરાઇ નાંખી હોએ ને ખુરશેદ રોશન થાએ તેથી સરવેને પાક કરે અને નાપાકી દુર કરે, અને ખુરશેદ ગડી ચાર ચહડે તેવારે વેહેતું પાણી પવીતર થાએ, અને ખુરશેદ ગડી ૭ ઊંનચો ચઢે તેવારે કુવાનાં પાણી પાક થાએ, અને ખુરશેદ ગડી આથ ઊંનચો ચઢે તેવારે દરીઆનાં પાણી પાક થાએ, અને ખુરશેદ ગડી શોલ ઊનચો ચઢે તેવારે ડુંગર તથા કારજાંનાં તથા તલાવનાં તથા જરપણુનાં એ શરવે થાંમનાં પાણી પવીતર થાએ, જેમ જેમ સુરજ ઊનચો તેમ તેમ શરવે પાંણી તથા દુનીઆં ધની જે હોરમજદની પેદાયશ જે દુનીઆમાં સરજી તે સરવે જમીન પાક થાએ, જો સુરજ ઊંનચો નહીં ચઢે અને રોશનાઇ નહીં થાએ તો સાતે દીપમાં ગણી વસ્ટંન થાએ, સુરજ ઊંતચો ચઢે તેથી તમામ પેદાયશ પાક થાએ.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ચંદરમાની શી હકીકત છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે ચંદરમાહાથી તમામ ગોસપંદ પેદા થયાં જે બુલન્દ અમશાશપંદ અને મોહોર ઇજદ ગાએની સુરતે છે અને બહમન અમશાશપંદને નુર એવું છેજે જે કોઇની આંખે સુજે નહી અને દેખે નહી અને કોઇ તેને હાથ લગાડે નહી અને હાથ નહીં લેવાએ. એ બુલન્દ અમશાશપંદ જેવો ચંદરમાં ગડીઓ છે તથા ચંદરમાંની આંખે દેખે પણ તેને હાથ નહીં લેવાએ, ચંદરમાં ત્યાં ગાયને રૂપે છે, જેને ગાયને દીથી તેને ચંદરમાને દીઠા. માટે એમ જાણવું જે બહમન અમશાશપંદ મોહર ઇજદ ગાયને રૂપે છે, માટે ગાયને તથા બીજા પશુને ચંદરમાંની માફક જાણવાં, અને ચંદરમાં કેમ વધેચ અને કેમ ખુટે છે અને દન ૧૫ વધે છે ને દન ૧૫ ખુટે છે, તે ચંદરમા દન ૧૫ લોકણો હેશાબ લઇ અશો પાક રવાંનન હવાલે કરે અને દન ૧૫ ખલકને રોજી આપે તે માટે દન ૧૫ વધે છે. અને દન ૧૫ ખુતે છે અંધારામાં લોકનું પુન લીએ છે તે મુકતાદમાને હવાલે કરે છે અને મુકતાદ પાસેથી રોજી લઇને ખલકને આપે છે, તેને કરી ચંદરમાં વધે છે ને ખુતે છે. એ ચંદરમાંની વધ તથા ખોટ દર તારાથી છે. જે તારા હફતોરંગ તથા વનંતુ તથા શતુઅશ તથા તશતર એ તારાબી એમજ ખુતે છે અને એમજ વધે છે, એ તારા ચંદરમાંની કાંણી વધે છે તથા ઊગે છે તથા આથમે છે, ચંદરમાંની પેઠે તે તારા પોતાનાં રેહાંણુ ઉપર ગણા બલીઆત છે, અંતર ચંદરમાં તેને કહીએ જે પદવાંથી તે પાં-

ચમ લગીન સંમપુરણુ ચંદરમાં તેને કહીએ. જે છઠથી તે દશમ લગે પેરેનો કહીએ, વીસ્પતથેમ ચંદરમાં તેને કહીએ જે અગીઆરશથી તે પુનમ લગી, તે બલીઓ જોરાવર છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે અરદુઇશુર કેમ પેદા થઇ, પાંણી કેમ પેદા થઇઉંી.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો કે એ પાદશાહ, જે અરદુઇશુર એવે નામની પવીતર છે, જેની ઉતપતી બેહેશતથી થઇ છે, એ પાક જગતનું પાણી પેદા કીધું, એ પાણીની ઉતપતી તારામંડળથી છે. તારામંડળ તેને કહે છે, આંશમાનથી પાણી આવવાનું વમર છે તે જગે ઘણાએક તારા છે, તે તારાનાં આંશમાનનાં અમલશારાથી એ દુનીઆંમાં પાણી ઉતરયું છે, તે જગાને તારામંડળ કહેછે. એમ અરદુઇશુર પાણી વરધી શરૂવેનું કરનાર છે, અને દેવનો ભાંજનાર, દીનનો વધારનાર. એ દુનીઆંમાં પાનીને એટલા માટે વધારે છે કે મોટા બેહેશતની પેદાયશ છે, જે બેહેશત ચોહાંમાંથી એની ઉતપતી થાઈ છે; અને હોરમજદે જે કાંઇ ચીજ શરજી તે દુનીઆં માંગીને શરજી. સરવે ચીજ હોરમજદનાં બોલીઆમાં મોજુદ હતી, પણ હોરમજદે પાણી શરજીયું તે જાતે મહેનતે શરજીયું છે. જેમ દુનીઆં માંગી અને બેહેશતની તમાંમ પેદાયશ શરજી, તેમ અશો રવાંનને તેમજ લક્ષમી તેમજ મનીશ એ શરવે પેદા કીધાં, અને દુનીઆં પેદા કીધી તેગી દુનીઆં માંગી શરજીયું. જે કોઇ સાચું બોલે અને વીરજ પવીતર કરે, લોહી તથા અલીદી, રીમની એ સરવે પાક નીરમલ થાએ છે તે પાણીથી થાંએ છે. અરદુઇશુર અરદુ તે પાણીને કહે છે શરવે જોરૂનાં પેટમાં હમેલ પાક કરે છે અને જે ફરજંદ બે જણે તથા તરણુ જણે તથા ચાર જોલે ફરજંદ જણે એકડાં તે આવાં અરદુઇશુરને પરતાપે, અને જોરૂને ખુબશુરત ફરજંદ આવે તે અરદુઇશુરને પરતાએ, જે મરદ હલાલ પોતીકી જોરૂશે શોબત કરે તો તેજ ફરજંદ ફુતદુ હોએ. જે જોરૂને દુધની ઉતપનની થાએ છે તે અરદુઇશુરને પરતાપે, અરદુઇશુરનું પાંણી તમાંમ દુનીઆંમાં પરગત છે જેથી નદી ભલી ભલી ચાલી છે. એ અરદુઇશુરનું પાંની બેહેસ્તથી થઇને, ઝહરેપરાંકરદ દરીઆ બેહેશતમાં છે તાંથી થઇને, ૧૦૦૦ નાંલાં શુનાંની ઝહરેપરાંકરદ દરીઆંમાં પાંણી રેડે છે. તે એ નાંલાંનાં ભાગ ત્રણ છે, તે નાલ ૩૩૩ ના સુરાખ મોહોતા છે, તેમાં અશવાર ઘોડા સુધાં ચાલીને જાએ છે, અને બીજી નાલ ૩૩૩ સુરાખ એવા છે જે જેમાં ગોશપંદ ચાલી જાય છે, અને તરીજી નાલ ૩૩૩ નાં સુરાખ એવા છે જે જેમાંથી બકરૂં ચાલી જાએ. જુલમે નાલ ૯૯૯ સુનાંની ગોથવી છે, તે અલબરૂજ ડુંગર ઉપર ગોથવેલી છે. તે

સગલી નાલમાં તેનાં સુરાખ હેવા છે. જેમાંથી બકરૂં ચાલી જાએ તે સંગલી નાલમાં તેનાં સુરાખં મીનો હમેશાં બેહેશતથી પાણી રેડે છે, બેહેશતની પઇ આગલથી આવે છે. ઝહરેપરાંકરદ દરીઆંમાંથી ઝહરેવરકશ દરીઆંમાં આવે છે. પાણીનો મેલાઓ અરજેકેશવરથી હોએ. જેવારે ખુરશેદ ઊંનચો ચઢે તેવારે શરવે કેશવરથી મેલાઓ હોએ. અને જેવારે ખુરશેદ હેઠો આવે તેવારે જરેહપઇતી દરીઆમાં મેલાઓ હોય પછે જરેહપઇતી દરીઆવમાંથી જરેહવરકશ દરીઆમાં મેલાવવું હોએ, એટલે ખુરશેદની રોશનાઇથી તમામ સગલું પાણી પાક થાએ અને દન એકમાં ભરીઊં ભરાએ છે તે એટલા માટે જે પાણી દોજખમાં જાએ છે, તેથી દોજખની નાપાકી પલીદી ધોવએ છે અને દોજખી રવાંન પાક થાએ છે અને હોરમજદે પોતીકા ગુનેગાર બંદા ઉપર એવી મેહેરબાની કીધી જે દોજખી રવાંન ઉપર જે તજારક પદે છે અને તમાંમ રવાંન જે નાપાકી પલીદીમાં પદે છે તે શારૂ હરરોજમાં વાર એ તે દોજખમાં પાણી જાએ છે, નહી તો નાપાકીથી શનઘુ દોજખ ભરાઇ જાએ. અને રવાંનોબી તે નાપાકથી ખરાબ થાએ. પછે જેવારે દોજખથી પાણી પાછું વલી નીકલે છે તેવારે તે નાંપાકથી પાની ઘનુ ગરમ થાએ અને માણસોનેબી નીકલે છે પાણી જે તે પાણી જેવાર જરવરકશ દરીઆમાં જાએ. તાં તરણ પાઊંનો ખર છે જેને ખરતલતા કહે છે. તે ખર જરેહવરકશ દરીઆમાં એવે જગે છે જે દોજખથી જેટલું પાણી આવે છે તે સરવે પાણી ખરતલાની નજર પદે છે તેથી પાણી પાક થાએ છે અને નશા, દશતાંનની નાપાકી તે પાણીમા આવે છે તે પાણી પાક થાએ. અને વલી તે દામ હોરમજદે એક ગાએ પેદા કીધી, તે ગાએની પીઠ પર હમેશ આતશ બલે છે તેથી પાણી ફરે છે, તે ચંદરમાંની ચાલથી છે. જેવારે ચંદરમાંનું રત સોંકતેગડથી આવે છે તેવારે સોંકતેગદની લોહત તથા આશમાંનની કલ ચંપા હેઠે જાદો છે તેથી પાણી ભરાએ છે, તે એટલા માટે જે સોંકતેગદની લાહાત તથા આશમાંનની કલથી છુતે છે તે પાણી માહે ગોશે તેથી પાણી ઉભરાએ અને શગલે ઉલતે. જેવારે ચંદરમાંનો રત સોંકતેગદથી ખીશે તેવારે સોંકતેગદની લાહત ઉપર નીકલે તેવારે પાણી ઓશરે અને બીજીવાર જેવારે ચંદરમાંનો રત પઇઆલ જાએ તેવારે બી સોંકતેગદની લાહત તથા આશમાંનની કુલે તેજ રાતે હેઠે નીકલે ચંપાએ તેથી પાણીની ભરતી થાએ અને સાતે ગોફામાં પરગત છે, એ પાણીથી અશુનરીને ગરભ રહે છે.

ગુશતાસ્પે જામાસ્પ હકીમને પુછ્યું જે ખરવશતર મારવા ગતે કે નહી.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એટલાં ખરવશતર મારવા ગતેચ

તેની વીગત લખી છે. જો પાતલાગોર મારે તો ૩૦ તનાંપુર શવાબ લાગે, મેદક ૧ મારે તો તનાંપુર શવાબ લાગે, જો દાંનાં લઇ જાતી દાંનાં ખાતી કીદી મારે તો તનાંપુર શવાબ લાગે, જો વગર દાંનેની કીદી મારે તો અરધું તનાંપુર શવાબ લાગે, જો દાંનાં લઇ જાએચ તે કીદીનું ઘર ખોદી કાહાદે તો આંધલાને દેખતો કરે એટલો શવાબ લાગે, જો મધમાખ મારે તો તનાંપુર શવાબ લાગે, જો વગર દાંનેની કીદીનું ઘર જમીનથી ખોદી નાંખે તો પાંગલાને પગ આપે એટલો શવાબ લાગે, જો સાપ એક મારે તો દશ તનાંપુરે શવાબ લાગે, જે માંખ કીદી મેલે છે તે માંખ મારે તો તનાંપુર શવાબ લાગે, જો માંખ લીલી આશણ મુકેચ તે મારે તો ગણો શવાબ લાગે, તે માંખ હવામાં છેરે તો મછર પેદા થાએ,. જો જમીનમાં છેરે તો મછર પેદા થાએ, જો જમીનમાં છેરે તો હર ભાંત ભાંતનાં ખરવશતર પેદા થાએ, જો માંખ ગોશતમાં છેરે તો તથા મેવામાં તથા હરેક નરમ મેવામાં છેરે તો કીદી તથા ખરવશતર પેદા થાએ, જો પાણીમાં છેરે તો નાહલાં ખરવશતર પેદા થાએ તેથી પાણી નહી પીવાએ, જો છાંનમાં છેરે તો સાપ લાલ પેદા થાએ તથા તીદભી એથી પેદા થાએ, જો રીછનાં માંદાંમાં કંઇ ગાહ લાગો હોએ તો તે પર છેરે તો લાલ સાપ પેદા થાએ; વીછું, વાઘ, તથા વરૂ તથા ઉંદર તથા બીલાડાં એ સરવે ચતકાનાં મારનાર ખરવશતર મારીઆનું અજીમ શવાબ લાગે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે શરવેમાં મોટા ગુનાંહ કીઆ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એક અશો મરદને ખુવાર કરે તથા મારી નાંખે, ગુલામ બારગી કરે તથા નશાને આતશ તથા પાણીમાં નાંખે તથા નશા ઓશદમાં ખવડાવે તથા ચુગલી કરીને ખલકને આજાર દીએ તથા દુતીનું કાંમ કરે તથા બેહેદીન થાઇને દસ્તુર મોબેદો પર હોકમ કરે તથા તારૂં મારી પાશે અને મારૂં તારી પાશે કરે તથા સુદરે કુશતી છોડી નાંખી ફરે તથા ચાલે, તથા આતશ બેહેરાંમ બુજાવે તથા કોઇની જોરૂને જોરાવરી કરી લીએ તથા અશનરી મરદ બંને રાજી ખુશી હોએ તેનેબી ભાંજે તથા શગર્દીદ કરવા વગર નશાને અદકે તથા જુઠું બોલે તથા હરેક વાતે શુકરાંનાં નહી કરે તથા કોઇ ઉપર બોતાન ધરે તથા જમીનમાં નક્શા દાતે તથા જુઠી ગોવાઇ દીએ અને સાચી ગોવાઇ નહી દીએ તો મરગરજાંણી થાએ. તથા વાડીમાં પાણીની નીખમાં નશો ગાલે તથા મુઆંનો માલ ગલી બેશે તથા કોઇએ અનામત મુકીયું હોએ તે નાંમકર જાએ ને નહી આપે તથા કોલ કરીને ભાજે તથા ઓરત મરદ બે રાજી હોએ અને ઓરતનો મરદ મુએલો છે તે ઓરત બીજા મરદશે નેકા બાંધે તે તોદે, તે

ભાંજે તેને મરગજાંની ગુનાહ લાગે. તથા પોતાને મોહોદે કરાર કરીને ફરે તથા માંહેમાંહે લદાવે તથા હઇએથી ખોતાઇ કીનો નહી મુકે તથા કોઈપર જોરાવરી કરી હેરાંન કરે તથા ચોરી કરીને પેત ભરે તથા વાત પાદે તથા જાદુગરી કરે તથા કરાવે તથા બેહેદીન દરવંદનું ખાએ તથા દશતુર તથા માબાપનાં કહીઆથી તથા ઉશતાદનાં કહીઆથી ફરે તથા બે જણ બેશી કોલ કરે તે ભાંજે તથા કોલ કરારથી ફરે તે વરશ ૩૦૦ દોજખ ભોગવે તથા હાથપર હાથ મારીને ફરે તે વરશ ૬૦૦ દોજખ ભોગવે તથા ચોપગાં, બકરી ખરીદ કરીને પાછી આપે તો વરશ ૭૦૦ દોજખ ભોગવે તથા વદાની રાહ રશમને ચાલતો હોએ અને દીનની રાહા રશમ ચલાવે તે ચાલથી જે ફરે તો વરશ ૮૦૦ દોજખ ભોગવે તથા કુવા તલાવનું પાણી આપવા કહીને કોલથી ફરે તે વરશ ૭૦૦ દોજખ ભોગવે તથા દશતુર મોબેદને આપે હરેક જણસ આપવા કહીને તેનો હક ભાંજે તો, બીજા મોબેદને આપે તો વરશ ૧૦૦૦ દોજખ ભોગવે તથા ગાએ તથા ગોડો તથા ઉંટ હરેક ચોપગાં ગોશપંદ લઇને ફરે તો વરશ ૮૦૦ દોજખ ભોગવે તથા શગાઇ આદરની કરે અને કોલ કરીને ભાંજે તો વરશ ૯૦૦ દોજખ ભોગવે, તથા શાગેરદ ઉશતાદને માથું બોલે તો વરશ ૯૦૦ દોજખ ભોગવે, કોઇ હેરબદ કરવાનો કોલ કરે ને ફરે તો વરશ ૯૦૦ દોજખ ભોગવે તથા કોઇની જમીન ખરીદ કરીને પાછી આપે તો વરશ ૧૦૦૦ દોજખ ભોગવે.

ગુસતાસ્પ પાદશાહે જાંમસ્પ હકીમને પુછ્યું જે ફરેશતા ૩૩ શા શા કામ ઉપર છે, શા શા કાંમ કીધાં ને કાંહાં છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે તેતરીશ અમશાશપંદની વાત કહું તે શાંભલ. જે **દાદાર હોરમજદ** બેહું જેઆંનનો પેદા કરનાર છે. આદમીઓની રોજી જે કોઇ બંદા શાતે દોસ્તીએ ચાલે તેહેને અતીશ ખુશીની જગે પોહોંચીદે અને જે કોઇ અશોને દોસ્ત રાખે તેને કાજે અતીશ ખુશી છે અને બંદાઓને અજાર દીએ તેને ખોદાએને દલગીર કીધું. **બહુમન** અમશાશપંદ પશુ પંખીનો ધણી છે અને બંદાને રૂડી રાહ ઉપર ચલાવે, જે સાથે લડાઇ હોએ તો ત્યાં મેલ કરાવે, જે અશો રવાંન છે. તેનાં ચોહાંને દીને પુલ ઉપર સવારે આવી ઉતારીને મુકતાદમાંની આગલ લઇ જાએ અને અરજ કરે અને હોરમજદની આગલ પાક સરવે મીનો પાશે વધાવો માંગે, કરાવે અને નાપાક આજ દેવ અકુમન દેવ તેનો મુદઈ છે અને પગનાં ગુદાંનો આજાર સંભાલે બહમન. **અરદીબેહેશત** અમશાશપંદ આતશનો ધણી છે. તે દાદગાહની ચોકી દનં તરણ લગે આતશ રોશન રાખે, કાંએ જે હારેમન દોજખથી હજાર દેવંની સાથે તે રવાનને આજાર દેખલાંવવા મોકલે

છે, જો આતશ તે જગા પર દેખે તો સરવે દેવ નાશી જાએ માટે ખુશશ આતશ રોશન કરવો. અંદર દેવ તે જુઠી વાંકી રાહા ચલાવે તે અરદીબેહેશતનો દુશમન છે જે કાંઇ દરદ શારૂ નહી થાએ તો અરદીબેહેશત અમશાશપંદની નઇએતે મુરગી એક મુકાવીને ઇજાવે તો કામ ફતેહે થાએ. **શેહેરેવર** અમશાશપંદ ધાતુનો ધની છે અને પાદશાહનો નેગેબાંન છે, અદલનો કરાવનાર છે. એનો મુદઇ બુશીઆસ્પ છે, તે નાપાકને બંધનો કરનાર છે. **અશપનદાદમદ** અમશાશપંદ જમીનનો પાશબાંન છે અને તેનો મુદઇ અશતુંઅદ દેવ છે, અને અશપનદાદમદ અમશાશપંદ તાજીમ અદલનો ધની છે. **ખુરદાદ** તથા **અમરદાદ** અમશાશપંદ પાણી તથા આંશમાન તથા ઓવરનો ધણી છે તથા જમીનનો ધણી છે, મશવતનો ધણી છે અને રોજીનો પાકવનાર છે અને બખશનાર છે અને ખુરદાદનો મુદઇ આજ દેવ છે અને તશુઇશપેતીઆર તે દેવ અમરદાદનો મુદઇ છે. **દેપાદર** યજદ એકીન પર છે, એ ધણીની ઇજશને આકીન સાથે કરે તેને બેહેશત ગરોથમાંનમાં લઇ જાનારો છે, જો ઇજશને ઇજાવી દીલમાં શક લાવે તો તેનો દુશમન છે. **આદર** ઇજદને આતશ આપીઆ છે અને રોશનાઈ ગણી છે, પાદશાહને અકલનો આપનાર છે, કેકાઉશને પાદશાહી આદર ઇજદે આપી છે, એના બલથી ફરી પાદશાહી આપી. તથા કેખશરૂ પાદશાહને પાદશાહી આદર ઇજદે આપી અને પાંમીઆં, તથા જાંમસ્પ નજુમીને અકલ અને દાહાપણુ કુલ આદર ઇજદથી થઇ તથા દશતુરને પાકી તથ અજમત આદર ઇજદથી છે અને રોશનાઇનુ દેનાર છે અને જે કોઇ આદર રોજે મેરાદ કરે તે દીલની મોરાદ પામે અને મુશકેલીઆત ભાંગે. **આંવાં** ઇજદ પાણીંનો પાશબાંન છે. **ખુરશેદ** બેઉ જહાંનનો નુરનો દેનાર છે, હારેમનની જદ બાલે છે રોશનાઇનો દેનાર છે અને દેવનો ભાંજનાર છે. **મોહોર** ઇજદ જેહાંનનો નુરનો દેનાર છે અને રોશન થાએ, ઉતાવલી જેમ બંદાઓની હાજત હોએ તેમ રવા કરે તીની હાજત પોહોંચે, તેની બાજ બેદાં મુકી ઇજનવે જે હાજત હોએ તે પોહોંચે. **તીર** ઇજદ વાદલ ઊપર છે, વરસાદ તથા સરવે ખરેહે તથા શેતારાઓનો ધણીં છે, ઉમર લાંમબીનો કરનાર છે અને ખલકની ઉમર તેને હાથે છે, તે દન ખેરાત કરવી રવા છે, મોરાદ હાંશલ થાએ. **ગોશ** ઇજદ બાહમન અમશાંશપંદનાં તમાંમ ગોશપંદનો શરદાર છે, તેનો પાશબાંન છે, તે એક રાતમાં જેહાંનની પાશબાંની વાર ૭ કરે છે, ગોશ ઇજદ પાશબાંની નહી કરે તો તમાંમ ગોશપંદને હારેમન ખરાબ કરે. તે શરવે પાંદશાહની યારીનો કરનાર છે અને જમશેદ પાદશાહાએ જેવારે હારેમન શાથે લદાઇ કીધી તેવારે ગોશઇજદની મદદથી શેતાંન ઊપર ફતે કીધી અને શેતાંનનું કામ ભાંજીઉં અને દો-

જખનો દરવાજો બાંધીઓ. તે વખતમાં વરશ ૭૦૦ મોહત બંધ કીધું તે ગોશઇજદની મદદે. અને જુવાકને ફરેદુને બંધ કીધો તે ગોશ ઇજદની મદદે અને જુવાકને જે મારતો હતો તે ગોશ ઇજદે મેલાવ્યો અને ગારમાં રાખ્યો છે તે આખર વખતમાં ૧।। દાહાદો પાહાદશાહી કરશે, અને કેખશરૂ જેવાર અફરાશીઆબની લદાઇમાં ગયા હતા તેવાર અફરાશીઆબને પકદીઓ તે મકરહીલા કરીને કેખશરૂનાં હાથથી નાંથો અને એક દુંગરમાં ભરાઇઓ, પછે ગોશ ઇજદે નીરંગને જોરે અફરાશીઆબને બાંધીને કેખશરૂને હવાલે કીધો, પછી અમરેરશ પાકનાં ખુનપર સર કાપીઊં. માટે ગોશ ઇજદ શરવે ખોદાયની ખલકને મુશંકલ આંશાંન કરનાર છે. **દપમેહેર** ઇજદ ખલક પર કાંઇ જુલમ થાતો હોએ, તેનો ચારો નહી થાતો હોએ તો દપમેહેર ઇજદને આરાધે, તો તે ફીકરથી ખલાશ કરે તથા જે ઉમેદ તથા હાજત ચાવી હોએ તે દપમેહેર પાશે માંગીએ તો તે રવા કરે તથા ગહમબારનો હવાલો એને હાથ છે, જે કોઇ શક દુર કરીને ગહમબાર કરે તેની જગો રોશન બેહેશતમાં અરશ કુરશીએ થાએ. તથા લદાઇમાં મેહેલનો કરાવનાર એજ છે. **મેહેર** ઇજદ અલબરજ કોહ ઉપર તખત પર બેશીને દાવરી કરે છે. ચેહારમની બામદાદને વખતે બેસીને દાવરી કરી રવાંનનો હીસાબ સુમાર કારી મેહેમાની કરી દલાસો દઇને વદીઆ કરેછે, પછી બેહેશતી હોએ તેને અમશાશપંદ બેહેશતમાં લઇ જાએ છે અને દોજખી હોએતો આશમોગ દેવ દોજખમાં લઇ જાએ છે, પણ મેહેર ઇજદ ગરૂજે તથા હથીઆરે કરીને દેવ દરૂજને ભાંજે છે તે ગરૂજનાં નુરથી હારેમનની જદ બુનબેખ બારે છે તેથી રવાંનોને ખલાશી છે. **શરોશ** ઇજદ બંદાઓનો નેગેબાંન છે, જેમ દાઇ બચ્ચાંની નેગા રાખે છે તેમ શરોશ બંદાની નેગા રાખે છે. એક રાતનાં વાર સાત એ દુનીઆમાં ફરે છે, હર રોજ બંદા પાશેથી શરોશ યશતની ચાહા કરે છે, જે ગરમાં નહી પઢી હોએ તો તાં દેવનો ઓજાદ પુગે અને નાપાક સેતાંન માણુસ સુતા પછે દેવને મોકલી બાજી દીએ છે, જો તેનાં જંદ અવસ્તા છે તે પઢીઆ હોએ તો રસ્તાખેજને દન દાદાર હોરમજદ એતો એક આપે જેથી તેનું રૂવાંન ખુશી થાએ અને જો જંદ અવસ્તા પઢીઆ નહી હોએ તો દેવ બચ્ચું પેદા થાય, જેવાર રૂવાંન ચીનવદ પુલ ઉપર પોચે તેવારે તે દેવ બચ્ચું છે તે રૂવાંનને પકદીને દરાવે જે હુંતો તારૂં ફરજંદ છું અને દોજખમાં ખેંચી લઇ જાએ. તથા રાતનાં હજાર દેવ આવીને આદમીને ફરેબ દીએ છે તેવારે શરોશ અશો આવીને અરશ કુરશી આગલ એક મુરગ છે તેની પીઠ ઉપર હાથ ફેરવે છે તેવારે તે મુરગ વાસે છે અને તેનાં વાસીઆથી સરવે દુનીઆંનાં મુરગ બોલે છે તેથી ગણી-

એક તેજી છે અને સરવે દેવ દોજખમાં નાશી જાએ છે. માતે જે કોઇ એ મુરગને મારે તેને એક અશો મરદને મારીઆનો ગુનાહ લાગે. અને નાપાક હારેમને એક દેવ પેદા કીધો છે તેનું નામ હેશમ છે. તે એક રાતમાં વાર સાત દુનીઆંમાં ફરે છે અને દુજદી, જુલમગારી, ગુનાહગારી એ શરવે દુનીઆં કરાવે છે. જે બંદો ગુનાહ કરવા પર ચાલે તે મુવા પછે તેનું ચીનવદ પુલ ઉપર અમશાશપંદ આવે તે રવાંનને દેખી પીઠ પાછી ફેરવે, હેસમ દેવ કેટલાએક સાથે આવી હાથ ધરી ખેંચી ફાંદો તેનીગરદન ઉપર નાંખીને ખેંચતો દોજખમાં લઇ જાએ અને તેને આજાબ કરે. પણ હેશમ દેવબી ગનો બીઆંમનો એવો છે જે ગણોજ મોતો છે માટે જે કોઇ શરોશ ઇજદની બંદગી કરે તે હમેશ દેવનાં હાથમાંથી છુતે. **રશને** ઇજદ રાશત રાહાપર ચલાવનાર છે. અલબરજ કોહ ઉપર છે, અમશાશપંદનાં તોલાં સાથે છે, ખુરશેદ તથા મેહેર સાથે છે તથા શરોશ આશતાદ શાથે છે. અદલનાં તરાજુ સાથે છે તે ઉંહાવી ગુનાહ શવાબનું વજન કરે છે. જો સવાબ જીઆદા હોએ તો રવાંનને બેહેસ્તમાં મોકલે, જો ગુનાહ વધે તો દોજખની સજા કરે છે, સવાબ ગુનાહ બરાબર હોએ તો હમેશગાંનમાં રાખે. **ફરવરદીનને** જેહાંન સોંપી છે અને અશોફરોહર તેને હવાલે છે. ગરોથમાંનનો નેગેબાંન છે, બુલંદી બેહેશતનો તે નેગેહાર છે, હફતેરંગનો નેગેબાંન છે. એ ફરોહર અશો છે અને શાંમ તથા કેરશાશપનાં કાલબુદથી નેગા રાખે છે તથા હોશેદર, હુશેદરમાહા તથા શોશીઓશ તરણ પેગમબરને નેગા રાખે છે, જે તે ખુબ રવેશ રાખે છે અને દેવને દુર કરે છે તે માટે અશો ફરોહરને નાંમે હરેક શવાબ કરે કાંએ જે રવાનની ખુબ નેગા રાખે છે અને એની વરધી ખુબ વધારે છે. **બેહેરામ** ઇજદને હાથ તમાંમ જેહાંનછે તથા દુનીઆંનાં કારભારનો ધણી છે. જેહાં પાદશાહ બે લદતા હોએ તેમાં રૂદી મનશની જેની હોએ તેને તરત મદદ કરે, દુશમનને તાલનાર છે માટે હરકાંઇમુશકેલી હોએ તે બેહેરાંમ ઇજદને આરાધે તો તેની મદદ કરે, તેથી દુશમન ઉંધો પદે; તથા દરીઆ દુંગરનો પાશબાંન છે, કાંમેકાજે મુશાફરીએ જાએ તે બેહેરાંમ ઇજદને નામે તેથી ફતે થાએ. રાતદીન ખલકની મદદ કરે છે અને રાતે દોજખથી દેવ જહાંનમાં આવે છે અને આજાર દેખાડે છે અને તે દેવને બેહેરાંમ ઇજદ ભાંજે છે અને અરધી રાત ગીઆ પછી શરોશ, રશને આશતાદને હવાલે એ જહાંન કરે છે અને બંદો હેરાંન હોએ તો બેહેરાંમ ઇજદને નાંમે ખરચે તેને બેહેરાંમ ઇજદ મદદ આવે, **રામ** ઇજદ રામશની ખુશાલી ઉપર છે. ચેહારૂમની બામદાદ વખત રવાંનને દસતગીરી કરી લઇ જાએ છે અને જે કાંઇ દુનીઆંમાં ખુશાલી તે રામ ઇજદને હવાલે છે. **ગોવાદ** ઇજદ જે-

હાંનનો વધારનાર છે, હરેક ઉરૂઅર તથા ખુશબો ગોવાદ ઇજદને હવાલે છે; વાદલ, વરશાદ, મનીશ, પશુ, પંખી એ શરવે ગોવાદ ઇજદને હવાલે છે. **દેપદીન** રાશતીનો ધણી છે. રાસ્તી તેથી પરગત છે, શવાબ કરવા ઉપર છે, દીન ઉપર મુસ્તકીન છે, રૂડી મેહેનતનો દેનાર છે. **દીન** ઇજદ પાક દીનનો ધણી છે અને દેવના કાલબુદનો ભાજનાર છે. પાક દેલ જે કોઇ એક એકીન સાથે રાખે તે રવાંનની જગો બેહેશત હોએ. તેને હરગેજ દોજખનો દર નહી હોએ અને જો દીનને કાંમે એ રાહા ચાલે અને જો દીનપર એકીન નહી રાખે તો તે દીન ઇજદનો દુશમન છે. **મીનો અરશીશંગ** એ જેહાંન તથા પેલી જેહાંનનો રખેવાલ છે તથા પાદશાહ તથા દશતુરોને અકલનો દેનારે છે. ખલકને રંજ તથા ખલાશી કરે અને તમાંમ દુનીઆંમાં દીન જરથોસ્તી કબુલ કરાવી તે અરશીશંગની યારી. દાદાર હોરમજદે પેલી જેહાંનનો ગંજ ખંજાનો એને હવાલે કીધો અને બેહેદીનનું શવાબ કંઇ ગુનાંહથી કમ હોએ અને એકીનદાર બેહેદીન છે તો દાદાર હોરમજદે મીનો અરશીશંગને ફરમાવ્યું જે તે ગંજમાંથી તેને આપે અને રવાંનને બેહેશતમાં પોંચાદે. **આશતાદ** ઇજદ અલબરૂજ કોહ ઉપર છે. તે રશને ઇજદ સાથે સરવે રવાંનનો હેશાબ સુમાર કરીને રૂવાંનને ખુબ જગીઆ આપે. ઓશન ગેહેની અરધી રાત પછી નેગેબાંની કરે, ખલકને નેગા રાખે, તે લદાઇ દેવ સાથે અરધી રાતે મુરગ બાંગ દીએ ત્યાં લગીન કરે છે અને દુનીઆંની વરમીનો કરનાર છે. **આંશમાન** ઇજદ આંશમાનનો પાંશબાન છે. સરવે ગરેહે ૯ તથા રાશ ૧૨ એનાં તાલુકામાં છે. વીરજનો નેગેબાંન છે, ધાત તથા સરવે દીપનો ધણી છે. **જમીઆદ** ઇજદ દશતુર તથા પાદશાહ તથા શરવે ખલકનો દેનાર છે. જમીન તથા ઓરવર એને હવાલે છે. સરવે ખોરાક તથા ડુંગર તથા જંગલ બીઆંબાંન એનો ધણી આદમી ગુજરે તેનું કાલબુદ ઉસ્તખુઆંન જમીઆદને હવાલે છે. **મારેસ્પંદ** ઇજદ જંદ અવસ્તાની વાંની છે તેનો હવાલો. અને જંદ અવસ્તા પદતાં બોલે તેથી મારેસ્પંદ ઇજદ દીલગીર છે. આશને ખીરદનો ધણી છે, હોરમજદનો રાજદંદ છે, આંશમાંન એને હવાલે છે, અને દેવનો તાલનાર છે. એના નુરથી દેવ શેકશતે થાએ. અને અકલનો ધણી છે. **અનદેરાંન** ઇજદ હોરમજદનાં તખતનો ઉઠાવનાર છે. તમામ ધાતનો ધણી છે, ધાતને વધારે તથા અરશકુરશી, સતરપાયા તથ માહાપાયા ચનવદ પુલ એતંન્નાનો ધણી છે, નેગેબાંન છે. ચીનવદ પુલની રોશનાઇથી હારેમન દેવમાં બલ ભાંગે. **બરજોર** ઇજદ અલબરૂજ ઉપર છે. દાદાર હોરમજદે બરજોર ઇજદ સાથે અલબરૂજથી પાંણી ખોલીઊં છે, જેથી ખલક ખુશાલ રહે છે. પાણીની રાહા બરજોર ઇજદનાં નકશથી છે. **હોમ** ઇજદ આંદશીનાં

દીલને નુરનો દેનાર છે. ખલક આલમ તેથી નુર પામે છે. જમશેદ પાદશાહને તથા ફ્રેદુનને તથા કેરશાસ્પ પેહેલવાંનને તથા જરથોસ્તનાં બાપ પોરોસ્સપને એ જણ ૪ ને નુર હોમ ઇજદે કીધાં. હોરમજદની મદદથી તુરને તથા અફ્રાસીઆબને મારીઓ, અને જેને આજાર હોએ તે હોમ ઇજદને માંનેતો આજાર તથા બીમારી તેથી દુર થાએ. ફ્રજંદ નહી હોએ અને માને જે ફ્રજંદ આવે તો હોમ ઇજદની નઇએતે ઇજાઉ તથા ખેરાત કરે. દહમ ઇજદ રવાંનનો પાશબાંન છે. ચંનવત પુલ આગલ રવાંનને આશાનીસે ગુજારે. ચેઆરમની બાંમદાદ વખત ૧ ગોશપંન્દ કરી તેની ચરબી આતશ ઉપર દીએ અને દહમાંનનું આફ્રગાંન કરાવે તો રવાંન ચીનવદ પુલ ઉપર આંશાનીએ ગુજરે. જો દહમનું આંફ્રગાંન કીધું હોએ તો રોજ એકમાં વાર ૪ દહમ ઇજદ તેનાં ઘરની નેગેબાંની કરે, તેની યારી કરે.

ગુસતાસ્પ પાદશાહે જામાસ્પ હકીમને પુછયું જે ઇજદ કેમ પેદા કીધા અને હારેમન દેવ કેમ પેદા કીધો, અને બેહેશત કેટલાં અને હમેશગાંન જમીનથી કેટલું ઉનચું, અને દોજખ કેટલાં છે, અને અશોને બેહેશતમાં કેવોનીઆ, અને દોજખીને દોજખમાં કેવો અજાબ અને માર, અને હમેશગાંનમાં કેવો આજાબ છે, અને ખલકને કેમ પેદા કીધી, અને શરવે ખલકને રૂડું તથા ભુડું કેમ પોહોંચે, સરવે પેદાયશને શું છે, જે અવલ રૂડું વેહેચીઉં તે ફેરવી શકીએ કે નહી?

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ હું કહું તે સાંભલ. ખોદાતાલાએ પોતીકી અકલે કરીને ખલકને પેદા કીધી, જે કેટલાએકને અમરગ રાખીઆ છે, અને સરવે ચીજ પેદા કીધી તે અકલને બલે કરી પેદા કીધી, અને નાપાક હારેમને દેવ તથા દેવી તથા સરવે ખરવશતર ગોલામબારગી કરીને સરવે પેદા કીધાં, અને ખોદાએતાલાએ ઇજદ અમશાશપંદ પેદા કીધા તે જેમ એક ચેરાગથી હજાર ચેરાગ કરીએ એ રીતે ઇજદ અમશાસ્પંદ પેદા કીધા, અને ખોદાયતાલાએ ૯૦૦૦ વરશનું કોલ હારેમનશે કીધો, તેમાંથી ભુદુ તથા રૂદું ફેરવી નહી શકાએ, જે જાં લગે હવદ પુરો પદે તાંહાં લગે પોતા પછે હારેમનનો જોર કમ થાશે. પછી શૂરોશ ઇજદ હેશમ દેવને મારશે જે કોપ કરાવે છે. અને આજ દેવને મારશે, પછી જે સરવે પેલા જમનાંમાં હુતી તેમજ ખુબ રહેશે. જે કાંઇ ખલકને રૂદું તથા ભુદું લાગે તે ૧૨ રાશ હોરમજદની તરફ ફરે છે અને સાતે ગરેહે ભાવ જોગ તે આવે તેવું ફલ આપે, અને ૧૨ રાશ તેથી કાંઈ ભુદું નહી થાએ અને ખોદાયતાલા કઇ અન્યાય નહી કરે તથા નહી કરાવે, તથા ખોદાયતાલા હારેમનની ખલકને ફેરવી શકે. અને હારેમન ખોદાઇની

ખલકને ફેરવી શકે: પછે જંદ અવસ્તામાં એ વાત પેદા છે જે આખર હોરમજદ રાશતીની બરખતથી પીરોજગરીની જીત છે અને હારેમન પાપી હલાક થાઇ નાપેદા થાશે. જે ખોદાયતાલાએ જમશેદને તથા ફરેદુનને તથા કાઉશને એ તરણ જણને દુનીઆંમાં અમરગ તથા મરતબા ગણાંજ વધારીઆ હતા, અને હારેમન પાપીએ ફેરવીઆ ને હલાક કીધા, અને હારેમને જુવાક તથાં અફ્રાશીઆબ અને શેકંદર એ જણ તરણ હારેમન પાપીએ ગણાંજ એમરતબે મોટા કીધા, પણ દાદાર હોરમજદે તે પાપીઓને નાપેદા કીધા. તેમાં એક જુવાક જીવતો છે પણ તે નાપાક પર લેઆંનત છે જે નાંપાકની બદ કમાઇથી બુરી બદબો એવી આવે છે, અને તે નાંપાકને દીમાવંદ કોહપંર સીકંજે રાખીઓ છે, એ દુંગરથી તે ગાઉ ૧૦૦ લગે એવી બુરી બદબોઇ આવે છે જે તે દુંગરની નજદીક નહી જવાએ. એ દુંગર હીન્દની તરફ છે. પછી જમીનથી આંશમાંન ૩૩૦૦૦ ફરશંગ દુર છે, અને શતરપાયા બેહેશત પેહેલાં આંશમાંને છે, અને શતરપાયાથી માહાપાયા ૩૩૦૦૦ ફરસંગે છે અને માહાપાયાથી ખુરશેદ ૩૩૦૦૦ ફરસંગે છે. ખુરશેદપાયાથી તે ૩૩૦૦૦ ફરસંગ ગરોથમાંન હોરમજદની બેઠક છે ગરોથમાંનથી તે ૩૩૦૦૦ ફરસંગ પસુમ અખુઆન છે અને પશુમ અખુઆંનથી તે ૩૩૦૦૦ ફરસંગ અખુમ છે. પેહેલું બેહેતશ રૂડી મનશનીએ બીજું રૂદે બોલાવે અને તરીજું બેહેશત રૂદે કાંમે, અને બેહેશતમાંહે અશોને ખુશી, ખુરમી, ખુશ અવાજ એ રીતે બેહેશત માં અશોને રેહેલું; અને હમશગાંન જમીનથી તે સતરપાયા લગે રવાંનને તદકુ તથા થાર એટલુ તેને અજાબ છે. અને દોજખ પેહેલું ભુડી મનશનીએ, બીજું જુઠું બોલવે, તીજું જુઠાં કાંમ કરવામાં, ચોથું દેવ હારેમનની નજદીક જાએ પછી રવાંનપર ભાતભાતની રંજ દેખાડે, તાં અંધારૂ ઘણું અને ભાતભાતની બદબો તથા રવાંનની જાતને ઘણી હલાકી છે તે જગે ઘણો આજાબ છે.

ગોશતારપ પાદશાહે જાંમારપ હકીમને પુછીઉ જે કેશવરથી બીજે કેશવર જઇ શકાએ કે નહી, અને આશમાંન કેમ કાધો, અને જમીનમાં પાણી કેમ છે, અને ખોદાની ખલક તથા હારેમનની ખલકને સાથે મેલ થાશે કે નહી, અને બેહેશતમાં જાવેદાન લગે અને દુનીઆમાં કાંઇ માંશું છે.

જામારપ હકીમે જવાબ દીધો જે કેશવરથી બીજી કેશવર યજદ અમશાશપન્દ જાએ, દેવ જાઇ નહી શકે. અને આંશમાંન ખરાં લોહાંએ કાધાં છે અને અલમાશ કરી કહે છે. અને જમીનમાં પાંણી કેમ છે જેમ આપણાં શરીરમાં લોહી છે તેમ જમીનમાં પાણી છે. અને ખોદાએની ખલકને અને હારેમનની ખલકને મેલ કરી નહી શકાએ કાંએ જે હોરમજ

રૂદું કરે અને હારેમન મોત તથા જીઆંન હરેક વાતે માથું કરે અને કરાવે. પછી જે બુરી જાતનો છે તે બુન્યાદ ખુબ નહી લઇ ઉઠે. અને બુન્યાદ છે તેથી માથું નહી થાએ. તે માતે મેલ નહી થાએ. ખોદાયતાલા એ બેહેશતમાં તથા દુનીઆંમાં ખુબી બરાબર હતી, પછી આંશમાંનનાં ગેરદશમાં તથા ખુરશેદનાં મહમાં તથા બારે રાશીની જોગતે તથા સાતે ધરેની ચાલે એ સાતં ધરેહથી દુનીઆમાં માંથુ થાઇ આવે છે. પછી માણુસ ઉપર રંજ પડે છે. અને બાર રાશથી ખુબી ઉપજે તે ખોદાયતાલાની તરફ તે આંશમાંનની ગેરદેશની ચાલથી દુનીઆંમાં ખુબી છે અને જે કાંઇ બેહેશતમાં ખુબી છે તે કાહીથી ફેરવી શકાય નહીં.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પશું પંખી માંહે આપણે ગનેઆનવંત જઇએ, મનીશ ઊપર કલેશ કંઇ નહી કરે, યજદ નીલ પુણવંતની બંદગી કરી માંગીએ તો ખોદાએતાલા મનીશને આપે કે નહીં.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે મનીશ તથા તમાંમ ખોદાયની પેદાયશ અશલ ગનેઆનવંત હતા, પાપ પુનનો અવેજ આંખે દેખતાં. પછી નાપાક હોરેમન પાપીએ પુણનું ઇમાન અને પાપનો આજાબ એ બેઉથી ગફલત રાખીઓ, અને ખલકમાં કહીઉજે દીનમાં ૪ અનીઆ કીધા, જે પુણનું ઇમાન અને પાપનો આજાબ અને મનીશનું મન અને કાંમનું નીવારન એ ચાર અધીક ધાંકેઆ. એ વાતમાં ગણાં વરશ ઉપજેઆં પછી ખોદાએતાલાએ માણસને તથા જાનવરને કાજ ગોશતાસ્પ પાદશાહને પરગત થયું જે હોરમજદની દીન પાક કરી જાંણે જે થકી દુનીઆંમાં રૂદુ ઉપજીઉ, તે થકી પાપ તથા પુનનું ગનેઆન પેદા થાઇઉ. તેથી ભાએગ જે વલી અદકું પુણવંત બખશીયું. એક વખત કહ્યું જે બીજુ બગો બખત ખોદાતાલા પાશે માંગીએ તો પોહોચાદે, પણ હારેમન પાપીએ ૭ ધરેને વખતે કરીને ઉતમની લખમી અધરમને આપી તેને વધારે. જેટલું રૂદુ હોએ તેટલું અધરમને આપે અને ભલાંને કમીનાં કરે છે.

ગુશતાસ્પ પાહાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ગયોમરદથી તે લોહોરાસ્પ લગીન કાંમ શાંશાં ઉપજીઆં. જેને હોરમજદનું રૂદુ પાંમીઆં તેમાં હોરમજદની શેતાયશ કરતા તે હર વખત જાલવતા કે નહી, શેતાયશ ખાધા પીણાં નહી રેવાય અને પાપી હતા કે નહી. એનાએ શાશા કાંમ ઉપજાવીઆં.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે તું રાજાનું રૂદું ભુદું કહે છે તે તું સાંભલ જે દુનીઆંમાં પાદશાહી તથા દોલત સરવે એ ભાએગે કરીને ગેબીસે ખોદાએતાલા આપે છે. હમેશે જેવારે જેનાં હીંગામ આવે તેવારે તેવો પાદશાહ તથા હાકમ પેદા થાએ. જે પાદશાહ સરવે મનીશ પર ગુસ્સે થાએ

તેને એવુ, ગનેઆન' પોહોતું. અને ગયોમરદથી એ લાભ થયો જે પેહેલું હારેમનને મારીઓ દેહમાં લાભને કાજ. બીજો લાભ એ થઓ જે મનીશની મરદી અને અશતરીની જાતથી પેદા થાઆં. ત્રીજો લાભ એ થયો જે એનાં શરથી શાતે ખાત પેદા થઇ. હોશંગ પાદશાહથી એ લાભ થયો જે માજનદરાંન શેહેરનાં દેવ બે ભાગ મારીઆ. તેમુરશ પાદશાહથી એ લાભ થાઇઓ જે હારેમન પર વરશ ૩૦ લગી શવારી કીધી અને સાત પરકારનાં આખર તે નાપાકે દાંતીઆ હતા તે તેમુરશપે પેદા કીધાં. જમશેદ પાદશાહથી એ લાભ થયો જે વરશ ૭૦૦ મોત બન કીધું અને કલેશ વીખાનેબી મારી તાલી. અને બીજો લાભ એ થાયો જે વરજમકરદ ગોફો એવે નાંમનો જેને જમકરતા કરી કેહે છે તે ગોફો પેદા કીધો. જેવારે મલકુશ રાખશી જેવારે મરકી કરશે તેવાર મનીશ તથા પશુ પંખી મરશે, તેની પુઠે પછી વરજમકરદ ગોફાનાં બાર ઉગાડશે. પછે શરવે ખલક તે ગુફામાં રહેશે અને વલી ફરીથી પરથ્વીનું મંદાંન મંદાશે. તરીજું એ જે જમીન નાપાક હારેમને ગલી હતી તે તેનાં પેટમાંથી કાહાદી. જુવાક તથા તુરક તથા અફરાશીઆબથી એ લાભ થાઇઓ જે ખોદાયતાલાએ જોવાક તથા અફરાશીઆબને પાદશાહી આપી. જો નહી આપતે તો હારેમન પાપી કોપ દેવને તથા આશમોગ દેવને અને હદામ દેવને હવાલે પાદશાહી કરતે તો રસતાખેજ કરી શકતે. ફરેદુન પાદશાહથી એ લાભ થઇઓ જે જોવાકને બંદ કરી દેમાંવંદ કોહો ઉપર બંદ કીધો અને માજનદરાંન શેહેરનાં દેવ મારીઆ. જપુદીપ તથા ખુનરશબાંમી દીપમાં દેવ હતા તે મારીઆ. મીનોચેરની પાદશાહીથી એ લાભ થાઇઓ જે એરચનાં ખુનથી કીનો કરીને શેલમ તુરને મારીઆ. એનું જેહાંન રશતાખેજ લગી ચાલશે એ થકી દુનીઆંમાં પેદા થાઇઓ. કેકોબાદથી એ લાભ થાઇઓ જે મુલક આબાદાંન કીધો અદલથી. શાંમ કેરશાશથી એ લાભ થયો છે જે સરવર નાંમનો અજદહા મારીઓ અને કપુર નાંમનો વાગ અને પાણીમાંનાં દેવ મારીઆ અને ગનદફ નાંમનો દેવ મારીઓ અને ગણાં નેકીનાં કાંમ કીધાં. કાઉશ પાદશાહથી એ લાભ થયો જે શીઆવક જેવો બેટો પેદા થાઇઓ. શીઆવકથી એ લાભ થાઇઓ જે કંગદેજ પરશાદ એને શમારીઉ. બીજો લાભ એ થયો જે કેખશરૂ જનમીઓ. કેખશરૂથી એ લાભ થાઇઓ જે અફરાશીઆબને મારીઓ અને ચચેશતે ગોફામાં દેવ તથા ભુત હતા તે મારીઆ, ભાંજીઆ, અને કંગવેજ શમારીઉ. અને લોહરાસ્પને પાદશાહી આપી અને કેખશરૂ ચચેશતે ગોફામાં ખોદાયની શેતાયશ કરે છે, પછી શોશીઓશને વખતે પાદશાહી કરશે. લોહરાસ્પ પાદશાહથી એ લાભ થાઇઓ જે ખોદાયની બંદગી શેતાયેશ ગની કરતાં તું એનો બેટો ગુશતાસ્પ

પેદા થાઇઓ. તેહનાં વખતમાં જરથોશત દીન લાવ્યા તે દીન કબુલ રવા કીધી અને દેવ દેવીની પુજા ભાંજી, રાંમશની ખલકમાં જીઆદા થઇ. આવ તથા આતશ તથા ઇજદની બંદગી ઘણી ચાલી અને હારેમન પાપીને દુનીઆમાંથી નેશનાબુદ કીધા.

ગુશતાસ્પ પાદશાહે પુછીઉ જે આશમાંનથી અલબરૂજ દુગર સુધી ૯૯૯ નાલ પેદા કીધી છે તે નાલ આશમાંનથી અલબરૂજ ઉપર ગોથવી છે તે શું છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે અલબરૂજ આશમાંનથી તે દુંગરપર નાલ ૯૯૯ સુનાંની પેદા કીધી છે. તે નાલ આંશમાંનથી તે અલબરૂજ પર ગોથવી છે, તે નાલ તરણ કીશમતે છે. તે નાલ ૩૩૩ નાં સુરાખ એવા મોટા છે જે તે સુરાખમાં થાઇને ગોદો સવાર શાથે જાએ છે, બીજી કીસમતનાં હીશામાંથી ગાએ ચાલી જાએ, તરીજી કીસમતનાં હીસામાંથી બકરૂ ચાલી જાએ. જુમલે નાલ ૯૯૯ ગોથવી છે તે સુનાંની ગોથવી છે. તે અલબરૂજ ઉંપર છે તે માહે અરદુઇશુરનું પાણી તે નાલમાંથી રેદે છે તે જહરેવરકશ દરીઆમાં રેદે છે. તે માતે દરીઆનું પાણી કમ થાતું નથી. એ રીતે રેદે છે, નહીતર વરશાદ દરિઆવમાંથી ભરીને રેહેદે તો વરશ ૩ તથા ૪ માં ખાલી કરી શુકાઇ જાએ.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે દુનીઆંની આશપાશ શું છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો અલબરૂજ દુંગર છે. તેમ દુનીઆંની આશપાશ દરીઆવો છે, અને દરીઆવ પેદા કીધા તે અલબરૂજને કીનારેથી. અલબરૂજને કીનારેથી પાણી વહેતું કીધું છે તે કેટલાએક ફરશંગ લગીન પાણી પારા જેવું છે. અને પાંણી પેલી જેહાંનથી હજાર પરનાલે આવે છે તે ગરમ એતલા માતે પદે છે, તે ગરમ પાણી દોજખમાંથી બહાર નીકલે છે તેવારે તે પાણી હરેક દરીઆમાં જાએ છે. તાં તરણ પાકનું એક ખર છે, તેને ખરતલાતા કરીને કહે છે. તે ખરતલાતાની નજરે તે દોજખનાં ગારમાંથી નીકલતું પાણી નજરે પદે છે તેથી પાણી પાક થાએ છે. ખોદાએતાલાની તે ખરતલાતાની નજરે દશતાંન તથા નશો હરકોઇ નાપાકી દરીઆવમાંથી આવે છે તે ખરણી નજરે પદીઆથી પાણી પાક થાએ છે અને થંદું થાએ છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે શોકતેગદની વાત સમજાવીને કહે જે તે કહી દશાએ છે, કાહાં છે તાંહાં શું છે:.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે શ્રી હોરમજદે સુનાનો દુંગર સરજીઓ છે, એ દુંગરનું નાંમ શોકતેગદ. તે દુનીઆંને નાંબે પરવતે છે,

તે ડુંગરનું થઇ ઉતર દશાએ છે અને મુખ દક્ષણ દશાએ છે. અને તે ડુંગર પઇઆલનાં ચોથા આંશમાંનથી તે ઉપલા ચોથા આંશમાંન લગે. અને પરથવી શરવે જમીનથી આંશમાંન લગે છે અને પરથવી સરવે જમીન તે શુકંતેગદની કમરે રહી છે. અને તે ડુગર માહે નાલ એક શુનાંની જમીનથી તે આંસમાંન લગે પેદા કીધી છે. તે શુનાનાં સુરાખમાંથી પાણી હેથું આવે છે અને હેઠેથી ઉંનચું આવે છે. એટલા માટે જે શેકંતેગદ પરવત પઇઆલે પાણી ઉપર રાખીઓ છે, માટે હેથેથી નાલનાં પોલાંમાંથી પાણી ઉભરાઇ ઉંનચું આવે છે. તે પાણીને વા મારે છે તે વા વાજીઆથી તમામ પાણી નીચેથી ઊંનચું તથા ઉનચેથી નીચું તમામ પાણી આવે છે, તે પાણીને થાર કરી કહે છે. તે થારથી તમામ આલમની પરવર હોએ. અને શેકંતેગદ પરબત જમીનને નાંભે ને મુકાબલે છે, અને આંશમાન ઉપર દરૂ તારો રહે છે તે તારો આંશમાનથી અતરંગ છે. તે તારાને અમલ કરી કહે છે.

ગુસતાસ્પ પાદશાહે જાંમસ્પ હકીમને પુછ્યું જે હોમનું ઝાદ તથા ખરમાહી શા કામ ઉપર છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે જરેહવરકશ દરીઆવની દરમેઆંન એક હોમનું ઝાદ છે તે પેદા કીધું છે. તે ઝાદ દરીઆવમાં ઘણું અવંકે કામ છે. તે ઝાદ જાલવવાને કાજ હોરમજદે ખરમાહી પેદા કીધી. તે ખર-માહી એવી મોટી છે જે તેની મીશાલ બીજી માહી નહી. તે ખર જેવા છે માટે તેને ખરમાહી કરીને કહે છે. નાપાક શેતાંન તે હોમનું ઝાદ ખોદી નાંખવાને કાજ, અને ખોતું કરવાને કાજ કાંઇ હજાર ખરવશતર પેદા કીધાં પણ ખરમાહી તે હોમનાં ઝાદની આશપાશ ફરીઆ કરે છે તેનાં દરથી કંઇ ખરવશતર આવી શકતા નથી. અને જેવાર ખરમાહી પોતીકે અવાજે બોલે છે અને પોકારેચ, તેવાર તેનો અવાજ ખરવશતર સાંભલે તેનો હમેલ તુટી પડે. તે ખરમાહીનાં અવાજનાં દેશતથી જે ખરવશતર અવાજ સાંભલે તેથી તમાંમ ખરવશતરનો હમેલ તુટી પડે. હોરમજદની પેદાએશ જે કાંઈ દરી-આવમાં છે, અને હોરમજદની પેદાયશ જેવાર ખરમાહીનો અવાજ સાંભલે તે અવાજના પરછાયાથી તમામ હોરમજદની પેદાયશને હમેલં રહે છે. અને હોરમજદે તે ખરમાહીને એટલી એજમત આપી છે. અને તે વલી હોમનું ઝાદ રાખવા જાલવવાને કાજે દાદાર હોરમજદે ૯૯૯૯ અશો ફરોહરોની ચોકી મેલી છે, અને તે હોમનાં ઝાડને રાત દન તે પાશબાંની તથા નેગા રાખે છે.

ગુશતાસ્પ પાદશાહે. પુછ્યું જે અમરશ તથા ચમરશની હકીકત કહે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે જહરેવરૂકશ દરીઆંનું નામ

છે તે દરીઆ કીનારે હોરમજદે એક ઝાડ તથા બે મુરગ પેદા કીધાં, તે અમરગ છે, કધી મરે નહી. તે ઝાડને વરશ ૧૦૦૦ નવી ડાલ પેદા થાય છે. તે દાલ ઉંપર તમાંમ બીજ લાગે, તે બીજ પાકે તેવાર એક મુરગ તેનું નામ “ અમરશ ” છે તે આવીને દાલ ઊપર બેશે અને પછી હલાવે. પછી હજાર દાલનાં બીજ પડે. અને બીજુ મુરગ છે તેનું નામ “ચમરશ ” છે તે મુરગ આવીને પોતીકી પાંખો એવી વીજને છે જે તે પાંખ વીજને- આથી તમાંમ કીનારાનાં બીજ દરીઆમાં પદે. પછે તે વાદલ માહે તમામ બીજ પાણી સાથે જાએ. તે વાદલ જેવારે જમીનપર વરશે તેવાર તમાંમ બીજ જમીન પર પદે અને પેદા થાએ.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હોશેદર તથા હોશેદરમાહા તથા શોશીઓશ તથા અશો જરથોસ્ત કેટલા વરશ થાઇઆ પછી ખોદાયની દરગાહ ગીઆ, આવીઆ તથા બેહેશતી થયા તથા રોજગાર કહે દીન પડશે તથા પેગમબર જરથોસ્તનાં શેહેરનું નામ શું છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે અશો જરથોસ્ત વરશ ૩૦ થયા પછી ખોદાની દરગાહા ગીઆ, અને ૧૦ વરશ ત્યાં રહીઆ, અને ખોદાની દરગાહાથી આવીઆ પછી ૩૭ વરશ જીવીઆ જુમલે ૭૭ વરશ જીવીઆ. અને રસ્તાખેજ હોશેદર વરશ ૧૦ ઉમરે પેદા થશે તથા હોશેદર માહા વરશ ૨૦ ની ઉમરે પેદા થશે અને શોશીઓશ ખોદાની દરગાહથી દીન લઇ હીઆં આવશે. અને જરથોસ્તનો રોજગાર રોજ ૧૧ ખુરશેદ અને માહા દેહે. અને જરથોશતનાં શેહેરનું નાંમ રએ શેહેર.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે હારેમન પાપી કેવારે બેહેશત થાશે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે હારેમન રસ્તાખેજે મરશે બેહેશત થાશે, હોરમજદની ખલક શવાબની કરનાર તથા ગુનેગાર હોશે તે શરવે જીવતાં થાશે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે આંશમાન કેટલાં અને ગહરેહે કેટલા છે, કેઆં કેઆં આંશમાન પર મેલેઆ છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે આંશમાંન ૧૦ છે. અને ગાએની મીશાલે અને મુરગીનાં એદાંની મીશાલે છે. અને આંશમાંન ૭ ફરતા છે અને ૩ આંશમાંન ફરતા નથી. પેહલાં આશમાંન ઉપર ચંદ્રમાં રહે છે એને હાથ ખલકની રોજી છે. બીજા આંશમાંન ઉપર બુધ રહે છે એને હાથ લખવાની કલમ છે એ આંશમાંનનો નવીશંદો છે. તરીજા આંશમાંન ઉપર શુક્ર રહે છે એ આંશમાંનનો કલાંમત ગવઇએ છે શરોદનો ગાંનાર છે અને

ચોઠા આંશમાંન ઉપર આફતાબનું ઘર છે અને આદીત આંશમાંનનો પાદશાહ છે. પાંચમાં આંશમાંન ઉપર મંગલ છે એ આંશમાંનનો કોતવાલ છે. છઠા આંશમાંન ઊપર ભરેશપત છે એ આંશમાંનનો કાજી છે, એ ઇનશાફનો કરનાર છે અને સાતમાં આંશમાન ઉંપર શની છે એ શનીશર આંશમાંનનો ખજાનચી છે. આંઠમાં આંશમાંન ઉંપર શેતારા છે અને આંશમાન સાબેત છે ફરતો નથી. અને બારે બરૂજ અને બારે રાશ એ આંઠમાં આંશમાંન ઉપર છેં. તે બારે બરૂજનાં નામ. મેખ, વરખ, મીઠુન, કરક, શહી, કનીઆં, તોલા, વરશચક, ધન, મકર, કુંભ, મીન, એ બારે બરૂજ આંઠમાં આંશમાંન ઉપર છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે એ આંશમાંન ઉપર બારે બરૂજનો નમુનો શું છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે આંશમાંન ઉપર બારે બરૂજ એ નમુનાં આંફક છે. એ બારે રાશનાં ઘરમાં શેતારાની ચાલ આવે છે. તે સેતારા એક એકને બરૂજથી તરીજે બરૂજથી, ચોઠે બરૂજથી, પાંચમે બરૂજથી એક એકને દોશતીની નજર રાખે છે તથા દુશમનાઇની નજર દેખે છે. તે તાશીર આદમીને ભલું બુરૂં પોંહોંચાદે છે. આંશમાંનનુ દુર ૩૬૦ દુરજા છે હરેક બરૂજની દરમેઆંન ૩૦ દુરજા છે અને હરેક દુરજામાં ૬૦ દકીકા છે અને હરેક દકીકો ૬૦ ની આંકીઆ છે. હરેક શેતારાથી બારે બરૂજમાં ચાલ આવે છે તે ચાલમાં એક એકશે મલતા તથા દોશતી દુશમનાઇથી આદમીઓને ભલું બુરૂં પોહોચે. એ બારે બરૂજનો નમુનો છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે આદમીને ભલું બુરૂં શા થકી છે,

જાંમાશપ હકીમે જવાબ દીધો જે આદમીઓને ભલું બુરૂં પોંહોંચે છે, તે બારે બરૂજથી તથા શેતારાથી પોહોચે છે. કેટલાએક શેતારા હોરમજદથી છે અને કેટલાએક શેતારા ગરોથમાંનથી છે, અને હોરમજદી છે અને હોરમજદને ઠેકાંને છે. અને હારેમંદી શેતારા છે. અને હારેમને મીનોઇ બંધ બાંધીએ છે દોજખમાં છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે આદમીની જાતપર પાચ ચીજ છે તે કઇ?

તેનો જવાબ એ છે જે આંદમીની જાતપર પાંચ ચીજ છે. એકનું નામ જીવ, બીજું રવાંન, તીજું અખુ, ચોથું બોએ, પાંચમું ફરોહર. બોએ આંદમીની જાતમાં છે તે અકલથી હોશીઆરી છે અને કઉઅતબી એથીજ આવે છે. ફરોહરનું કામ એ છેંજે, જે ચીજ ખાનાંમાં ખાઇએ છીએ તેની કવત આવે. રવાંનનું કામ એ છેંજે હર વખત ગુનાહથી નેગા રાખે અને રાતનાં ખુવાંબમાં બેહેશતની ખુબી તથા દોજખની બુરાઇ દેખરાવે. અને

અખોનું કામ એ છેજે ખુબી કરૂ અને જાતને નેગા રાખુ તથા ઓશીં, કીનો, કરોદ દુર રાખું. રવાંનને બુઅને દેવ વાઇ નહી શકે અને જીવ જાતમાંથી જાએ તેવારે એ ચાર ચીજખી જાએ. જીવ વના જાતમાં રેવાય નહી. એ સરવે ચીજ જેવાર જાતમાંથી નીશરે તે વાર જીવ સાથે જાએ અને અખો છે તે મીનો સાથે ભેલાએ. એટલા માટે જે અખુએ જાતમાં ગુનાહ નહી કીધો અને રવાંન તથા બોએ અને ફરોહર એ તરણ એક એકશે ભેલાએ. પછે હેશાબ સુમારે એ તરણ મલીને આપે. જીવ વાસે, જાત ખાકશે, હાદ તથા રગ જમીનશે ભેલાએ, લોહી તથા પરૂ પાંણીસે ભેલાએ. એ સરવે ચીંજને મીનો નેગા રશતાખેજ લગીન રાખશે.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે આંદમીની જાતમાં પચીશ ચીજ છે તે ચીજ બેહેશતે છે તે શું છે.

જામાશપ હકીમે જવાબ દીધો જે પરથમ પાંચ વાત આંદમીનાં બખતરમાં હોએ, એકતો એજે પાદશાહ તથા દોલતવંત તથા ગરીબ તથા ફકીર હોએ. તથા એટલા ફરજંદ તથા એટલા બેટા તથા એટલી બેટી તથા નહી હોએ. તીજુ એજે એતલી જોરૂ હોએ તથા નહી હોએ. ચોઠું માલદાર ધનવંત હોએ તથા નહી હોએ તથા મુફલુશ હોએ. પાંચમું એજે એટલાં વરશ જીવે તથા જાતે નરો તથા દેહનો દુબલો હોએ. બીજી પાંચ વાત પોતીકી કરનીએ હોએ. સવાબ કરવો તથા ગુનાહ કરવો, પાકી કરવી તથા નાપાકી કરવી તથા દશતુરોનો અમલ કરવો તથા સીપાહગીરી [illegible] ખેતી તથા પઢવું તથા પઢાવવું તથા કારીગરી તથા શવાબ તથા ગુનાહ કરવો. એ પાંચ વાત કરણી કેરદારે હોએ. તીજી એ પાંચ વાત આદમીએ પોતાની ખાશલતથી એ પાંચ વાત હોએ. ચાલવું તથા બોલવું તથા જોરૂની શોબત તથા હર વખત સુતું તથા હરેક કશબ એ પાંચ વાત પોતાની ખશલતથી હોએ. ચોઠી એ પાંચ વાત પોતીકા બાપની બુનીયાંદી હોએ. મેહેરબાંની તથા ભલાઇ, નરમી તથા ખુબી તથા રાશતી તથા બખશેશ એ પાંચ વાત બાપની બુનીઆદથી હોએ નશલથી હોએ. પાંચમું એજે એ પાંચ વાત માએને તો-ખમથી હોએ. દુધની તાશીર હોએ, હોશીઆરી તથા કવત તથા અકલ તથા કામ તથા ચારો એ પાંચ વાત માએનાં દુધની તાશીર હોએ. એ વાત પચીશ આદમી ઉપર છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે દીપ કહી દીશા છે.

તેનો જવાબ એજે એક અરજે, બીજું સવેહ, તીજું ફરદેદફશે, ચોઠું વીદદફશ, પાંચમુ વોરૂબરશત, છઠું વોરૂજરશત, સાતમું ખુનરશબાંમી; એ દીપ ઉજડ છે. એ ખુનરશબાંમી દીપ વરસ્તું છે. તે એક ખુંનરશબામી

દીપમાં મુલક શાત વરશતા છે. તે સાતેનાં નાંમ લખેઆં છે. અરબશતાંન તથા ઇરાંન તથા માહાજનદરાંન તથા રોમ તથા તુરાંન તથા ચીન તથા હીંદુસ્તાન. વલી બીજાં ચાર શેહેર છે ઇરાંનગવેજ, કંગદેજ, વરજમકરદ, કાશમીર એ ચારે શેહેર એ દીપ દાખલ છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે શેતાંનની ખલક કાંથી ખાએ છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હરેક પેદાયશને રજક આપવુ હોરમજદની દરગાહાથી ખોદાતાલાએ કબુલ કીધું. અને નાપાક શેતાનને મારવું કબુલ કીધું.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે દીન હોરમજદની દરગાહાથી જરથોશત લાવીઆ કે અશલ હતી.

જામાશપ હકીમે જવાબ દીધો જે ગયોમરદનાં વખતથી જાહાં લગીન જરથોશત દીન લઇ આવીઆ અને જાંહાં લગીન તુને દીન કબુલ કરાવી ત્યાં લગી શેહેલ એક જંદ અવસ્તા તથા થોડીએક બંદગી હતી તથા કુશતી બાંધવી પણુ હતી. તથા જંદ અવસ્તાનાં નુશક ૨૧ જરથોશત લાવીઆ. ગતતું અનગતતું, નેરંગ, દેવોનાં કાલબુદ ભાજવા તે જરથુશત પેગમબરનાં તથા તારા વખતથી થાઇઊં.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે કેખશરૂ પાદશાહ હઇઆત છે કે શી પરકારે છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે કેખશરૂ પાદશાહ હઇઆત છે. ૧૦૦૧ પેહેલવાંન હઇઆત છે. તેમાં જણ ૩ નાં નાંમ માલમ પડે છે. ગેવ ગોદરેજ. તુશ નુદર તથા ગશતમ નુદર, એ તરણ માલુમ છે. અને બીજા તુને કહીઆ છે તે કંગદેજમાં રહે છે. તાંનાંને ખાવું બેહેશતથી પોંહાંચે છે. બીજું એજે શ્રી ખોદાએતાલાએ અગરીરશને એક બેટો આપીઓ છે. તે બેટો ફરેશતાની મીશાલે છે અને પાક છે. તે બેટો હમેશ દરીઆ કીનારે રહે છે. તેનું નામ “ ગો ” પાદશાહ છે તે પગથી કમર લગે ગાએની શુરતે છે અને ગાએની મીશાલે છે, અને શરથી કમર લગે આદમીની સુરતે છે. તે હમેશ દરીઆ કીનારે ઇજશને કરે છે અને તેની સાથે ફરેશતાબી છે. તે અમરગ છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પેગમબરની પેહેડી તથા બાએદી તથા ફરજંદ મને કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધોજે એ જરથોશતનાં બાપનું નાંમ પોરોસસ્પ. અશપનતમાંન જરથોશતનાં બાપનો તે ખેતાબ છે. એ ખેતાબ દાદાર હોરમંજદે પોરોસસ્પને આપીઓ છે. માટે પોરોસસ્પનો ખેતાબ અશ-

પનતમાંન છે. હવે એની પેહેદીનાં નાંમ લખીઆ જે તે સાંભલ. એની પેહેદી ફ્રેદુન પાદશાહના તોખમમાં છે. તે પેતેરશનાં બેટા ૨ હતા. એકનું નાંમ પોરોસસ્પે ને બીજાનું નામ આરાશપે. આરાસ્પેથી મેદીઓમાહા જનમીઆ. જરથોશત જેવાર ખોદાયની દરગાહા ગીઆ અને દીન લઇ આવીઆ તેવારે પેહેલાં ઇરાંનગવેજમાં આવ્યા તેવારે પેહેલાં મેદીઓમાહા આરાશપનો બેટો જરથોશતનાં પીતરાઇ ભાઇએ પેહેલાં પરથમ દીન કબુલ કીધી. પારશ જમીનના તમાંમ મોબેદ એની તોખમનાં. એ મનોચેર પાદશાહનાં તોખમનો છે. જરથોશતને બેટા તરણ અને તેની બેટી તરણ હતી. જરથોશતનાં પેહેલા બેટાનું નામ " અશદવાશતરે " બીજાનું નાંમ " ઓરવરતર " તીજા બેટાનું નામ " ખોરશેદચેહેર ". અશદવાશતર જરથુશતનો પેહેલો બેટો, પાદશાહજંનને પેતનો બેતો. મોબેદાંન મોબેદ જરથુશતે તેને પોતાની મોબેદી આપી હતી. " ઓરવરતુર " જરથોશતનાં વચલા બેટા કનંબીઓનો ગુરૂ અને શરદાર, ખેતીવાદીનો કરાવનાર. અને નાંહા બેટાનું નામ " ખોરશેદચેહેર " છે તે શીપાઇઓનો ગુરૂ, પેસોતન વીસતાસપનો સપેશાલાર સવાર છે. તે પેશુતનની સાથે હઇઆત છે. અને કંગદેજમાં રેહે છે. અને જરથુશતની તરણ બેટીનાં નામ " પરીન " બીજીનું " શરીનાં " તરીજીનું નાંમ " પરૌજસ્પ" અને ઓરવતર તથા ખુરશેદચેહેર એ બેહુ બેટા ચગર જણની પેટનાં છે. અને બીજાં સરવે ફરજંદ પાદશાહજનને પેટનાં. અને જરથુશતની પાદશાહજનનું નામ " ઉવોવે " એ પરણેલી બાએદીનું નામ છે. અને અશદવાશતરે ને બેટો એક આવ્યો હતો. તે બેટાનું નામ અરંજ કહે છે. અને હવદાં પછી તરણ બેટા પેદા થશે તેના આખર હજારામાં. તેનાં નામ હોશેદર તથા હોશેદરમાહા તથા શોશીઓશ. એ ત્રણ ફરજંદ ઉઓવેથી થયાં. જરથોશતને પાદશાહા જંન એ થયાં. ખુવાબથી જરથોશત જાગેઆ અને ઉઓવેની નજદીક ગયા હતા તેવામાં તેનું ફરજંદ ઉઓવેની જાતમાં રહીઉ હતું, તે પાણી લેવા ઉઓવે ગઇ તલાવમાં, તાં જાતથી વીરજ તલાવમાં ખરીઊં અને તલાવમાં રહીઊં.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે ગયોમરદથી તબકા કેટલા થાઇઆ, અને શેહેર કીઆં વસાવીઆં તેનાં નાંમ. બાપદાદાનું શું નામ છે. અને શું શું કાંમ કીધાં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ હું કહું તે સાંભલ જે વરશ ૨૪૫૩ મહીનાં ૭ પાદશાહી ૧૧ જણે કીધી. પેહેલો તબકો પેશદાદીઆંનો તે જણ ૧૧ નું નામ. ગયોમરદથી દીન ખાલી. પેશદાદી જાહાદની દાલથી દેહેરાંને રશમ કરવી એ ગયોમરદથી થયું છે. અને દેવ-

શે લડયો છે વરશ ૩૦ લગે. હોશંગ શેઆમક એ દેવને મારશે અને શેહેર એ વશાવશે. એક શુશ તથા બીજુ શુશતર, એ શેહેર તેને વશાવીઆં. ઘેર બાંધવું તથા લોહડું વરશ ૪૦ એથી થયું છે. ઘેર બાંધવાની રવેશ તથા શેહેર વશાવાની રવેશ. તથા તેહેમુરસ્પ બીન હોશંગ પેશદાદ શેહેર અશતરબર તથા હેમદાન એને બેહુ વશાવ્યાં. લખવું, તથા સાલવું, વનવું; અને વરશ ૩૦ પાદશાહી કીધી. ઓરતના કયાથી દશતાન એથી થયું. જમસેદ બીન વીંગામ યદદગે નોરોજ તથા સલામી તથા કપડાં તથા હથીઆર, પુરથવી માહે આતશ તથા પાણીની નીખ તથા કારંજા તથા જણાવરોને શીખવવું તથા ઝાડથી ઘેરની રશમ તથા કપડાં વણવાં, પાદશાહી વરશ ૭૧૮ એને કીધી. જોવાક બીન મરદાશ બીન વેવેરાશ એ જે જુલમ કરવું અને જાલગી ઓશે મશલત કરવી તથા ખંધક કરવી તથા ગદ બાંધવો અને વરશ ૧૦૦૦ પાદશાહી કીધી.

ફરેદુન બીન આથવીઆંન મોબેદની નશલ છે. એને આદેલ ઈનસાફ તથા હકદારોનો હક અપાવીઓ. રઇએત પાસે રૂડાં મનીશ રાખવાં તથા ગુસ્સો નહીં કરવો તથા આજાર નહી દેવો એ સરવે એથી થયું છે. કોહંગદેજ, મરવ, તથા અમલ વશાવ્યાં અને વરશ ૫૦૦ પાદશાહી કીધી. મનોગેર બીન પંશંગ બીન ફરેદુન એને લડાઇ કીનો કરવો, શબે ખુન કરવું, સફ ખેંચવી, હીલો કરવો, નેજા નીશાંનશે રાખવા, આલમ દુલત રાખવી, લડાઇમાં હીલો નાંખવો. એને વરશ ૧૨૦ પાદશાહી કીધી. કીનો ચાલ્યો. નોદર બીન મનોચેહેર ગીરદાહા. એ ગુનાહ મારવા, હલકાઇ કરવી, બંદીખાનું કરવું, બગર મારે કામ કરવું, કેદ કરવું, એનાથી થયું. એને વરશ ૭ પાદશાહી કીધી. અફ્રાશીઆબ બીન પંશંગ બેદાદગર એની પાદશાહીમાં વરશ ૧૧ વરશાદ વરશીઓ નહી. એને પાદશાહી વરશ ૧૨ કીધી. તેમાસ્પ બીન ગનજુર. એ દાદગરે રાયતનો દંદ માફ કીધો તેથી રઇયત વરશ ૪ લગીન આબાદાંન રહી. ખેર કરવી તથા ભલમનશાઇ કરવી એથી પેદા થઇ. ઇરાંન જમીનમાં વેહેતી નદી એને ચાલતી કીધી. એને વરશ ૫ પાદશાહી ખુબી ખુશાલીશે કીધી. કેરશાસ્પ બીન તેમાસ્પ વરશ ૯ પાદશાહી કીધી ખુબી ખુશીશે.

તબકો બીજો એનું નામ કેઆંની. એ તબકામાં જણ ૯ પાદશાહી કીધી. એ તબકાની પાદશાહી જુલમે વરશ ૭૧૮ પાદશાહી કીધી. કેકોબાદ, કેકાઉશ, કેખશરૂ. કેલોહોરાસ્પ, કેગુશતાસ્પ, કેબહમન, કેહમોએ, કેદારાબ, કેદારાં એ ૯ પાદશાહ. હુદ બીન કેકોબાદ બીન રૂઆપ ઇરાંનુ તથા રેહેમ તથા બીજાં કેટલાંએક શેહેર નવાં કીધાં. એ રાખ જમીનનાં

મુલકમાં અદલ શરશ અનાજ જેવો દાનો દેશે એક કીધો. અને પાદશાહી ૧૦૦ વરશ કીધી. રાહ રશમ ભલી ચલાવી, શેહેર આબાદાંન કીધું. અબર હીમ બીન કેકાઉશ કેકોબાદ અકર કુબનું પાવલું તથા કેટલાંએક શેહેર નવાં કીધાં અને નવાં વશાવ્યાં. શેખરદ શેલેમાંણે ફરમાંવીયું દેવનાં હુક થકી વરશ ૧૫૦ પાદશાહી કીધી. પેહેલવાંન કેખશરૂ બીન શીઆવકશ કંગદેજ બાંધી. પારશ જમીનમાં ગદ બાંધ્યો અને બીજાં કેટલાંએક નવાં શેહેર વશાવ્યાં. અબદરોએ ખેશ મેહેરબાની કીધી, વરશ ૬૦ પાદશાહી કીધી ને, પોતીકા પીતરાઇને પાદશાહી આપી અને પોતીકી કંગદેજમાં તથા બીજગદમાં રહેઆ, હૈયાત છે. લોરાસ્પ બીન અરદવંદ બાગમાં આતશ કદુ પેદા કીધો તથા ગુમદની રવેશ એને પેદા કીધી. નવ ગદ તથા દેહેરાં તથા તંબુ એને પેદા કીધાં. અને મોબેદી તથા પાક પાદશાહી વરશ ૧૨૦ સુધી કીધી. ગોશતાશપ બીન લોહરાસ્પ અને શરમ કેદનું જાએગ પેદા કીધો. ખદકનું કાંમ એને ગણું પેદા કીધું. જરથોશતની દીન એની પાદશાહીમાં આવી, તે દીન કબુલ કીધી, વરશ ૧૨૦ લગી તું પાદશાહી કરશે. તમાંમ જેહાંનમાં તું દીન રોશન કરશે. બહમન બીન અસફંદીઆર ફરીને શીશતાંન બાંધશે. આતશ ગાહની જગા બાંધશે. પુલ બાંધશે. એ વરશ ૧૦૦ પાદશાહી કરશે ખુબીશે. હમાંએ નશરજાસ્પ ચેહેર આજાદ હરજાએગે સતુન કીધું. બીજાં કેટલાંએક શેહેર નવાં બાંધીઆ, વરશ ૩૨ પાદશાહી કીધી. દારાબ બીન બહમન બુજ જરક નવા ગદ બાંધીઆ, વશાવ્યા. ગણા અદલ ઇનશાફની રીત એને પેદા કીધી. વાતમાં ધજા બંધાવી. એને વરશ બાર પાદશાહી કીધી. દારાં બીન દારાબ કુમક, ઇરાંકાં, કાંનાં, મુલક માહે કેટલાંએક શેહેર નવાં કીધાં અને તે નવાં શેહેર વશાવ્યાં. એને વરશ ૧૪ પાદશાહી કીધી. બાજે એમ કહે છે એ તબકા ૪૦૦૦ વરશની પાદશાહીમાં કયા છે. તે મધે પેહેલો તબકો પેશદાદીઆંનનો કયો છે. બીજો કીઆંનીઓનો, તીજો અશકાંનીઆંનો, ચોથો શાશાનીઆંનો. એ તબકા ૪ ને દરમીઆંન તબકો એક પદીઓ છે તે તબકો અદકો પરીઓ છે. તે તબકો સેકંદર રૂમીનો પદીઓ છે. તેની હકીકત એમ છેજે ઇરાંન જમીનનો પાદશાહ દારાબ બહમંનને પેટે એક બેટો હતો. અને રૂમનાં પાદશાહને પેટે એક બેટી હતી, તે પાદશાહનું નામ કલેકુંશ છે. રૂમનાં પાદશાહ પર લખીયું જે એ બેટી ગણી ખુબશુરત હતી પછી તેને બેટી મોકલી તે આવ્યા પછી એમ દીઠી જે મોહોડું ગનુબદબોઇ ભરેલું દીઠું. પછે તે એબ ઉપર ઓસદ ગણુાંજ કીધાં પણ ભાગે નહી. પછે દારાબે તે બેટીનાં બાપ પાસે પાછી મોકલી. એ હકીકત એમ છેજે જેવારે રૂમનાં પાદશાહે બેટીને દારાબ પાસે, મોકલી ત્યારે રસ્તામે દેવેં તેની સાથે

ખુઆબમાં સોબત કીધી, તેથી હમેલ રહીઆ. અને શોબતને ખાતર દારાબ શુતો તેવારે મોહોમાંથી દોજખનાં ગાર જેવી બદબોઇ થાઇ તેથી દારાએ શોબત નહી કીધી, તે ઓરતને પાછી રૂમ પાદશાહ પાસે મોકલી. એ વાતનાં ભેદની ખબર કોઇને માલમ નહી હતી. તેના બાપે જાણીઉ જે હમેલ દારાબથી. પછે તેને બેટાનું ફરજંદ પેદા થાઇઉ. મમાવાએ તેનું નામ શેકંદર ધરીઉ, અને રૂમનાં પાદશાહે શરવે કોઇને એમ કહીઉં જે શેકંદર મારૂં ફરજંદ છે. પેહેલી બનેલી વાત કોઇને જણાવી નહી. શા માટે જે પાદશાહ ફલેકુશને ફરજંદ નહીં હતું. માટે શેકંદરને બેટો કરી લીધો અને તેને પાદશાહી આપી. અને તગીઅત કીધો. પછે શેકંદરે દારાબનાં બેટા દારાંને મારીને ઇરાંણનું રાજ પાદશાહી લીધી. ઇરાંણગવેજ મારીને ખરાબ કીધું. શેકંદર બીન દારાબ અદલ ઇનશાફ કરવો. પાવલો બાંધવો જુલકરને પેગામબરી વરશ ૧૨ પાદશાહી કરશે. નાલગોલા દરીઆનું છે ધમર બગર હાથશે કરશે, ગેબી આદમી મારશે, તલેશમ દારૂગોલાના એ નીપજાવશે. દશતુર મોબેદને એથી ખરાબી નીપજશે. માજદીઅશની કેતાબ એથી પરાગંદે થાશે. બતલકુશ બીન અરશપ રૂમની તરફ કેટલાંએક શેહેર નવાં બાંધશે તથા પાવલું બાંધવો આફત તેજ હતા તે વરશ ૧૪ પાદશાહી કરશે. રૂમી રાહા ચાલશે. બતલ ખુશ બીન બરમુશ ઇરાંણમાં જુલમ તથા બેદાદી નવી ભાંત ભાંતની તેથી ગણી પેદા થશે. વરશ ૩૭ પાદશાહી કરશે. **તીજો તબકો** અશકાંનીઆંનો. તે મધે પાદશાહા ૧૭ થાશે એટલાંને મુલકતવારે કહે છે. એની પાદશાહી વરશ ૫૦૦ ની છે. એનાંની નશલ દારાબથી છે. તેનાંનાં વરશ લખીઆં છે. અરશકાંનીઆં બીન દારાબ વરશ ૧૦ ઇરાંણની પાદશાહી કરશે. અરશ બીન અશકાંનીઆં એની પાદશાહી ઇરાંણમાં વરશ ૫૩ કરશે. બેહેરાંમ બીન આશકાંનીઆં એની પાદશાહી ઇરાંણમાં વરશ ૧૧ કરશે. ગોદરેજ બીન બેહેરાંમ એની પાદશાહી ઇરાંણમાં વરશ ૫૦ કરશે. હોરમજ બીન પલાશ એની પાદશાહી ઇરાંણમાં વરશ ૧૮ કરશે. ખશરૂ બીન પલાશ એની પાદશાહી વરશ ૧૯ કરશે. ફીરોજશાહ બીન દાખતા એની પાદશાહી વરશ ૧૧ કરશે. હરમજાંન બીન અશકાંનીઆં એની પાદશાહી વરશ ૧૭ કરશે. ખશરૂ બીન હોરમજ એની પાદશાહી વરશ ૪૦ કરશે. ખુશરો બીન ખુશરોસાંન પાદશાહી ઇરાંણમાં વરશ ૧૦ કરશે. આદરવાંન બીન ફીરોજ વરસ ૫૫ કરશે. આદરવાંન બીન અશકાંનીઆં પાદશાહી વરશ ૫૪ કરશે ખશરૂ બીન અશકાંનીઆં વરશ ૧૫ કરશે. બેહેઆફ્રીદ બીન આફ્રીદ અશકાંનીઆં વરશ ૧૫ કરશે. નરશી બીન અશકાંનીઆં ઇરાંણમાં પાદશાહી વરશ ૧૫ કરશે. પલાશ બીન આંશકાંનીઆં વરશ ૨૧ કરશે. ગોદરેજ બીન અશકાંનીઆં વરશ

૧૫ પાદશાહી કરશે. અદરવાંન અશકાંનીઆં પાદશાહી વરશ ૩૧ કરશે. તરીજો તબકો અશકાંનીઆંનો પુરો થાઇઓ. **ચોથો તબકો** શાશાનીઆંનો છે. એ તબકામાં ૨૮ જણુ પાદશાહી કરશે. એનાની પાદશાહી વરશ ૫૨૪ અને મહીનાં ૫ ની છે. એ હકીકત એમ છેજે જેવાર બહમન પાદશાહનો વખત આખર થયો તેવારે પોતીકી જોરૂને હોમાએને પાદશાહી આપી. તેવાર બહમનને એક બેટો હતો તેનું નામ શોશાન તે રૂશાઇને મોહોદુ લઇને ગએઓ. તે રૂશાઇને ચોપગાં ગોશપંદનો જંગલમાં ગોવાલીઓ થાઇઓ તે રીતે ૫ પેહેદી થાઇ. તે પાંચ પેહેદીનાં નાંમ શાશાનની પાંચ પેહેદી લગી એજ રોજગાર હતો જે ઢોર રાખતા. પછી અશબરનાં પાદશાહે એક ખુવાબ દીઠો તે ઉપર શોધ કીધી તે શોધ કરીને ડુંગર ઉપરથી પાંચમી પેહેદીએ તેનું નામ શાશાન હતું, તેને અશબરનો પાદશાહ બોલી કાહાદીને લઇ ગયો અને પોતીકી બેટીસે પરનાવીઓ અને પોતીકી બેટી દીધી અને ફરજંદ કરી રાખેઓ. તેથી બેટો પેદા થાઇઓ. તેનું નામ અરદેશર બીન શાંશાંન બીન શાશાંન બીન શાશાંન બીન શાશાંન બીન શાશાંન બીન બહમન અશપંદીઆર. અરદેશર અશતરબરનાં બાખક પાદશાહની બેટીને પેટે પેદા થાઇઓ. ઇરાંણગવેજ જમીનનો પાદશાહી નો વારશ હતો. પછી અરદેશરને પાદશાહે પોતીકો બેટો કીધો અને અશતબર શેહેર તેને આપયું અને પોતે પાલક કરી લીધો. પછી તેને અરદેશર બાપ કરીને કહે છે એટલા માટે જે મમાવાએ પાલક કીધો. પછી અરદેશરે ઇરાંણ જમીનની પાદશાહી લીધી અને ૯૦ પાદશાહ બેદાદગર હતા તે મારીઆ. પછે જરથોશતની દીન ફરીથી રોશન થાઇ. અરદાવીરાફ એનાં વખતમાં દીન લાવશે ફરીથી. એ ચાર તબકામાં જણુ ૨૮ પાદસાહી કરશે એનાની પાદશાહી વરશ ૫૨૪ મહીનાં ૫ ની છે. અરદેશર બીન શશાંન વરશ ૪૦ પાદશાહી કરશે. અને સુનેરી તખત ઉપર બેશશે. શાપુર બીન અરદેશર વરશ ૩૨ કરશે. હોરમજદ બીન શાપુર તાજ પાદશાહી વરશ ૨ કરશે. બેહેરાંમ બીન હોરમજ કુલાએ લાલા વરશ ૯ પાદશાહી કરશે. બેહેરાંમ બીન બેહેરાંમ તાજ ફીરોજ વરસ ૧૯ પાદશાહી કરશે. બેહેરાંમ બીન બેહેરાંમીઆં તાજ આશમાંની રંગ અને શીશતાંનમાં મહીનાં ૪ પાદશાહી કરશે. નરશી બીન બેહેરાંમ તાજ આંશમાંની રંગ વરશ ૯ પાદશાહી કરશે. હોરમજદ બીન નરશી તાજ આશમાંની રંગ વરશ ૭૨ પાદશાહી કરશે. શાપુર બીન હોરમજ તાજ હબજુ હકતાક વરશ ૭૨ પાદશાહી કરશે. અરદેશર બીન હોરમજ તાજ મુશકીન કુકાર વરશ ૧૦ કરશે. શાપુર કોલાહ મુશક વરશ ૪ પાદશાહી કરશે. બેહેરાંમ બીન શાપુર તાજ જખશે કેરમાહ વરશ ૧૨ પાદશાહી કરશે. યજદજરદ બીન શાપુર કોલાહ. લાલ

વરશ ૨૦ પાદશાહી કરશે. બેહેરાંમ બીન યજદજરદ તાજ યાકુત બેહેરાંમગોર વરશ ૬૦ પાદશાહી કરશે. યજદજરદ બીન બેહેરામ કોલાહ શખત અલનરથી વરશ ૧૭ પાદશાહી કરશે. ફીરોજશાહ બીન યજદજરદ તાજ ઉજરકાં વરશ ૧૭ પાદશાહી કરશે. ફુલાશ બીન ફીરોજ તાજ જબશ વરશ ૪૦ પાદશાહી કરશે. નોશેરવાંન બીન કોબાદ તખત જરદ કેશરી વરશ ૪૭ પાદશાહી કરશે. હોરમજદ બીન નોશેરવાંન તાજ લાલ તુરકીની જાત વરશ ૧૨ પાદશાહી કરશે. પરવેજ બીન હોરમજદ કોલાહ કશબી વરશ ૩૮ પાદશાહી કરશે. શીરોએ પરવેજ તાજ લાલ કોબાદ મહીના ૭ પાદશાહી કરશે. અરદેશર બીન શીરોએ તાજ શબજ વરશ ૧ પાદશાહી કરશે. શમીરાંન બીન અરદેશરની બેટી તાજ આંશમાંની રંગ કજાઇને વરશ ૨ પાદશાહી કરશે. તુરાણ દોખત અરદેશરની બેટી તાજ શબજ શાઇઅદે મહીનાં ૬ પાદશાહી કરશે.. અંજરમાં દોખત ખરોની બેટી તાજ જરદ મહીનાં ૪ પાદશાહી કરશે. ફરોખજાદ પરવેજ ફુલ લાલ દાતા મહીનો ૧ પાદશાહી કરશે. હોરમજ યરદ જુરદ પાદશાહી વરશ ૧ કરશે. યજદજરદ બીન ખુસેરો તાજ વરશ ૨૦ પાદશાહી કરશે. એ રીતે પછી મહમદની બોલદે હવે કયાંની મત આખર થાઇ.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે તમામ શેહેર પેદા કીધાં તેમાં ઉતમ શેહેર કહીયું છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે શરવે શેહેરથી અવલ શેહેર અલબરૂજ ડુંગર પેદા કીધો તેનું નામ ઇરાંણગવેજ, તમામ શેહેરથી ઉતમ શેહેર છે. જે કોઇ એ શેહેરમાં હશે તે પાક રોશન રવાન હશે અને તે શેહેરમાં આદમીઓનું જીવવું તથા પેદાયશ શરવે બેહેશતી હોએ તે જગે કંઇ બલા, રંજ, જીઆંન કંઇ નહી હોએ. નાપાક શેતાંને તે શેહેરમાં ગણી બલા, રંજ, જીઆંન એ રીતે નાંખી જે તે ચતકાનાં દેનાર પાણીમાંનાં શાપ પેદા કરે, જે મારી ખલકને ખરાબ કરે, જે તે જગે આદમી વશી નહીં શકે. શાપ એવા જે રીતે પરનંદુ. ઉદે તે ઉદનારા શાપ ગણાંએક છે. અને માશ ૧૦ લગીન તાદ ગણી અને માશ ૨ લગે હુનાલો હોએ. તે મહીનાં બેમાં અનાજ પાકે, મેવો પાકે, તે તે મહીનાં બેમાં ઝાદ તથા જમીન તાજી થાએ. અને મહીનાં દશ લગે તાદ ગણી છે. પણ જે કાંઇ શેતાંન-જીઆન કરે ને આપણે ફાયદો છે. તાંહા તાદ ગણી છે માટે આદમીઓને શાપનું ઝેર લાગતું નથી. જો ગણી તાદ નહી હોએ તો તાં શાપ મારીને પેદાયશને ખરાબ કરે. તે માટે જરથોશતને ફરમાવ્યું છેજે જેવારે દીન લઇને ઇરાંણ ગવેજ તું જાશે તે જગે હજારો હજાર દેવ તુ સાથે,

માટે તુને હું જંદ અવસ્તા આપુચ તે નશકે જંદ અવશતાનું પઢતાં દેવ રાખશ નાશશે. દેવોના કાલબુદ ભાંગશે. જેવાર નાપાક હરેમન જહાં માથું કરવા તાંકેછે તેમાં આપણે ફાયદો છે. નાપાકે ઇરાંણ ગવેજમાં તાદ ગણી છે તો મારી ખલકને ફાયદો છે નહી તો સાપ આગલ કંઇ તથા ચોપગાંની ફરી જીંદગાની કરી નહીં શકે.

ગુસતાસ્પ પાદશાહે જામાસ્પ હકીમને પુછ્યું જે અરજે તથા શવે તથા ફરદદફ્શ તથા વીદેદફ્શ, વોરોબરતે તથા વોરોજરશતે એ ૬ દીપમાં આદમીની શી રવેશ છે, તેહોનની દીન કોણ તથા તેવનનું ખાનું તથા પેહેરવું શી ભાતનાં તથા તેઓનાં રૂવાંન મુઆ પછે કાં જાએ છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે અરજે તથા શવએ એ બેહુ દીપમાં જે કોઇ આદમી છે તેની દાદ ભલી અને દીન પોરીઓદકેશી. તે આદમીઓની ઉમર વરશ ૩૦૦ ની છે. વરશ ૩૦૦ લગીન જીવે છે. તે શરવે આદમીઓનો કારબાર નેકીનો છે, અને તેવનનો ખોરાક મુરગ તથા માહીનો છે. તેઓનો પાદશાહ શરોશ ઇજદ છે. ને તાં જે કોઇ મરે તે અશો બેહેશતનો જાનાર છે. અને તેઓનો ખોરાક ગાયનાં દુધનો છે. બીજાં દીપ જે કહીઆં છે તેનાં લોક ડુંગરે તથા ઝાદે રેહે છે. ગણાંએક બુરાં તથા ભલાં બી છે. તે માહે કેટલાંએક બેહેશતીબી છે ને કેટલાંએક દોજખી બી છે. તેમાં કેટલાંએક જે પોતીકા જાગુ કેરદાર પાંમે છે, અને તે ભલી દીપમાં ગાયનાં દુધનો ખોરાક છે. એ ચાર દીપમાં ઝાદ, મેવો નહીં. ફરદદફ્શે, વીદેદફ્શે, વોરોબરશતે, વોરોજરશતે એ ચાર દીપમાં મેવો કંઇ નહીં.

ગુસતાસ્પ પાદશાહે જાંમસ્પ હકીમને પુછ્યું જે અલબરૂજ માંહે આદમીઓ રહે છે ને કુન ભાતનાં છે. તેનાની દાદ દીન કુન છે અને તેનાની રવેશ કોણ છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે તે લોકોની ઉમર ગણી મોટી છે. તે આદમીઓની રાહ રશમ ગણી ખુબ છે. તેઓની જાગીરબી ગણી છે. તેનાંની રવેશ ગણી શારી છે. અને તમાંમ ભલી દીન ઉપર ચાલનાર છે, ખોદાયનાં યાર ને રવાનના દોશત. તેનાનો સરદાર સરોશ અશો છે. અને જે કોઇ મરે તે અશો છે. તાં જીઆંનગાર કંઇ નહી.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે કંગદેજ તથા વરજમકરદ તથા ઇરાંન ગવેજમાં એ શેહેરમાં મનીશ કોણ છે, રવેશ કેવી છે, તેનો દીન ધરમ કેવો છે, તે આદમીઓનું ખાનું કોણ જનશનું છે, અને તેનાની ઉમર કેટલાં વરશની છે, અને તે કેટલાં દીવસ જીવે અને કેટલા વરશ પછી મરે, તે મુઆ પછી તેઓનાં રૂવાંન કાંહાં જાએ છે, બે-

હેશતી છે કે દોજખી છે તે હકીકત મને કેહે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે કંગદેજ ઉગમને છે. અને ઇરાંણ ગવેજ બરાબર છે. અને કંગદેજનું ફેરવ ફરશંગ ૭૦૦ નું છે. તે તોલો પાક પરેજગાર છે. તાંહાં દેવોને આવવાનો વાત નહી. તાહાં કોઇ હરકત કરી નહી શકે. દેવોનું તાંહાં કંઇ ચાલે નહી. અને તે જગે ધાતુની ખાંન ૭ છે. સુનું, રૂપુ, તાંબુ, શીશુ, કથીર, પોલાદ તથા મુલાં લોહોદાંની. અને થામ મેહેલ રેવાનો રૂપાંનો છે. અને તે કંગદેજમાંથી નદી ૭ નીકલી છે, અને તે કંગદેજમાં જંગલ ૭ મેદાંન છે, તેમાં ઝાદ ભાતભાતનાં મેવા ભરીઆ. તાંહાં તાહાદ નહીં, ગરમી નહીં, હમેશ રૂતનો ઠામ. જુખશે તથા મુજંશે જીવવું. અને ભલી દીનનાં યાર અને રવાંનનાં દોશત અશો છે, તથા તેઓની ઉમર જંદેગાની ગણી લાંમબી છે. તેઓમાં જે કોઇ મનીશ મરે છે તે બેહેશતી છે, બેહેશતી રવાંન હોએ. તે કંગદેજને થામ શરવેનો સરદાર તારો બેટો છે, પેશુતન છે, ખોદાયતાલાનો પેદા કીધેલો છે. હવે વરજમકરદની શેહેરની વાત કહું તે શાંભલ. વરજમકરદમાં જે કોઇ રહે છે તે દીનદાર છે, અને સવાબનાં કરનાર છે અને તેઓની ઉમર જીંદગાંની વરશ ૩૦૦ લગીન જીવે છે, અને તેઓની જોરૂ વરશ ૪૦ શે છોકરાં ૨ જણે છે. તેમાં બેટો ૧ તથા બેટી ૧ વરશ ૪૦ શે ૨ જણે. વરશ ૩૦૦ લગીન એ રીતે જણે. તેમાંથી મરતું નહી. તે વરજમકરદમાં મોહોલા ૩ છે એક ફલીઆમાં મનીસનાં જોદાં ૯૦૦ તથા બીજા ફલીઆમાં જોદાં ૬૦૦ તથા તરીજા ફલીઆમાં ૩૦૦ એથી નહી વધે નહી ખુટે. તે શેહેરનો ફેરાવો ફરસંગ ૬ નો છે. તેમાં ફરશંગ ૨ વશીઆંન આબાદાંન છે, ખુશી ખુરમી સાથે તથા ફરસંગ ૨ મેવા ભરીઆ ઝાદ છે. તથા ફરશંગ ૨ લગીન ખેતીવાદી અને તેજ શેહેરમાં હોરમજદે નદી ૪ પેદા કીધી છે તે નેઆમત ભરી. તેમાં ૧ નદી ગોઇની, ૨ જી નદી દુધની, ૩ જી નદી શરાબની, તથા ૪ થી મધની છે. એ ૪ નદી પેદા કીધી છે. તે જગે કશી બીમારી નહી અને દેવનું કંઇ ચાલે નહી. એ પાદશાહા ઇરાંણગવેજની વાત કહુ તે શાંભલ. ઇરાંણગવેજમાં તમામ દીનદાર. હરેક જગીઆથી તે જગીઆ ગનીજ રૂડી છે. હરેક શેહેર વેલાતથી ઇરાંણગવેજ ખુબછે. તે સાતે મુલકની દરમીઆંન વચમાં ઇરાંણગવેજ છે. તે જગે મનીશ તમાંમ વરશ ૩૦૦ જીવે છે, અને તાં લોભનો કરનાર કોઇ નહી. અને તાં કોઇ જુઠું નહી બોલે, તાં જુઠી વાત નહી કરે. હમેશ હરેક વાતે રાશતી બોલવું અને એવી શબુરી જે ૧ રોટીમાં જણ ૬૦ ધરાઇને ખાએ. અને તાં દરદ અને મંદવાદ અને બીમારી નહી. તથા હરેક જગા ગોશમંદનો તોલો તથા ઉડતાં પંખી જણાવર. તથા

ગોશપંદ તથા ગાએની ઉમર વરશ ૧૫૦ ની તાં પંખી ગોશપંદની ઉમર વરશ ૧૫૦ ની. અને ઇરાંણગવેજ શેહેરની હેઠે જમશેદ પાદશાહે ભોંયરૂં એક કીધું છે. એટલા વાસતે જે નાપાક મલકુશ દેવ દુનીઆમાં તાહાદ એવી પેદા કીધી ને કરશે, જે તમાંમ આદમી ગાય તથા ગોશપંદ તથા પંખી, જણાવર એ કુલ પંખી પેદાયશ નાપાકની જાદુગરીથી શરવે મરશે. ગોશપંદ માત્ર તથા જણાવર માત્ર જમશેદનાં ભોંયરામાં જેટલાં પરશે તે સરવે ભોંયરામાં જીવશે. માટે જમશેદને આગાહી હતી માટે ભોંયરૂં આગલથી શમારીયું હતું તે શમારી મુક્યું છે. તેનું નામ વરજમકરદ છે. ઇરાંણગવેજમાં તાહાદ માશ ૧૦ લાગે છે અને માશ ૨ હુનાલો પદે છે. પણ તાહાદ ગણી તેથી મોટા સાપનુ ઝેર લાગે નહીં. તાંહાં પાણીમાંના સાપ ગણા. અને જે કોઇ તે જમીનપર મરે તે બેહેશતી છે અને તે જગે શરોશનું તથા જરથોસતનું તથા ગોશતાસ્પ પાદશાહનું રેથાંન છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે હીંદુસ્થાનનો મુલક તથા અરબસ્તાંનનો મુલક તથા અરબસ્તાંનનો મુલક તથા તુરકસ્તાંનનો તથા માહાજનદરાંન એ સરવે મુલકમાં પેહેરવું તથા ખાવું કેવું છે, તે મલુકમાં કેહેવી દીન ચાલે છે, અને તેઓની ઉમર જીંદેગાંની કેટલાં વરશની છે, અને એ મુલકનાં લોક મરે છે તેનાં રૂવાંનની જગો કોણ થામ છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હીંદુસ્થાનનો મુલક સરવેથી મોટો છે, અને સરદી ગણી તથા ગરમી ગણી. દરીઆવ ગણો મોટો, ઝાડ જંગલ બીઆબાંન કાંટાનું ગણું, અને તાં ચાવલનો ખોરાક ગણો અને બાજીઓ ને કંદમુલનો ખોરાક ગણો. બાજેને માછલીનો ખોરાક અને માંથું નાંગું અને લંગોતાનો પેહેરાવ. તથા હીંદુસ્થાંનમાં એકએકનો ધરમ જુદો. ગણો તોલો બુરો તથા ભલોબી છે. દેવનાં માંગનારા તથા પથરના પુજનારા અને કેટલાકએક મહમદની દીન ચાલનારા તાં પેદા થશે, અને એહેદીન જુજેવો એક ખુરાંશાનથી જાશે, અને તે હીંદુસ્તાનમાં કોલાપોશ વેલાએતથી જશે. કોલાહપોશ કેટલાએક પોરીઓ દરેશ છે. કેટલાંએક પુતલાંને માને છે, અને એક વાદને માને છે, અને કેટલાંએક ખુરશેદને માને છે, કેટલાંએક પથરને માંને છે, કેટલાંએક દરીઆવને માંને છે, કેટલાંએક મોહોર મજદને પુંજે છે; કેટલાંએક ગોશપંદને પુજે છે, અને હીંદુસ્તાંનમા શરવેનો ધરમ જુદો જુદો, અને ત્યાંના લોકો કપદાં પહેરે છે, પણ નાંગું ઉગાદુ તો નાગર. તેમાં કોઇએક હોરમજદની તરફ છે. અને જાદુગરીનાં કરનાર, અને તોનાંનાં કરનાર, બાજે કેટલાંએક આતશમાં બલે છે, અને કેટલાંએક તોલાં છે તે પાણીમાં નાંખે છે. કાંઇ દીનની રાહાપર નહીં. તે સરવે દોજખનાં શરીક છે. એ

પાદશાહા ચીનની વાત કહુ તે સાંભલ. ચીનનો મુલક મોતો છે, પણ તાંનાં લોક બેબે રાહે, તથા દીન નહી જાને, અને તે જગે સુનું ઘણું અને ગો-હોર તથા મુશક તથા કશતુરી ગણી. તાંનાં આદમીઓનાં નાખ ચાતલાં ગણાં બારીક, પગ નાંનાં અને તાં બુતપરશતી ગણી. તોનાંનાં કરનારા ઇઆને દેવનાં યાર. અને ખોરાક ચાવલનો. ગાંમદાં ગણાં. પણ તેનાંનું ખાવું ખર-વશતર. વાગ, વરૂ, રીંછ, કીદા શરવે ખાએ. તેને દીનપર ચાલતું નહી. એહેદીનની દીન બરક કરશે. ચોપગાં ગોશપંદ, ગાય, ગોદાં ઊંઠ એના ખાધા પર આગલ નહી રેહેશે. અને પોશાક જબુન. જભલાંના પેરનાર. તલે નાંગા. ગોશલ નહીં જાને. અને તેની ઓરતનો પોશાક જબુન. અને બુતને માંને. ગરમી ગણી રાખે. તે લોકો બેઉંદાં ગણાં દોજખનાં શરીક છે. પાદશાહા તુરકસ્તાનની વાત કહું તે સાંભલ. તુરકસ્તાનનો મુલક મોટો ગણો. તાંની શીતલાઇ ગણી, ગણો ઠંડો મુલક છે. તાં શરવે કોઈ ચંદ્રમાને માને છે. મોહોર ઇજદને માંનવું ગણું, અને ખુબ દીનપરનાં ચાલનાર અને જા-દુગરબી ગણાં. અને તમાંમ લોક તીર અંદાજીનાં કરનાર. તે તમામ ખલક શેકાર કરીને ખાએ છે. અને તાંનો તુરકી ઘોડો એક રાતમાં એક દહાડામાં ૩૦ ફરસંગ ચાલે. તેનાં ગાઉ ૧૨૦ થાએ છે, તે એક રાત દનમાં ચાલે છે. અને કેટલોએક તોલો છે, તે પશમનાં કપદાં પહેરે છે. અને દુરવેશી ધરે અને બંદગીને ખાતર જંગલમાં રહે છે, અને ખોદાયની બંદગી કરે છે. કેટલોએક તોલો અધરમ ગુનાંગાહાર. અને તેને દાંમની જોરૂને ફેશાદ છીનાલી નહી. અને જેને અશફંદીઆરની દીન કબુલ કીધી અને એહેદીનની રાહા ઉપર ચાલે છે તેટલો તોલો કનબીનું કાંમ કરે છે, ખે-તીવાડી કરે છે. પણ તે ખલક તુરકશતાંનમાં બાજે બેહેસ્તી છે, બાજે. દોજ-ખી છે, બાજે હમેશતગેઆંની છે, બાજેનો પોશાક શારો. ગોશલનાં કરનાર. ઓરતને પેશવાદ, બાજેને જભલાં છે. બાજે શરાબ પીએ, બાજે શરાબથી પરેજ રેહે છે. એ પાદશાહ અરબસ્તાંનની તથા બરબસ્તાંનની વાત કહું તે શાંભલ, એ બેહુ મુલકની વાત કહુ તે સાંભલ. એ બેહુ મુલકમાં દીન તથા ખોરાક એકજ છે. તાં ગરમી તથા ખુશકી ગણી. તે શેહેર મોતાં અને જંગલ બીઆબાંન. મેવો ગણો, ગાંમદાં ગણાં, પણ તેઓનું ખાવું વાગ, વરૂ, રીંછ, ખરવશતરને હરેકને ખાએ. તે રૂદી દીનપર નહીં ચાલવું. એહેદીનની દીનની બરકશીનાં કરનાર. ચોપગનીજનશ માતર ખાએ. ઊંઠ, ગોડા હરેક ગોશપંદ તેનાં ખાધા આગર નહી રહે. અને પોશાક જભુલાંનો, તલે નાંગાં. ગોશલ નહી જાંને. અને તેહેની ઓરતનો પોશાક પેરાવ જબુન. અને તેનો પેગમબર મહમદ આવશે. હવે પાદશાહ માજંદરાંનની વાત કહુ તે સાંભલ. માંજનદરાંનમાં જે આદમી

છે તે ખોદાયની રાહાનાં ચાલનારાં અને શખાવતપરબી મનશા. અને જગા તમાંમ આબાદાન. તથા ઝાદ તથા ડુંગરપર તથા જંગલ તથા શેકાર કરવાની જગા. અને ગરમી ગણી તથા શેદા તથા શીતલા, અને કેટલાએક દાદપર અને કેટલાએક બેદાદીપર. અને ગણાએક બેહેસ્તી અને ગણાંએક દોજખનાં શરીક. તેઓની ઉંમર વરશ ૫૦ ની છે તેથી કમ જાદા નહીં. અને તેઓમાંનો એક તોલો હતો; તેમાંનું મનીશ મરતું તેને કતમ કાપી ખાતું. જેવારે અશપનદીઆરે જરથોશતની દીન દેખાડી અને કબુલ કરાવી તેવાર પછી તે મુવું મનીશ ખાતા રહીઆ. તાં જરથોસ્તી દેઆનાં કપડાં, ઓરત ગણી ખુબસુરત, પોશાક જરી, ગાનાર જોર, તાં જાદુગર ગણાં હતા. તેનાને કેકાઉશે તથા ફશતમે મારીઆ.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે વરગોશ મનીશ, વરચશમ મનીશ, તશતીજંગા મનીશ, દવાલ પાઇ મનીશ, શેશરાં મનીશ, એ સરવેનું રેહાન કયાં છે, તેઓનો ધરમ કોણ, તથા દીન તથા ખોરાક, તે મરે તે બેહેશતી છે કે દોજખી, હોરમજદની રાહ ઉપર કોણ તોલો એની હકીકત મને કેહે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ હું કહું તે શાંભલ. વરચશમ આદમી જે આંખ ઉપર આંખ બે બીજી તે વરચશમ મનીશ રેછે છે, તે જગાંએ મનીશ પરીનું. તે જગાએ જમીન પરી છે. તે જગાપર ઝાદ જંખ ગણાં અને તાં ગાય ગણી. તે લોકો તમામ દોજખી છે, અને તે તોલાનો શરદાર કોઇ નહી, અને તે તોલામાં જે કોઈ મરે તેને તુરત ભુજી ખાએ, અને જણાવર માતર ખાએ. વરગોશ એને કહીએ જે કાંન ઉપર કાંન બે બીજા હોએ. તે વરગોશ મનીશની રાહા રશમ એવીજ છે, જે કંઇ પોશાકબી નહી અને ઝાદનાં પાંતરાબી નહી. જે માશાલે જંગલી હેવાંન. તેને દીન નહી, સવાબ. શોબત પશુની માશાલે છે, તેનો ખોરાકબી ઝાદનાં પાંતરાંનો છે, અને દોજખનાં રેહેનાર છે. એ પાદશાહ તશતીજંગા તેઓને કેહે જે તે તોલો એક છે. તે હોરમજની દીનપર શવાબનું કરનાર છે, અને ખોદાયનાં બંદા છે. પોશાક ઝાદનાં પાંતરાનો અને દીન રાહા રવેશ હોરમજદની છે. જેને કાંન ઉપર બીજા બે કાંન તેને વરગોશ કહીએ છે, તે નાપાક તોલાશે તશતીજંગાનો તોલો હમેશ લદાઇ કરે છે. જે કોઇ તશતીજંગાનાં તોલામાંથી મરે તે બેહેશતી છે, અને જે કોઇ વરગોશ છે તે દોજખી છે. અને દવાલપાઇઆ આદમી તેને કહીએ જે, દવાલી પગની તે મબીશ દીન નહીં જાણે, અને દુનીઆંમાં શવાબબી નહી જાણે. ગુનાહ વીના બીજી વાત નહીં પીછાંને. તેઓનાં શરપર શરદાર નહીં.

જે કાંઇ અશો પાક જનાવર હોએ તે ખાએ. તેઓમાં જે કોઇ મરે તેને તરત ખાએ. એ તોંલો દોજખી છે. એ પાદશાહ શેશરાં મનીશ તેને કહીએ જે નાંખ ચપતાં અને માંહાં તરણુ છે. એ તોલાને શેશરાં કરી કહીએ. દીન નહીં જાણે, ગુનાહગાર દોજખનાં શરીક છે. અશો જનાવરને ખાય છે તથા જે મરે તેને ભુજી ખાએ. તેનો પોશાક ઝાહનાં પાંતરાનો છે અને ઘણોજ બુરો છે અને જેને દવાલપાઇઆ કહે છે તેને એકજ પગ છે. તે પગ વચમાં હોએ. અને તે ખાએ તે પીશાબને વાતે કાંહાદે છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે કેરશાશપનાં કાલબુદની હકીકત મને કહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ તેં કેરશાશપનું કાલબુદ પુછ્યું, તેનો જવાબ. કેરશાશપનું કાલબુદ દમાવંદકોહેની નજદીક છે. અને તાં અનાજ નહીં, તથા મેવો ઝાહ કંઇ નહીં. તાં શુનાંનું પરશું ઉગે છે તે કેરશાશપની દેહે રાખવાને કાજ. હોરમજદે ૯૯૯૯ અશો ફ્રોહર પાશબાંની કરવાને કાજ મેલીઆં છે. દેવ તેનું કાલબુદ વનશાવી નહી શકે માતે અશો ફ્રોહર તે કાલબુદની ચોકી કરે છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે આખર હજારામાં કોણની દીન દરૂશત ચાલશે.

જાંમાશપ હકીમે જવાબ દીધોજે એ પાદશાહ પરથમ જરથોસ્તી દીન ખુબ ચાલશે. પછી મહમદ પેગમબર પેદા થશે, અને કોલાપોશમાં ૧૮ મજબ ચાલશે. ખોદાયને કોઇ માનશે, કોઇ ગરેહેને માનશે, કોઇ પુતલાંને માનશે, કોઇ પોતીકા પેગમબંરને માનશે, કોઇ પોરીઓદકેશીને માનશે. અને ૧૮ બોલી જુદી થશે. મહમદમાં દીન ૪ ચાલશે. કેતાબથે. તેમાં મહજબ ૪ થાશે પણ એકુમાં ભલીવાર નહીં. અને હીંદુમાં મહજબ કંઇ હજાર પણ તેમાંભી ભલીવાર નહી. અને પેગમબર નહી અને હરેકનો રાહ જુદો જુદો, અને પથરનાં પુજનાર અને કેતલાએક નાહીને અને કેટલાએક નાહશેજ નહી,

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હોરમજદની ચીજને આજાર દેવા ગતે કે નહી.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે દાદાર હોરમજદની ચીજને આજાર નહી દેવો ગતે. એક એ જે આદમીને આજાર નહી દેવો. કોઇ પર જોરાવરી નહી કરે. પશુની ઉપરં જોરાવરી નહી કરે, આજાર નહી દીએ તેની ખીદમંત ખુબ કરે. તરીજુ આંતશની ખીદમત ખુબ કરે. ચોથું શેરેવરની ધાતને નેગા રાખે, ખુબ વાપરે, પાક રાખે. પાંચમી જમીન ખુબ રાખે. છઠ્ઠુ

પાંણીની નેગા રાખે, બંદગી કરે. સાતમું વાડીને, આદને ખુબ રાખે અને જતનશે વાપરે. સાતે ચીજની નેગા રાખે.

ગુશતાશપ પાદશાહે જાંમાસપ હકીમને પુછયું જે દુનીઆમાં આ-દમીઓને મરકી કેટલી વાર થશે, અને દુનીઆમાં મોહોતી લડાઇ કેટલી થાશે, અને દુનીઆમાં કાલુ બરફ કેટલીવાર વરસશે અને કરાં કેટલી વાર પડશે.

જાંમાસપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ દુનીઆમાં મરકી ૪ વાર થશે. પરથમતો જુવાકને વખતે થઇ. બીજીતો શાપુરશાહનાં વખતમાં થશે. તીજી હોશેદર પેદા થશે તે વખતમાં થશે. તેવાર મોટી મરકી થશે. ચોથી જેવારે રસ્તાખેજ થાશે તેવારે શોશીઓશનાં વખતમાં ગણી મોતી મરકી પેદા થશે. અને દુનીઆંમાં કેહેતી તથા દુકાલ હજીવાર ૩ થશે. પરથમ તાંહાં અફરાશીઆબનાં વખતમાં નોદરને મારીને ઇરાંનુગવેજની પાદશાહી લીધી, તેવારે વરશ ૭ સુધી વરસાદ નહી વરશીઓ તેથી દુકાલ પડીઓ, પછી અફરાશીઆબ પાછો પશેમાન થાઇને તુરાંણુ જમીન ગીઓ. બીજી વાર ફીરોજશાહનાં વખતમાં દુકાલ પડેઓ. તરીજી વાર હોશેદરનાં વખતમાં દુકાલ પડશે. અને વરશાદનાં કાલાં પાની વાર ૩ વરશશે. પરથમ જેવારે કાઉશ પાદશાહ દેવનાં કહીઆથી આંશમાનની પાદશાહી લેવા ગીઆ તેવાર. બીજી વારે અરદવાંનની પાદશાહીમાં વરશશે. તરીજી વાર રસ્તાખેજને દન વરશશે. દુનીઆમાં અની મોહોતી લડાઇ વાર ૩ પડશે. પરથમ કેકાઉશ પાદશાહનાં વખતમાં મોટી ભારે લડાઇ પડી. અને બીજીવાર એ પાદશાહ તારા વખતમાં મોતી લડાઇ પડી. અને તરીજીવાર હુશેદર તથા બેહેરાંમ વરજાવંદનાં વખતમાં મોટી લડાઇ પડશે. રાતાં કરાં અને કાલુ બરફ વાર ૪ પડશે. પરથમ જેવાર મનોચેરનાં વખતમાં મીનોચેર પાદશાહીએ બેઠો તેવાર બીજી વાર દારાબનાં વખતમાં, તરીજી વાર યજદજરદ શેહેરીઆરના વખતમાં અને ચોથીવાર હોશેદર તથા બેહેરાંમ વરજાવંદનાં વખતમાં. તેની લડાઇમાં તુરક તથા આરબ તથા રૂમી તથા કાહલાપોશ તથા ફરંગી તથા હીન્દુ એ સરવે લશકર એકથા થશે. તે લશકરનાં લોહીથી પાણી લોહી જેવું મારીઉં થશે, અને તે પાણી વાદલમાં લઇને દુનીઆમાં વરશશે. તેવારે દુનીઆમાં લોહીનો વરશાદ વરશશે. તમાંમ જેહાંન થશે.

ગુશતાસપ પાદશાહે જાંમાસપ હકીમને પુછયું જે, મનોશને અકકલ અને હુશીઆરી હોરમજદે આપી છે તેનો કેમ ઉપયોગ કરવો, તેને વીશે મજશનેનું હામાં શું લખઉં છે તે કહે.

જાંમાસપ હકીમે જવાબ દીધો જે હોરમજદે સરવે પેદાયશને જાણુ

અકલ હુશીઆરી જંદ અવશતા ઇજશનેમાં એવું કહીઉ છેજે તે પદ મા-એનાં સાથે જાહેર લખીઊં છે.

તાચા ક્ષથરા મજદાઓ દામીશ અહુરે.

એ પદનો માએનો એ જે. હોરમજદે ફરમાવ્યું જે તમાંમ ખલક મેં પેદા કીધી. અને હું જાંનું છેઊ જે મારી ખલક અને મને જાંણે તે મારાબંદા.

તેમ ને સ્તોતાઘ્રશ નેમંધ્વહો આ વે વેરેષો.

એનો માએનો એ જે સરવે ચીજ મેં પેદા કીધી. એટલાં માટે જે મારી નેઆશ શેતાયશ કરો જે મારા બંદા છે.

તુ જીત ચષમઈનીમ વોયાદરેસેમ.

એનો માએનો એ જે જેમ આંખની કીકીએ દેખીએ તેમ હોરમજદ શરવેને દેખે છે. તમો એમ માં જાણો જે દેખતી આંખની આગલ જે કાંઇ હમો ધાંકીઉ કરૂ છે તે હું નહીં જાણું.

વંધહેઉશ મનયેઉશ ષયઓથનહ્યા.

એનો માએનો એ જે તમો કોશેશ કરજો, જે કાંઇ કરો તથા બોલો તે અકલથી વીચારીને રાશતી હોએ તે કરજો. અકલને તમાંમ ચીજ ઉપર દશતુર કરજો. અને ગનેઆંનને હોકમે કાંમ કરજો. અને જે કાંમ કરો તે માહે કોશેશ કરજો, જે રાશતી કરૂ.

એનો માએનો એ જે મેં તમોને પેદા કીધાં. અને તમામ ચીજ અરજાનીઅત કીધી. તમો તમારી નેઆશ શેતાયશ કરો. જેતે અવેજે તમુને બેહેશત આપું. તમારે જગે ગરૂથમાંન બેહેશત પોહોચાદું તમારી ખુબી કરીને.

તેમ ને વહુ મત મનંધ્વહા ચીક્ષનુષો.

એનો માએનો એજે શરવેની મકશુદનો કરનાર બહમન અમશાશપંદ તે શેતાયશનો દેનાર એમ જાણુજે. મારી ખશનુદીકી બહમન અમશાશપંદની ખશનુદી છે જેવારે તેની સેતાયશ કીધી તે મોરાદે ચાલ્યા તેની મખશુદ કીધી, તેવાર મારી મખશુંદ કીધી. માહારી સેતાયશ કીધી.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે જરથોશત પેગમબર આવ્યા તેવાર પછી તમામ દેવ જમીન તલે પેઠા કે હવદા પછી પેશસે. જરથોશતી દીન કબુલ કરનાર છે કે હવે પછી કરશે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ તારા વખતમાં પેગમબર આવ્યા તેવારે દીન લઇને આવ્યા, દીન જેહાનમાં જાહેર કીધી તેવારૂ પછીં તમાંમ દેવનાં કાલબુદ ભાગાં અને જમીન તલે પેઠા. પરથમ

દેવ આદમાંને લેબાશે દુનીઆંમાં આવતા અને નાપાકી તથા ફેશાદ દુનીઆમાં કરી જાતા. પછી જેવારે જરથોશત દીન લાવ્યા પછી મનીશનો લેબાશ લઇ નહીં શકતા. હવે એ વેલામાં આવે તે મનીશનો લેબાશ નહીં લેવાએ અને નહીં લાવે. ઘોડાને તથા ગાયને લેબાસે આવશે. પછી પોતાના લખન કરવાનાં હોસે તે કરસે. પણ જરથોસ્તી દીનની બરખતથી કાલબુદ ભાગાં. જમીન તલે પેઠાં. એ પાદશાહ જરથોશત દીન લઇ આવ્યા તેવારે તે મોજીજો દીઠો તેવારે જરથોશતની આગલ દમ મારી નહી શકીઆ. તમો તમાંમ ફરીશ્તો જમીનનનાં દાનાંઓ તોલે થાઇને જરથોશત શાથે મજાખરા કીધા. જેવારે જરથોશતની દાનાઇ, તેનો એલમ તથા તેનો તજરબુ તથા તેહેની હુજત દીઠી, જેવારે તમાંમ દાનાંઓ આજેજ હેરાંણ રહીઆ. પછી તારી આગલ આવ્યા અને તારી આગલ અને મારી આગલ તેની વાત કહી જે એક મરદ શરવેને શરમમાં લાવે છે માતે તું હમારી આગલ યારી કર. તેવારે મેં જરથોશત સાથે સવાલ જવાબ કીધા. જેવારે તેનાં મેં સખુન શાંભલીઆ અને તેની દાંનાઇ દીઠી, તે વાતપર હુંબી આજેજ થયો તેવારે જરથોશતની દીન કબુલ કીધી. જેવારે જાંમાસ્પ હોરમજદશાહે દીન કબુલ કીધી, તેવારે ફરાંણ જમીનનાંઓએબી કબુલ કીધી. ને દીન કબુલ કીધાનો લતીજો જરથોશતે ખોદાતાલાની દોવા કરીને એ એ પાદશાહ તુને ૪ ચીજ એવી આપી જે કદી કોઇ પાદશાહને નહી હતી. ખોદાતાલાએ બેતો એક આપીઓ પેશુતનનાં જેવો, જે કદી થાઇને ગરદો થાએ નહી, અને કદી મરે નહી. અને આખરને વખત પાક દીન ખોદાતાલા તેને હાથે એ જેહાંનમાં જાહેર કરસે. બીજો દીકરો અશપનદીઆર જેવો ખોદાયતાલાએ આપેઓ, જે આલમ માહે તે જેવો મરદાંનગીએ કોઇ નહી. અને વજીર ૧ જામાસ્પ જેવો તારી દરગાહા ઉપર હું છું, અને જે કાઇ દુનીઆમાં થયું અને થસે તે હું જાણું. અને તું જેવા પાદશાહ કોઇ નહી હોએ, જે જીવતાં પોતીકી બેહેશતની જગા જોઇ આવ્યો. અને ખોદાતાલાએ ૨ ચીજ એવી આપી છે એક અસો મરદ ને બીજા આતશ બેહેરાંમ એ બે ચીજ છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે એવી શા ચીજ છે જે દેવદરૂજ નાંસે. અને યજદ અમશાશપંદ ખુશી થાએ તેવી ચીજ ઘરમાં રાખીએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે, એ પાદશાહ એટલી ચીજ શરવેને રાખવી ગતે. એકતાં બરખત. બીજું તાં ઘર કુટુંમ સરવેને રાખવાં ગતે તથા શગ. તરીજું તાં મુરગો જે બાંગદીએ છે. ચોથું ગોશપંદ. પાંચમું સીમુરગ. છઠો આતશ. સાતમો મરગો. એ સાતે ચીજ ગરમાં રાખવા ગતે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે સરવેમાં ઊંચ શું છે. ખોદાની પેદાયશમાં.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે સરવેથી સરદાર તે આદમી છે. માટે વતે જે પોતાનાં ભાઇને ખેશ ખેશાવંદ કરી જાંણે અને કોઇને બુરાઇ પોંહોંચે તેવારે એમ જાણીએ જે એ જેહાંન મને થાએ છે એમ કહીને પેલાને યારી દીએ તથા મદદ કરે, કશી વાતે આદમીને આજાર નહીં દીએ. અને આદમીને પુઠ પાછલ ભુડું નહીં બોલે. સરવે કોઇને એમ જાણવું જે માહરાં ફરજંદ સગાં છે. અને દરવેશ જે દીનનું હોએ તેને બખશેશ આપેઃ અને રાસ્તી કરે જે સરવે ચીજમાં રાસ્તી જ્યાદા છે.

ગુશતાસ્પ પાદશાહે પુછીઉ જે પેહેલવાંન કાંય પેદા કીધા જેથી લડાઇ ખશતી નથી.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે પાદશાહ હું વાત કહું તે સાંભલ. પેહેલવાંનની નશલ જમશેદથી થઇ છે. જે ગાવા હાંગરબી પેહેલવાંન છે. જો પેહેલવાંન પેદા નહીં હતે તો તમાંમ જેહાંનમાં બેદાદગર પાદશાહ તથા દેવ દરૂજ એ જેહાંનમાં ગણાં પેદા થતે, ગણો જુલમ થતે. તે માટે પેહેલવાંન પેદા કીધા. તેથી તમાંમ દુનીઆં અદલ ઇનશાફ ભરી થાઇ અને દેવ નાથા.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે હોરમજદે બાર રાશ પેદા કીધી. તેની અવેજમાં હારેમને શું પેદા કીધું.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હોરમજદે ૧૨ રાશ પેદા કીધી. નાપાકે જાનગાર ખરવશતર પેદા કીધાં, તે હું કહું તે શાંભલ. મેખ રાશનો આકાર મેંઢાંને આકારે છે, વરખ ગાએની શુરતે છે, મીઠન રાશ જોરૂ મરદ ની શુરતે છે, કરક રાશ કરચલાંની શુરતે છે, સહીં રાશ શીહીની શુરતે છે. કનીઆ રૂપાંની શુરતે છે. વરશચક વીછુની શુરતે છે ધન ધનકબાંન છે. મકર હરણની શુરતે છે. કુંભ દલલાની શુરતે છે મીન માછલીની શુરતે છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે ફરેશતા કેણ આકારે છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે મરદ તથા ઓરતને આકારે છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે પરદો કોણને કહીએ નહી પરદો કોણને કહીએ.

જાંમાશમ હકીમે જવાબ દીધો જે દરવંદ એ પરદે છે. જેને પોશાક હેઠે નાંગું માહા લગે તેનો નશીશ કધી ઉતરે નહી. અને બેહેદીનને જીવે તાં લગે પરદો છે, અને મરે તોંબી પરદો છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીનને પુછ્યું જે હારેમન બેખ-

માંથાં જેવાર હુશીઆર થયો અને સાત ગરેહે જમાંનાંની મદદે પેદા કીધા. પછી જેવારે હારેમન ફરીથી હુશીઆર થયો તેવારે આંશમાંન ફોદીને શીતરે આવ્યો.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હું કહું તે સાંભલ. હારેમન ફરી હોશીઆર થઇને જમીન આંશમાંન ફોદીને શુરાખ કરીને ફરી આંએ દુનીઆંમાં આવ્યો. અને શરવે પાક ચીજ પોતાની નાપાકીથી આજુરદા કીધી. તેવારે ગાય તે વખતમાં મુઇ. પછી ગયોમરદસે લદાઇ થઇ. પછી બરશ ૩૦ ગયોમરદ જીવીઆ. અને હઇઆત ગીઆ. અને હારેમન પર લીઆંનત નાંખી અને કહીઉં જે એ નાપાક પન તુને માંથું છે. જે જરથોશત અશપેનતમાંન અનુશેરવાંન બાદ દેવદરૂજ સમેત એ જેહાંનથી બાહાર કાહાદશે, અને રશતાખેજ તાંઇ તેની દીન રહેશે. નાપાક હારેમને એ બોલ સાંભલીઓ તેવારે સાતે દેવ બરાબર હતા. અને ૯૦ રાત દન લગે દુનીઆંમાં લદાઈ પદી. અને ફરેશતાબી એ દુનીઆંમાં રાખવા આવ્યા હતા તેશે લદીઆ. પછી હારેમનને પકદીને દોજખમાંહે મીનોએ બંધ કર્યો. તે શાતે દેવ હતા તેનાં નાંમ. જીરીજ, નીરેજ, નાએગેશ, તરમંદ, હશેમ, શબી, બેજ. પછી હોરમજદે તે શાતેને પોતીકી તરફ લઇને નાંમ ફેરવીઆં અને નુર આપીઉ. પછી તેનાં નામ ફેરવીઆં, હોરમજદી નામ રાખીઆં. કેવાંન, અરમજ, બેહેરાંમ, શે, નાહેદ, રીશા, માહા સાતે આશમાન પર મેલીઆ છે. પણ તરણ ગણાં બુરાં છે. શનીસચર, મંગલ, બુધ એને એકથા રાખીઆ છે, એટલા માતે જે ઉનચેથી જહેર પલીદી નાંખે તે નીચે બોરશેદની ગરમીમાં ઊકલે તેથી બુરાઇ નહી પોહોચે. પછે એ આંશમાન હેથે એક આંશમાંન છે તેને જોર અફલક કરી કહે છે. રાહા તથા કેત હેથેનાં આંશમાનપર છે. કાલા છે નુરે રોશનાઇ નહી. અને અશપનદાદમદને હવાલે છે. એ શાતે શેતારા તરણ પાતીએ વેહેચીઆ છે. આદીત, શોમ, મંગલ, બુધ, ભરેશપત, એ પાંચ મધે અઢી હોરમજદની કીશમતે છે. અને અઢી બીજા જમાંનાંની કીશમતે છે. પછી ૨ રહીઆ તે શુકર તથા શનીશર હરેમનની કીશમતે આપ્યા છે. તેવારે હારેમન કહે તમોએ અઢી લીધા ને મારી પાંતી ૨ કાંય. પછી હારેમને રાહા પેદા કીધો. તેને તું ગણું ધીગાંનું કરવા માંડીઉ, તેવારે હોરમજદે મેહેર ઇજદને ફરમાવ્યું જે એનું સર ખાંદે કરીને કાપે. પછી મેહેર ઇજદે તેનાં શરપર એવી રીતે ખાંદું મારીઊં જે ગરદનથી ધદ તથા માથું જુદુ થાઇઊં. પછી રાહાને માંથાં આંખ બે કાન બે મોહ નાંખ છે, પણ ગરદન લગે. પછી ધદ નહી. પછી હારેમને કીસમતેબી અઢી પુરા થયા. પણ કાંઇ નુર રોશનાઇ નથી. કાલો અંધાર છે. અને

ગરદન નથી. ધદ જુદુ પદીઉ તેને કટ કરી કહે છે, પણ તે કતેનું જોર નહી. હેશાબમાંથી લખતા નથી. એબી કાંલાં અંધાર છે.

ગુસતાસ્પ પાદશાહે જાંમસ્પ હકીમને પુછ્યું જે બારે રાશ કેમ છે, શી શી સુરત ધરાવે છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ ૧૨ રાશ છે તે ૧૨ ગરેહે છે. પણ હરેક ગરેહે હરેક શુરતે છે પણ જીવ તથા જાત નથી અમથી શુરતે છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે વાદલ તે શું છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે વાદલ બેહેશતની શુરતે છે. તે વરશાદનાં છે. અલબરૂજ ઉપર રહે છે. અને ઉજલાં વાદલ છે તે આંશમાંનની રંગે છે. અને વાએ વાજે છે તે ફરેશતાની ફુક છે; તે વા તાધો હોએ. અને વા ગરમ વાજે તે અશત ગોવાદ દેવની ફુક છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ૨૮ નક્ષેતર શું છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ૨૮ નક્ષેતર હોરમજદી છે. તેમાં હારેમની કાંઇ નહીં. ૨૮ નક્ષેતર ફરેશતાની મીશાલે છે. સુરત, નુર, જીવ ધરાવે છે, અને તમાંમ જેહાંનનો અખતીઆર એને હાથ છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ડુંગર શાને કાજે શરજીઆ.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ ડુગર શરજીઆ તે રશતાખેજને દન તમાંમ જમીન તથા દરીઆવ તથા નદી પુરવાને કાજ શરજીઆ, જે અશપનદાદમદની જમીન શરખી કરશે. પછી સરવે જમીન દોજખની તથા પલીદી ભરેલી તથા દોખમાંની તથા હરેક જમીન શરવે પાક કરશે.

ગુસતાસ્પ પાદશાહે જાંમાંસ્પ હકીમને પુછ્યું જે ચંદર ગરણ તથા શુરજ ગરણ કેમ પેદા થાય છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે ચાંન ધરણ તથા શુરજ ધરણ થાએછે તેનો સબબ એ જે સાતે આંશમાંન હેઠે એક આંશમાન છે, તાંહા રાહનું થામ છે. એક બરૂજ શગલા બરૂજથી નીચો છે તે બરૂજ હેથે રાહનું થાંમ છે. અને બીજા સરવે શેતારા એ બરૂજથી ઉપર છે અમે રાહ તે સરવેથી નાંહાંનાં બરૂજ થીર છે, તે હેથે છે. પછી જેવારે તે હેઠેનાં બરૂજમાં ચંદરમાં તથા શુરજ આવે છે તેવારે તે રાહનો ઓલો પદે છે, અને બરૂજથી ગણોજ નીચો છે તેથી ધંકાએ છે, તેને ધરણ કેહે છે. દાઆને ચંદરમાં તથા શુરજ તથા રાહની ચાલ બરાબર થાએ છે તેવાર

ઓલો પદે તેથી ધંકાએ છે. તેને ધરણ કરી કહે છે. પછી મોતો તથા નાંધલું તે શેતારાની ચાલથી છે, જે શુરજ તથા ચંદરમાં તથા રાહની ચાલ કમ જાદા હોએ તેવાર ધરણ નાંનું મોતું હોએ.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હરેક ચીજ પેદા કેમ થાએ. બીજું ગાએ, ગોશપંદ, ઓરવર, મનીશની વરથી, વીરજ સરવે કોણથી વધે અને અને રજક રોજી કોણ વધારે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ શરવે ચીજનો વધારનાર હોરમજદ છે ને શરવે ચીજનો ઘટારનાર નાપાક પાપી હારેમન છે. પછી હોરમજદે ચંદરમાંને એ નવાજેશ ફરમાવી જે હરેક ચીજને વધારે ફરજંદ આપે, ઓરવરને વધારે મેવો કરે, ગાય ગોશપંદનેબી વધારે, અને ખોદા પાસે માંગીને રજક રોજી આપે અને સરવે કોઇનો હીસાબ શુમાર લઇને પાપ કાપે, અને સવાબ બેહેશતમાં લાવે, અને દન ૧૫ શુધી લખાવે. પંદર પેહેલી પોખનાં ઉજલામાંહાં વીરજ, રજક આપે. એ અજવાલું જેટલું મહીનાંમાં પડે છે તે હોરમજદની કીશમતે છે અને અંધારૂ છે તે હારેમનની કીશમતે છે. માટે ચંદરમા શરવેનો હેશાબ લઇને બેહેશતમાં લખાવે છે તથા પોહોચાદે છે.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે આંશમાંન જમીનનો દુર ફરતો કેટલો છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે આંસમાંનનું દુર ૩૬૦ દુરજા છે. હરેક દુરજાની દરમીઆંન ૬૦ દકીકા છે. અને હરેક દકીકે ૬૦ સની કયા છે. અને હરેક શેતારાને બારે બરૂજમાં ચાલ આવે છે, તેથી તે ચાલમાં દોશતી તથા દુશમની થાઇ આવે છે, તેથી આદમીને ભલું તથા બુરૂ પોચે છે. આંશમાન ૯૦૦ ફરસંગ દલે જાદો કહ્યો છે. અને જમીન લાંમબી ૪૦૦ ફરસંગ અને પોહોલી ૪૦૦ ફરસંગ છે. દલે જાદી ૪૦૦ ફરસંગ કહી છે. આફતાબ લાંમબો, પોહોલો, ઉનદો ૪૦૦ ફરસંગ કહીઓ છે. માહાતાબનું અરશતુલ ૨૦૦ નું છે. મોતા સેતારાનું અરશતુલ ૩૩ ફરસંગ છે. અને નાહાલા શેતારાનું અરશતુલ ગજ ૫ નું છે. અને આંશમાંનની ફરસંગ ગજ ૧ તેનો હાથ ૧ તેવા ૧૨૦૦૦ ગજ નું ફરસંગ કહીયું છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હારેમન એ દુનીઆંમાં આવ્યો અને ગયોમરદસે શું નીપજીયું.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે હારેમન જેઆરે એ દુનીઆંમાં આવ્યો તેવારે ગાય મુઇ. તેવાર પછી ગયોમરદ ૩૦ વરશ જીવીઆ. જેવાર

દુનીઆંમાંથી જાવા લાગા, તેવાર દરવંદ હારેમનને કહીયું જે એ જગા તુને દુનીઆંમાંથી કાંઇ ખુશી રંજ વીનાં એ જેહાંનમાં તારે હાથ કંઇ આવી નહીં શકે. હવે હું પેલી જેહાંન જાઉં છું. તે જગાએ બલા રંજ નહી ને દુશમનબી નહી. પણુ હારેમન તુને માથું છે, જે જરથોશત પેગમબર આવશે તેવાર તમાંમ તારી જાતનો દેવદરૂજ હોશે તેને બાહાર કાદશે. જેહાંનથી રસ્તાબેજ વેર તેની દીન ચાલશે, અને તું કાંઇ દુનીઆંમાં બુરાઇ કરી નહી શકે. એ બોલ ગજશતે નાપાકે શાંભલ્યો તેવારે મોટું દરદ પોચીઉ. પછી વલી બીજા સાત દેવ ફરેશતાની અદાવતે પેદા કીધા. તેનાં નાંમ લખીઆં છે. એક અકુમન, બીજો અંદ, તરીજો સાવલ, ચોઠો નાનેગ, પાંચમો તારીક, છઠો જારીક, શાતમો હેશમ. એ હરેક દેવ અમશાશપનદની અદાવતના કરનાર છે. ૬ દેવ તે ૬ અમશાશપંદની અદાવત કરે અને સાતમો હેશમ તે શરોશની અદાવત કરે છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે બેહેશતમાં ખાવાની તલબ છે કે નહીં, અને તાં ખોરાક શું અને દુનીઆંમાં ખાવું તથા લોભ કોણે પેદા કીધો છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે હું કહું તે સાંભલ, જે બેહેશતમાં ખાવાની તલબ તથા ભુખ નહી લાગે, ને જે કોઇ મરે તેને ખાવાની હાજત નહીં રેહે. પરથમ મેદીઓજરમનું પેઆલું આપે છે, તેથી તેને ખાવાની હાજત નહીં રેહે. અને તે ખુરદાદ અમશાશપંદ બખશનુદ કરે છે. અને દુનીઆંમાં ખાવાનું સવાદ લોભ મેલીઉં છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે દીન ગયોમરદનાં વખતમાં આવી કે શું.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ ગયોમરદથી વરશ ૩૦૦૦ લગે પાક દીન નહી મોકલી. જ્યાં લગી જરથોશત દીન નહી લાવેઆ તાં લગીન તમાંમ જેહાંનમાં દેવનો તોલો મરદની રીતે દેખાઇતો ફરતો, અને જાહેર આવતા જતા આદમીને લેબાશે ફરતા. કોઇ તેને પીછાંનતા નહી કે દેવ છે કે આદમી છે. અને પરીબી ઓરતને લેબાશે ફરતી. અને દેવ આવીને લોકોની ઓરતશે સોબત કરીને જાતા, પણ કોઇ જાણતું નહી જે એ મારો મરદ છે કે દેવ છે. એવી રીતે કોઇને માલમ પદતું નહીં. પછી જેવારે જરથોશત એ દુનીઆમાં દીન લાવીઆ, અને દીન એ દુનીઆમાં જાહેર કીધી, તેવાર પછી દેવના કાલબુદ એ જેહાંનશી નાંબુદ કીધાં. પણ આંજ એ વેલા દુનીઆંમાં આવે પણ આદમીનો લેબાશ નહી લઇ શકે. ગોધાને તથા ગાએને લેબાશે આવશે, અને પોતાના જે લખન કરવાનાં હશે તે કરશે.

એ પાકદીનને સબબે આદમીનો લેબાશ નહી લઇ શકે. અને હરેક દરવંદ તથા જુદીનનાં મુરદાં પર પેસશે તેને ભુત તથા ખવીશ કરી કેહેશે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે દુનીઆમાં પાદશાહ મોતા કીઆ થયા, અને દોજખ કાંય રહીઆ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે તેમુરશે દેવ બાંધીઆ. એ મોતો પાદશાહ હતો જે હમેશ વરશ ૩૦ લગે દેવપર સવારી કરતો, પછી ઓરતે તેને વાત પુછી જે દેવપર સવારી તું કરે છે અને બીતો નથી, તેવારે ઓરતને વાત માંદીને કહી. પછી ઓરતે દેવને કહી. પછી ઓરતના કહીઆ પર દેવે ગલીઉ, અને ઓરતને દેવે ફલ ખવાદીઆથી દશતાનનો ગુનાહ પેદા થઈઓ. માટે હોરમજદનો હુકમ છે જે, જે ઓરતશે મશવત કરવી. તે એમ જાંણવું જે એક દેવ પેદા કીધો. તે માટે તેમુરસ્પ દોજખ પાંમીઓ. પછી પેગમબર સાહેબે તેમુરસ્પને દોજખથી છોદવીઆ. પછી જમશેદને દોજખમાં દીઠો. તેનો હાલ વાંકો અને ખોદાયતાલાને પુછ્યું જે એ જમશેદ શા થકી દોજખમાં છે. તેવારે હોરમજદે જવાબ દીધો જે એ જરથોશત, જમશેદને મેં વધારીઓ અને મેં ગણું નુર આપીઊં, તમાંમ દુનીઆંની બોલી તથા મનીશ તથા જણાવર તથા દેવ, પરી એ સરવેની બોલી આપી તથા દોજખના દરવાજે તથા મોહોત એને બંધ કીધું. વરસ ૭૧૮ સુધી એને બંધ કીધું. પછી નાપાક એને ફરેબ દીધો, અને પોતીકી રાહથી જમશેદને ફેરવીઓ અને ખોદાઇ દાવો કીધો. પછી એનુ નુર ગીઉ, એને જુવાકે મારીઓ. તે માતે દોજખ છે. પછી રદ બદલ કરીને દોજખથી છોદવીઓ. પછી ફરેદુનને દોજખમાં દીઠો, તેવારે જરથોશતે પુછ્યું જે એ સાહેબ ફરેદુને શું તકશીર કીધી તે મને કેહે. હોરમજદે જવાબ દીધો જે એ ફરેદુનને પાદશાહી વરશ ૫૦૦ આપી, અને તમાંમ જેહાંનમા રોશન કીધો, જે દેવ દરૂજ ભાંજે અને રાશતી રાહા ચાલે. પછી ફરેદુન સરવે રાહ રશમ ચાલ્યો. પણ એને બેટા ૩ હતા, તે તરણેે બેટામાં લદાઈ કીનો ફરેદુને પેદા કીધો. એ ગુનાહા કેઆંમત લગીન ચાલશે. એ તરણ બેટાનાં નાંમ. શેલમ વડો હતો, તુર વચલો ને એરચ નાંહાનો બેટો. તેમાં શેલમને ઇરાંણ ગતે તેને તુરાંણ આપી, અને તુરાંણ ગતે તેને બલખ આપીઉ, અને લદાઇ પેદા કીધી. એ દનથી કીનો પેદા થયો. તેનો ગુનાહનો શુમાર નહી માતે ફરેદુનને દોજખ છે. પછી પેગમબર સાહેબે જારી કરીને દોજખથી છોદવીઆ. પછી કેરશાશને દોજખ માંહે દીઠો. પછી જરથોશતે અરજ કીધી કે એ ખાવંદ કેરશાશપનું રવાંન દોજખમાં કાંય રહીઉ છે. હોરમજદે જવાબ દીધો જે જમશેદ પાદશાહથી મેં કેરશાશપને પેદા કીધો, જે જેહાંનમાં દેવ,

દરૂજ, રાખશ એને મારીઆ, વાતપાડા ચોરોને ફના કીધા, નાપાકે એક મુરગ એવો મોટો પેદા કીધો હતો, જે મુરગ વરશાદ વરશે તો તેનું તમાંમ પાણી પાંખ પર ઝાલીને દરીઆમાં નાંખતો, એતલા માતે જે દુનીઆમાં દુકાલ પદે તો ગુનાહ વધે. તે મુરગને કેરશાશપે તીરે મારીઓ, જેહાંન આબાદ કીધું, પછી દેવ જાદુગર સાત એવા મોતા મારીઆ, જે ભારી દરીઆમાં તેને ગોથને પાણી લાગતું. અને આંશમાંન ને ખુરશેદનાં તાપે માહી ભુજી ખાતું તેવા રાખશી દેવ કેરશાશપે મારીઆ, અને એક મુલક ગલે તેવો એક અજદહા મારીઓ. પછી હારેમન પાપીએ બાજી દીધી, જે આતશપર ગરૂજ મારીઓ તે ગુનાહ રશતાખેજ લગીન ચાલશે. અને ચાલીઓ. તેવા કેરશાશનું રૂવાંન દોજખી છે. પરથમ એવું હતું જે જેને ભુખ લાગતી તે શેતાબ ચુલાપર હાંદી મુકી તલે લાકડાં મુકે અને મને દુવા માંગે તેજ ગદી હોકમ કરૂ તે આતશ રાંધી આપે; એ રીત હતી. પછી કેરશાશપ અજદહા મારી આવ્યો, અને ભુખ ગણી લાગી, અને અકલાયો જે કેવારે રંધાશે. પણ હાંદી તલે ગલતી હતી, તેથી આતશ રોશન નહી થાઇઓ. પછી કેર. શાશપે તે આતશ ઉપર ગરૂજ મારીઓ તેથી આતશ પરાંગદે થાઇઓ. એ ગુનાહ રશતાખેજ લગીન ચાલશે, માટે કેરશાશપનું રૂવાંન દોજખી છે, પછી પેગામબર શાહેબે જારી કરીને કેરશાશપને છોડવ્યો, પછી કાઉશનું રૂવાંન દોજખમાં દીઠું. તેવાર પછી હોરમજદ સાથે પેગમબર શાહેબે જવાબ કીધા જે કાઉશ પાદશાહ દોજખમાં કાંય છે હોરમજદે જવાબ દીધો જે એને મેં તમામ પાદશાહનો સરદાર કીધો અને જેહાંનની પાદશાહી આપી. અને રૂસ્તમ જેવા પેહેલવાંન એની ખીદમતમાં હતા. પછી તમાંમ જેહાંનની પાદશાહી એને લીધી. પછી હારેમનનાં ફરેબપર અકાબનાં બચાં બાંધીને તખતપર બેશીને મારી પાદશાહી લેવા આવ્યો. પછી ખોરશેદપાયા લગીન મેં આવવા દીધો. પછી મેં ગોવાદ ઇજદને હોકમ કીધો જે એને તુરકસ્તાન નાં જંગલમાં હલવે નાંખે, તલભાર આજાર નહી પોહોંચે. કાંય જે એને પેંતે બેટો ૧ ગુહેર શીઆવક તેનો બેટો કેખશરૂ પેદા થશે. પછી ગુવાદ ઇજદે તેને જંગલમાં નાંખીઓ. માટે શેતાનનાં ફરેબ દીધાથી એ ખાકીએ મગરૂરી કીધી, તેથી એને દોજખ છે. પછી કાઉશને પણ જરથોશતે છોદવીઓ. એ પાચનો છુટક તથા ગરીબ રવાંનોનો છુટક પેગમબરે કીધો.

ગોરાતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે રજક રોજી કોણને હાથ છે તથા મોત કોણને હાથ છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે રજક રોજી તથા વરશાનો કરનાર તથા જીવનો દેનાર ખોદાય છે. તેથી માથું નહી થાએ. તથા આંદમીને ખુર

ભલુ પોહોચે છે તે શેતારાની ચાલે છે, અને તેમાં આવે તે થાએ. અને મોહોત તથા આજાર તથા જુદા શેતારા એ નાપાક હારેમંને પેદા કીધા છે. મોત હારેમને કીધું છે. હારેમન મારે છે અને રોજીનો આપનાર ખોદાતાલા છે, અને આપવા કબુલ કીધું છે, અને શેતાનને હાથ મોત છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીનને પુછ્યું જે ગયોમરદથી તે લોહોરાસ્પ લગે બેહેદીન પોરીઓદકેશી દીનનાં તથા દુરવંદ રશતાખેજ લગે થાશે તેવાર ફરીથી જીવતા થાશે કે નહીં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે રશતાખેજ થાશે તેવાર દરવંદ માતર જીવતા ફરીથી થાશે. જે કોઇ દોજખી હોશે તેબી જીવતા થાશે. જે કોઇ બેહેદીન પોરીઓદકેશી છે તે બેહેશતમાં તથા હમેશગાંની ઊંચા બેહેશતમાં તથા નીચામાં હતા તે સરવેને જરથુશતે મરતબે પોહોંચાદીઆં. અને બેહેશતી રવાંન તથા શવાબનાં કરનાર તથા ગુનેગાર એ શરવે રશતાખેજ પછી જીવતાં થશે. શરવે ઉઠશે અને દોજખ ગાતે પુરશે.

ગુસતાસ્પ પાદશાહે જાંમસ્પ હકીમને પુછ્યું જે બેહેદીન તથા દરવંદનું કરજ કહાદીએ કે નહી.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે બેહેદીનનું તથા દરવંદનું કરજ કહાદીએ અને તે નહીં આપીએ તો એકના ચાર આપવા પદે. જો દરવંદનું કરજ હોએ તો તેનાં રવાંનને દોજખમા ખેંચે માતે દરવંદનું કરજ રાખે નહીં, અને હરેક વશતુનો કસર કરીને પાછું આપે. નહીતો દોજખ વરશ ૯૦૦ ભોગવે.

ગુસતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે મરદ, ઓરત કેટલી કરે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે મરદને જોરૂ પાંચ કરવાનો હોકમ. જીવતી હોએ તોપણ. તે ઓરતનો ખશમાંનો કાહાદે, કાહાદી મેલવી નહી ગતે. અને ઓરતથી મરદને જીવતો મેલી નહીં શકાએ. મરદ ખુશી પદે તેટલી કરે પણ ખશમાંનો કાહાદે તો રવા છે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પેતમાં ભુખ લાગે છે તે શું છે અને છીક આવે છે તે શું છે,

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ ભુખ લાગે છે તે દેવ છે. તેનું નામ પેતેશ તે ભુખ લગાદે છે, અને આંદમીને હલાક કરીને અકલાવે છે જે તે બે બાજે આંકલુ ગાભરૂ ખાએ, તે વલી આજાર પેદા કરે. નાપાક એવો દેવ પેદા કીધો છે. વલી હોરમજદે એક આતશ એવો પેદા કીધો છે જે તે દેવ નાહાશે. અને જે તું ખાએ તે હજમ થાએ,

અને આજાર દુર કરે. બીજી છીક આવે છે તે નાપાકે એક દેવ આતશની અદાવતે પેદા કીધો છે. તેવાર દેવપર આતશ જુશશો કરે છે, તેવારે તે દેવ નાહાશે. તે દેવનું નામ "પેતીઆરે" તે નાશે છે તેવાર છીક આવે છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે આતશમાં ધુંઇ નીસરે છે તે શું છે અને કાંય બુજાવે છે. આતશ પણીને કાંય વેર; મુરગા મુરગાને કાંય વેર.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે આતશમાં ધુંઇ નીકલે છે તે શેતાંને એક દેવ પેદા કીધો છે, તેનું નામ અશત ગુઆદ. તેજ પાંણીમાંબી છે. આતશ પાણી બેહુ મલે છે તેવારે તે નાપાક એકૂએકશે વદે, તેથી પાણી એ આતશ બુજાએ છે. ધુમાદો તે શેતાનીઅત છે. તથા મુરગો છે તેમાંબી એક દેવ મેલીઓ છે. તે દેવ લદાવે છે. હારેમને હરેક શેહેરમાં દેવ મેલીઆ છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હેબત, બીક, કશત કશત, બીક કરી મરે તે શારૂ કે કશત કરી મરે તે શારૂ. અને પાદશાહને શા થકી લોભ હોએ અને શા થકી હાંન હોએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે હેબત કશતબીક છે, અને જો ખોદાય ઉપર ઉમેદ રાખે તો જીવવું શારૂં અને જો નાશુકરાનાં, હાએવાએ કરે અને છતે નછે, નથી, તે મરે તો શારૂ. અને પાદશાહ હોએ તો તે જે પોતીકી મજલેશનાં બેશનારાશે મશલતે કામ કરે, કરવા ગતે. અને દાનાંવો, દશતુરોશે બેશીને મશલત કરે તો ભલી અને ચાડીઆઓરે અને બુરાઓશે બેશી મશલત કરવી ભલી નહીં.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે મનીશ ચાર વાત નહી પાલતા તે કહી. અને દશતુરોનો કોણ ધરમ, અને અને મોબેદ હરેબદનો કોણ રાહા, અને પાદશાહનું કોણ રાહા; અને બુરજીગરનું કોણ રાહા અને વે વશીઆં હુતુખશાંનીનું કોણ રાહા જાલવવા ગતે, અને દાંનાંઓ કોણુને કહીએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે નાપાક આજ દેવે લોભમાં નાંખીને ગફલતે નાંખીઆ તેથી એ ચાર વાત પાલી નહી શકાતી. એક એજે દુનીઆંમાં ખુબી કરવી, ૨ પોતીકું મોહોત યાદ કરવું, ૩ રવાંનને હેશાબ, ૪ દોજખનો દર અજાબ. એ ચાર વાતને લોભ થકી નહીં શંભાલતા. બીજુ દશતુર, મોબેદ, હેરબદો એકુજ રાહે, જે દીનનું કામ કરે, શવાબ ગુનાહની વાત કરે; પાદશાહને ગતે જે દુશમન તથા વાતપાદા તથા ચોરોશે લહે, અદલ ઇનશાફે શેહેર આબાદ રાખે. અને બુજીગરોને એ જે ખેતીવાડી કરીને ખાએ, ગાએ ગોશપંદને પાલે, અને વેવશીઆ કારીગરી કરીને ખાએ.

ગોશતાસ્પ પાદશાહે જામાસ્પ હકીમને પુછ્યું જે નાલગોલો, દરીઆ, આતશબાજી, માલમી એ કોણ પાદશાહથી થશે.

જામાશપ હકીમે જવાબ દીધો જે કોત, ગદ, કીલ્લા એ શરવે કેખશરૂથી થાએ, અને દારૂગોલો આતશબાજી, માલમી, અને દરીઆમાં વાતો અને વાહાંનની હકુમત એ શરવે સેકંન્દર રૂમી પેદા કરશે, તેથી એ શરૂવે પેદા થશે.

ગોશતાશપ પાદશાહે જામાસ્પ હકીમને પુછ્યું જે ખોરાશાંનનો મુલક આખર તલક એવોજ રેહેશે કે એબી ભાગશે.

જામાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ એ મુલક મુસલમાંની દોરમાં મહમદનાં વખતમાં એ સરવે મુલક ભાંગશે તેમાં ખોરાશાંન ગણુંજ ભાંગશે. તમાંમ મુલક થોડાં ગણાં વસ્સે, ફરીથી વસ્સે પણ ખોરાશાંનનો બેહેદીન હીન્દ પર જાવા કરશે. કાંય જે હેશમ દેવનાં ફરજંદ હેરાંન કરશે અને એ જગે લદાઇ પદશે. પણ એ તોલો ફરે નહી. અને મહમદનાં લોક દલાશો કરશે જે તમારી તમોને મુબારક હોવો. જીજીઓ આપી તથા અસુર આપી રેહો, બીજે શેહેર નાં જાવો. બીજે શેહેરનું જીજીઓ ઉતારશે, તથા કેટલા દીનથી ફરશે તથા અસુર નાં રેહેશે. પણ એ તોલો કાંય તરે નહીં. ખોરાશાંનની સાથે તે લદાઇ થાશે પછી દીનને ખાતર ખોરશાંનથી નાંશશે તે બંદરે દેશ ગામમાં આવશે. પછે એક શાહજાદો છે તે નોશેરવાંનને તોખમનો તે બંદરે દેશમાં તખત ધરી બેશશે. પછી તે ગાંમદાનું નામ "હરમજ" તથા તે શાહજાદાનું નાંમ "હરમજ" પાદશાહ કેવાશે. વરશ ૧૨ પાદશાહી કરશે. પછે નાપાક હેશમ દેવનાં ફરજંદ તે મુલક ભાંગશે, પછે તે જગા ભારી લદાઈ પદશે તે પાદશાહનો સરદાર દશતુર અરદેશર તથા પેહેલવાંન ૨ તથા કોમીઆંગર તથા દશતુર તથા મોબેદનો તોલો તથા પેહેલવાંનનો તોખમ તથા બુજીગર તથા હતોખશાંની કારીગર તથા નાંનબાઇનું બજાર સરવેને લઇને હીંદુસ્તાંન જશે. પછી હીન્દમાં દીન ૪ કરશે. પછે તાં પરાંગદે થાશે, પછે એક રાજાનાં શેહેરમાં ઉતરશે. રાજા તે પર મેહેરબાંન થાઇને ઠેકાણું આપશે. પછે તે જગે રાજાની તરફથી વાર ૩ લદાઇ પર ચદશે, અને અરદેશર ફતે કરશે. પછી રાજાને કેશે જે તારી ફતે થઇ માટે હમો આતશ બેહેરામ પરથું અને હમોને રજા આપે. પછી અરદેશર દશતુરનું કહીઉં રાજા કરશે. એટલા માટે જે રાજાનાં દુશમનને નાબુદ કરશે. તે લદાઇમાં પેહેલવાંન બેહેદીન મારીઆ જશે. માટે રાજાએ કેટલાએક દન રજા આપી આતશ પરથાવશે. પછી કેટલાએક દન આતશ બેહેરાંમ તે જગાએ રેહેશે. પછી વરી રમલ જોઇને બીજાં શેહેરમાં ગણા

વરશ રહેશે. બીજો કેટલોએક તોલો હતોખશાંની ફરશંગ ૪ તથા ૫ એક એકથી દુર રેહેશે અને માજદયશની દીન તે ખુબ ચલાવશે, તેવી આપણી વેલાયતમાં નહીં ચાલશે, અને હીંન્દનો બેહેદીન અને વેલાયતનો દશતુર બરોબર થાશે, અને બાજ, અફરગાંન, મીઅજદ, નજશને, વંદીદાદ, હરેક શવાબનું કામ તથા ગહમબાર રૂજનું તથા ફરજ એ ઘણું ચાલશે. અને આપણી તરફ દેવાશે. આપણો દશતુર અમથો રાહા ધરશે અને દરવંદોસે ખાંતું પીવું એ બાહા થશે. અને હીંન્દુસ્તાનનો બેહેદીન ખોરાશાંની માજદયશની દીન પેગમબર લાવીઆ છે તેજ લખવા માફક ચાલશે. તે માંહેમાંમાં નાપાક ખલલ ગાલશે. તે ખલલથી દીનનાં દુશમન દશતુર તથા મોબેદ તથા બેહેદીન દાવરને મોહોમાંહે રદ બદલ પેદા થશે. અને પેલો કેશે જે મારો બોલ ઉપર અને બીજો કેશે જે મારો બોલ ઉપર. એમ કરી કરીને દરેમેહેર તથા દુખમા થાશે. તે શુદાઇની લદાઇ લદશે, અને એકએકનું ભાંજશે અને તાંબી વેલાયતનો દશતુર ફતવો ફેશાદ ગણો કરશે. બગર બરશનુમે કાંમ ચલાવશે. તેની બેહેદીન હીમાયત કરશે અને તે પાશે ખુશીએ કાંમ કરાવશે. એ રીતે ધરમ વેલાયતમાં તથા હીન્દમાં હરકાંત ભાગશે. પછે હીંન્દમાં મુશલમાંની પાદશાહ તુરકથી એક હીંન્દમાં આવશે. તેની ઓલાદ વધશે તેમાંબી એક પાદશાહ પેદા થશે, તે માજદયશની દીનનો તરજુબો જોશે, અને દશતુર એક હીંન્દુશતાંનમાં પેદા થશે તે સદરો પેહેરાવશે અને પુલ દેખાદશે. તે નાપાક મરદ આફતાબ કવેલા દેખલાવશે. આખર તે દશતુરની દીન નીરંગને જોરે ભુતખાંનુ ભાંગશે. તે પાદશાહનો વજીર બેહેદીન તથા દશતુર વજીરાઇ કરશે. તે પાદશાહની તરણ પેહેદીએ એક પાદશાહ થશે તેમાં તેનો એક દાદગર પાદશાહ થાશે અને ખુબીનો ધણી થાશે. તે પર બધન પાદશાહ થશે તે પાદશાહી લેશે. પછે હીંન્દમાં એક રાજા બુરજીગરને પેતે પેદા થશે, તે તમાંમ હીંન્દુશતાંનમાં લદાઇ તથા ફતવો તથા ગદ તથા કાફ પેદા કરશે, તમામ શેહેર ઉજડ કરશે અતે હીંન્દનાં દરીઆમાં ચોરી કરશે. પછી બાવન પાદશાહનો એક પાદશાહ મરશે. તેને પેતે ૪ દીકરા હોશે તે ૪ ને પાદશાંહી વેંચી આપશે. તે જણ ૪ લદી મરશે, પછી તે માંહોમાંહે લદશે. હીંન્દુ રાજા જોરાવર થાશે પણ રઇઅતનું સુખ નહી અને શેહેર ઉજદશે, તેમાં એક ગેબી પાદશાહ થશે. ગજ દુઆઇ શક્રુ આંન કરસે, તે જાદુગરનો પેદા થશે. તેવાર પછી એક પાદશાહ પેદા થશે, કંઇ હીંગાંમ થાશે.. વેલાયતમાં ખુબ પદસે અને હીન્દુશતાંનમાં ચીન ૩ કહી છે તે માંહે ચીન ૧ નાંહાની છે, તે ચીનમાં શાહા વરજાવંદ પેદા થસે. અને હીંન્દુશતાંનમાં આદમી પોશાક ઉંનચો પેહેરસે. પણ અરધો નાંગો. ખોરાક માંહી

તથા ચાવલનો. મરદ નાં હીમતી અને તોનાંગાર. એ હીંન્દમાં કોલાપોશ *કેટલાએક શેહેર લેશે. તે કોલાપોશમાં મહજબ ગણાં છે. કેટલાએક કેતાબી,* કેતલાંએક પુતલાંને માંનશે, કેટલાંએક વારને માંનશે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે મેવાદાર જંગલ કીઆં અને કાંતાનાં જંગલ કીઆં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે જંગલ મેવાદાર તથા ખુબીનાં ઇરાંણની વેલાયત તથા જંગલનાં તથા માજનદરાંનનાં તથા દીપ ૪ નાં અરજે તથા સવેહ તથા વીદેદફ્શ તથા વોરોબરશત દીપનાં અને હીંન્દુશતાંનનાં તથા ચીનનાં તથા માહાચીનનાં તથા હમાંવરાંણ તથા તુરકશતાંન તથા કેટલાંએક શેહેર જાદુગરનાં છે તાં મેવો ખુબ નહીં. જાલ જંગલ કાંતા, સાગ, શીસમ, વદ, પીપલા, બાવલ, અને કાંતાદાર જાલ અને કદવો મેવો ફલ, દવો, વાંસ તુરાંણ એ રીતનું જંગલ ગણું.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પાદશાહ કોણ નહી ભલો અને અધીકારી કોણ નહી સારો. અને દોશત કોણ નહી ભલો, અને અશતરી કોણ નહી ભલી. અને બેશ કોણ નહી ભલો અને સેહેર કોણ નહી ભલું. અને ખોદાતાલાએ ખલક કેમ પેદા કીધી જેમાં હારેમન ગાત નહી કરે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ કહુ તે પરછ. પાદશાહ એ નહી ભલો જે સેહેરની તથા ખલકની દાદ નહી લીએ. સરદાર એ નહી ભલો જે કીનો કરે, આંગલાંને ખરાબ કરે, માંથી રાહે ચાલે. દોશત એ નહી જે પોતીકા તોલાને અજાર દીએ. અશતરી એ નહી ભલી જે શરમ નહી કરે. ફરજંદ એ નહી ભલુ જે નાંમ નહી કાહાદે. અને શેહેર એ નહી ભલું જે જેમાં સુખે નહી રેવાય. અને અકલે કરી શુકરાનાં અને શંતોક રાખે તો હારેમન ગાત નહી કરી શકે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હોરમજદ આગલ ઝાંની વાત વાહે તે શું છે.

જાંમાશપ હકીમે જવાજ દીધો જે હોરમજદ આગલ ખાંકી વાત નહી રેહે. એ પદ જંદ અવસતાનાં લખેઆં છે.

અંકમ અકાએશ વંગુહીમ અશામ.

એનો માએનો એ જે એ મારા જરથોશત જે કોઇ મને વાહાસે તે પોતે વહવાસે, તેજ પસેમાંન થસે. તે સરવેને કેજે.

ઇંચ્યા નરાંશ શાદરા દરે ગવતોઇશ.

એનો માએનો એ જે એ જરથોશતં આલશનાં કરનાર, તથા

જુઠાને દોજખ છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે ગુનાહા કીઓ ભારી.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે ગુનાહા એતલા ભારી છે. ૧ ગુલામબારગી, ૨ જુઠું બોલવું, ૩ બેહે ગુનાહ કોઇને મારી નાંખે, ૪ કાજ કરીને ભાંજે, ૫ પાલક કરી આપતા હોએ તે ભાંજે તથા તેનો હક હીસ્સો ભાંજે, ૬ આતશને ભાંજે અથવા આજાર દીએ તથા આતશ બેહેરાંમને આંજાર દીએ, ૭ પાણીને આજાબ દીએ, ૮ દેવ દેરાંને તથા બીજી જાતનાં પીરને માને તથા પુજે, ૯ સરવે પથરની મુરતીને પુજે, ૧૦ કોઇ પાસથી મનછા માંથી કરીને કરજ કાહાદે, ૧૧ જુઠાનાં બોલનારની હીમાયત કરે, ૧૨. અનીઆ કરીને નેઆશ કીધા વનાં ખાએ, ૧૩ હારેમનને માને, રાક્ષી વીદીઆ શીખે તથા તેનું કરે, ૧૪ આંશમોગનું કાંમ કરે. જંદ અવસ્તા માથા તથાં જુઠા. પહલું જુઠું કરી જાણે, ૧૫ દેવની પુજા કરે, ૧૬ ચોરી, કરે, ૧૭ માંહોમાંહે કલેશ કરાવે, ૧૮ કીનો રાખે, ૧૯ કોઇપર જુલમ કરે, ૨૦ મુકતાદમાંને પીદા કરે બ્રઆને રોજગાર ચુકે, ૨૧ દરૂજ પનું કરે અથવા તારૂ મારૂ કરે, ૨૨ ગુમાન કરે, ૨૩ દરવંદની બોરત સાથે શોબત કરે, ૨૪ ખોદાતાલાની બંદગી શેતાયશ નહી કરે, ૨૫ રાશતી નહી બોલે તથા બોલવા નહીં દીએ, ૨૬ પોતાની રાજીએ પોતીકો માલ આપી પશતાવો કરે શંતોક નહી રાખે, ૨૭ અશોને આજાર પોચાદે તેથી ખુશી થાએ, ૨૮ પુનનું કામ આશ કરી કરા કરતું રાખે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે આદમી કીઆ શવાબથી બેહેશત પામે.

જાંમાસ્પે જવાબ દીધો જે ૧ શવાબ દાતારપનું, ૨ રાશતી, ૩ બંદગી કરવી, ૪ શંતોક, ૫ સરવે કોઇ ભલાંને દોશન કરી માને, ૬ આંશમાંન દુન્યાં ખોદાને એક કરી જાણે, ૭ ગાત તથા અનેઆંએ હારેમને સરજીયું એમ કરી જાણે, ૮ રશતાખેજની ઉમેદ રાખવી, ૯ ખેતવોદેહનું કામ કરવું તથા કરાવવું, તેમાં મદદ કરવી, ૧૦ પાલક કરી લેવો, ૧૧ વેવશાહા હરેક કશબ કરવો શીખવો, ૧૨ પાક દીનને રાશતી કરી જાણે, ૧૩ જે કોઇનું હેશાંન હોએ તે વીસરવું નહી, ૧૪ ભલાને નેક નજરે જોવું, ૧૫ ભલાંને રૂદું માંગે, ૧૬ કીનો દુર કરે, ૧૭ અદેખાઇ નહી કરે, ૧૮ અધીક ચનતા નહી કરે, ૧૯ નાશીપાશી નહી કરે, ૨૦ કાંઈ ગીયું હોએ તેની ચીનતા નહી કરે, ૨૧ ગુસ્સો નહી કરે, ૨૨ શરમે કરી ગુનાહ નહી કરે, ૨૩ આલશ કરી શુવે નહી, ૨૪ ખોદાયને દીલથી વીશારે નહી, ૨૫ પાપ કીધે અજાબ છે પુન કીધે બેહેશત છે એવું મનમાં લાવવું, ૨૬ અદેખાઇ નહી કરવી, ૨૭ પોતે રૂદું કરે નેં આગલાને રૂદુ કરતાં શીખવે, ૨૮ ભલું તે

જે સુખ દેખાડે, ૨૯ જીલભેદનું કામ નહીં કરે, ૩૦ જુઠું નહી બોલે, ૩૧ મેહેર દરૂજનું કામ નહી કરે, ૩૨ વાંક નહી કરે અને કરતો અતકાવે, ૩૩ કોઇ દુબલો હોએ તેની પરવરશી કરે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે કોણનાં હોકમમાં રેહેવું. અને કોણ જે દેવ બરાબર. અને તાહાદુ તે શું અને ઉનું તે શું. અજવાલું શું ને અંધારૂ શું, અને ઓછું શું.

જાંમાસ્પે જવાબ દીધો જે હોરમજદનાં હોકમમાં રેહેવું જોઇએ, ઉશતાદ તથા દશતુર મોબેદનાં હોકમમાં ચાલવું. સાચો નીઆએ કરે, લાંચ નહી લીએ તે ફરેશતા બરાબર છે, નહી તો દેવ બરાબર છે. અને દોજખી નું હઇયું તાહાદુ. અશો પાકને જગે અજવાલું અને દોજખીને જગે અંધારૂ. ઉમેદ ખોદાતાલાની ભલી અને દેવની ઓછી.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે આશમાંન જમીનમાં પાણી કેમ છે. અને વરશાદનાં વાદલાં કીઆં રેહે છે. તાહાદનો કરનાર કીઆં રેહે છે. અને શેહેર કોણ જે જેમાં દર નહી.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે આશમાંન એમ પેદા કીધો જે જેમ મુરગી પંખીઆંનું એંદુ તે તરેહ બનાવીઊ છે. અને પરથવી આશમાંનની વચમાં છે, જેમ એંદાંમાં દાલનો ગોલો છે તેમ જમીન પેદા કીધી છે. અને સરવે પાણી પરથવી માંહે અરજે કેશવરથી છે, અને વરશાદનાં વાદલ અલબરૂજ પર છે, અને તાહાદનો કરનાર દેવ ઇરાંણગવેજમાં છે. માશ ૧૦ શીઆલો, માશ ૨ હુનાલો છે. પણ શીતલ એટલા માટે છે જે સાપ ગણાં તેનું જેહેર લાગી નહી શકે. ઇરાંણગવેજમાં આદમી વરશ ૩૦૦ જીવે, અને વરશ ૪૦ છોકરાંનું જોડું ૧ જણે, અને ગાએ ઉમર વરશ ૧૫૦ જીવે. તાં રોગ થોડો, અને પાક મરદનું રેહેવું. રદવું તથા જારી નહી. ધરમ પાક અને ભુખ થોદી. તેનો દશતુર ગોપતશાહ અને પાદશાહ શરોશ છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે આદમીને હારેમન કેમ વાએ છે, અને ફરેબ દીએ. અને ગણાં દેવ કયાં મલે અને તેનું ખાતું કાંથી છે. હારેમન છે તે આદમીને કોણ વાતની હાંન કરે.

જાંમાસ્પે જવાબ દીધો જે હારેમન છે તે આદમીની આશનાઇ કરે અને ગણો ફરેબ દીએ, વાહે. તેને આદમી માંહે વદવાદ વખતી કરાવે. તેનું મુલ અદેખાઇ અને ચાદીઆ. અને ગણાં દેવ કાંહાં હોએ જાં રીશ કલેશથી દેવનું રેહાંણ હોએ અને હારેમન આદમીને, જેનું ફરજંદ, અશતરી મરદને બાંઝી દીએ; ભલાંને જુદુ કરાવે, દોજખમાં નાંખે, ફરી ગાત દીએ.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે બુધબલ વીરજ કયાં રહે છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે બુધ બલ વીરજ માંઠાંનાં ભેજાંમાં રેહે છે. માંથાંમા ભેજુ સાજુ હોએ તો બુધ બલ વીરજ વધે. અને મનીશ ગરદુ થાએ છે તે બુધા મનીશને બુધી બલ વીરજ તથા સાંભલવું વીંશરઇ જાએ છે. અને બુધા મનીશ પોતાની હઈઆતી શુજે વાપરે અને જીવ શરીરમાં હોઇમ ફરે છે, જેમ શીપાઇ શેલત પેરે અને શરીરમાં ફરે તેમ શરીરમાં જીવ ફરે છે.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે તારામાં શોભીતો તારો કયો.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે તારા માંહે શોભીતો તારો તેશતર, એવે નાંમે કહે છે. તે શરવે બુજીગરની વરધી તેશતર તારાથી છે તારો પાંણીને વધારે છે, જે તારા પરથવીને વધારે છે તે તારા પરથવીને વરે મુકેઆ છે. તે તારો ઉંરવરને વધારે છે, કેટલાએક તારા ગાયની વરધીને વધારે છે, જે તારા મનીશ પર છે તે મનીશને વધારે છે. એ શરવે મનીશને વાસતે કીધું છે. અને વનત તારો અલબરૂજ પર છે. અને દેવ દેવી માહા રાખશી એ શરવે તારા ફેરવે પણ ચાંન્દ સુરજ એને ફેરવી નહી શકાએ. અને હફતો રંગ તારો ૯૯૯૯ અને એક પોતે હફતો રંગ સાથે ૧૦૦૦૦ દોજખની આસપાસ ફરે છે જે હરરોજ દેવી તથા દેવ, જાદુગર તથા માહા રાખશી એ શરવે હારેમનનાં હોકમે ફરે છે તે સાથે હફતોરંગ તારા લદાઇ કરે છે. હોરમજદે પોતીકી ખલક ઉપર મેહેરબાંની કરીને દોજખની આસપાસ ફરવાને વરે હફતો રંગ મુકેઆ છે. જો હફતોરંગ દોજની આસપાસ નહી ફરે તો અને દેવોનાં તોલાશે નહી લદે તો નાપાક શેતાંન ખોદાની ખલકને, જે દોજખમાં પદી છે તેને ગણો આજાર દેતે. તે હફતોરંગ ફરીઆથી જે રવાંન દોજખમાં છે તેનો જેટલો ગુનાહ હોએ, તેને તેટલી તેજારક દેવાદે. અને બાર રાશનો તોલો છે તે હફતોરંગનો હોકમ હોએ તેમ કરે. અને ખુરશેદ, મોહોર ઇજદ થકી વનસપતી સરવે ઉગે અને લીલી થાએ, અને વલી દીન તથા માશ તથા વરસ તથા રોજગારનાં રોજ સરવે માલુમ પદે, અને દુનીઆંમાં શરવેને રૂશનાઇ દીધી છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે દુંગર તથા દરીઆ તથા જમીન કાંએ કીધી છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે દુંગેર દુનીઆંમાં વાવો, તલાવને વાસતે કીધા અને હારેમનને મારવાને વાશતે કીધા છે. ખોદાયની ખલક એથી જીવે છે. અને દરીઆ જમીન માંહે મુલકની આબાદાની કરવાને ખાતર

કીધા છે. અલબરજ ડુંગરથી કીધા છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે પાંણી તથા આતશ આદમીને મારી શકે કે નહીં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હોરમજદે જે પાણી પેદા કીધાં તે પાણી આદમીને નહી મારે તથા આતશબી નહીં મારે, પણ હારેમન નાપાક એક દેવ પેદા કીધોચ. તેનું નામ અસ્ત ગોઆદ તથા તેને નાએ બતરબી કહે છે. તે દેવ આદમીનું દેલ બાંધી ગુમરાહા કરીને પાંણીમાં, નાંખે છે અને હરેક વાતે કોશેશ કરી મારે છે. તે દેવ આદમીને ગુમરાહા કરે અને જીવ જાએ છે ત્યારે પાંણીનું બાંહાનું કેવાય છે. અને આદમી આતશમાં બલે છે તે મરે છે તે એજ દેવ આદમીને ગુમરાહા કરે છે. તેબી એમ બોલે અને આતશને બદલામ કરે. માટે નાએબતર આદમીને મારે છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે જમીન શી રીતે અતરંગ છે. અને ગાવીઓદાદ ગયોમરદની સાથે આવી હતી તે મુઇ કે જીવે છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે જમીનની હેથે પાણી છે તેમાં માહી છે, તેનાં વાસા ઉપર ૪ ખુતનો ચોતરો છે, તે ઉપર ૧ ગાએ છે, તેનાં શીંગ ઉપર જમીન છે. જેહાંનમાં ગુનાહ થાએ તેવારે જમીન ધ્રુજે તેને ધરતીકંપ કરી કહે છે. માટે ઉતર દશાએ ૧ શુનાંનો ડુગર છે તે જમીનનો કમરબંધ છે અને જમીનને ૮ હાંમ છે તેવાર જમીન અતરંગ રહી છે. ગાવીઓદાદ હએઆત છે જીવતી જમીન તલે ગઇ છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું ગયોમરદ હએઆત છે કે ગુજરી ગયા છે તેનાં જોદાં શી રીતે થયાં અને જરથોશતના બેટા તરણ હતા તે હએઆત છે કે ગુજરી ગયા.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ગયોમરદ ગુજરીઆ. જમીન પર મુકયા, ઉપર મીતી વાલી, તેનાં હાદમાંથી જોદું ૧ મશીઆનું ઉગીયું જુલતું કેટલેક દહાડે છુતું, પછી તેનાં જોદાં ૭ પેદા થયાં. તે સાતે દીપપર મેલીઆં છે. જરથોશતનાં બાપ તથા બેતા હએઆત છે, બેટા ૨. તથા બેટો ૧ અશદવાશતરે ગુજરીઓ. પોરોશશપે ચેચેસ્તે ગુફામાં છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે મનીશ તથા ઝાદ તથા પસું, પંખી શાંને કાજે શરજીઆં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ઝાદ મેવો આદમીને કાજ પેદા કીધું, જે ખુશી થાએ અને આદમીને પેદા કીધાં તે દેવોને ભાંજવા કાજે. ગોશપંદ જાબ્સ ૨૮૨ પેદા કીધાં છે તે દેવોને બાંજવાને કાજ.

ગોશપંદની જનશ ૨૮૨ પરકારનાં પેદા કીધાં તે આદમીને ખાતર. તે મધે ચોપગાં ૧૭૨ જણુસનાં તથા પંખેરૂ ૧૧૦ જણુમનાં પેદા કીધાં છે.

ગુશતાસ્પ પાદશાહે પુછીઉ જે આદમી મરેચ તે નશા કેમ થાએચ, અને તેનું રવાંન ચંવત પુલ પર જાએચ અને ગોશપંદ મરેચ તેનું રૂવાંન કયાં જાએચ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે નશશ તેમુરશનાં વખતથી ઉતરીઉં છે, અને જે કોઇ એહેદીન મરે છે તેનાં મુઆ પછી નસસ બેશેચ અને જીવતાં નસસ નહી બેશે માટે નસો કેહેવાય. માટે તેનું રવાંન હશાબ શુમાર આપે અને હવદાં દરવંદ છે. જીવે છે તાં વેર નસસ તેને રેહે છે. અને તે દરવંદ જેવારે મરે છે તેવારે તેનો નસસ ઉડીને તેનાં રવાંનને દોજખ શોપે. પછી નશો નહી કહેવાય. અને જે ગોશપંદ, પંખી, જે કોઇ મરેચ તેનો જીવ એ દુનીઆંમાં વાહાની મશાલે જાએ છે અને યાંજ રેહે. તેને કંઇ હીશાબ શુમાર આપવો નહી. માટે ગોશપંદનો હેસાબ શુમાર આપવા પેલે જેહાંન જવું નહી.

ગોશતાશપ પાદશાહે જાંમાશ્પ હકીમને પુછયું જે આદમી કેટલી જણુસનાં તથા શગ કેટલી જનસનાં છે, અને મુરગ નશા કેટલી જનસનાં છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એટલા શરવે નશા છે. આદમી ૧૦ જણુશનાં છે તે નશા છે અને શગ ૮ જણુશનાં કહીઆ છે તે આંઠે નસા છે. તથા લોખદી તથા શીસોલી, દરીઆઇ શગ, શુલી તથા નોલીઓ, કાગ તથા શાગરદ તથા દાલમન દશ જણુસ નશા છે. તથા મુશકી બીલાદી તેમાં જેનું માંથું બીલાદીના જેવું અને પુછ સફેદ તે નસો છે. તથા મુરગ ૫ જણુસનાં નસો છે. ગોશપંદમાં કાંઇ નસો નહી.

ગુશતાસ્પ પાદશાહે પુછયું જે જમસેદ પાદશાહને ફરજંદ શા સા થયાં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે દેવી પરીને પેતનાં. જમસેદ દેવીની સાથે મોબત કીધાથી ફરજંદ જનેઆં. વાંદર, તથા રીંછ તથા દવાલ પાઇઆ તથા સેપર ગોશા તેને કહે છે જે એક કાંન હોદે ને એક કાંન પાંથરે તથા દવાલ પાઇઆ મણુસને એકજ પગ.

ગોશતાસ્પ પાદશાહે પુછયું જે દુનીઆનું મંનદાન વરશ ૧૨૦૦૦ તે શી રીતે પાદશાહી કીધી.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે વરશ ૩૦૦૦ પરથવી નીપજાવતાં થયાં, વરશ ૩૦૦૦ ગયોમરદથી થયાં, પછી વરશ ૪૦૦૦ લગે ગયોમરદથી યજદજરદી લગે પારસીઓએ પાદશાહી કીધી. પછી વરશ ૧૦૦૦ આંખર

હજારામાં ગીઆં. બાકી વરશ ૧૦૦૦ રશતાખેજને વખતે પુરાં થશે. જુમલે વરશ ૧૨૦૦૦ પુરાં થઇઆં છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે જરથોસતની દીનની ગોવાઇ કોણે કીધી. આપણે ચાર ચીજ શું આપી.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ જણ ૪ ગોવાહ દેવા આવીઆ હતા તેનાં નામ લખીઆ છે. ૧ આદરગોશસ્પે ૨ આદર ખોરદાદ ૩ બેહમન ૪ અરદીબેહેશત. પછી ચીજ ૪ જણુને આપી તેની વીગત. શરાબ પાદશાહ ગુશતાશપ તુને આપીઓ તેથી બેહેશત દીઠું. દુધ પેશુતનને આપીયું તેથી અમરગ છે. ફુલ જાંમાસ્પને શુંગાદીયું તેથી થયું તથા થશે તે જાંણવા લાગા. અનાર અશપનદીઆરને ખવાદતાં તેની જાત પચરશની થાઇ. રોજ ૫ અશપનદાદમદ માહા ૧૨ અશપનદાદમદને દન દરૂન કીજીને એ જણ ૪ ને એ ચીજ આપી છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે માજદયશની દીનનાં તોલાં કેટલાં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે અથોરનાંનઃ–દશતુર, મોબેદ રથેશતારઃ–શીપાઇ તથા પાદશાહ, પેહેલવાંન. વાશતરીઓશાંનઃ–બુજીગર, કુણબી. હતોખશાંનઃ–હજામ, શુથાર, લોવાર, મોચી, દરજી, ધોબી, હરેક વેવશાઇઆ હુતોખશાંન છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પારસીઓએ કેટલા વરશ પાદશાહી કીધી અને કરશે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે પારસીઓએ પાદશાહી કીધી અને કરશે તે સાંભલ. ગયોમરદે ૩૦ વરશ પાદશાહી કીધી, તેથી એ લાભ થયો જે જેહાંન રોશન કીધી અને બની. આદમ પેદા થાઇઆ.

હોશંગે પાદશાહી વરશ ૪૦ કીધી અને કેટલાંએક શેહેર દેહેરાંની મીશાલે એથી થાઇઆ. તેમુરશે વરશ ૩૦ પાદશાહી કીધી, અને તમાંમ દોજખનાં દેવો બંધ તથા બેજાર કીધા, અને દેવોપર શવારી કરતો હમેશ. એક દન તેમુરશની ઓરત દેવ બાંધેલો હતો તે પાશ ગઇ અને દેવને પુછ્યું જે તુને તો એ જગે બાંધેલો છે, પણ તુ ખાએચ શું. તુને તો કદી ખાવું મલતું નથી. તેવારે દેવે જવાબ દીધો જે જેહાંનમાં ગુનાહ થાએચ તે ખાઇને હું ધરાઉં છું. પણ મને તારી એક ફીકર લાગે છે જે તારો મરદ મારી ઉપર શવારી કરે છે, અને તમાંમ રાતમાં દુનીઆમા શગલે ફરી આવે છે, માટે તાહાજ કરીને કહું છું જે તું તારા મરદને પુછી જોજે જે તું કદી કેથે જગે બીહે છે. સાંથી જાલવી રાખું. માતે, તું

પુછજે. એટલી વાત તેમુરસની ઓરતને કહી. તે ઓરતે તેમુરસને પુછ્યું તેવારે તેમુરશે જવાબ દીધો જે હરેક વાત ઓરતની આગલ નહી કહીએ, અને નહીં કેવાએ; કેતાં માંથુ થાએ. તેવારે ઓરતે અશતરી ચરીતર કીધાં અને મરદને હરેક પરકારે પુછ્યું, તેવારે તેમુરશે કહયું જે એ દેવપર શવારી કરીને દોજખ પર તથા તમાંમ જેહાંનમાં ફરી વલું છું અને દોજખનાં દેવો મારેથી બેજાર થઇને નાસે છે. દોજખમાં જાઇઆ પછી હું ફરી આવું છું તેવાર એક જગા ખરાખરીની છે, તાંહાં હું બીહુ છું જે રખેને દેવ મને ગલે. તે જગે બહુ ડુંગર છે, તેની વચમાં એક નદી છે, તે ડુંગરને કહણે. તે જગે બીકત છે. તેવાર હું જાંઉં છું તે જગે હું ડરૂં છું જે રખે તાં મને નાંખે. તાંથી સંભાલીને આઉં છું. પછી કેથો બીહતો નથી. એ વાત પોતીકી ઓરત આગલ કહી દીધી. પછી તે નાપાક ઓરતે તે દેવની આગલ કહી દીધી. તે દેવે ઓરતને મધનું પેઆલુ ફલ ખવાદીયું તેથી દશતાંન પેદા થઇઉ અને કીદા ૨ પેદા થઇઓ, તેથી તમાંમ અબરેશમ પેદા થયો. ને તેજ રાતે તેમુરસને જે જગે બીતો હતો તાંહાંજે લઇ ગયો, તેને તાં ગલીને પોતે ઠેકાંને આવી બેઠો, કાંએ જે નેરંગે બાંધીઓ હતો. પછી તેને જોએ તો તે નાપાકનાં મોહોમાં તેમુરસનાં માંઠાંનાં બાલ દીઠા. પછી તે નાપાકને મારીને પેત ચીરીને તેમુરસને કાહાદીઓ. અને દોજખમાં મેલીઓ. પણ તેનાં હાથ શદવા લાગા. કાંઇ ઇલાજ કીધા પણ કોઇ ઓશદે શારૂ નહીં થાએ. પછી શરોશ ઇજદે આવીને ખુઆબમાં કહીયું જે નશરોસ દુનીઆંમાં ઉતરીઓ છે. માટે કાએમ ગાએનો નેરંગ લગાદ જે તારો હાથ દરૂશત થાએ. પછે શરોશ બાજ નેરંગ તે દનથી થઇઉ છે અને શેન્સકુરત બોલી એના વખતથી થાઇ નીરંગ થોડી હતી. પછે જમશેદ પેદા થાઇઓ તેનાં તોખમથી. તે જમશેદે પાદશાહી વરશ ૭૧૮ કીધી. અને ગોશ ઇજદની મદદે હારેમનશે લદીઓ અને દોજખનો દરવાજો બાંધીઓ. મોહોત બંધ કીધું, અને ફારસી એલમ એને પેદા કીધો. પદલું, વનવું, દેહેરાં તંબુ, ઘર તથા કારંનજા, તલેશમ, હેવાંન તથા ધરણી બંધી તથા સેહેર તથા નેરંગ તથા ગહમબાર એ શરવે એને પેદા કીધાં. નાપાક હારેમને ફરેબ દીધાથી જમશેદ ખુવાર થાઇઓ. પછે જુવાક પેદા થાઇઓ તેણે વરશ ૧૦૦૦ પાદશાહી કીધી, ગણો જોલમ બેદાદી હતી. શબબ એજે પાદશાહને ખબર થાઈ જે નાપાક હશમ દેવ આવ્યો તેને અન વાપાએલું ખવાડીઉં તેવાર પાદશાહ ખુશી થયો. તેવાર કહીયું જે તું જે માંગે તે આપું. પછી નાપાકે તેને ૨ બોસા દીધા પાછલ. તેથી ૨ દેવ પેદા થાઇઆ. તેથી જુલમ બેદાદી ગણી પેદા થઈ. રોજ ૧ માં આદમી ૨ મારીને તેનાં મગજં કાહાંડીને

પાછલ એ શાપને લેબાશનાં દેવ હતા તેને ખવાડે. એ બાબદ ગણો જુલમ પેદા થાઇઓ, ગણી ખરાબી કીધી. શેહેર ઉજડ કીધાં જમશેદ પાદશાહને લાકડાંમાં ગાલીને વેરાવીઓ. પછે ખોદાતાલાએ ફરેદુનને પેદા કીધો. તે એક દશતુરની બેટીને હમેલ રહીઆ તે જુઆકને ખબર થઇ. પછે તે ઓરતને પકદી મંગાવી અને મારી નાંખવાનો હોકમ થયો. પછી દશતુરોએ માંગી લીધી તેવારે બંદીખાંનાંનો હોકમ કીધો. અને હોકમ કીધો જે એના પેટપર દરરોજ ૧૨ લાકદી મારે કે જેથી એનો હમેલ તુતી પદ. એ રીતે કેટલાએક દન ગયા પછી બંદીવાને તે ઓરતને નસાદી. તાંથી નાશીને સરોશના રેહાણુ આગલ ગઇ. ખોદાએ રાહા દેખાડી. પછે શરોસે આવી તે ઓરતને દેલાશો દીધો. જે તારે પેટે બેટો છે તેનું નામ ફરેદુન છે. તેને ગાવીઆંગર લેવા આવશે, બગેર ખજાંને. માટે તુને હું ૨ શનદુખ દેખાડું છું તેમાં પોશાક તથા લડાઇનાં હથીઆર છે અને એ લગાંમ છે તે કાહાડીને વજાદજે એટલે ૨ ગોડા પેદા થશે. પછી તે પર બેશી પાર ઉતરી જાજે. એટલું કહી દીલાસો દીધો. પછી શેરોશે કહીઉં તે નીપજીયું. પછી નાપાક જોવાકને ખબર થાઇ તોબી તે મગરૂર રહીઓ. પછી હારેમન જુવાકનો વખત નજદીક આવ્યો, તેવારે ગાવીઆંગરનાં બેટા ૭૨ હતા તેમાં ૭૦ બેટા ખાધા અને ૨ રહીઆ હતા તેનીબી ખાધાની નજર રાખી તેવારે ગાવીઆંગર પોકારીઓ ને કહીયું જે પાદશાહ ફરેદુન પેદા થાઇઓ અને વરસ ૧૧ નો થાઇઓ. આજ કાલ હું તુને બંધ કરશ. એ વાતની ખબર હમોને સરોશે કીધી છે માટે હું લેવા જાઉં છું. એ વાત જુવાકે શાંભલી તે નાપસંદ કીધી. દેલમાં મગરૂબ થાઇઓ જે આંહગરનાં બેટા ખાધા માટે બોલે છે. ઉકલે છે. આંહગરે વગર પઇસે લશકર તઇઆર કીધું. જે લોક દરદ ભરી રઇઅત હતું તે વગર પઇસે ખરચ બદલે આંહગરની સાથે ગયાં. તેવાર પેલી તરફ ફરેદુન વાત જોઇઆ કરતો હતો. જેવારે ગાવેઆની શુરતની અમલ દોલત દીઠી, તેવાર માએને લઇને નદીપર આવ્યો. ખોદાયની એજમતથી દરીઆએ ફરેદુનને વાત આપી. પછે આંહગર મલીઓ અને લશકર ચલાવી ઇરાંણ પર આવ્યો. પછે જુવાક નાથો. પછી ફરેદુને પાછલથી લશકર શમેત ગોશ ઇજદની મદદથી જુવાકને પકદીઓ. અને જુવાકને મારતો હતો. પછી ગોશ ઇજદે કહયું જે આંખર હજારામાં દોહોદ દાહાદાની મુદતે પાદશાહી છે. પછે દેમાવંદ કોહમાં બાંધીઓ છે. પછી ફરેદુને વરશ ૫૦૦ પાદશાહી કીધી. ફરેદુનને બેટા ૩ થયા. એકનું નામ શેલમ, બીજાનું નામ તુર, તરીજાનું નામ એરચ. એ ૩ બેટાને વેલાયત વેહેચી આપીયું તે વાતપર તુરને માંથુ લાંગીઉં. જે હું વદો ને મને ઇરાંણ ગતે. એ વાતનો કીનો કરીને એરચને માંરીઓ.

કાએજે ઇરાંણુની પાદશાહી લેવું. તે વાતપર એરચને પેતે બેટા આવેઓ તેને બાપના કીનાં પર તુરને મારીઓ. પછી પાદશાહી લીધી. મનોચેર પાદશાહી વરશ ૧૨૦ કીધી. અને એરચને ઇરાંણુ આપી તુરને તુંરકશતાંન આપી શેનમને બેદે બલખ શેહેર આપીયું તેથી કાલાપોશ થાઆ, તુરકશતાંનથી તુરક મુસલમાન થાઆ અને એરચથી પારશી છે. પછી મનોચેરે પાદશાહી કીધી, શેહેર વસાવીઆં, આદેલ ઇનસાફ ગણો કીધો. નોદરે પાદશાહી વરશ ૭ કીધી. આફ્રાશીઆબે પાદશાહી વરશ ૧૨ કીધી, પણ જુલમ બેદાદી ગણી કીધી. ઇરાંણના પાદશાહને મારી તખત પર બેઠો. જાંને તેમાશપની પાદશાહી વરશ ૫ ની. પછે કરશાશપની પાદશાહી વરશ ૯ ની. પછે જાલેજરે અલબરૂજથી લાવીને કેકોબાદને ઇરાંનમાં પાદશાહીએ બેસાદીઆ ૧૦૦ વરશ સુધી તેને પાદશાહી કીધી, અફ્રાશીઆબને પાછો તુરકશતાંન નશાદીઓ. પછે કાઉશને પાદશાહી રૂશતમે આપી. ૧૫૦ વરસ લગીન પાદશાહી કીધી. પછે તેને પેતે શીઆવકશાહા આવીઓ. તેને અફ્રાશીઆબે મારીઓ. પછે કેખશરૂ અફ્રાશીઆબની છોકરીનો છોકરો અને શીઆવક બાપ. પછી અફ્રાશીઆબને કેખશરૂએ મારીઓ અને ૬૦ વરશ પાદશાહી કીધી. પછી લોહરાસપને પાદશાહી આપી. અને પોતે ચેચશત ગુફામાં ગીઆ. તાંહાં હઇઆત છે. અને અફ્રાશીઆબનો બેટો ચેહેન પેદા થાઇઓ એને તે નાપાક ખરાબી કરતો ફરીઓ. પછી લોહોરાસપે પાદશાહી ૧૨૦ વરસ કીધી તેનાં હીંગાંમમાં પેગમબર જરથોશત આવ્યા. પછે ગોશતાશપે દીન જાહેર કીધો તેવાર લોહોરાસપ હતા. અને ગોશતાશપ દીન કબુલ કરાવતો હતો તેવાર નાપાક ચેહનાએ તથા અરજાસપે આવી ઇરાંણુ બાલી લોહોરાશપને મારીઓ અને જરથોશત પેગમબરનો દાવેદાર નાપાક તુરબરાતુરે મારીઆ. પછી અસપનદીઆરે નાપાક અરજાસપને મારીઓ, અને તુરબરાતુરને જરથોશત મરતાં મારી મુઆ. પછે ગોશતાશપ પાદશાહી બેઠો ૧૨૦ વરશ પાદશાહી કીધી. પછી બહમન પાદશાહીએ બેઠો ૧૨૦ વરશ પાદશાહી કીધી. પછી હોમાએ તેની ઓરતને પાદશાહીએ બેસાદી પોતે મુઆ પછી ૩૦ વરશ પાદશાહી કરશે.

ગુશતાશપ પાદશાહે પુછ્યુ જે હવે કોણ પાદશાહી કરશે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હોમાએ બહમનની ઓરત ૩૦ વરશ પાદશાહી કરશે. અને બહમનનો બેટો શાંશાંન જંગલ પકદીને ગોશપંદ રાખશે. એ શાંશાંનની પેહેદી ૪ થાશે. તેવાર દારાબ પાદશાહી વરશ ૧૨ કરશે. તેનો બેટો દારાં પાદશાહી વરશ ૧૪ કરશે. તે વાત એમ છે જે રૂમનાં પાદશાહની બેટી ગણી ખુબસુરત હતી તેને દારાબે પણવા માંગી.

રૂમનાં પાહશાહે મોકલી. તાંથી આવતાં વાતે દેવ મલીઆ, ખોઆબમાં શોબત કીધી, તેથી સેકંદર રહીઆ. તે આવીને દારાબંશે પરણી. અને શોબતને ખાતર દારાબ સુતો તેવારે તેનાં મોહેદાંમાંથી દોજખનાં ગાર જેવી બદબોઇ થાઇ. તેવાં મોહેદે તે બદબોઇથી દારાબે શોબત નહી કીધી. તે ઓરતને પાછી રોમમાં મોકલી. તે વાતનો ભેદ કોઇને માલુમ નહીં હતો. અને વાતમાં દેવનો હમેલ રહીઓ હતો. પછી તે ઓરત પોતાના બાપને ઘર રૂમમાં વેઆઇ અને તેનું નાંમ મમાવાએ સેકંદર પારીઉં. અને, દારાબને જોરૂ પરણેલી હતી તેને પેટે દારાં થાઇઓ. પછી દારાં પાદસાહીએ બેઠો. સેકંદર આવીઓ તે દારાંને મારીને ઇરાંણની પાદશાહી લેશે. અને તમાંમ મુલક તથા જરથોશતી દીન પાયમાલ કરશે, અને દશતુર તથા મોબેદ ભાંગશે. તમાંમ જંદનાં નુશક બાલશે તે શેકંદર વરશ ૧૪ પાદશાહી કરશે. પછે અરદેશર પેદા થશે. તે શેકંદરને મારી નાંખશે. ફરી દીન તાજી કરશે. તે વખતે અરદેશર બાબકાં દીન જાહેર કરશે. અરદાએ-વીરાફ ખોદાની દરગાહા જાશે. તે આવીને તમાંમ હકીકત કેહેશે તેપર એકીન લાવશે. પછે કેટલાએકનાં દીલમાં શખશણુરી રેહેશે. તે અરદાએવીરાફનો કાકો આદરબાદ મારેસ્પંદ પતીજ કરશે. તે શરવેનાં દીલમાંનું કોફર કાહાદશે. પછે દીન રવા થશે. પછે અરદેશર બાબેકાંન પાદશાહી વરશ ૪૮ કરશે. પછે આશકાંનીઆંન વરશ પાદશાહી કરશે. અદરવાંન પાદશાહી વરશ ૧ કરશે. શાપુર બીન અરદેશર પાદશાહી વરશ ૩૦ કરશે. હોરમજ બીન શાપુર વરશ ૫ પાદશાહી કરશે. બેહેરાંમ બીન હોરમજ વરશ ૧૦ પાદશાહી કરશે. બેરાંમ બીન બેહેરાંમ પાદશાહી વરશ ૧૯ કરશે. નરશી બીન બેહેરાંમ પાદશાહી વરશ ૯ કરશે. હોરમજ બીન નરશી પાદશાહી વરશ ૧૦ કરશે. શાપુર બીન હોરમજ પાદશાહી વરશ ૭૨ કરશે. અરદેશર બીન કેકોબાદ પાદશાહી વરશ ૧૩ અને મહીનાં ૯ કરશે. શાપુર બીન શાપુર પાદશાહી વરશ ૧૫ કરશે. બેહેરાંમ બીન શાપુર પાદશાહી વરશ ૧૪ કરશે. યજદજરદ બીન બેહેરાંમ ૨૦ વરશ કરશે. બેહેરાંમગોર પાદશાહી વરશ ૬૩ કરશે. યજદજરદ બીન બેહેરાંમ પાદશાહી વરશ ૯ કરશે. ફીરોજશાહ બીન યજદજરદ પાદશાહી વરશ ૩૦ કરશે. તલાશની પાદશાહી ૭ મહીના કરશે. કુબાદની પાદશાહી વરશ ૪૦ કરશે. એનાં વખતમાં નાપાક મજદક પેદા થશે તે જરથોશતી દીન ભાંગશે. પછે નોશેરવાંન અદલ પાદશાહી કરશે. તે વલી દીન રોશન કરશે તે પાદશાહી વરશ ૪૮ કરશે. હોરમજદ બીન નોશેરવાંન પાદશાહી વરશ ૧૨ કરશે. પરવેજ બીન હોરમજ પાદશાહી ૩૮ વરશ કરશે. શીરોએ પાદશાહી મહીનાં ૭ કરશે. અરદેસર બીન કોબાદ

૧ વરશ ને ૬ મહીનાં પાદશાહી કરશે. શીદાખત બીન ખોશરૂ ૬ મહીના પાદશાહી કરશે. કેશર બાનું પાદશાહી ૧ વરશ કરશે. યજદજરદ બીન શેહેરીઆર પાદશાહી વરશ ૨૦ કરશે. એના દીંગાંમમાં મહમદ પેગમબર પેદા થશે તે પાદશાહી લેશે. એ વાત એમ થાશે જે નોશેરવાંન અદલનાં વખતમાં એક દશતુર હશે તેને પેતે એક બેટી પેદા થશે. તેને પેટે હમેલ ખુઆબમાં હમેશ દેવ રાખશે. પછે ને બેટીની હકીકત માલુમ થાશે. પછે ઇરાંણુનો દશતુર તેનું નામ શેર દશતુર દીનીઆર તે પર તેની માએને મારીઆથી તે પર વાખો આવશે, તેબી તે હમેશ દેવ કરશે. તેપરથી તેહેને નીઆતબારો કાહાદશે, તે શરવેનાં કાલાવાલા કરશે તેની વાતને કોઇ બાવર નહીં કરશે. પછે તે કેહેસે જે મારી નજુમમાં ખબર રાખી છે જે મહમદ પેગમબર પેદા થશે તેનો હું ઉશતાદ થાશ. પછે એ દીનીઆરને કોઇએ ઉભો નહી રાખીઓ. પછી દીનીઆર એક કેતાબ લઇને અરબસતાંન ગીઓ. પછે દુનીઆમાં મહમદની દીન ચાલસે. પછે મહમદનું લશકર ઇરાંણુ પર આવસે. પછી તમામ વેલાએત ઉજદ કરસે. પછે વરસ ૩૦૦ લગે એ રીત ચાલસે. પછે છેલ્લો પાદશાહ યજ્દજરદ શેહેરીઆર દશતુરને તાખમનો તે સાથે લદાઇ પદશે તેબી મારીઓ જાશે. પછે હસમી દીનનું દોર વરશ ૧૦૦૦ ચાલસે. પછે વરશ ૩૦૦ મહમદની પાદશાહી લદાઇમાં જાસે. માંહો માંહે લદીઆ કરસે. પછી હીંદુનું લશકર મુસલમાન પાસેથી ચોદ લેશે તે આપશે. આદમીને સુખ નહી. અને માજદીયશના બેહેદીન પોતીકા દશતુરસે વાંકું બોલસે. દશતુર મોબેદને ખાતરમાં નહીં લાવશે. પછી તમાંમ વેલાયત ઉજદ કરસે. અને તમાંમ વેલાયતમાં બેહેદીન દીન નહીં જાણશે દશતુર કંઇ એક રાખશે. બાકી દરવંદોશે બેશી ખાશે. અને દરવંદોની રાહા ચાલશે. વલી બાહાર પરદેશ જાસે. નહી દીન નહી મજબ, શદરો કાહાદીને સાથે રાખશે. દશતુર મુશાફરીએ જાશે. અને કેહેશે જે દીનને ખાતર હું આવીઓચ. બેહેદીનને દીન શમજાવશે. એવા તલેસમ દુનીઆમાં થાસે. વદાઓની રાહા રશમ ભાંગશે, અને નવી રાહા દેખાડશે તે પર બેહેદીન રાજી થશે. અને પોતીકા દશતુરસે લદશે અને કેહેશે જે બાહારનાં કહે છે તે રાશતી છે એને તમો ખોતા છેવ અને તમો ચુકયા છેવ. અને એ રાશતી દીન લાવીજ છે. એવો ફેશાદ કજીઓ હતોખશાંની કરશે. પછી ઇરાંણુ શેહેર ઉજદ થાશે. તાં દસતુર, મોબેદ, બેહેદીન, દીનદાર વદાની રાહા રશમ ધરી રેહેશે. તે તોલો ગણો પાક. તે જગે કોઇ આવ જાવ નહીં કરશે. અને ખોરાશાંન શેહેરનાં દશતુર, મોબેદ, બેહેદીન નાહશે અને હીંદુસ્તાન જાશે. ત્યાં દીન ભલી ચાલશે. જેમ ઇરાંણુમાં છે, તે રીતે ચાલશે. પછી તાંબી ઇરાંણી

દશતુરેનો ફતવો થાશે. તે હીંદુસ્તાનમાંભી હતોખશાંની ચાલશે. તેભી પોતાની જાત તોખમ પર જાશે. અને ખુશશાંનનો એક ખુનો ઉજદ કરસે અને દશતુરનું નામ અરદેસર તથા પેહેલવાંન ૨ તથા કીમીઆંગર ૧ એની સાથે એટલાં આદમી એટલો તોલો શરવે હોરમજ શેહેરમાં વરસ ૧૨ રહેસે. તેનાં પાદશાહનું નાંમ હોરમજદ કેહેવાશે. પછે મહમદ પેગમબરનું લશકર તે જગે આવશે. તાંથી હીંદુસ્તાંન આવસે પછી હીંદી રાજાને મલશે. તે જગે રમલ જોશે પછી તાંજ રહેસે દીન ખુબ ચલાવસે. વલી તે હીંદુસ્તાનમાં મહમદની દીન અને તે હીંદી રાજાસે લડસે અને હીંદુસ્તાનમાં એની પાહાદશાહી થાશે અને હીંદુઓસે લદાઇ થશે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે ખુઆબનું ફલ શું છે?

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ ૨ વાહ દુનીઆમાં ફરે છે તે ભાતભાતનું દેખાદે છે. જે પેહેલી રાતે ખુઆબ દેખે તો વરશ ૧ પછી ફલે. જો બીજે પોહોરે દેખતો માસ ૯ વે ફલે. જો તરીજે પોર દેખે તો માસ ૬ એ ફલે. જો ચોઠે પોર દેખે તો માસ ૩ ને ફલે. જો બામદાદ દેખે તો તરત શારો ફલે. જો પાદીઆબ કુશતી કરીને સુતો હોએ, અને જો માંથો ખુઆબ દેખે તો સારો ફલે. અને જો પાદીઆબ કુશતી કરીઆ વગર સુતો હોએ તો સારો ખુઆબ દીઠો હોએ તો માંથો ફલે એવી વાત ખુઆબની ગણી છે. અને ઓરતનાં ખુઆબ કરતાં મરદનાં ખુઆબ દરૂશત હોએ. માટે સાહવારે નીઆસ કરીને " વીશપ હુમત " પઢીને સુતો હોએ તો જબુન ખુઆબ દીઠો હોએ તો સારો થાએ.

ખુઆબનું ફલ લખીયું છે:—

ફરેશતા આંશમાંન બેહેશત્ત દેખે તેની.

ખોદા પાસે માંગીયું દેખે તો ગણી ખુશાલી વધે.

પેગામબર તથા રવાંનને જગે પોહોંચે તો મલે તાં ખુશાલી વધે.

ફરેશતાને મલે તો અથવા ભેતે તો તથા અમથો દેખે તો ખુશાલી વધે ફરેશતા તથા રવાંન કંઇ આપે તો ખુશાલી લાભ હોએ. આપી પાછું લીએ તો માંથું હોએ. દારૂ પાએ તથા ખવદાવે તો લાભ હોએ.

બેહેશતમાં ચઢતાં જાએ એકએકથી ચહદે તો દોલત પાંમે. બેહેશતથી ઉતરતો જાએ તો દોલત તથા વેપારમાં કાંઇ ખુતે. બેહેશતથી જગા ખુબ નહી દેખે તો મુશકેલ પોહોંચે. બેહેશતમાં હરેક જગા નહી હાથ લાગે તો, તજારક તથા હરએક દર પોંહોંચે તો, હરકંઇ હાકમની દરબારની બજારકથી નાંશતું પદે

હારેમન તથા દેવ તથા દોજખ દેખે તો કોઈ દશમન ઉઠી ઉભો થાએ.

દેવ વલગતો દેખે તો તથા દોજખમાં ખેંચતો દેખે તો કોઇ વલગી બંદીખાને લઇ જાએ તથા જો કાઇ ખવાડે તો જેરખાવું પડે, હેરાંનગતી થાએ.

ચનવત પુલના પાવડા આગલ ગીઓ દેખે તો દોલત વધે. ચનવત પુલ આગલ જાતાં બીક તથા હેબત દેખે તો દુશમનથી આજાર હોએ. ચનવત પુલ આગલ ચહડતો દેખે તો લાભ હોએ. ચનવત પુલપરથી ઉતરતો દેખે તો બંધીખાંનું ભોગવે. ચનવત પુલ આગલથી આવતો, જાતો, દોડતો દેખે તો લાભ હોએ. ચનવત પુલ તુતેલો દેખે તો દલગીરી હોએ. ચનવત પુલ પર ચહડાવતો દેખે તો રાજવંશી થાએ. જો ઉતારી મેલ્યો દેખે તો દોલત જાએ.

આફતાબ દેખે તો દોલત તથા બેટો આવે. જો ધુઆધાધ દેખે તો રોજ ધુધ હોએ. ખોરશેદ બજારમાં દેખે તો લડાઇ કરાવે. જો દરીઆવમાં ડુબતો દેખે તો દોલત જાએ. જો આફતાબ ૨ દેખે તો ખુશાલી હોએ. જો આફતાબને નેવ આગલ દેખે તો રોજી વધે. જો આફતાબને મોભપર દેખે તો ખુશાલી વધે, પણ માંદો પડે. જો આફતાબને ભારે મોટી ભાંજીઉ દેખે તો દુખ ઉપજાવે. જો ખુરશેદ શાફ દેખે તો દોલત પાંમે. જો ખુરશેદ મોટી નીરમલ દેખે તો રાજ્ય પાંમે. જો ખુરશેદને નેવ આગલ દેખે તો બેતો પાંમે. જો ખુરસેદને ઘરમાં દેખે તો લક્ષમી પામે. જો આફતાબ કાલો દેખે તો દુકાલ પડે. જો આફતાબ રાતો દેખે તો લડાઇ પડે. જો પીલો હોય તો માંથું પડે. જો આફતાબ ધુઆધાર દેખે તો મરદ ગાત હોએ. જો આફતબ નીશરતો દેખે તો નવો દોશત મલે. જો ચઢતો દેખે તો દોલત વધે. જો આફતાબ ગણો તેજ દેખે તોગણી ખુશાલી વધે. જો ધુઆધાર દેખે તો દલગીરી પોંહોંચે. ખુરશેદ દેવાલ પર ચઢતો દેખે તો રોજી પાંમે, જો ખુરશેદ ભાગી દેવાલ પર તથા ભાંગાં ઘર પર ભાગેલી જાગીપર દેખે તો માંથું હાએ.

માહાતબ દેખે તો બેટીનું ફરજંદ આવે તથા દોલત વધે. આગલે બાર માહાતબ દેખે તો રજક રોજી વધે. પાછલે બાર દેખે તો બર રોજગારી હોએ. વાંસા પાછલ દેખે તો દુશમન પેદા થાએ. લાલ રંગ દેખે તો લાભ હોએ. પીલો દેખે તો આજાર થાએ. કાલો દેખે તો કોઇનું મરણ થાએ. અરધો દેખે તો રોજી કમ થાએ. ચંદરમા ૨ દેખે તો લાભ થાએ. ધુઆધાર દેખે તો માહા દુઃખ ઉપજાવે.

શેતારા તરતા દેખે તો જાંન પોંહોંચે. સામને આવતા દેખે તો લાભ હોએ. આંદા ફરતાં દેખે તો લક્ષ્મી જાએ. ડુંગર પર ચઢતો દેખે તો દોલત વધે. શેતારા રાશી ઘરે સારા નીરમલ દેખે તો લાભ હોએ. વાદલ માંહે દેખે તો દરદ પોંહોંચે સેતારા ગણાં દેખે તો વેવશાલ કરાવે. ઘર ઉપર

ખદી પડે તો મોટી ખુબીની વાત સમલાવે. શેતારા કાલા દેખે માંઠું હોએ. રાતા દેખે તો લાભ હોએ પીલા દેખે તો દલગીરી પોંહોંચે. લીલો દેખે તો ખુબી ઉપજે. અમથા ખરતા દેખે તો માથું હોએ. ભારે શેતારા ખરતા દેખે તો કોઇ મોતો મરે. નાંનાં શેતારા ખરતા દેખે તો છોકરાં મરે. તુતો દેખે તો માથું હોએ. શારો રોસન ખરીઓ દેખે તો લાભ હોએ. જાહદ પર હુર કાંહી પદેઓ દેખે તો માહા વીરૂધ હોએ. શેતારા નાહાંનાં મોહોતા ઉનચે બેઠા દેખે તો નવો પાદશાહા બેશે.

વાદલ ઉજલું ખુઆબમાં દેખે તો કાંઇ રૂદો અમલ પામે. કાલાં વાદલ ખુઆબમાં દેખે તો દુકાલ પદે. લીલા વાદલ ખુઆબમાં દેખે તો લાભ હોએ. પાણી ભરેલું વાદલ દેખે તો રાજ પરાપતી અથવા લાભ હોએ. ખાલી દેખે તો રોજી કમ થાએ. વરસાદ વરસતો દેખે તો કોઇનું લશકર આવે. પોતીકા દેલપર વરસતો દેખે તો માંઠું દેખદાવે, ગણો વરશે અથવા કપદાં ભીને તો તાંહાં તાહાદ પડે તો અનાજનો હાંશલ થાએ. વરસાદ આતશનાં કરાં વરશતો દેખે તો કોઈ મરે. એખલાં ઘરપર વરસતો દેખે તો ગણુંજ માંથું હોએ. ગાંમમાં વરસતો દેખે તો હાકમ તથા અધીકારીને માંથું હોએ. વાદલ શેહેરમાં હાકમ ઉપર પદતું દેખે તો તે ધણીને માંથું હોએ. વરસાદ પોતાપર વરશતો દેખે તો ગણોજ શારો. ઊજલાં વાદલ ઘરમાં તથા નેવ આગલ દેખે તો દોલત પાંમે.

ખુરશેદ પાદશાહ તથા ઉમરાવનાં મેહેલપર દેખે તો દોલત પાંમે. લક્ષમી લાભ હોએ. બેટા બેટીનું સુખ હોએ અને નવો પાદશાહ બેશે. હરેક વાતે ખુબી હોએ. ખુરશેદ કાંપ ગુંદરમાં દેખે તો માંથું હોએ. કોઇનાં ઘરપર દેખે તો દોશત મલે, ખુશાલી હોએ. આંગુ દેખે તો રોજી દુર જાએ. નજદીક દીઠો હોએ તો બેટો આવે. ખુરશેદ દીઠે રૂદુ, પરાપતી શારો, પોતાને તથા કુતમને શારો હોએ.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હારેમન દરવંદ દોજખાનો હજારો પુરો પદશે પછે હારેમન પાપી પોતે તથા પોતીકા દેવ સાથે નેશ નાબુદ કેમ થાશે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હારેમનનો હીંગામ પુરો પદશે પછે હુશીઆર થશે જે હવે મારો વખત પુરો થાએઓ એવી દઆદ આવશે. પછે દેવ દરૂજ લદાઇપર ઉભા કરશે અને આમશાશપંદ શાથે એવા લદશે જે જમીન તથા જમાનો તથા આશમાંન એ શરવે બેહોશ થાસે, અને યજદ અમૂશાશપંદની તાકાદ નહી રહેસે. ફરેશતા તથા શરવે હેરાંન થાસે. પછે હોરમ યજદં પોતીકા ફરેશતાની શાથે. પોતે. જોદ્ધ કરીને દેવદરૂજસે લહસે. પછે

આલાએજની લદાઇ આખરે છેલ્લી થાસે. પછે હારેમન નાપાક હોમ ઇજદનું લશકર દેખીને તે લદાઇથી નાંશસે પછે આજ દેવ પોતીકાં લશકર પર શમાંનુ ફરશે, અને ખાસે તથા કરદશે. તેબી હારેમન ગજશતે દેખીને દરસે. પછી ફરેશતાની આગલ હાથ જોદસે, અને પસેમાંન થાસે, જે હું દીન કબુલ કર છું, મને આજ દેવને હાથથી મેલાઓ. એવું ફરેશતાની આગલ કરતો ફરસે. અને જાદુગરને દેખસે તે દરથી ગણી જારી કરશે. પછે હોમ ઇજદના જોદાંની તરફ આવી પોંહોંચસે, અને કેહેસે જે હું પસેમાંન થાઉ છું મારા ગુનાહથી. પછે હોમ ઇજદ દેલાસો દેસે અને પતેત કરાવસે અને દીન કબુલ કરસે. પછે દોજખ તમાંમ ગાતે પુરસે. પછે દરવંદ દોજખી રવાંન છુટસે. પણ કાલી નીશાંન નીદારે રહેસે અને બહમન અમશાશપંદ આજ દેવ મારસે. પછે દોજખ પુરસે. અને તેનું તથા કોતલ ધુઆની મીશાલે ઉદસે. તે જમીન પર હમજોર થઇને અમશાશપંદ હમજોર થાઇને મીઅજદ કરસે. હોરમજદ તે જગે પોતીકું તખત ધરસે. તમાંમ ઉદીન તથા દરવંદ તથા બેહેદીન તમાંમ એક દીન હોરમજદની ચાલસે.

ગુશતાશપ પાદશાહે પુછયું જે હીંદુ કેમ પેદા થાઇઆ.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ગયોમરદનું એક જોદુ પેદા થાઇઉ તેથી ૭ જોદા પેદા થાઆં, તે શાતે જોદાં ૭ દીપ પર મેલ્યાં, તેમાંથી એક દીવ બલીઉ. હારેમન એ દુનીઆંમાં આવીઓ તેવાર એક જોદુ મરી ગયું. પછે નાપાંક હીંદુસ્તાંનમાં ઉતરીઓ પછે એક જોદું હતું તેનાં આદમી વાંધેઆ તેનો ગુરૂ હશમ દેવ થાઇઓ તાંથી દેવની રાહા ધરી તેથી દેવદરૂજ પુજનાર થાઇઆ. પછી હીંદુસ્તાનમાં રહીઆં તાંથી હીંદુ પેદા થાઇઆ.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે ફરજંદ પોતીકાં માબાપ, ઉશતાદ તથા ગુરૂ, દશતુરને પાછો જવાબ દીએ તેનો શું ગુનાહ છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ઉશતાદને શામને થાઇ બોલે તો ૯૦૦ વરશ દોજખ ભોગવે. અને બેટો પોતીકાં માં બાપનાં હોકમમાં રહી નહી શકે તો તેને માલ ધર આપવું નહીં, કાંએ જે બેટાપર માએ બાપની રાજી નહીં જે ફરજંદે પોતાનાં માએ બાપને રાજી રાખીઆં તે ખોદાને રાજી રાખ્યો તે ખુબીએ મરતબો પાંમે. અને વાર તરણ માએ બાપને પાછો જવાબ દીએ તો મરગરજાંનુ ગુનાહ લાગે.

ગુશતાસ્પ પાદશાહે પુછયું જે જીવ શાંને કહે છે. રવાંન શાને કેહે છે. અસો ફરોહર શાંને કહે છે.

જાંમાશ્પે જવાબ દીધો જે જીવ મરતી વેલાએ જાએ છે તે એ જે-

હાંનમાં રેહે છે. અને રવાંન ઇઆને ગીઉ પેહેલે જીઆંન. હીશાબ આપવાને કાજે રવાંન થાઇઉ. અસો ફરોહરનો માએનો એજે રશતાખેજ ફરી આવશે.

ગુશતાસ્પ પાદશાહે પુછયું જે શેતાયશ બંદગી કરતાં માંથું કાં લગીન ધાંકે.

જાંમાસ્પે જવાબ દીધો જે માંથું કાંન લગેન ધાંકે, અને દીલ કમરથી તે પગનાં ગોથન લગીન ધાંકે એ રીતે ધાંકે ને પઢે તે રવા છે. નહી તો રવા નહીં.

ગુશતાસ્પ પાદશાહે પુછયું જે હાત પગ કાં લગે ધોએ.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હાથ કોપરીઆં લગેન અને પગ ગુતી લગેન અને માથું કાંન લગેન ધોએ.

ગુશતાશપ પાદશાહે પુછયું જે કેટલી જણસની અને કેટલી મરદ જોરૂ કેટલી કરે. અને જોરૂનો મરદ જીવતો છે તેને નાંખીને બીજો કરે કે નહીં.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે જોરૂ પાંચ ભાતની કહી છે. એક પાદશાહજાંન, બીજી એકંજાંન, ત્રીજી શરાયજંન, ચોઠી ચોગરજંન, પાંચમી ખુદશાહાજંન. એનો માએનો એ જે પાદશાહાજાંન પરણેલી જોરૂને કેહે છે, બીજી એકંજાંન એટલે જે તેનાં બાપને પેતે બેટાંનું ફરજંદ નહીં હોએ અને બેટીજ હોએ તેને એકંજાંન કેવાએ. તેનાં બાપની માલ મીલકત બેટીને પોંહોંચે. ત્રીજી શરાયજંન તેહેને કેહે જે, વરશ ૧૫ ની થાઇને તેનો મરદ ગુજરીઓ હોએ, એ પરણીઓ નહી હોએ. ચોથી ચોગરજણ એટલે ગગરનાંની જોરૂને. પાંચમી તે ખુદશાહાજંન તેને કહીએ જે તેનાં બાપની બેટી છે તે બેટીએ પોતાની ખુશીએ પોતાનું કારજ કરે. તેને ખુદશાહાજંન કહીએ.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે દુનીઆંની અંદર ગનું માંથું તે શું છે કે જેથી હોરમજદ તથા અમશાશપંદ દલગીર.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે દુનીઆંમાં ૪ વાતથી કાંઇ બુરૂ નહી. એક એજે જુવાન મરદ મરે. બીજું એ જે ઘરમાં તથા શેહેરમાં અધીકારીનું સુખ નહી. તરીજું જે પાસે માલ ગરથ નહીં તે સાચું જુઠું કરવું પડે. ચોઠું એ જે દુકાલ પડે. એ ચાર વાતથી હું દલગીર છું.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછયું જે ૩૦ દહાડા રૂડા ભલાં કીઆ જે કાંમકાજ કરીએ. તે દનથી ખાશીયત તથા શીફત હોએ.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ ૩૦ દહાડામાં કાંમ ભલાં રૂડાં કરીએ. તથા નહી કીજીએ તેપર છે.

હોરમજદ. એ દન ગણીજ પાકી ગોંશલ કરે. નવો વાગો પેહેરે, કરે. તથા ગોશપંદ ખરીદ કરે. અમારત બંધાવે. તથા વેવશાલ કરે. હરેક રૂડાં

કાંમ કરે. કોઇ આજારી પદે તો હઇઆતીસે વેહેલો નરો થાએ. શાપ દીઠો હોએ તે રૂદો હોએ. નખ કેશ ઉતરાવીએ, ગોશલ કીજીએ, ફરજંદ આવે તો નેક બખત હોએ. ખુઆબની તાશીર તે દનજ ફલે. હરેક શોદો લીએ, વેપાર કરે. હરેક મુરત કરે. જે નાહાસે તથા વશતર જાએ તે સેતાબ આવે.

બહુમન. એ દન નવાં વશતર પેહેરવાં. વાજબી ગોશપંદની ખીદમત કરે. ખુશાલી વેવશાલ કરવું. ખુશાલી તથા રાંમશની તથા ખેતુઓદથમનું કાંમ કરવું. જે આજારી પદે તે ગણાં દાહાદા ભોગવે. ઓસદ નહીં કરવું. ખુઆબનું ફલ દન ચારે ફલે. ખબર શાંભલીએ તે જુઠી હોએ. એ દન નાંસે તે સેતાબ નહી આવે. જો શાપ દીઠો હોએ તે માથો હોએ. ઘોડાપર તથા બલદપર શવારી નહી કીજીએ.

અરદીબેહેશત. એ દન આતશ નેઆશ તથા ખીદમત ગણી કીજીએ. હરેક કાંમ બીજુ નહી કરીએ, જો કરે તો પસેમાંન થાએ. ખુઆબનું ફલ દન ૨ માં ફલે. જે ખબર શાંભલીએ તે જુઠી હોએ. જો શાપ દીઠો હોએ તો કોઇનું મરણ દેખે. ફરજંદ આવે તે શુભ હોએ અને આયુશ થોડું હોએ. નાંશી જાએ તે ફરી નહી આવે. ખરીદ કાંઇ નહીં કીજીએ.

શેરેવર. એ દન તમાંમ ધાતુનાં વાશન શમારી પાક કરીએ. નવા વાશન વેચાતાં લીજીએ. જે કારજ હરેક કરે તે મુબારક હોએ, આદરનું તથા વેહેવા તથા ગગરનું. ચોપગ ઢોર શરવે ખરીદ કરી લીજીએ. એ દન ખેરાદ કરીએ. જે દરદ તથા આજાર હોએ તે ભાગે. શેકાર કરીએ. નવાં વશતર પેહેરીએ, શફર કરીએ. છોકરો આવે તે નેકબખત હોએ. પણ તેનાં દુશમન ગણાં હોએ. ખુઆબનું ફલ તેજ દન લાભે. ખબર શાંભલીએ તે સાચી હોએ. જે વસ્તુ ગઇ હોએ તે ફરી નહીં આવે. જો શાંપ દેખે તો કોઇ શગો તરત આવી મલે તેથી ખુશાલી હોએ.

અશાપનદાદમદ. એ દન ખેતીવાડી કીજીએ જમીન વેચાતી લીજીએ, એ દન હરેક કામ કાજ નહી કરીએ. એ દન ફરજંદ આવે તે કમ તાલે હોએ. આજારી હોએ તે શેતાબ શારૂ થાએ. ખુઆબનું ફલ દન ૨૦ માં પાંમે. ખબર શાંભલીએ તે સાચી હોએ. જે નાંશી જાએ તે ફરી નહીં લાભે. જો શાપ દીઠો હોએ તો લાભ હોએ.

ખોરદાદ. એ દન ખુશાલી, વેવાજન કીજીએ. નખ, કેશ લેવાદીએ. ગોશલ કીજીએ. કપદાં પેહેરીએ. છોકરો આવે તો નેકબખત હોએ. ખુઆબનું ફલ તેજ દન લાભે. ખબર શાંભલીએ તે સાચી હોએ. નાશી જાય તે ફરી નહીં લાભે. એ દન શાપ દેખીએ તો તેજ દન શફરે જવું પદે. પણ લાભ હોએ.

અમરદાદ. એ દન તરકારી બીજ વાવીએ, ઝાદ જમીનમાં રોપીએ, ઝાદ કાપીએ નહી. હરેક કાંમકાજ નહી કીજીએ. જો ફરજંદ જણે તો મુંવેલું જણે. યાયુશ તુંકું હોએ. ખુઆબની તાશીર દન ૨૦ પછી પાંમે. માંદુ પડે તો ઘણું રીએ. ખબર શાંભલે તો માંથી હોએ. જે નાશી જાએ તે ફરી નહીં આવે. જો એ દન શાપ દીઠો હોએ તો ફીકર પેદા થાએ.

દેપાદર. એ દન ગોશલ કરે, નવાં કપડાં કરે. ચોપગાં ખરીદ કરે, વેહેવાહ કરે, આદરની કરે, ઘર બાંધે. જે માંદો પડે તે ઉતાવલે નરો થાએ. ફરજંદ જણે તે નેક બખત હોએ, અને દીનદાર હોએ. એ દન જે ગીઊ હોએ તે તેજ દન હાથ લાગે. ખુઆબનું ફલ દન ૧૦ માં લાભે. એ દન શાપ દેખે તો દેલની મોરદ પાંમે.

આદર. એ દન શફર કીજીએ. ખાંણું ધણું પકાવીએ નહી. એ દન કાંઇ રૂદાં કાંમ નહીં કીજીએ. ફરજંદ આવે તો ચોર હોએ. જેને તાવ આવે તથા અજારી પદે તો ગણાં દીન રીએ. ખુઆબનું ફલ દન ૧૦ માં લાભે. ખબર શાંભલીએ તે જુઠી હોએ. નાંશી જાય તે નહી લાભે. એ દન શાપ દેખે તો ખુશી ગણી પાંમે.

આંવાં. દરીઆની શેતાયશ બંદગી ગણી કરીએ. ગોશલ નહી કરે. ઘરની અમારત કરે. ખેતીવાદી કરે. ખબર લખે. ઘોડો ખરીદ કરે. કોઇ પાશે અનામત નહીં આપીએ. ફરજંદ આવે તે નેક બખત હોએ. આજારી પદે તે શેતાબી શારૂં થાએ. ખુઆબનું ફલ દન ૧૦ માં લાભે. ખબર શાંભલીએ તે સાચી હોએ. જે નાંશી જાએ તે ફરી નહીં આવે. જો શાપ દીઠો હોએ તો મકશુદ હાંશલ થાએ.

ખુરશેદ. એ દન શેતાયશ બંદગી ગણી કરીએ. છોકરાંને નીશાલે મેલીએ, ખુશાલી કરીએ. ફરજંદ આવે તો કમબખત હોએ. વેવશાલ નહીં કીજીએ. રૂદાં કાંમ નહીં કીજીએ. આજારી પદે તો શેતાબ શારૂ થાએ. એ દન મેહેનત નહીં કીજીએ, એ દન શાપ દેખે તો દુરથી ખુશાલી શાંભલીએ.

મોહોર. એ દન ખુશાલી રામશની કીજીએ. મોહોર ઇજદની નેઆશ બંદગી ગણી કરીએ. ફરજંદ આવે તે નેક બખત આવે. ખુઆબ દેખે તેનું ફલ. દન ૫ માં ફલે. ખબર શાભલીએ તે ખરી હોએ. જે જાએ તે શીતાબ હાથ લાગે. એ દન વેવશાલ વેવાહ કરીએ. જમીનનું રૂદું કાંમ કીજીએ તથા ઘર બાંધીએ. એ દન અનામત નહી મેલીએ. જે કોઇ અજારી હોએ તે વેહેલું નરૂ થાએ. ખબર શાંભલીએ તે જુઠી હોએ. એ દન શાપ દીઠો હોએ તો ગણોજ માઠો. દુશમન ઉભો થાએ.

તીર. એ દન તીર અંદાજીનો હોનર શીખે. હરેક રૂદાં કામ નહીં કી-

જીએ. હરેક હુનર કરે તથા શીખે. બંદગી કરે. ફરજંદ આવે તો કમતાલે હોએ. અજારી પદે તે જેમ્તત દેખે. ખબર શાંભલીએ તે જુઠી હોએ. નાહાશી જાએ તે ફરી નહીં આવે. ખુઆબનું ફલ દન ૨૦ માં ફલે. જો એ દન શાપ દેખે તો લાભ હોએ.

ગોશ. એ દન ખુબી કરે જે રાંમશની પોંહોંચે. ખરીદી કરે. ખુશાલી કરે, આદરની તથા વેહેવા, રૂદાં કાંમ કાજ કરે. નવાં કપડાં વેતરાવી પેહેરે. ઓખદ નહી કીજીએ. ફરજંદ આવે તે નજુમી હોએ. આજારી હોએ તે શેતાબ વારૂ થાએ. ખુઆબનું ફલ દન ૨૦ માં લાભે. ઘર બાંધે. વસ્તુ જાએ તે નહીં લાભે. ખબર શાંભલીએ તે જુઠી હોએ. જો એ દન શાફ દેખે તો ઉતાવલું શફર ગાંમ જાવું પદે.

દપમેહેર. એ દન ગોસલ કરે નખ તથા કેશ ઉતરાવે જમીન ખરીદ કરે. શહલા કરે. નીશાલે છોકરાંને મેલે. ફરજંદ આવે તે દાનાવ હોએ. એ દન શેતાયશ ગણી કીજીએ. અનાંમત નહી મેલીએ. આજારી હોએ તેજ દન શારૂ થાએ. બંધ પડે તો રીએ. ખુઆબનું ફલ તેજ દન લાભે. ખબર શાંભલીએ તે શાચી હોએ. નાંશી જાએ તે નહીં આવે. જો એ દન અજદા દેખે તો શારૂં હોએ.

મેહેર. એ દન મીઅજદ કરે. જે કબદાયું હોએ તથા કમોલાયું હોએ તો મેહેરની નીઆશ કરે. એ દન ઘોડા ઉપર શવારી કરે, શેકાર કરે, જમીન ખરીદ કરે. ગોશલ કરે. નખ કેશ ઉતરાવે, નવાં કપડાં પેહેરે, બીજ રોપે, ફરજંદ આવે તે શારૂ હોએ. પણ જોરૂ મરે. ખબર શાંભલીએ તે જુઠી હોએ. જે જાએ તે નહીં આવે. એ દન શાંપ દેખે તો એકાએક ગાંમ જાવું પદે.

શરોશ. એ દન શેતાયશ ગણી કીજીએ. એ દન રૂદાં કાંમ નહીં કરવાં કરે તો વીઘન ઉપજે પણ ખેર કરે. એ દન ફરજંદ આવે તેની ઉમર દરાજ હોએ; પણ તે મશતીખોર હોએ. આજારી પદે તે નહી જીવે. બંધ પદે તે શીતાબ છુતે. ખુઆબની તાશીર તેજ દન ફલે. ખબર શાંભલીએ તે શાચી હોએ. જે વસ્તુ જાએ તે શીતાબ હાથ આવે. એ દન શાપ દેખે તો નવાં વશતર પેરાવે.

રશને. એ દન શેતાયશ મીઅજદ રાશતી કરે. રાશતી બોલે. ઓખદ કીજીએ. ફરજંદ આવે તે નેક,બખત હોએ. ખુઆબની તાશીર દન ૧૫ માં ફલે. જેને તાવ આવે તે શીતાબ આરામ થાએ. જે કાંઇ જાએ તે ફરી નહી લાભે. ખબુર શાંભલીએ તે શાચી હોએ. જો એ દન શાપ દીઠો હોએ તો મુંથો, દુશમન કોઇ ઉથી ઉભો થાએ, માંથું વાદે.

ફ્રવરદીન. એ દન ગોશ નહીં ખાએ. અશોનાં રવાંનને ખજાવે. મુક્તાદમાંને આરાધે. એ દન હરેક કાંમ કાજ કરે. શફર જાએ. અનાંમત મેલે. નવાં કપદાં પેહેરે. નવાં વશતર વેતરાવે. ફ્રરજંદ આવે તે નેક કદમ હોએ, ખુઆબનું ફ્લ દન ૮ માં તથા ૧૦ માં ફ્લે બીમાર હોએ તો આજાર ખેંચે. ખબર શાંભલીએ તે શાચી હોએ. જે નાંશી જાએ તે શીતાબ આવે. શાપ દેખે તો ખુશાલી પાંમે.

બેહેરાંમ. એ દન ખુશાલી પાંમે. મીઅજદ આફ્રરગાંન કરાવે. દુશમનશે જગદો કરે તો તેપર જીતે. જે ખુદા પાશે માંગે તે હાજત પોંહોંચે. એ દન સહવારથી તે બપોર લગીન શફ્ર કરે. બપોર પછી કાંમ નહીં કરે. ફ્રરજંદ આવે તે બખતાવર હોએ. નજુમી હોએ. અજારી પદે તે હેરાંન થાએ. ખુવાબનું ફ્લ દન ૬ માં ફ્લે. ખબર શાંભલે તે દન ૭ માં ફ્લે. એ દન શાપ દેખે તો માંથો હોએ.

રાંમ. એ દન મુરત કરે. વેવાર તથા વેવશાલ તથા ઘરણું તથા ગમતરૂ એ દન શરવે કરે. ઓખદ નહીં કીજીએ. રાંમશની ખેરાદ કીજીએ. નખ કેશ ઉતરાવે. ફ્રરજંદ આવે તે એબદાર હોએ. આજારી પદે તો નહી જીવે. ખુઆબનું ફ્લ દન ૮ માં ફ્લે. ખબર શાંભલીએ તે જુઠી હોએ. જે કોઇ જાએ તે હાથ નહી લાગે. એ દન શાપ દેખે તો કલેશ કરાવે.

ગોવાદ. એ દન ખુબ બુનીઆદી અમારતનાં કાંમ કરે નહીં. ફ્રરજંદ જણે તે બજરોગવાર હોએ. ખુઆબ શેતાબ ફ્લે. ખબર શાંભલીએ તે સાચી હોએ. જે નાશી જાએ તે નહી લાભે. જો એ દન શાપ દેખે તો માંથો હોએ.

દેપદીન. ગોશલ કરે. હરેક કારજ કરે. વેવશાલ, વીવાહ કરે. વાગા વેતરાવે. હરેક વસ્તુ પેહેદે, ખરીદ કરે. માંદો હોએ તે જેમત ખેંચે પણ જીવે. ફ્રરજંદ જને તે નેક ખુઆ હોએ. ખબર શાંભલીએ તે શાચી હોએ. ખુવાબ દેખે તે માંથો હોએ. રંજ ખેંચે.

દીન. એ દન હરેક દીનનું કાંમ કરે. ફ્રરજંદ આવે તે શેતાબ મરે. માંદો પડે તે જીવે. એ દન બીજાં રૂદાં કાંમ નહીં કીજીએ. ખુઆબની તાશીર દન ૧૦ માં ફ્લે. ખબર શાંભલીએ તે શાચી હોએ. નાંશી જાએ તથા કાંઇ ખોવાય તે નહીં આવે. જો એ દન શાપ દેખે તો મોરાદ શારી પાંમે.

અરશેશંગ. એ દન જનશ ખરીદ કરવી હોય તો કરે તો મુબારક હોએ. ફાએદો ગણો છે. પણ વેચે નહી. અને શાહાદી તથા ખુશાલી નહી કરે. એ દન જેને આજાર થાએ તે ઘનું દેવાનું થાએ. ખુઆબનું ફ્લ દન ૮ માં ફ્લે. ખબર શાંભલી હોય તો જુઠી પદે. ફ્રરજંદ આવે તે શુભ હોએ. નાશી જાએ તે નહીં લાભે જો એ દન શાપ દેખે તો ફીકર પેદાં કરે.

આશતાદ. એ દન મીઅજદ કરે. એ દન ગોશપંદને શહુલા કરાવે, શોબત કરાવે. તથાં આદમી પોતીકી જોરૂશે શોબત કરે તો ખુબ ફ્રરજંદ આવે. હરેક રૂદાં કાંમ, રૂદી અમારત કરાવે. ખુવાબનું ફ્રલ દન ૨ માં ફ્લે. ખબર શાંભલી હોએ તે સાચી થરે. આજારી પદે તે સેતાબ સારૂ થાએ. જે વશતર જાએ તે શેતાબ લાભે. જો એ દન શાપ દેખે તો લાભ હોએ.

આંશમાંન. એ દન ગમાતરૂ કરે લાભ છે. એ દન શરવે કામ કરીએ. ગોશલ કરીએ. નવાં કપદાં વેતરાવે તથા પેહેરે. ફ્રરજંદ આવે તે ખુબ હોએ. નાંશી જાએ તે ફ્રી પાછું આવે. ખુવાબનું ફ્લ દન ૮ માં ફ્લે. ખબર શાંભલીએ તે શાચી હોએ. જો એ દન શાપ દેખે તો માંથાં હોએ તથા બોહોતાંન ચહદે.

જમીઆદ. એ દન હરેક કાંમ રૂદાં કરે. વેવશાલ કરે. ફ્રરજંદ આવે તે નેક બખત હોએ. જેને આજાર હોએ તે વેહેલું સારૂં થાએ. ખબર શાંભલીએ તે શાચી હોએ. જે નાંશી જાએ તે શીતાબ આવે. અને એ દન શાપ દેખે તો ખોદાઇ દાદ ખુશાલી હોએ.

મારેસ્પંદ. એ દન ખુશાલી કરે. કપડાં વેતરાવે, પેહેરે. શાદી કરે. ખુશાલી કરે. હરેક રૂદાં કાંમ કરે. ફ્રરજંદ આવે તે ગણો નેક બખત હોએ. નખ, કેશ ઉતારવાં. કાગલ ચલાવે. ખબર શાંભલીએ તે શાચી હોએ. નાંશી જાએ. તે હેરાંન થાએ. ખુવાબનું ફ્લ તેજ દનમાં ફ્લે. શાપ દેખે તો મારે.

અનહેરાંન. એ દન ભલો. નખ, કેશ ઉતરાવે. શેતાબ કરે. ફ્રરજંદ આવે તે નહીં જીવે. અને જીવે તો આયુશ થોદા હોએ. હરેક કાંમ રૂદાં કરે. વેવશાવ વાદી કરે. ખુવાબનું ફ્લ દન ૧૧ માં ફ્લે. જે ખબર શાંભલીએ તે શાચી હોએ. જો શાપ દેખે તો માંથો હોએ.

ગોશતાસ્પ પાદશાહે પુછ્યું જે પરીનાં તોલાં કેટલાં છે તે દેવનાં છે કે ખોદાઇનાં છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે પરીનાં તોલાં ૫ છે તે દેવની તરફ છે. તેમાંથી એક તોલો ખોદાયની તરફ ગયો છે. અને ૪ તોલા છે તે દેવનાં છે. જરથોશતનાં વખતથી જમીન તલે ગયાં છે, બાકી એ તોલો રહીઓ તે ખુરશેદની તરફ બેશે છે. તે પરીનાં શર ઉપર આફ્તાબનું તખ્ત ધરીઉં છે. તે માંહે ખુરશેદ ઇજદ બેશે છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે આદમીની જાત પર પાંચ ચીજ છે તે શી છે, તેનું કાંમ શું છે.

જામાસ્પ. હકીમે જવાબ દીધો જે આદમી મરે છે તેવારે તે ૫ ચીજ બેહેશતી છે. એકનું નાંમ જીવ, બીજાનું નામ રવાંન, ત્રીજાનું નાંમ

અખો. ચોથાનું નામ બોય. પાંચમાંનું નામ ફરોહર. એક ચીજ આદમીની જાતમાં મેલેલી છે. તે મીનોઇ છે. હરેક કાંમ ઉપર છે. પેહેલો જીવ, બીજું રવાંન, ત્રીજું બોય. ચોથું અખો, પાંચમું ફરોહર. એ પાંચે વસ્તુથી આદમીની જાતમાં અકલ હુશીઆરી તથા કઉઅત એ આપે છે. જીવ તે વાની મીશાલ ફરે છે, તેથી ચાલીએ છીએ. અખોનું કાંમ એ છે જે અકલ કાંમ કરાવે. રવાંનનું કાંમ એ જે જેવારે જીવ જાએ તેવારે પુલ ઉપર હીશાબ આપે છે. ફરોહરનું કાંમ એ જે તમાંમ તનને દલાશો દીએ છે, જે આપણે ખુબી જોઇ ફરી આવીશુ, જેમનાં તેમ ફરી જીવતાં થાઇશું અને આખર હજારો દેખીશુ. રવાંનને તથા બોએને વાહી, દેવ ફરેબ દીએ છે જે બેહુને બુરાઇ કરાવે. બુરાઇ કરવા ઉપર રાજી છે. અને તમાંમ ચીજ લખી છે, તે જીવની યારીથી જાતમાં રહીશકે. એ ચેહારે ચીજબી શાથે નીકલી જાએ છે. શા માટે જે જીવ વનાં જાતમાં રેહેવાય નહી. અને જીવની શાથે એ ચેહારે ચીજ નીકળે તેવાર જીવ વાની શાથે ભલાએ, એટલા માટે જે અખોએ તો કાંઇ જાતમાં ગુનાહ નથી કીધો માટે મીનોશે ભેલાએ. અને રવાંન, બોએ, ફરોહર તરણ એક એકશે ભેલાએ, અને હેશાબ શુમાર આપે. જાતને તથા જીવનેકાંઇ હેંશાબ આપવાનો નહીં. અને તજારકબી નહીં. અને રવાંનને જે કેતેતજારક કરે. જીવ વાહ તથા તાઘની મીશાલે છે. જીવ જાએ તો વાહાસે ભેલાએ. હાદ તથા રગ જમીનસે ભેલાએ. પીપ તથા લોહી પાંણીસે ભેલાએ. તથા બાલ ઝાદસે ભેલાએ. અને શરવે ચીજ રશતાખેજ લગીન મીનોને સોંપી છે તે રશતાખેજ ફરી જીરતાં કરસે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ચાંદ શી રાશે શારો માંથો અને મોહોર ઇજદ શામું જોઇએ તેવાર બીજી ચીજશું જોઇએ.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે મેખ રાશે આતશની જોત જોવી. વરખ રાશે ગાય તથા બલદને જોવા. મીથુન રાશે પાક અશો મરદને જોવો. કરક રાશે વેહેતાં પાણીને જોવું. શહી રાસે આંશમાંનપર જોવું. કનીઆ રાશે પાદશાહ કુશતી કરી જોએ. તોલા રાશે શુનું તથા આરશી જોવી. વરસચકર રાશે દાંનાં મરદને જોવો. ધન રાશે રૂપું જોવું. મકર રાશે અશેમવોહુ પઢવી. કુંભ રાશે ઇઅથા અહુવઇરીઓ પઢવી. મીન રાશે નગીનું તથા જવેર જોવાં. એ લખીઆ માફક ચાંદ જોએ અને એ ચીજ લખી તે જોઇને શવારી કરે તો કાંમ ફતે થાએ.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હરેક જગે જઇએ તેવારે કીઆ શગન શારા તથા માંથા તે મને કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ૨૮ શગન શારા છે. ૧ કનેઆં

૨ ગાએ ૩ ભેરદ જે વજાદે છે ૪ દહી ૫ ફુલ ૬ મેવો ૭ ઘોડો ૮ વેશાહા ૯ પઢનાર અંધેઆરૂ ૧૦ ભરેલો ઘડો ૧૧ તાદીનો ઘડો ૧૨ આતશને તેમાં ધુંઇ નહીં. ૧૩ પાદશાહા તથા હાકમ, અમલદાર ૧૪ હાથી ૧૫ આરશીવાલો ૧૬ પંખી લઇ જાતો. ૧૭ ભાત, અનાંજ ૧૮ શેરદી ૧૯ દોસ્ત ૨૦ મશતીખોર ૨૧ વેવશાહ ૨૨ મુરદું ૨૩ કાચ્ચું ગોસ્ત ૨૪ નગારાં નીશાંન ૨૫ જુવાન મરદ ૨૬ શીપાઇ ૨૭ શોહાશન ૨૮ બાલ કુંવારી છોકરી ઘરેણાંની પેહેરેલી એ શગન શારા જુમલે ૨૮ છે.

માથા શગણ ૩૨ લખેઆં છે. ૧ ખીલાદો ૨ દસ્તાંન બેઠેલી ઓરત ૩ કુતુંબ કલેશ ૪ ભેંસ, પાદો. ૫ બાહાર નીશરતાં દીલપરનું કપડું પદે ૬ મોહોદામાંથી કોઇ ભુદું બોલે ૭ રીશ તથા ગુસ્સો કરવો ૮ કોઇ કેહે જે નહીં જાવો ૯ ભાતનાં છાલાં ૧૦ તેલ ૧૧ દુશમન ૧૨ રૂ, કપાશ ૧૩ રાખ ૧૪ ચાંમદાં ૧૫ લાકદાં ૧૬ ઓશદ લાવતો ૧૭ છાશ ૧૮ માંદુ ૧૯ મીઠુ ૨૦ ગોલ. ૨૧ મતોદી ૨૨ શાપ ૨૩ આંધલું ૨૪ તેલ લગાદેલો ૨૫ આંશ ૨૬ મોહોદુ ઓદાવેલો ૨૭ ચરકીનનાં કપદાં ૨૮ એબદાર જેથી કાંઇ નીપજે નહી. ૨૯ ધોબી. ૩૦ જાતો ગોશાંઇ ૩૧ રાંદી જોરૂ ૩૨ રડતું કુનરૂં એ ૩૨ અપશગન કહીઆ છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે પેગમબર શાહેબને કહી જે શેતાબ વાત એક કરે તે કહી.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ૫ વાત હુરમજદે ફરમાવી છે. એક એ જે કરજ શેતાબ આપે, કાંએ જે વાતે જાતાં કેથું મરે તો કરજનો ભાર માંથે રેહે નહી, અને કરજ પેલી જેહાંનમાં આપવું પદે નહી. બીજું એ જે સુતેથી ઉઠે તેવાર ફરજનાં શવાબની કોશેશ કરે. ફરજનાં જંદ અવસ્તા શેતાબી પદે એટલા માટે જે કજાને ચાલી નહીં આવે અને મરે તો શરપર ભાર નહીં રહે. બીજાં શવાબથી નહી છુટે. તરીજું એ જે શેતાબી પરનાંવે જે ફરજંદ કાંઇ બદ ફેલ કરે નહી. જો નહી પરનાવે તો તેનાં બાપની ગરદન ઉપર ભાર રહે. ચોથું એ જે તારે તાં મેજબાંન આવે શેતાબી તેની ચાકરી ખીદમત કરે. દુનીઆંમાં. મેજબાંનથી કાંઇ અદકું નહીં. તથા દીનને ખાતર અશો પાકનાં રોજગાર કરે. શીતાબી કરે. જે તે મુકતાદમાંથી તુને મદદ હોએ. માંતે માબાપ ખેશ કબીલાનાં રોજગાર કરતું રેહે. અને અનજુમનમાં એક હમકારે તથા તમાંમ અનજુમનથી એકજ ખશનુંમને તથા એક આફરગાંને એકથી કરે તો તે વાજબી છે. પાંચમું એ જે કોઇ મરે તેહેને શેતાબ દાદગાહા દુખમેં પોંચાદે, જે દીનમાં એમ ફરમાવીઉ છે જે જે કોઇ મરવા પદે તેને, શેતાબ ગોશલ કરાવે તેવાર શગદીદ કરે. જે

નવે નારાંને શગદીદ થાએ. કફન પેહેરાવે તથા બંધ પાંચ બાંધે. કફન જુનું હોએ તે દરૂશત રાખે. જેમાં નવો દોરો નહીં હોએ તે પેંહેરાવે. જમીનપર મેલે. પછી શગદીદની હાજત નહીં પણ તેનાં દીદાર તથા પેશાની ઉગાદી રાખે જે ગેહે સારે તાં નવે નારણુની હાજત નહી રેહે. જે બંધ બાંધીઆ તે નરદાં શાતની હાજત નહી. માટે ગેહે શારતાં ચશમ પેશાંનીનેજ શગદીદ ગતે. પછી રવાંનને દાદગાહ પોહોચાદે અને નશાશાલા શુગર દાંનાવ જોઈએ. અને મહમબારની ફરજ છે. બરશનુમ લીએ તથા હેરબુદ કરે. શરોશ તરણું, ગેથી ખરીદ, વંદીદાદ ઇજાવે. હમાયેસ્ત, જંદરવાંન એટલી ફરજ ગુજારે.

ગોશતાશપ પાદશાહે પુછયું જે કંગદેજ પરશાદ કાંહાં છે. અને વરજમ કરદ ગુફો જે જમશેદ પાદશાહે વસાવ્યો છે ભોયરાંમાં તે વરજમ કરદ કાંહાં છે અને તે શેહેર, તથા શાંમ કરીને કેહે છે, તથા કેરશાશ કરી કહે છે તેનું કાલબુદ તથા દુખમુ કહાં છે, અને તરણ પાઉનો ખર જેને ખરતલ કહે છે, તે કીઆ દરીઆવમાં છે. અને હોમનું ઝાદ કીઆ દરીઆ-વમાં છે, જે રશતાખેજ શરીર શમારશે અને અમરગ કરશે તેથી મનીશ શાફ નીરમલ થાશે. અને ગોપતશાહાનું રેથાંન કીઆં છે. અને તેની એહક કોણ જગે છે. અને ખરમાહી કહાં છે અને કહાં પેદા કીધીચ. તેનો ફાએદો શું છે, અને કોણ દરીઆવમાં રહે છે. શીમુરગ પંખી કહાં છે તે શું કાંમ કરે છે. તથા શરોશનું રેહાંન કહાં છે તથા જુવાક તાજી કહાં છે. તેને કહાં બંધ કીધો છે. અને તે શું કરે છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે કંગદેજ ઉગમનની તરફ છે, અને શતવશ શેતારાની નજદીક છે, અને કંગદેજ ઇરાંણ ગવેજની શીમમાં છે. તેની હદમાં છે. કંગદેજનો ફેરાવો ૭૦૦ ફરસંગનો છે. તાં દેવ દાખલ થઈ નહીં શકતા. તે કંગદેજમાં ખાંન ૭ ધાતુની છે. અને મોહોલ શુનાંનો છે. અને બાગ હરેક તરાંનો છે. ગરમી તથા શરદી તથા તાહાદ કાંઇ નહી અને તે તોલો તદન પાક છે. અને તાંનો શરદાર પેશુતન છે. તેની શાથે ૧૫૦ દશતુર ગયા છે. તે હઇઆત છે. ઇજિશને કરે છે. અને વરજમ કરદ ગુફો ઇરાંણ ગવેજ જમીનની હેથે તરણ દીશાએ છે. તે જગે બેહેદીન છે. તે રવાંન દોસ્ત છે તાંહાં વરશ ૩૦૦ જીવે તથા વરશ ૪૦ થાએ તેવારે ફરજંદ ૨ જણે એક બેટો ને એક બેટી. જોદું જણે તેમાં કોઇ મરે નહી. તેમાં અદકું ઓછું નહીં થાએ. અને તે વરજમ કરદમાં ફલીઆ તરણ છે. તેમાં ફલીઓ એક તેમાં જોદાં૯૦૦ તથા બીજા ફલીઆમાં જોદાં ૬૦૦ છે. તરીજાં ફલીઆમાં જોદાં ૩૦૦ છે. તેમાં નહી વધે અને નહી ખુટે. એ શેહેરનો દોર ૬ ફરશંગનો છે તેમાં ૨ ફરશંગ આબાદાંત બાંગ વાદી છે. તથા ફરશંગ ૨

ખેતીવાડી છે અને ત્યાં નદી ૪ છે. તેમાં ૧ દુધની, ૨ દારૂની, ૩ ગીર્ઈની, તથા ૪ મધની છે. એ ૪ નદી તાં વેહેતી છે. તાં કોઇ જીઆંગાર નહી. આલ શકતાં આદમીનું તથા ગોશપંદનું તથા પંખીનું તથા હરેક ભાંતની પેદાયશનું બીજ તાંહ રાખેયું છે. તમાંમ દુનીઆં તાં શાંતીઓ છે. એટલા માટે જે મલકુશ દેવ રશતાખેજ તાહાદ તથા જાદુગરી કરશે. તેથી શરવે પેદાઅશમાં ચીજ મારશે. તેવાર તે ગુફામાંથી શરવે રાખીઓ છે. તે શરવે પેંદાયશ કાહાદશે. તે ગોફામાંથી કાહાદીને શરવે મુલક આબાદાંન કરશે પણ દાન થાશે.

કેરશાશપનું રવાંન તથા કાલબુદ તારા જંગલમાં છે તથા દુખમું બાંધી રાખીઓ છે. દેમાવંદ કોહની નજદીક છે. તે ઝાદ ત્યાં મેવો તથા અનાજ કાંઇ નહી. તથા શુનાંનું પરશુ ઉગે છે. તે કેરશાશપની દેહ રાખવાને કાજે હોરમજદે ૯૯૯૯ અશો ફ્રોહર પાશબાંની કરવા મેલ્યાં છે. જે દેવ દરૂજ તેના કાલબુદને હલાવી નહીં શકે. ખરાબ કરી નહી શકે. માટે તેની અશો ફ્રોહર તથા ફ્રેશતા પાશબાંની કરે છે. એટલા માટે જે રશતાખેજે ફ્રીથી ઉભા થાશે અને નાપાક જુવાક દેવને મારશે.

શરોશનું રેહેવું અરજે તથા સવેહ દીપમાં ગણું છે. અને તમાંમ દુનીઆંમાં રેહેવું તથા ફ્રવું. એક રાતમાં સાત વાર તમાંમ દુનીઆંમાં ફ્રે છે. એ દુનીઆંનો પાદશાહ શરોશ છે. શરવે જીવતાંનો તથા મુવાંનો રાત દન દેખરેખ રાખે છે.

ખરતાલ. અને એ તરણ પાંઉનો ખર એને ખરતાલાત કરીને કેહે છે. તે ખરે જરેવરકશ દરીઆવ માંહે રેહાંણુ કરીયું છે. જે દરીઆનું પાંણી હરરોજમાં વાર એ દોજખમાં જઇને દોજખની નાંપાકી શરવે ધોઇ પાછું આવે છે. તેથી દોજખી રવાંન આશુદું રેહે છે. નહી તો નાંપાકીથી શરવે દોજખ પુરાઇ જાતે. પછે જેવારે દોજખમાંથી પાણી પાછું આવે છે તે ખરાબ થાએલાં પાણીમાં નાપાકી તથા નશાબી આવે છે. તે જગે હોરમજદે ખર પેદા કીધો છે. અને એવે જગે મેલ્યો છે જે જેવારે તરણ પાઉ મલે, અને ૬ ચશમે જોય તેવારે દરીઆવ ભરાઇ શરખું થાઇ રહે. જો એક પાવ તથા બે ચશમ ઉગાદે, ઊંચુ જોય તેવારે ભરાવા માંદે અને જેવાર બીજો પાવ તથા ચશમે દરીઆવમાં જોય તેવારે દરીઆવ ઓશરે. તે દોજખનું પાણી આવે તેવાર પાઉ ૩ તથા ચશમ ૬ એ જોય. તેવારે દરીઆવમાં પાક તથા શરખું થાએ. અને દોજખમાંથી પાંણી આવે તે પર તે ખરની નજર પદે તેથી તે પાંણી પાક થાએ. તાંહાદું પણ થાએ. પછી તે પાંણી શરવે જહેર, વરકશ દરીઆવમાં આવે તાંહાંથી, સંધે જાએ. એ હોરમજદે અંર

એવો પેદા કરી મેલ્યો છે જે તે શરવે યોજદાથગરથી પાક થાએ.

હોમનું ઝાદ રશતાખેજે શરવેનું શરીર શમારશે તેબી જરેહ વરકશ દરીઆવમાં અગવદે થામ દરીઆવમાં ઉગેઉ છે. તે હોમનું ઝાદ જાલવવા, પાશબાની કરવાને ખાતર ૯૯૯૯ અશો ફ્રેરોહર ચોકી કરવાને મેલ્યાં છે.

ખરમાહી. તે હોમના ઝાદની આશપાશ ફ્રરવાને શારૂ નાપાક શેતાંને ખરવશતર ગણાં પેદા કીધાં કે ઝાદ ભાંજે. તેવારે હોરમજદે તે ઝાદ જાલવવાને ક્ષજ ખરમાહી પેદા કીધી છે. તે ઝાડની આશપાશ ખરમાહી ફ્રરે છે, તેથી ખરવશતર હોમનાં ઝાદ આગલ જઇ શકતું નથી. જેવાર ખરમાહી બોલે છે તેવારે તેનાં પોકાર શાંભલે છે. એ પોકાર શાંભલીઆથી ૧૦૦૦૦ ખરવશતરનો હમેલ તુટી પદે છે. અને હોરમજદની પેદાયશને હમેલ રેહે છે.

ગોપતશાહ અગરેરશનો બેટો ઇરાંનવેજગ રહે છે. અલબરૂજ ઉપર. તે હમેશ દરીઆ કીનારે ઇજશને ઇજીને તેનો જોર દરીઆવમાં નાંખે છે. તેથી ખરવશતર મરે છે. જો જોરનું પાંણી દરીઆવમાં નહી નાંખે તો વરશાદને દન ખરવશતરનો વરશાદ વરશે.

શીમુરગ પંખી નું કાંમ એ છે જે ખોદાતાલાએ કીનારે એક ઝાદ પેદા કીધું છે તે ઝાદપરથી શીમુરગ પંખી જણાવર ઉદે તે ઝાદને ૧૦૦૦ દાહાલ નીકલે છે. તે ૧૦૦૦ દાહાલને જુજવાં જણુસનાં બીજ પાકે પછે તે ઝાદપર શીમુરગ આવી બેશે તેવારે તે ઝાદની ૧૦૦૦ દાહાલ ભાંજે અને શરવે બીજ પદે.

ચમરૂશ જે મુરગ કયો છે તે એક જોદુ મુરગનું પણ કહીયું છે. તે મધે એકનું નાંમ અમરશ અને બીજાનું નામ ચમરશ. તે બેહુ મુરગનું કામ એ જે અમરશ મુરગ પેહેલાં ઝાદપર બેશીને શરવે બીજ પાદે, એક એક દાલ ભાજી શરવે બીજ હેથું નાખે તે શરવે અમરશ પોતીકી બેહુ પાંખે વીંજોદીને દરીઆવમાં નાંખે છે. તે પાણીની શાથે તમાંમ વાદલમાં જાએ. પછે તે વાદલમાંથી સગલાં બીજ પાણીની શાથે જમીન પર પદે તેથી હરેક ભાતનાં ઝાદ ઉગે.

વાદલ. ભેશને આકારે છે પણ તેનાં માંથાંમાં જીવ છે અને અલબરૂજ પર રેહે છે. તેની દીલ મોહોએ નાહાંનાં બગારા છે. તે વાદલ વાને જોરે પાની ભરીને ઉંચા ચહ્રદીને પાણી રેદે છે તે પાણીને ગુવાદ યજદવાને જોરે ગાતાં બારવાત કરે છે તેથી જીનાં છાંટા પદે છે. તેવાર તેનાં દીલમાંથી તથા મોહોમાથી પાણીનો ધોત છુટે તેવારે ગુવાદ ઇજદનાં વાહાથી પાંણી પરાંગદા થાએ. તેના મોહોમાં ખરવશત થાએ તથા હરેક જણુશનાં બીજ તેજે તેહનાં મોહોમાં આવે તે વરશે.

ગાજે તે એક ફરેશતો છે. તેનું નામ તુઆદર. જેવાર વરસાદ પદે તેવાર શપુજગર દેવશે લદે. તેવારે એ ગાજીઆંનો અવાજ છે. હોરમજદે તેને તેજી આપીઆથી શપુજગર દેવ તથા બીજા દેવ લરજે છે. પછે નાઉ-મેદવાર થાઇને નાંશે છે. પછે ગોવાદ ઇજદ તથા બેહેરાંમ ઇજદ તથા તીર ઇજદ એ સરવે લદે છે. તેવારે દેવ નાંહાસે અને વરસાદ છુટે. જો દેવશે ઇજદ નહી લદે તો વરશાદનો દન બંદ કરે તો દુકાલ પદે. પછે મછ ગાલે છે, તે લાલ, રાતો, પીળો, લીલો હર ભાંતનો તાંને છે. તે એક ફરેશતો છે, અને લદાઇનો સરદાર છે. જેની ગમ નાપાકનું લશકુર આવી ઉભુ રહે. જે પરનાં હંગામનાં હાથપર. હાથમાં પતો તથા શમશેર છે. તેનું મીઆંન કાંહાદે છે અને મીઆંન રંગ બે તથા તરણુ તથા ચારતુ મેદાનમાં મુકે છે તેને સર કોઇ કહે છે જે મછ ગાલીઓ છે. તેથી હારેમન ગણો લરજે છે તથા નાહાંશે છે. અને એ દન એમ જાણવું જે જે દન મછ ગાલીઓ હોએ તે દન દેવશે લદાઇ છે. એના હીંગામની લદાઇ દેવશે હમેશાં છે વાદલ થાએ. વરશાદને દન તથા આડે દન ધુમશ વરશે તેવારની હીંગામની લદાઇ દેવશે હોએ. તેનાં અવાજ કદાકા થાએ, તે મીઆંન મેદાંનમાં નાંખે તે. લદાઇ ઉગમન તથા આથમન હોએ, ખુરશેદ અવધચમાં હોએ, દેખીતો દેવનો જોરો કમ હોએ. જો મછ નાંહાનો દેખે તો દેવનો જોર ગણો. તેથી ભાંગે પછે દેવ નાહાસે તેવારે વરશાદ વરશે. અને વીજ તે આતશ વાજસ્તે, તેથી દેવ સાથે લદે છે. વીજને હોરમજદે નુર આપીઉં છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે હાકમની મ-નશની કેવારે ફરે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે હાકમની તથા પાહાદશાહની તથા શરદારની મનશની ફરે તેવારે દુકાલ પદે. અને રઇયત ખુવાર હોએ. રઇયત દુખી હોએ તે મોટાઓને પાપે.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે હરી શેહેરની ખબર કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે હરી શેહેર ગણું શારૂં છે. તે શેહેરનો પાદશાહ દેવનો પુજનાર છે. શુરજને માંને છે. વસ્તી ગણી છે. બાગ તથા જંગલ તથા ગાએ ગોશપંદ ગણાં. ચાવલનો તથા માહીનો ખોરાક ગણો. પોશાક અરધો નાંગો છે. કપદુ ઉનચુ તથા લાંબુ પણ પેહેરાવે. જણુન ગણો. કેટલાએક આંદમી ખોદાયની રાહા ઉપર તથા હારેમન ઉપરથી છે. તોનું ગણું મરે છે, તેવારે કેટલાએક બાલે, કેટલાએક ઉભા દાતે. પેહેરાવ રેશમનો. તેમાં કેટલાએક બેહેશતી છે કેટલાએક દોજખી છે. તે જગે છીનાલ ગણી. તથા શાહાંદ ગણી. તથા વાઘ વરૂનો શેકાર ગણો. એ પાદશાહ બાત

ખુબ શાંભલ. બીજાં જે દીપ કહીઆં છે તે તે દીપનાં લોક ડુંગરે તથા ઝાડે રેહે છે. ઘણાંએક ભલા છે તથા બુરાંબી છે. તેમાં કેટલાંએક બેહેશતી છે કેટલાએક દોજખી છે. તે દીપમાં ગાએનાં દુધનો ખોરાક ગણો છે. અને દીપ કહીંઆં છે. ફરદદફશે, વીદદફશે, વોરોબરસ્તે, વોરોજરસ્તે. એ ચાર દીપમાં મેવો તથા ઝાદભી નહીં. તદકું ઘણું. તે જગે આદમી ખોદાયનાં શુકરાંનાં કરી રેહે છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે ખરગાહાંનાં મુલકની વાત સમજા-વીને કેહે.

જાંમાસ્પે જવાબ દીધો જે ખરગાહાનો મુલક ગણો મોટો છે, અને ત્યાં શવારી ખચરની છે. તાહાનો પાદશાહ ગણો બુલંદ તથા મોહોતો, તથા તેનો મુલક મોટો અને તે પર માલ ખજાંનો ગણો, તથા અનસાફ ગણો. તેને હેથે પાદશાહની શલામી ગણી અને છીનાલી ગણી. અને ખોરાક બાજરીનો અને ખરવશતરનાં ખાંનારા. બાજે હોરમજદી છે. અને પોશાક ગાસનાં લુગદાંનો અને તાંહાં ઓરત ગણી છે, આદેલ ઇનશાફ ગણો. તાંહાં આંશુ માંશુક ગણાં. છેલ ભેદ ગણો. અને ચારભી ગણાં છે. તથા દુતી ગણી.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે રૂમનાં મુલ-કની હકીકત મને કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે રૂમનો મુલક ગણો મોહોતો, તાંહાનો પાદશાહ તેનું લશકર ગણું પણ તેનાંગાર અને બે પરદો. અને કાંલાં મોહોનાં શીહાં લોક ગોલાંમ બચો. ખોરાક હર ભાતંનો, ખજુર તથા માહીનો. તેના ગાક અરબસ્તાંનનો તથા રૂમની રાહા એકજ. તાંહાં જંગલ કાંટાનુ તથા તે જગે મેવાનું થોડું. તથા તાંહાંની અશલરીને ગુલામબારગીની શોબત. દાદ અદલ એનશાફબી થોદો. ગરમી ઘણી અને દોજખનાં રેહેનાર. તાહાદબી ગણી. કોઇને કરારે જીવવું નહીં. તેનાંની દેઆંનત જબુન તથા ઘોડા તથા લશકર ગણું.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે શીરાજનો મુલક તથા કેરમાંનનો મુલક તથા એરાકનો મુલક એ તરણ મુલકની વાત કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે શીરાજનો મુલક તથા કેરમાં-નનો મુલક ગણાં પાક છે. તાં દશતુર તથા મોબેદ તથા બેહેદીન ગણાં તે મુલક આપણાં હુકમમાં છે. ત્યાં મરદ તથા ઓરત પાક પરેજગાર, તથા બાગ મેવો ગણો. અને એરાકનો મુલક છે, તે જગે એરાકી ઘોડા ગણાં. અને તાંહાંનાં કેટલાએક લોકો બેહેશતી, તથા કેટલાએક દોજખી છે. અને મેવાનો ખોરાક ગોસ્ત દુધમાં કવાબ એ તરણ મુલકમાં છે. તાંહાંની ઓરત

પાક, ઇનશાફ રહો અને તારા મુલકનાં હોકમમાં છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે બલખ બોખારા શેહેર કેહેવું છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે બલખ બોખારા શેહેર મોટું છે. તે શેહેર દીપ દાખલ છે. દીનનાં દોશત. તેનાંની રાહા ગણી દરૂશત. તે શેહેરનો પાદશાહ ગણો ખુબ છે. યજદાંપરશત છે. તાંહાં બાગ ગણાં અને મેવાંનો ખોરાક પરદાંનો શેકારી છે અને શેહેર ગણું મોટું છે. તાંહાં પાક તોલો છે. તાહાં ઇનશાફ ગણો દાદગર છે. તાંહાંની ઓરત પાક, પોશાક ગણો દરૂશત છે. તાંહાંનો મરદ તથા ઘોડો ગણોજ જોરમંદ અને દેવનાં મારનાર છે. કુલ બાજીનાં રમનાર છે.

ગોશતાસ્પ પાદશાહે પુછ્યું જે હમાંવરાંનનાં મુલકની હકીકત કેહે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે હમાંવરાંણનો મુલક ગણો મોટો છે. તાંહાં તમાંમ જાદુગરો રેહે છે. પથરને તથા જાદુગરને પુજે છે. જાદુગરી ગણી, દેવને મલતા. કાંતાનું રાણ ગણું, બાગ મેવો ગણો. તાંનો પાંદશાહ છે, તે બીજા ૩૨ પાદશાહની શલામી લીએ છે, અને જોલમનો કરનાર છે. તેનો પોશાક ઘણો જબુન અને માંથે ચોતલી અને કછોતાનું કરનાર. અને શાપ, વીછું, વાઘ, વરૂ, પાતલા ગોહોર, તથા દેદકાનાં તથા હરેક ખરવશતરોનો ખાનાર છે.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે દીપ ૭ માં કહીયું દીપ વસ્તુ છે અને મુલક ૪ કીઆં વશે છે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે, ૧ અરજે, ૨ સવેહ, ૩ ફ્રરદેદફ્રશે, ૪ વીદેદફ્રશે, ૫ વોરોબરશતે, ૬ વોરોજરશતે, ૭ ખુનરશબાંમી એ દીપ એક વસ્તુ છે, અને બીજાં ૬ દીપ વશતાં નથી. એ ખુનરશબાંમીમાં ૭ મુલક વશતાં છે. તેનાં નાંમ ઇરાંણ, અરબસ્તાંન, માંજંદરાંન, રૂમ, તુરકસ્તાંન, ચીન, હીંદુશતાંન એ ૭ મુલક અને બીજા ૪ મુલક ખુનરશબાંમી દાખલ છે. ઇરાંણગવેજ, તથા કંગદેજ, વરજમ કરદ તથા કાશમીર એ શેહેર દીપ દાખલ છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે અરબશતાંનનો મુલક તથા શારશતાંનનાં મુલકની હકીકત કેહે.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે અરબશતાંનનો મુલક નાહાનો છે, પણ તે જગે જીવવું ગણું મુશકેલ છે. તમાંમ જાદુગર વનાં બીજી વાત નહીં. બે પરદો, બે મહલાબો. તે શેહેરનો પાદશાહ જાદુગર છે, અને તે દેવદેવીને પુંજનાર છે. તથા ધનમાલ ખજાનો ગણો. અજદા, વીછું, વાગ, વરૂનાં તોલાં ગણાં દરીઆ કીનારે ફરે. તમાંમ કાલાં મોહોદાંનાં બદ શુરત.

તેની ઓરત પરી જેવી. ખોરાક અનાજનો, કંદ, મુશકી અને શરવે એકાક- ગર છે. આઇએક ખોદાય તરફ છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે મગરેબ તથા શાંમ તથા હીંદુસ્તાંન એ તરણુંએ મુલકની વાત મને કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે મગરેબનો મુલક ગણો મોતો છે. તાંહાં ૩૦ વરશ રૂશતમ રહીઓ હતો. તે જગે દેવ જાદુગર ગણું હતું. તે જાંહાંગીરની લદાઇમાં રૂશતમે શમારીં પાક કીધું. તાં ચાવલ, માછીનો ખોરાક, એ તરણુંએ શેહેરમાં એકજ ધરમ મહજબ રાખે છે. ઓરત પરીની મીશાલે. ડુંગર તથા દરીઆવ તથા રાંણુ ગણાં, બાગ તથા ગોશપંદ ગણાં. ખેતીવાડી ગણી. ત્યાંના લોક પુતલાંને માંને છે. બાજે હોરમજદને માંને છે. લેબાશ શારો, મુલક આબાદાંન. કેટલાંએક બેહેશતી અને કેટલાંએક દોજખી છે. અને કેટલાંએક આપણે મલતાં છે. હરશાલ આપણે શલાંમી આપે છે, એ તરણે મુલકમાં દીન ધરમ એકજ છે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે બતેલમોશ તથા શુરાંન તથા દાનેશર એ તરણ શેહેરની વાત મને કહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે એ તરણ શેહેર એકજ છે. તો નાંગાર લંગોતીઆ. કાલો લેબાશ, શીંહા મોદાનાં તેતું એવું જે પરદું મારે. ખોરાક ખરવશતરનો, તથા ગોનાહગાર. એક તોલો હોરમજદી છે તથા હા- રેમંદી બી છે. ઓરતને પરદ્દુ નહીં. ગોનાહગાર.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે કાબુલ તથા કાશમીર તથા શરે એ તરણ શેહેરની ખબર મને કેહે.

જાંમાશ્પે જવાબ દીધો જે કાબુલ તથા કાશમીર તથા શરે એ ત- રણ શેહેર મોટાં છે. એમાં કેટલાંએક બેહેશતમાં જણાર છે, તથા કેટલાએક પાક તથા નાંપાક તથા દુરવેશ તથા માલદાર. એ શરવેમાં હુનર હકીમત ગણી. દાદ અદલ ઇનશાફ. પોશાક ગણો શારો. અનાંજ તથા ગોસ્તનો ખોરાક. મેવો, બાગ, ફુલવાડી ગણી. એ જગે દુગર આંમનશાંમન છે. તેમાં દેવ ૨ ફ્રેદુને બંધ કીધા છે. એકનુ નાંમ કશ ને બીજાનું નાંમ મીરકશ. તે તાહાદની ફુક મારે છે. ભરને હુનાલે એ બંધ છે. અને તાંની ઓરતને પરદો છે.

ગુશતાશપ પાદશાહે પુછ્યું જે તબેરજ શેહેરની હકીકત કેહે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે તબેરજ શેહેર મોટું છે. તાંહાંનો રેહેનાર પાક પરેજગાર છે. શેકારનો ખોરાક, મરદ નાંમદાર. કેટલાંએક હોર- મજદી છે અને કેટલાંએક હારેમંદી છે. તે જગે ખુબ ખોરાક. ગઉનું નાન. તાંહાંની ઓરતને જરીનો પોશાક છે, પરદો. અદલ ઇનશાફ.

ગુશતાસ્પ પાદશાહે પુછીઉ જે કીઆ આતશ લાકડાં, કાથી, બોએ વગર બલે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે આતશ ૩ કહીઆ છે. તેનાં નાંમ. આદર ગુશસ્પે, આદર ખુરદાદ, આદર બુરજીન મેહેર. એ ૩ આતશને લાકડાં ઇઆં કાથીની હાજત નહી. હમેશ કાથી, બોએ વગર બલે, રોશન છે. તે આતશમાં પાંણી પડે તેમ તેમ બમનો રોશન થાએ.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે દશતુર તથા મોબેદને જમણી તથા ડાબી બાજુએ ફરેશતા કેટલા તથા દેવ કેટલા છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે દશતુર મોબેદને જમની બાજુએ ફરેશતા ૨ છે, બહમન, ખુરદાદ. ડાબી બાજુએ ફરેશતા ૨ છે, અરદીબેહેશત, અમરદાદ. એ મલી ૪ છે. એની અદાવતે દેવ ૪ મેલીઆ છે. એક અકુમંન, બીજો આંદર, તરીજો તારીક, ચોઠો જરીક. બીજુ એ જે વંદીદાદ ઇજે તેવારે ફરેશતા ૧૦ આવે છે. તેનાં નામ બહમન, અરદીબેહેશત, શેહેરેવર, અશપનદાદ, ખોરદાદ, અમરદાદ, દેપાદર, રાંમ, અનેરાંન, શરોશ, જુમલે ૧૦. એની અદાવતે ૧૦ દેવ આવે છે. આજ, નેઆજ, ખશમ, રશક, વરન, પદમોજ, બુશીઆશપ, શપોજગર, કાહેલ, ગમાંજ, જુમલે ૧૦ દેવ થયા છે, તેબી દાવાદાર મુંદઇ આવે છે. તથા બેહેદીનની બાજુએબી ફરેશતા ૨ છે, જમની બાજુએ બહમન, દાહાબી બાજુએ ખોરદાદ. એની અદાવતે ૨ દેવ છે. અકુમન તથા જારીક એ ૨ બાજુએ છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે જેને ગુનાહ કીધો હોય તેને તજારક શી શી છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે ચોરી કરે તો ૩૩ ચાબકા ૧૦ દના લગે મારે. વાતપાદે તો ગરદન મારવા ગતે. કોઇનું ઘર ફોડે તો હાથ કાપવા રવા છે. ચોરી હમેશાં કરે તો આંખ કાહાદવી રવા છે. તથા દન ૩ લગેન ૫ ચાબકા મારવા રવા છે, અને દીનપર ખરચાવે વત માફક. કોઇની વસ્તુ લઇને નાંમુકર જાએતો એને ગુવાહ શૈહાદ ગુજારે તો તે દન તેને ૧૫ ચાબુક મારે, અને દીનાર ૭ લીએ અને દીનપર ખરચે. જો કોઇએ કોઇને ગરદન મારીઓ હોએ તો તેનાં ગુનાહા પાક દાંનાંવ મરદ હોએ તેને મંગાવે અને તેને શર શાબેત થાએ તો પતેત કરાવીને ગરદન મારવો, તથા શગબાર કરે. જુઠું બોલે તો દન ૭ લગે ૫ ચાબકા મરાવે. તેને મેજલશમાં બેશાદે નહીં. તેની તોજશ ગહમબાર કરાવે, જો તે નહીં આપી શકે તો કાંઇ ખરચબી અંપાવે. જુઠા શોગન ખાએ તો તેની જુબાંન કહદાવે. શાચા શોગન ખાએતો તેને દંન ૫ લગે તજારક દીએ. બોતાન જોહે તો દન ૭ લગેન

ધુપમાં ઉભો રાખે. ચાબકાની તજારક દેખાદે તેનો ગુવાહા હાજર મંગાવે તે રાશતીનો બોલનાર હોએ. હરેક વાતનો કોલ કરે અને ફરે તો ૧૦૦૦ ચાબુક મારવા ગતે અને પતેત કરાવે અને દીનાર ૨૫ લઇને દીનના શવાબપર ખરચાવે. કોઇને ચાકર રાખી તથા કાંઇ વસ્ત લઇને પાછી આપે તો અને કોઇને દેલાશો દઈને નાંમુકર જાએ તો તેનો ગુનાહ ગુજરે તો ૨૦૦ ચાબુક તથા ૨૦ પેજાર મરાવે તથા દીનાર ૧ તેની પાશેથી લેવા ગતે. કોઇ ઉગાંદે પગે ચાલે તો પેહેલે દગે ૧૦૦ ગાએ તથા ૧૦૦ બકરાં તથા ૧૦૦ ઉંથનું દુધ શુકાએ અને ઓછાં થાએ, બીજે દગે ૨૦૦ ગાએ તથા ૨૦૦ બકરાં તથા ૨૦૦ ઉંથનું દુધ શુકાએ. ચોડે દગે ઉગાદે પગે ચાલે તો ૪ દશાંનાં ગોશપંદનું દુધ શુકાએ. તે નાંપાકને ચોમેખી કરીને દન ૩૫ લગે ચાબુક મારે તથા દીનાર ૧૧ લીએ, અને તમાંમ ફરેશતાને નાંમે ખરચે. કોઇને માંહોમાંહે વઢાવે તો તેનાં ગુવાહા મંગાવે ને તેને શર ઠેદવીને વાંશ ૫૦ તજારક દીએ. અને ૩ દીનાર ગુનેહગારી લીએ. કોઇ દશતુર તથા મોબેદ તથા હેરબદની શાંમનું બોલે તો તથા ગાલ દીએ તો અને તેની ફરીઆદીએ આવે તો તેને ૧૦૦૦ હજાર ચાબુક મારવા; પછે જેને ગાલ દીધી છે તેને પુછવું જો તે રાજી હોએ તો બીજા ૧૦૦૦ ચાબુક મારે. પછી ધણી રાજી થાએ અને કેહે જે હવે મેલે તો પતેત કરાવી તે પાશેથી ૭ દેરમ લીએ તે શવાબપર ખરચે. શાગરદ પોતાના ઉશતાદને શામું બોલે તો, જવાબ પાછો દીએ તો, કરારથી અકરાર થાએ તો ૯૦૦ વરશ દોજખ ભોગવે. તેની તોજશ દીનાર ૧૦૦ લઇ શવાબપર ખરચે અને અનજુમનથી માશ ૨ તથા શતર દુર રાખે. અગર જો બાપ પોતીકા બેટાથી નાંરાજી હોએ તો, પોતીકો માલ તથા ઘર તથા પઇશો કંઇ નહીં આપે તો દીનમાં એમ ફરમાવીયું છે જે આપવા નહીં ગતે માતે નહી આપે. જો બેટો બાપનું તથા ગુરૂનું કહીયું નહીં કરે તો મરગરજાંણી ગુનાહ લાગે. દશનાંન બેઠેલી જોરૂ ચેરાગ શાંમનું જોએ તો ૨૮ તાંક ગુનાહ લાગે. દન તરણમાં આતશની શાંમું તથા આગલ જાએ તો ૧ તનાપુર ગુનાહ લાગે. આતશને હાથ લગાદે તો ૨૨૫ તનાપુર ગુનાહ લાગે. વેહેતા પાંણી શાંમુ જોય તો ૨૮ તાંક ગુનાહ લાગે. વરશાદનાં છાંટા જોય તો દર છાંટે તનાપુર ગુનાહ લાગે. એ ગુનાહ એટલા માટે લખીઓ છે જે દશતાંન બેઠીપર એક દેવ મેલીઓ છે તેનું નાંમ પેતીઆરે છે. તે દેવ ઓરત ઉપર બેશે છે. તેની, ચીજપર તથા મરદ પર, નજર પદે તો તેની અકલ તથા પેલી ચીજ કમ થાએ. અગર જો મોબેદ બરશનુમમાં બેઠો હોએ અને તેની નજર પદે તો બરશનુમ અવાવ થાએ. એની તોજશ એ જે કંકાશે નજર પદે તો ૧૦ ચાબુક મારે

અને તે પાશથી ૧૦ દેરમ લીએ, તોબાહા તોજશ કરાવે, પતેત કરાવે. કોઇને મોહો માંહેથી શેજ ગાલ દીએ તો, તથા દશતુર મોબેદની શાંમુ બોલે તો અને ગુનાહ પેદા થાએ તો ૫ ચાબકા મારે અને ૧૦ દેરમ લીએ તે શવાબપર ખરચે. જો ગોલામ ખરીદ કરે ને ફરી તેને વેચે તો તથા દરવંદને વેચતું આપે તો તે ગુલાંમ પાપ કરે દરવંદીમાં, તેનો. હીસ્સો પેલા વેચનારને લાગે: માટે વેચનારને હરરોજ ૫ પેજાર. મારે માશ ૧ સુધી, ૧૦૦ દીનાર લીએ, તોબી ગુનાહ નહીં કપાએ, પતેત કરે તથા કરાવે તો તોજશ કમ થાએ. બુરી કેરદારનાં મનીશ શાથે બેશવું નહીં અને જો બેશે તો ગુનાહ લાગે. તે ગુનેહગાહાર દરવંદશે બેશવું નહીં, દુર કીજીએ, તેના ખાવા પીવાથી દુર રહીએ. શા વાશતે જે આંદમીનું દીલ આરશીની મીશાલ છે: જેમ આરશીને દાગ નહીં પદે તે રીતે છે. દરવંદશે બેશીને ખાએ પીંએ તો મરગર્જાંની ગુનાહ લાગે માટે તેને તજારક દીએ. એવી દીએ જે ફૂરીથી એવું કાંમ નહીં કરે. કેશ પરેજ નહીં કરે તો ૨૮ તાંક ગુનાહ લાગે માટે તેને ૧૦ ચાબુક મારવા, દેરેમ ૮ ખરચાવે. આતશપર થુક મારે તો ૨૮ તાંક ગુનાહ લાગે તે નાંપાકને ૫૦ ચાબુક મારે તથા દીનાર ૧ લીએ તે આતશને બોય દીએ તથા પતેત કરાવે. એક પગે પેજાર પેહેરે અને એક પગ ઉંગાડો રાખે અને ચાલે તો તેને ૮ તાંક ગુનાહ લાગે. માટે તેને તલીઆમા ખુબ માર દીએ. તેને ગહમબારમાં બેશવા દેવો નહીં. તેની તોજશે વંદીદાદ ૭ કજાવે. પાંણીમાં બોકે તથા પીશાબ કરે તો અથવા થુક નાંખે તો તેને અજીમ ગુનાહ લાગે. તેની તોજશે વંદીદાદ ૫ કજાવે. તેનાં મોહોપર ૫૦ તમાચા મારે તથા પતેત કરાવે. નશો જમીનમાં દાતે ને પલ એક પછી કાહાદે તો ૨૮ તનાંપુર ગુનાહ લાગે અને તેને તાંહા શેતાંન તજારક દીએ. નશાને જમીનમાં માશ ૨ તથા વરશ ૧ રાખે તો મરગર્જાંની ગુનાહ લાગે, માટે તેને અનજુમનમાં બેશાદવો નહીં તેને હાથનું કાંઇ કાંમ નહીં આવે. તેના બેશ અતલક હોએ તેને તજારક છે. તેને ૨૦૦૦ ચાબુક મારવા ગતે પછે તેનાં રૂવાંનનો ખરચ દીનાર ૧૦૦૦ લીએ. જોરૂ વીઆએ અને જો દન ૪૦ માં જો તે જોરૂશે શોબત કરે તો ૨ તનાપુર ગુનાહ લાગે, અને દન ૮૦ પછી જાએ તો રવા છે. જો જોરૂ દન એકમાં બાહાર ૨ તથા ૪ બેગાંનાં મરદશે છીનાલું કરે તો તે ઓરતને આપણી દીનમાં રોશપી કહીએ છે. તે જોરૂશે જોવું રવા નહી, તે નદીમાં પગ મુકે તો નદીનાં પાણી કમ થાએ, તે મરદ શામું જોએ તો અકલ કમ થાએ. ઝાદ સાંમું જુએ તો ફલ કમ થાએ. જમીનપર ચાલે તો જમીન કાંપે. હોરમજદે જરથોશતને ફરમાવીઉ જે કોઇ જોરૂ એક દાહાદાંમાં વાર ૨ મરદશે બદફેલી કરે તો તે ઓરતને છીનાલ

કેહેવી. તેને તરત દેખતાં વાર ગરદન મારવી રવા છે. એ જણુ બેશીને હરેક વાતનો કરાર કરે જે ફલાનું આપું તથા કરૂ, પછી ફરી બેશે જે હું કોણ અને તું કોણ. તેનું રૂવાંન વરશ ૩૦૦ દોજખ ભોગવે. માટે તેની તોજશ એ જે રાશતી હોએ તે ગુવાહા મંગાવે. કોલ ભાંજનારને ૧૫૦ ચાબુક મારે અને કોલ રવા કરે તે દોજખથી છુટે પછી દેનાર ૧ લીએ. પતેત કરાવે. મોહોદ્દે બોલીને હાથપર મારે ને ફરે તો ૬૦૦ વરશ દોજખ ભોગવે. તેની તોજશ દીનાર ૨ લીએ, ચાબુક ૩૦૦ મારે. બકરી ગાએ ગોશપંદ માતર ખરીદ કરે ને પાછું આપે તો વરશ ૮૦૦ દોજખ ભોગવે. તેની તોજશ ચાબુક ૬૦૦ મારે, દીનાર ૫ લીએ. વેહેવાનો તથા અદરાવાનો કોલ કરીને પાછો ફરે તો તથા વચમાંનો પદનાર કાજ કરીને ફરે તો ૯૦૦ વરશ દોજખ ભોગવે. તેની તોજશ ૨૦૦૦ ચાબુક મારે અને નેઆતથી બાહાર કાહાદે માશ ૬ લગીન. દીનાર ૧૦૧ ખરચાવે તેવારે પાશે બેસવા દેવો. ઘર, વાડી તથા જગા લઇને ફરે તો તથા ઉશતાદને શામુ બોલે તો વરશ ૧૦૦૦ દોજખ ભોગવે માટે તે નાંપાકને ચાબુક ૫૦૦ મારે અને દીનાર ૨૦૦ દીનપર ખરચાવે. કરાર કરે જે મને આ જગા ઉપર કુવો બાંધવા દીએ હું તમને પાંણી ભરવા દઇશ પછી કુવો બાંધી પાંણી ભરવા નહીં દીએ તો ૭૦૦ વરશ દોજખ ભોગવે અને તેની તજારક ઘેર લુટી લીએ. જો કોઇની બુરી ગીબત કરે તો અને હરકાંઇ બોલે તો તે નાપાક મરદ તથા ઓરતને જે હોએ તેને શેહેર બાહાર કાહાદીએ. અને તજારક ગણી દીજીએ.

મોતા મરગરજાંણી ગુનાહ કહીઆ છે. અશો મરદને મારી નાંખે અને અદેખાઇ કરે. ગોલામ બારગી કરે. આતશમાં પાણી નાંખે તથા નશા નાંખે. ગોલીમાં નશા નાંખે તથા મુંબઇ ખવાડે. તથા ચુગલી કરીને ખલકને આજાર દીએ. તુટીનું કામ કરે. કોઇની જોરૂને બીજા મરદશે બેશારી આપે. શુદરે કસ્તી છોડી નાંખીને ચાલે. દુખમું બંધાવતાં મને કરે, ભાંજે, ભંજાવે. અદાવત કરીને દુખમું દરેમેહેર ભંજાવે. પાલક બેટો કરી આપેલ હોએ તો ભાંજે, નાં કેહેવાડે. પાલકનો હક નહીં આપે, નહીં અપાવે. અશો મરદને આજાર દીએ, તેની બદબોઇ બોલે. આતશ બેહેરાંમને બુજાવે. કોઇ મરદ જીવતો હોએ તેની ઓરતને જોરાવરી કરીને કાહાડી જાએ. બેતુઓદથમનું કાજ થાતું હોએ તાંહાં જુઠું સાચું કરીને ભાંજે. જે ઓરતનો મરદ ગુજરીઓ હોએ અને ઓરતશે બીજો મરદ લાગુ હોએ અને બંને જણુ નેકા કરવાને રાજી હોએ અને બીજો તેને નહીં કરવા દીએ તો મરગરજાંણી ગુનાહ લાગે. તથા શગદીદ કીધાં વનાં નશાને અદકે તથા જુઠું બોલે. તથા હરેક વાતે શુકરાંનાં નહીં કરે તથા કોઇપર બોતાન જોદે

તથા જમીનમાં નશા દાતે તથા કફન જુનું નહીં હોએ તથા શુદરે, કુશતી, કલેર, પદાન, ઇજાર પાંચ બંધ શરવે પેહેરાવી શગદીદ નહીં કીધી હોએ. ચશમ પેશાંની ઉગાડી નહી રાંખી હોએ. જુઠી ગોવાઇ દીએ. સાચી ગોવાઇ નહીં દીએ. ખેતીવાડીમાં પાણી ચાલે તેમાં હરગડી નશાંની નેગા નહી કરે તો મરગરજાંણી ગુનાહ લાગે. મુવાંનો માલ તથા મતા લઇને નહીં ખરચે તથા પાલક બેટા નહીં કરી આપે તથા કોઇએ અનાંમત મુકીઉ હોએ તે નામકર જાએ, કોઇને જુઠો ફરેબ દીએ. માંહોમાંહે અથડાવે તથા હઇએથી ખોટાઇ કીનો નહીં મુકે તથા કોઇપર જુઠી જોરૂાવરી કરી આજાર દીએ, મારી નાંખે. ચોરી કરીને પેટ ભરે. વાટ પાડે, કોઇપર જાદુગરી ચલાવે. દશતુર, મોબેદ, બેહેદીનનું કહયું નહીં કરે. એ તમાંમ મરગરજાંણીનાં કરનારને સગમાર કરે, કકદા કરે, દીનાર ૨૦૦ લઇને સવાબપર ખરચાવે. કોઇને માંહોમાંહે લદાવે ને તેનાં ગોવાહા પોહોચે તો તેની તાજેશ વાંશ ૫૦૦ મારે, દીનાર ૨૩ લીએ. દશતુર, મોબેદ, ઉશતાદ, માએ બાપને ગાલ દીએ તો તેનાં ચાબુક ૨૫ મારે, દીનાર ૭ લીએ પતેત કરાવે. કોઇને સેજ ગાલ દીએ તો ૨૧ દીનાર લીએ. કોઇનો હક રાખીને તેશે લદે તો વાંશ ૫૦ મારે અને શેહેરમાં ફેરવે. કોઇની વસ્તુ ફેશાદ ફંદ કરીને લીએ તો ૨૦૦ ખાસદાં મરાવે અને તેથી શવાઇ અપાવે. કોઇ દશતુર મોબેદનો હક રાખીને જુઠી બોશ કરે તો ૧૫૦૦ પેજાર તજારકનાં મરાવે અને અનજુમનમાંથી માશ ૬ દુર રાખે અને ૧૦૦ દેરમ લીએ. દાહામ દેવડાવે તો તેનાં ગહમબાર કરાવે. અને દેરમ ૭૦૦ લીએ, જમાતમાં બેશાદે નહીં. જેની ઓરત છીનાલી કરે, અને જો તેનો મરદ જીવતો હોએ તો તે છીનાલનાં ગોવા મંગાવે અને તે રાંદને ગરદન મારવા ઘટે. મરદ જોરૂની દલાલી કરે તો તે બંધે જણને વાશની માર મારે. ઓરતનો મરદ મુઓ હોએ અને ઓરત જીવતી હોએ અને બીજા મરદશે લાગી હોએ તો અને પોતીકી જાતનો તે મરદ હોએ તો, તરત પેલા મરદ શાથે જોરૂનાં નેકા બાંધી આપે, અગર જો બીજી જાતમાં લાગી હોએ તો તુરત પેલી ઓરતને ગરદન મારે. બેહેદીન થાઇ દશતુર મોબેદપર તથા દાવરપર હોકમ કરે તો મરગરજાંન ગુનાહ લાગે. તેની બેહું આંખ કાહાદે તથા તજારક દીએ, અનજુમનમાંથી દુર રાખે. દરેમેહેરમાં આવીને નેઆશ નહીં કરે તો તેને ૧૨ લાકડી મારે. માહા નીઆશ માશ ૧ માં ૩ વાર નહીં કરે તો દીનાર ૧ લીએ, દીનને કાંમ ખરચાવે. ગોલાંમબારગીનો મોટો ગુનાહ છે, તેનાંને ગરદન મારવા રવા છે, દીનમાં એમ ફરમાવ્યું છે જે એથી બીજો ભારી કંઇ ગુનાહ નહીં. એ ફેલનો કરનાર દેવ બરાબર છે. જોરૂની બી અથલી રાહે કરે તો તે દેવ બરાબેર છે

એ ગોલાંમબારગીનો કરનાર જુવાકથી, અફ્રાશીઆબથી, તથા શરોગ દેવથી જે "શાંમનાં" વખતમાં હતો, તથા તુરબરાતુર તથા મલકુશ જાદુગર જેવો જેને આંએ જેહાંન ખરાબ કીધી તેનાંની બરાબર, અને દીનમાં એ ભારી ગુનાહ છે. ૧ ગોલાંમબારગી, ૨ જુઠું, ૩ અશો મરદને આજાર દેવો અને તેથી ખુશી થાવું, ૪ દેવ દેરાંની પુજા કરે, ૫ બીજી દીનપર ચાલે, ૬ શવાબનું કાંમ કરાવતું હોએ તાંહાં ભાંજે અને ખુશી થાએ. જો નશો પાણીમાં નાંખે તો તેને ૭૦ ચાબુક મારે તથા વંદીદાદ ૪ ફ્રજીવે. જો નશાને બાલે તો તેને ગરદન મારવો રવા છે. જો દશતાંન બેથી ઓરત કશારો નજર કરે તો તેનાં મરદને ૭ દન સુધી ૮ ચાબુક મારે. જો રાશત કેહે જે ફલાંનો ગુનાહ કરે છે તે દીઠો, ને ગોવાઈ કરે તો દન ૫ સુધી ચાબુક ૬૦૦ મારે, તે પાશથી દીનાર ૧૦ લઈને દીનપર ખરચે. દાવર જુઠી દાવરી કરે તો તથા અનેઆએ કરે તો હરરોજ ચાબુક ખાશદાં ૭ તથા દશતુરનાં હોકમે મેજલશમાં મરાવે અને દુર રાખે. મેજલશમાં જુઠું સાચું બોલે તો અને ખોટુ પદે તો તેને હરરોજ દન ૧૦ લગીન ૨૮ ચાબુક મારે, તે પાશ હરેક ગહમબાર કરાવે. જો ગહમબારમાં તથા હરેક શવાબમાં દુજદી આંને કોઇ ચોરી કરે તો તે પાશ ગહમબાર કરાવે, દીનાર ૨૫ લીએ ને પતેત કરાવે. દરવંદ ઓરતશે શોબત કરે તો અને નજર પદે તો, ગુનાહ રાશતી ગુજારે તો, હરરોજ ૨૫ ચાબુક મારવા, ગહમબાર ગાથાનો કરાવે. અજીથું દરવંદશે એશાને ખાએ તો તે ગુનેહારને ૨૫ પેજાર મરાવે અને દીનાર ૧૦ લીએ અને મેજલશમાં બરશનુમ લીધા વગર બેશાદવો નહીં. હરેક પરગનું ભાંગે તો માશ ૬ સુધી વાંશ ૨૨ ની તજારક દીએ. પછે તે પાશેથી દીનાર ૯૫ લીએ અને દીનમાં ખરચાવે. અને તેનો ગુનાહ રાશતી હોએ તો દશતુર મોબેદ મનશાફ કરે. અગર જો દશતુર દરૂશત ઇનશાફ નહી કરે તો દશતુર તથા મોબેદ તથા દાવરને પુછે, મેહેર ઇજદ પુછે. અને દાવરને દશતુર પુછે. દાદાર હોરમજદે જરથોસ્ત પેગમબરને ફરમાવ્યું જે તેજ હુકમ કરે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે ફરજ તે કહી છે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે પરથમ ખુવાબથી ઉઠે તેવાર શીતાબ કુશતી કરે, પછે દગ ભરે. નેરંગ લીએ તે શુકવે, પછે હાથ પગ ધોવે, અશેમ પદે, મોહ નુંછે, પછે કેમનાં મજદા એકવાર પદે. પછે કુશતી કરે, પછે શરોશ બાજ પદે, નેઆશ તથા યશત પાંચ પદે. પતેત કરે.

હાવનમાં જો બામદાદ ઉઠે તો તેવાર તાંજ કુશતી કરે પછે દગ એ તથા ચાર આલીને નેરંગ લીએ, હાથ પગ ધોએ, ખશનોથરં અહુરહેમજદાવ અશેમ વોહુ પદે, પછે હાથ પગ ધોએ. અને મોહદુ હાથ નુંછે, કેમના મ-

જદા થામ વેર પઢે, પછી કુશતી કરે, શરોશ બાજ પઢે, નેઆશ પઢે તથા દુવા પઢે તથા નેમો અવેગાંમ દશા ૪ પઢે, જે ૪ દીશામાં એહેદીન છે તેનાં શવાબમાં શરીક થાએ તથા એસ્ત પઢે, તથા ગેહે પઢે, પતેત કરે.

બપોરે રપીથવનમાં. પાદીઆબ કુશતી કરે, નેઆશ ખુરશેદ તથા મેહેરની દોવા તથા ગેહે રપીથવન પઢે તથા હોરમજ યશત, હોમ યશત તથા વંનંત યશત પઢે.

પાછલે પોહોરે ઓજીરવનમાં. પાદીઆબ કુશતી કરે, ખુરશેદ તથા મેહેરની નેઆશ, દોવા તથા ગેહે ઓજીરવન પઢે તથા શરોશ યશત હોદપ્ત, હોમ યશત તથા વંનંત યશત શરવે જંદ અવસ્તા પઢે.

રાતનાં એવેશરૂથરેમ ગેહેમાં. પાદીઆબ કુશતી કરે. પછી ચેરાગ ની નમશંકાર કરે, શરોશ યશત પઢે, એવેશરૂથરેમ ગેહે પઢે, યશત તરણુ તથા પતેત પઢે.

અરધી રાતે હોશન ગેહેમાં. ખુવાબથી ઉઠી કુશતી કરે, નેરંગ લીએ, પાદીઆબ કુશતી કરે. જંદ અવસ્તા પઢે.

દીનમાં એમ ફરમાવ્યું છે જે વરશ ૧૪ ને મહીનાં ૩ થાએ તેવારે શદરો કુશતી બાંધવાની ફરજ છે. જો નહીં બાંધે તો દરવંદ બરાબર છે. ખુરશેદ નેઆશ દન ૧ માં વાર ૩ કરે તથા મેહેર નેઆશ દન ૧ માં વાર ૩ કરે. તથા માહા નેઆશ માશ ૧ માં વાર ૩ કરે. પેહેલે દાહાડે જેવારે ચંદરમાં દેખે તેવારે, બીજી પુનમને દાહાડે, તરીજી જેવારે ચંદરમાં ગણાં બારીક દેખાએ તેવારે પાશલી રાતનાં કરે.

વરશ ૧ માં ગહમબાર ૬ કરે. તથા વરશ ૧ માં ફરવદીઆંન ૧૦ દન કરે. બાજ, ઇજશને, દરૂન, મીઅજદ કરે, તથા માએ બાપ ખેશ કબીલાનાં રોજગાર કરે. તથા હરશાલ રપીથવન ઇજાવે, તથા બાજ ધરી ખાએ, બોલે નહી, બાજ મુકે. તથા બાજ ધરી પેશાબ કરે તથા બાજ મેલે. પોતાનો હેરબત કરે, શંપજ હોએ તો ગણાં કરે, તથા બરશનુમ ૧ પોતાનાં તનનું કરે તથા શંપજ હોએ તો ગણું કરે. તથા ગેથીખરીદ ઇજાવે, શંપજ હોએ તો વરશો વરશ ઇજાવે, તથા જંદરવાંન જોરાનું ઇજાવે ફરજ છે. નાંમીઓ હોએ તો હરશાલ ઇજાવે. જણ ૪ ઇજે તેબી છે, તથા જણ ૨ ઇજે તેબી જરૂરે છે. તથા વંદીદાદ ૬ શરોશનાં ઇજાવે, તથા ૩૩ ફરેશતાની બાજ ધરાવે, હરશાલ ઇજાવે, તથા આતશને ભોગ મોકલે. મરદ તથા જોરૂની ૧૨ હમાયશત ઇજાવે એ મોટી ફરજ છે. પાંમે તો વરશો વરશ ઇજાવે, તથા હરકોઇની વદવાડ ભાંજે, તથા હર મહીને વણ ૫ મજદ કરાવે. રોજ ૧ લે, રોજ ૧૬ મે, રોજ ૧૭ મે, રોજ ૨૦ મે તથા

રોજ ૨૯ મે બાજ શાથે કરે. તથા માહા ૯ મે રોજ ૧ લે થી તે રોજ ૩૦ લગેન મીઅજદ, આફ્રરગાંન, તથા દરૂન તથા આતશ નેઆશ કરે તથા કરાવે. તથા અનજુમનનો મેલાવદો હોએ તાં એકજ ખશનુમને મીઅજદ જેટલી હોએ તેટલી એકથી કરે, તથા નામ જુજવા લીએ. તથા વરશનાં પરભ કરે. ફ્રરવરદીન મહીનોને ફ્રરવરદીન રોજે પરભ કરે તથા રોજ ખુર-દાદે વલાવો કરે. તથા અરદીબેહેશત મહીનોને અરદીબેહેશત રોજે પરભ કરે ખોરદાદ મહીનો ને ખોરદાદ રોજે જશન કરે. તથા તીર મહીનો ને તીર રોજે પરભ કરે. તથા અમરદાદ મહીનો ને અમરદાદ રોજે પરભ કરે. શેહેરેવર મહીનો ને શેહેરેવર રોજે પરભ કરે. મેહેર મહીનો ને મેહેર રોજે પરભ કરે. તથા આંવાં મહીનો ને આંવાં રોજે જશન કરે તથા આદર મહીનાંનાં ૩ પરભ કરે. એક તો રોજ ૯ મો, રોજ ૧૯ મો તથા રોજ ૨૬ મો આ-શતાદ. એ દીને પેગમબર શાહેબ દીન લાવ્યા. તથા દેહ મહીનો ને રોજ ૧૧ જરથોશતનો દીશો, તથા બહમન મહીનો ને બહમન રોજે પરભ કરે, તથા અશપનદાદ મહીનાંનાં પરભ ૪ છે. રોજ ૫ તથા રોજ ૬ તથા રોજ ૧૯ મો, રોજ ૨૯ મો મીનો મોરેશપંદનો. તેમાં માંદવામાં છે. ગાથા ગહમબારમાં અનજુમનમાં મીઅજદ કરે તથા નેઆશ કરે. એકઠા રહીને નેઆશ એકએક કરે તો ૧૦ નેઆશનો શવાબ લાગે તથા એકઠી એક મીઅજદ કરે તો ૧૦ મીઅજદનાં જેટલો શવાબ લાગે.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે એક બેહેદીને ગોનાહ કીધો હોએ તેને કોણ તોજશ કરાવે.

જાંમાશપ હકીમે જવાબ દીધો જે કોઇ બેહેદીને ગુનાહ કીધો હોએ તે દશતુર પાશે જાએ. જો દશતુર આંગો બીજે શેહેર હોએ તો બીજા મોબેદ પાશ જાવા ગતે. વંદીદાદનો પઢનાર હોએ તથા દીનીઆંની વાત જાં-ણનારો હોએ તેને દશતુરને મરાતબે કરી જાંણવો. માટે દશતુર પાશે તથા મોબેદ પાશે રોજ ૨૧ માં. ૭ ને દીને જઇ બેશે. જે ગુનાહ ભલો બુરો હોએ તે કહે તેજ વખતપર પતેત કરાવે, તેથી ફ્રારગત થાએ. તેવાર જેવી તોજશ દશતુર કેહે તેવી તોજશ કરે. તોજશ ગણી કરાવે તો મરગરજાંણી ગુનાહ લાગે. માટે જેવી તોજશ તેવીજ પાદેફ્રરા કરાવે. બેહેદીને પોતીકા એબ કહી તે એબ કોઇને કેહે તો તે દશતુરને ગરદન મારવા ગતારત છે.

ગોશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે મનીશ મોહોતું નાંનું મરે છે, તથા મરદ તથા જોરૂ એ શરવે મરે તેનો શું હોકમ છે. તે તમાંમ દીનની ખબર મને કેહે કે મને માલુમ થાએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહ પરથમ મુવાને એમ

કરવા ગતે જે વરશ ૧૫ નું થાઇ ગુજરીઓ હોએ ને શુદરો કુશતી પેહેરી, ઓ હોએ તો ભલુ, ને જો નહી પેહેરીઓ હોએ તો તેને પેહેરાવે. એ વાત જંદ અવશતાની કેતાબમાં છે. તેને જીવતાં નહવાદે તેવાર શગદીદ કરે, પછે તેને કફન પેહેરાવે તેવાર શગદીદ કરાવે. એ વાર બે નવે નારાંને ફરમાઇ છે. વંદીદાદની ૩ જી પરગરદમાં છે. તેને કફન જુનું પેહેરાવે, બંધ ૫ બાંધે, પછે કફન પેહેરાવીને કશમાં મેલે અને કશ ૩ કાહાદે. પછી શર, પેશાંનીને શગદીદ ગતે. જેવાર કફન પેહેરાવે તેવાર મરદ પાદીઆબ કુશતી કરે અને પોતાની ફરજ પઢે. પછે બેહુ જણુ પેવન થાઇ સરોશ બાજ અશે શુધી પઢે. પછે તેને સચકે. પછે તે ૨ જણુ પેવન થાઇ રવાંનને અદકીઆ છે, તેવામાં બીજા લાગે તો નહીં અતલાએ. અને પેલા રવાંનને લીટીમાં મેલીને ખીશે અને પછી અદકે તો રીમન થાએ. એટલા માટે જે નશેશ તેશે શાંમેલ થાએ. પછે નશેશાલ જણુ ૪ ગોશલ કરીને કુશતી પાદીઆબ કરે, પોતાની ફરજ પઢે, નેઆશ તથા યશત ૩ તથા પતેત કરે. એ શરવે પોતાની ફરજ પઢે. પછે શરોશ બાજ અશે લગીન પઢે, પછે હાથને બેવદાં દશતાંનાં બાંધે. પછે ગેહાંન ખાંનેથી નશા હોએ તાં મુકે. કશ ૩ કાહાદે. પરથમ શગદીદ ગેહાંનને કરાવે, પછે જણુ ૨ ગોશલ કરે. પાદીઆબ કુશતી કરે, પોતાની ફરજ પઢે. જો ઘણી પઢે તો ઘણો શવાબ લાગે. પછે પેવંદ કરીને શરોશબાજ અશે લગીન પઢે. પછી પદાંન બાંધે, ગેહાંનની ગેહે શારે અને શગદીદ કરાવે. પછે રવાંનને ગેહાનપર મેલે. રવાંનની ગેહે શારે તેવાર શગદીદ રવાંનની શરપેશાંનીને કરાવે, કાંએ જે વંદીદાદની ૩ પરગદમાં વાર ૨ શગદીદ દેખાડે, કફન પેહેરાવીઆ પછી શરપેશાનીને શગદીદ ગટે. પછે ગેહે શારી પુરી પઢેઆ પછી બાજ મુકે. પછી નશેશાલ નશાને દાદગાહ દખમે લઇ જાએ. આતશ તથા પાણી નહીં હોએ તાં મુકે. રવાંનની બરાબર તમાંમ બેહેદીન બે જણુની જોર થાઈને એ રવેશ શરોશ બાજ અશે શુધી લીએ. પછે નશેશાલાર દોખમાંમાં બાજમાં દશતુરી એમ પઢે. **બ દશતુરીએ દાદાર હોરમજદ. બ દશતુરીએ અમશાશપંદ. બ દશતુરીએ શરોશ અશો. બ દશતુરીએ જરથોશત સપીતમાન. બ દશતુરીએ આદરબાદ મારેશપંદ. બ દશતુરીએ દશતુરે આંન જમાંન કેબુદેહ બાશદ. અશેમ વોહુ.** એ રીતે રવાંનની ડાબી ગમનું કફન ફાડીને રવાંનની છાતીપર હાથ મુકીને દશતુરી વાર ૩ પઢે. મોહોદે બોલે નહીં, બાજમાં પઢે. પછે બાહાર આવીને બાજ મુકે. પછે પાછલ જાનાસ સરવે બાજ મુકે, નેરંગ લીએ, નમશકાર પઢે, દરીઆવનો તથા ડુગરનો, એ શરવેનો કરે. ઉતરે શોકન?ગંડ છે. તેનો નમશકાર કરે. પછે જમીનને રવાંન શોઈ. દગ ૩ ચાલે: ઇઅથાઅહુવેરીઓ ૧

પઢે. એ રીતે વાર ૩ પઢે. પછે રવાંનને વાશતે નેઆશ જંદ અવસ્તા પઢે. ગોશલ કરે, પછે વાટે જંદ અવસ્તા પઢતા આવે. થેકાંને આવીને બાજ મુકે. બીજું એજે જો પેવંદની દોરી તુતે તથા પગે રશ થાએ તથા વાહ શરેતો નશેશાલાર તથા ખાંધીઆથી એવું થાએ તો રીમન થાએ. તેવારે તેને તુરત બીશાદે, બીજા અદકે. જેને ૩ વાખા લખેઆ છે તે વંદુ બરશનુમ લીએ તો પાંક થાએ. પછે રૂવાનને પેહેલે દન શરોશ બેશાદે, અને ખુરશેદ મેહેરની નેઆશ કરે, તથા રપીથવનમાં તથા ઓજીરવનમાં નેઆશ કરે, તથા એવેશરૂથરેમમાં વડી શરોશ કરે, પતેત કરે, લીહીની આગલ આતશનું પાતરૂ તથા દોખમાંની આગલ શગડીમાં રેશન કરે, તથા દરેમેહેરમાં રેશન રાખે, એટલા માટે જે રવાંનને વીજરશ દેવ બીવાડે છે તેવાર ૩ જગે રવાંન દોડ કરે છે, તે આતશની મદદથી તે નાપાક વીજરસ દેવનું ચાલતું નથી. એ રીતે દાંહાડા ૩ ફરે છે, કાંએજે તે દેવ રવાંનને બીવાડે છે. તે રવાંન મરે છે તેનો જીવ ૩ રાત અશીશે માંથાની ગમ રેહે છે. શરોશને તથા આનશને આશરે રહે છે. પછે ચેઆરમને દીવસે હીસાબ આપતાં ગુનાહ વધે તો તે દેવ રવાંનને લઇ જાએ. તે દેવનું નામ અશતગુઆદ, વેશાખ, અંધમ, ફેરેજશતે, તથા કોપ, એ પાંચ દેવ દોજખમાં લઈ જાએ છે: તેવાર રવાંન એમ બોલે છે જે પેહેલે દગે ભુડી મનશની, બીજે દગે ભુંડી ગવસની, તરીજે દગે ભુડી કુનસની, ચોઠે દગે હારેમનની પાશે જાએ. અને પાક બેહેશતી હોએ તો ફરેશતા ૪ પરથમ હીશાબ કરે, જો શવાબ વધે તો બેહેશતમાં લઇ જાએ. તે ફરેશતાનાં નામ બહમન, મેહેર, શરોશ, રશને આશતાદ. એ ૪ જણુ હેશાબ સુમાર કરે છે. પછી બહમન અમશાશપંદને હવાલે કરે છે. તે બેટાનું નાંમ પુછીને બેહેશતમાં પુલ ગુજ્નરી લઇ જાએ. જેમ પેહેલે દન રવાંનનાં શરોશ તથા નેઆશ પતેત તથા બીજા શરવે જંદ અવસ્તા પઢે તો, ચેહારે દશા બેહેદીન તથા દુંગર તથા શેતારા તથા દુંગર તથા ગોશપંદ એ શરવે શવાબમાં શરીક થાએ. પછે એવેશરૂથરેમ ગેહેમાં શવાબ ઉગરાએ તથા લીહીની આગર પતેત કરે તથા રવાંનને ખાતર જેને પરવદે તે શવાબ વંદીદાદ તથા ઇજશને કેહે, ગાએ પઢાવે, પદ જંદ અવસ્તામાં છે તે લખીઆ છે. **ગોમતે જશતે** ગાયનું તથા ઘોડાનું તથા ગોશપંદનું ઇનાંમ આપે. **વશતારૂયતે** વશતર તથા શદરાનું તથા વાગાનું ઇનાંમ રવાંનને કાજ આપે. તે ઉડીઆનું કેવાય. પછી ખશબોઇ મેલી પઢાવે, અને પછી શરવેને ખશબોઇ આપે. હુશન ગેહેમાં તે રવાંનનો વાગો ઇજાવે. અને અશોને તથા દશતુરને આપે, તે શીઆવ ઇજતાં તે બાજપર બેદાં ૩૩ તથા હમા ચીજ અને મેવો મેલે, અને હરેક બાજમાં બેદાં ઇજાવે, અને શીઆવ ઇજી રહીઆ પછી બામદાદ અફર-

ગોનં દહમ ઇજદનું કરાવે. પછી ચેહારમની બાજ કરે તે ઉપર દોહલા ૪ શેર ૫ નાં મેલે, બાજ ધરાવે. પછે ચાશની કરાવે. દીનમાં એમ ફરમાવ્યું છે જે જેનાં ઘરમાં નાહનું તથા મોહોટું કોઇ મરે તો તે ઘરનું પાંણી તથા આતશ તથા બીજી હરેક ચીજ દન ૩ કશા કાંમમાં નહીં આવે, અને તેનાં ખેશ કબીલાને ફરજ છે જે દન ૩ લગે ગોશ ખાએ નહી, તથા રદે નહીં. જો ગોશ ખાએ તથા રડે તો પેલા રવાંનની હાએ નીશાશે શેહેજ દારામાં બીજું રવાંન થાએ. માટે દન ૩ લગે શરોશ તથા વંદીદાદ તથા શરોશનું આફરગાન તથા શરોશ બાજ તથા નેઆશ તથા આતશને ખુશઓ કરે. પછી દશમા પર શેઆવ તથા વંદીદાદ, ઇજશને તથા બાજ આફરગાંન કરાવે. માશીશાપર શીરોજા બેશદાવે તથા વંદીદાદ, શીઆવ તથા શીરોજાનું આફરગાંન કરાવે તથા ચાશની કરાવે. માશ ૨ જે ઇજશને અરદાફરવશની તથા આફરગાંન કરાવે. પછે હર મહીને બાજ અરદાફરૂઅશની તથા આફરગાંન તથા ઇજશને કરાવે. તથા વરશીપર શીઆવ શીરોજા, વંદીદાદ, ઇજશને, બાજ, આફરગાંન કરાવે, તથા ચાશની કરાવે. તથા વરશી બારવને બાજ અરદાફરૂઅશની તથા આફરગાંન, ઇજશને તથા વંદીદાદ એ શરવે કરાવે. પછી વરશ ૧ સુધી રવાંન એ દુનીઆમાં રેહે. વરશ પુરૂ થાઇઆ પછી રવાંનનો જીવ પેહેલી જેહાંનમાં થરે. જેવારે રવાંનનાં ઉઠીઆંનાંને દન શવાબ કબુલ કરાવે તેની વીગત. વંદીદાદ ૩૩ તથા ગેતી ખરીદ, હેરબુદ તથા હમાએશ ૧૨ કબુલ કરાવા પછે. ઉઠીઆનાંમાં હુનવર પઢાવે. જો ઓરત દશતાંનમાં તથા વીઆંતાં મરે તો વંદીદાદ ૭ હપતે અમશાશપંદનાં ઇજાવે, તથા બીજી ફરજ ઇજાવે. જો ૧ મહીનાંથી તેવરશ ૭ સુધીનું મરે તો તેને શરોશ ૧ ગતે, આંગલુ ને એક બાજ ચેઆરમ સુધી ગતે. અને વરશ ૭ ને મહીનાં ૩ નું મરે તો તેને શરોશ ૩ તથા શીઆવ તથા ચુકુ કરે. જેમ મોતાંનું કરે તેમ એનું ભી કરે પણ તેને શદરો કુશતી બંધાવે. કફન પેહેરાવે, બંધ બાંધે, ચશમ પેશાની ખુબ ઉઘાડી રાખે, ગેહે સારીને દાદગાહ પોંહોંચાદે, અને વરશ સુધી દીનનાં ફરમાંણે કરે. બીજું એજે વરશ ૧૪ ને ૩ માશનું મરે તો તેને બેટો કરી આપવો ગટારત છે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે મરદ પોતાની ઓરતશે એક રાતમાં વાર બે શોબત કરે કે નહી તેનો શું હોકમ છે. અને ઓરતનો મરદ છે અને ઓરત એગ્રાંનાં મરદશે વાર બે તથા તરણ તથા ચાર સુધી શોબત કરે તો તેનો શું હોકમ છે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે શોબત ૧ વાર તથા ૨ વારૂ કરે, પણ જેટલી વાર કરે તેટલીં વારં બંને ખલાશ થાએ તેટલી વાર ગોશલ

કરે, બંધે જણુ. પછી શોબત કરે તો ફરજંદ ખુબ આવે. શોબત ઉપરા ઉપરી કરે તો ફરંજદ ખુબ નહી આવે. તેની તાશીરે ખરાબી થાએ. બીજું એ જે એ પાદશાહા જે ઓરત બેગાંનાં મરદશે એક, બે, તરણુ, તથા ચાર વાર શોબત કરાવે તો તે ઓરતનાં નેકા તુતે માટે ફરીને નેકા બાધે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે આજારી પદે તે વાર, નખેતર મને કેહે. કીએ દાહાડે ઉઠે કે મરે. તથા કેટલા દાહાદા રીએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે પડવો મુલ નખેતર, પાચમ ભણી નખેતર, આઠમ કરતેક નખેતર, નોમ રોહેની નખેતર, દશમ અશલેખા નખેતર, એટલા જોગ હોએ તો જીવતો ઉઠે નહીં. ગાંમ જાએ તે ફરી નહીં આવે. આજારી પદે તે વાર, નખેતર લખેઆં છે. એટલા દન જીવે તથા નહીં જીવે. અશવની નખેતર તથા દીતવાર, શોમવાર તથા શુકરવાર એટલા દનમાં આજારી પદે તો દન બે ભોગવે. ૨ જું ભરણી નખેતર. શનીવાર, શોમવાર તથા બુધવાર એટલા દન આજારી પડે તો મુવો છુટે. ૩ જું કરતેકા નખેતર, તથા પુશ નખેતર. ભરેશપતવારે આજારી પદે તો દન ૨ માં શારૂ થાએ. ૪ થું રોહની નખેતર. રવીવાર તથા બુધવારે આજારી પદે તો દન ૭ માં શારૂ થાએ. ૫ મું મરગશર નખેતર. તથા શોમવારે તથા શુકરવારે આજારી પદે તો દન ૫ માં તથા ૮ માં શારૂ થાએ. ૬ થું આરૂદરા નખેતર. શુકરવારે નહીં જીવે. ૭ મું પુનરવસું નખેતર. રવીવાર તથા બુધવારે આજારી પદે તો દન ૭૫ માં શારૂ થાએ. ૮ મું તથા ૯ મું અસલેખા નખેતર. શુકરવારે આજારી પદે તે જીવે નહીં. ૧૦ મું મઘા નખેતર. શનીવાર, દીતવાર તથા બુધવારે આજારી થાએ તો દન ૭ માં શારૂ થાએ. ૧૧ મું પુરવા ફાલ ગુણી નખેતર. મંગલવાર તથા શુકરવારે જો આજારી પદે તો દન ૬ એ શારૂ થાએ. ૧૨ મું ઉતરા ફાલ ગુણી નખેતર. શોમવાર તથા શુકરવારે જો આજારી પદે તો દન ૨૫ માં શારૂ થાએ. ૧૩ મું હશત નખેતર. દીતવાર તથા શનીવાર તથા બુધવારે આંજારી પદે તો દન ૧૫ માં શારૂ થાએ. ૧૪ મું ચીતરા નખેતર શોમવાર તથા ગુરૂવરે આજારી થાએ તો દન ૧૨ માં શારૂ થાએ. ૧૫ મું શવતી નખેતર. શનીવાર તથા રવીવાર તથા ગુરૂવારે જો આજારી પદે તો દન ૧૦ માં શારૂ થાએ. ૧૬ મું વીશાખાર નખેતર. શનીવાર, રવીવાર તથા મંગળવારે જો આજારી પદે તો દન ૧૬ માં મરે. ૧૭ મું આંનુ રાધા નખેતર. બુધવારે આજારી પદે તો દન ૪૦ મા શારૂ થાએ. ૧૮ મું જેશતા નખેતર. ગુરૂવારે જો આજારી પદે તો દન ૨૦ માં શારૂ થાએ. ૧૯ મું મુલ નખેતર. શનીવાર, મંગલવાર તથા રવીવારે આજારી પદે તો નહી જીવે. ૨૦ મું પુરવાશાદ નખેતર. શોમવાર

તથા બુધવારે જો આજારી પદે તો દન ૬ માં શારૂ થાએ. ૨૧ મું ઉતરા ખાદ નખેતર. ગુરૂવારે જો આજારી પદે તો દન ૮ માં શારૂ થાએ. ૨૨ મું અભીજત નખેતર. બુધવાર તથા શુકરવારે આજારી થાએ તો દન ૫ માં શારૂ થાએ. ૨૩ મું શરવન નખેતર. રવી તથા ભોમવારે આજારી પદે તો દન ૧૦ માં શારૂ થાએ. ૨૪ મું ધનશાતા નખેતર. બુધવારે આજારી થાએ તો દન ૨૫ માં શારૂ થાએ. ૨૫ મું શબારેખા નખેતર. ગુરૂવારે આજારી થાએ તો દન ૨૦ માં શારૂ થાએ. ૨૬ મું પુરવા ભદરપદ નખેતર. શનીવારે, રવીવારે, તથા મંગળવારે આજારી પદે તો દન ૧૯ માં શારૂ થાએ. ૨૭ મું ઉતરા ભદરપદ નખેતર. મંગળવાર તથા બુધવારે આજારી પદે તો દન ૧૧૦ માં શારૂ થાએ. ૨૮ મું રવતી નખેતર. ગુરૂવારે તથા શુકરવારે જો આજારી પદે તો દન ૧૦૦ માં શારૂ થાએ.

ગોશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે નશો શા થકી થાઇઓ. અતલાએ તે શું છે. અને નેરંગ કાંથી પેદા કીધો. ચાર નાચાર મને કેહે જે લદાઇનો વખત શંભાલું.

જામાસ્પ હકીમે જવાબ દીધો જે એ પાદશાહા તું જાવેદાન લગે જીવ અને દીનની વાત ખુબે પુછ. પરથમ તેમુરસ્પનાં વખતથી નશો ઉતરીઓ, શા માટે જે પોતીકી બઇરીને પોતે વાત કહી તેથી દેવ ગલીઓ, તેથી નશશ દેવ દુનીઆંમાં ઉતરીઓ, તે દનથી નશો પેદા થાઇઓ તથા કીધો. માટે શરવ કોઇને શર નશોશ ચહેદે છે. માજદીઅશની નેરંગથી નશોશ ભાંગે. તે નશોશ આદમીની જાતપર ચદે છે તે ભાંજવા તથા નશાદવાને કાજ નેરંગ કીધી છે. અને અટલાય છે તે નશોશથી. અને બેહેદીન જાં લગીન જીવે છે તાંહ લગીન પાલશે, અને મરે તેવારે નશોશ લાગુ થાએ અને બેશે છે. તેથી નશો કેહેવાએ. અને નશાને લાગે તો અટલાએ પરછે. પછી શગદીદ કરીને નશેશાલાર જોડ વલગીને દશતુર દીનને હોકમે દાદગાહ પોચાડે. અને પછે ૩ દીન તમામને નશશ જીવતાં છે. એ પર નશશ નહી બેશે અને તે નશો નહીં કેવાએ, મીશાલે જેમ દશતાંનની જોરૂ ને કપડું લાગે અને ધોઇ લેજીએ તેમ દરવંદનાં નશાને અદકે તો નેરંગ પાણીએ કપડાં પાક કરી લીએ. અને જો આપણે વાતે જઇએ અને પગમા મોજાં શારાં હોએ અને જો નશો લાગે તો મોજું અતલાએ, તે કાઢી નાંખે, તથા પોતે તથા કપડાં નેરંગ પાણીએ પાક થાએ. જો પગમાં મોજાં સારાં નહી હોએ તો અટલાએ. કપડાં ફાદીને વહું બરશનુમ દીએ. જો લશકરૂમાં લડાઇમાં તે જણ મરે તેને ડુંગર ઉપર ઉનચી જગો હોએ ત્યાં મુકે પછે નેરંગ લીએ ને પાણીએ પાક થાએ.

જો લાકડાંનાં તથા અનાજનાં ધગલામાં તથા તાજ તખતપર તથા અ-રશાખ તથા હરેક લાકડાંપર કોઇ મરે તેને દીનનાં જાંણનાર દશતુર મોબેદ-ને પુછીને પરેજે. નશાશાલા જોડીને વલગાને તે પરેજે. કપડાં ફાદે, પછી તેને પાક કપડાંએ દાદગાહા પોંચાદે. અને પેલા લાકડાંપર મરી રહેઓ છે તેને તે માફક લાકડું ભાંજી છોલી નાંખે. પછી તે જગે નેરંગ છાંતે તો પાક થાએ. અનાજનાં ધગલામાંથી થોડોએક અનાજ કાહાડી નાંખે. બાકી રેહે તે પાક છે. જો નલીઆંને નશો લાગે તો તેટલી જગાની છોએ તથા નલીઆં કાહાડી નાંખે. જો કોઇ જગે નશો પદીઓ હોએ તો દગ આંગેથી જાએ તો નહી અતલાએ. ઓલાપર નથી દગ પર છે. જો નશાની પાછલ ગેહાંનીઆં જાએ તો દગ ૧ શેર ૧૫ શવાબ લાગે. નશેશાલા નશો લઇ જાએ તો અને જો વા શરે તો રીમન થાએ. શગદીદ કીધા વીના ઉચકે તો રીમન થાએ. શર તથા પેશાંનીને શગદીદ કરે તો રવા છે. નશેશાલા નશો લઇ જાએ છે તેવારે દોરી તુતે તથા જાતપર રશી થઇ આવે તથા એકાએક વીરજ આવે તથા ફોફઇઓ થાઇને ફુતેતો રીમન થાએ. જો બાજ બાંગે તો રીમન થાએ, માટે જરૂર બરશનુમ લેવું ગતે તેવારે પાક થાએ. જો ગફલતે મોહોદાં માંહે રજ આવે તો રીમન થાએ. નશેશાલા મોહોતું બરશનુમ લઇને અદકે તો મોહોતો શવાબ લાગે છે. વલી પાક થાએ તેવાર બરશનુમ લીએ. જો નશો જમીનમાં દાતે તો મોહોતો ગુનાહ છે, માટે શેતાંબ એ રીતે કાહાદે. પરથમ તે જમીનને શગદીદ કરે, પછે નશેશાલા જોદ થાઇ બાજ ધરીને લોદાંનાં ખીલાએ કરી ખને પછી શગદીદ કરે. પછે પેતાવા કપદાંના ૪ ચોવડા કરે તે હાથે બાંધે. પછી હા-થમાં શાંનશી લીએ. બીજા દાબા હાથમાં કદછીઇ લીએ. નશાને શગદીદ કરે. પછી શાનશીએ તથા કદછીએ તે તમાંમ નશાને એક લોહોદાંની કથારેટમાં મેલે, શગદીદ કરે, ગેહે શારે. દાદગાહ દુંગરે પોચાદે. નશાશાલા કપદાં ફાદીને પરેજ કરે. નેરંગ પાંણીએ નાહે, પાક થાએ. પછે શીશીએ નાહે.

જો નશો બહોરેવાત હોએ તો નશેશાલા બાજ ધરી પેવંદ થાઇને નશાને શગદીદ કરાવી નશો ઉચંકી લઇ જાએ. પછી તમાંમ પરેજ કરે. પછી શીશી-એ નાહે, પાક થાએ, આતશ પાણીને અડકે. જો નશો લીલાં ઝાદ પર, લીલાં ધાશપર તથા ગોશપંદને ગલે બાંધીઓ હોએ તો તે આપણે લાગીઓ હોએ તો અતલાએ નહીં, કાંએ જે લીલું છે તે જીવતું છે. શુકાંપર હોએ તો ક-પડાં પરેજ કરે, નેરંગ પાંણીએ નાહે, શીશીએ નાંહાંન નાંએ. જો જેહેર ખાઇને તથા કુવા તલાવમાં પદીને મરે તો તથા શોબત કરતાં મરે તો તેને વેલાંની વેલાં લઇ જાએ તાં લગીન શગદીદ નહીં કરે. દખમે નહી લઇ

જાએ. પછે નશેશાલ જોડ ૧ થાઇને શાચકે, પછી શગદીદ કરી મેલે, દીનની રવેશ દાદગાહ પોંહોંચાદે. જો લદાઇમાં મરે, તેનો હાથ પગ કપાએ, તથા હરેક કપાએ અને જેનું કપાઇઉ હોએ અને તે જીવતું હોએ તો તે કપાએલું હાથ તથા પગ તથા હરેક કાંઇ તે શરવે અહેરનશા બરાબર છે, હેર નશા દાખલ છે, તે માટે હરેક જગા તે પરેજ કરે. જો કોઇનું મોહોદુ કપાઇયું હોએ તો તેની પીદને શગદીદ કરે. પગનાં ગુંદાંને તથા ધુટીને તથા હાથની ધુતીને શરવેને શગદીદ કરે. તે તમાંમ શગદીદ થાએ. જો નખ તથા કેશ તથા દાંતની શગદીદ કરે તો નહી થાએ. અને તેને લગતું અતલાએ. માતે શરપેશાંનીની શગદીદ કરે. શર નહી હોએ તો ઉપર લખી છે તાં શશગદીદ કરે. અને નવે નારવાને શગદીદ એમ કરે. પરથમ બરશનુમ લીએ ત્યાં શગ.લાવીને તેને શગદીદ કરે તો નવે નાંરવાંને શગદીદ થાએ. બીજી વાર શગદીદ તાં કરે જે મરવા પદીઉં છે, તેની ગોશલ કરતાં નવે નારવાંને શગદીદં કરાવે, કાંએ જે તે નાંગું છે. તરીજી વાર કફન પેહેરાવતાં શગ દેખાડે તો તે નાંગો છે માટે શગદીદ થાએ. પછે નશશ તે રવાંનની લીહીમાં તેની ચશમ પેશાંની પર બેશે, તે ગેહે શારતાં શગદીદ કરે ચશમ પેશાંનીને તો શગદીદ થાએ, કાંએ જે નવે નાંરવાંની તો અમલ કફનમાં રહીયું. બંધાયું તે છોદાયું નહી, અને નશશનો અમલબી નહી રહીઓ. શગદીદ બે થાઇ. તરીજી શગદીદ શર પેશાંનીની. ગેહે શારતાં શર પેશાંનીને શગદીદ કરે, ચશમ પેશાંની શગદીદ થાએ. જો ૨ હાવન હોએ તો જે મરે તેની લીહી રાત ૩૦ અને દન ૩૧ લગે લીહીની જમીન પાક કરે. જો રપીથવન ગેહેમાં મરે તો રાત ૧૦ અને દન ૧૧ પાક થાએ. લીહીનું પાક કરવું જેમ દશતાંનનું લુગડુ ધોઇએ, પોતે નાહીએ, તેમ લીહીને નેરંગ છાંતે, પછે શરવે કચરો બાહાર નાંખે, પછે પોતે તથા કપડાં નેરંગ પાંણીએ પાક કરે અને પાક થાએ. જો નશાખાંનું હોએ તો તેને અદકે તો નેરંગ પાંણીએ નાહે તો પાક થાએ. અને કપડાંબી પાક થાએ. મુવાંને કફન પેહેરાવી શચકે બંધ ૫ બાંધે. ૧ છાતીપર, ૨ ગુટણે, ૩ હાથપર, ૪ પદાંન શાથેનો, ૫ અંગોથાનું. એ રીતે બંધ બાંધીને પછી નશાખાને લઇ જાએ, તાં લીહીપર મુકે, અને પોતે તથા કપડા નેરંગે કરી તથા પાંણીએ પાક થાએ. જો નશાંખાનું નહી હોએ તો ગોશલની હાજત નહી. આતશની શગદી ૩ જગે બાલવા ફરમાઇ છે. ૧ જાંહાં મુવું હોએ તાં લીહી પાશે, ૨ દુખમે, ૩ દરેમેહેર. એ ૩ જગે શગદીદ બાલે એટલા માટે જે નાંપાક.વરજશ દેવ તે રૂવાંનને બીહીવદાવે છે, તે માટે રૂવાંન નાંશતું ફરે છે. પછે જાંહાં શગદીદ હોએ તાં આતશની મદદે ઉભું રહે છે. શગદીદ કરાવવા માટે શગ ૪ ચશમનો નર ગતે. ને જો નર નહીજ હોએ, તો

માંદાએ શગદીદ કરે. જો તેબી નહીં હોએ તો નોળીઓ, લોખડી, તથા કોલી તેને શગદીદ કરે. જો તેબી નહી હોએ તો કાગ કાલો તથા શુડી તથા વાધલ જે હરેક જણસ નશા દાખલ હોએ તેનો છાયો પાડે, તેની શગદીદ કરે. એ પાદશાહ નશાની વાત કહું તો નીથે નહીં.

બાજરોજગાર વીગેરે કરવાની ફરજ.

એ પાદશાહ ગહમબાર કીધાની મોટી ફરજ છે. ફરવરદીઆંનનું અજીમ શવાબ છે. જે દોજખથી તમાંમ રવાંન છુટે છે. પોતાને ઘર આવે. રોજગાર કીધાનો મરતબ એ છે જે રવાંન મરે તે દહાડાનો ઉમેદવાર જે હમારા રોજંગારને દન હમારી બરાબર આવજો. એ રીતે રવાંનને દીલાશો દીએ. એ વાતપર ઉમેદવાર રાખીને રોજગારને દન રોજગાર કરે તો ખુશી થાએ. ખુશઓ લીએ. પોતાને ઠેકાણે દુવા કરતાં જાએ. જો રોજગાર વીશંરીઆં હોએ તો અરધી રાત લગે વાર જોઇ નીશાશો મારે જે તારૂ શતીઆર નાશ જાજો. એટલું કહી એક તીરવો ઉંચા ઉડે, ખોદાયતાલા પાશે અરજ કરે, જે હમુને તેને નાંખુશ કીધાં માટે રખે તેને ફરજંદ આપે તેનું ખાંનું ખરાબ કરજો. જો અનજુમન એક બાજે એકથી નેઆશ કરે તો એક નેઆશનો ૧૦ તનાપુર શવાબ લાગે. જો ૧૧ જોડે એકથી કરે તો ૧૦૦૦૦ તનાંપુર શવાબ લાગે. જો એકથી મીઅજદ કરે તો ૪ દશાનાં બેહેદીનનાં શવાબમા હમશરીક થાએ. અને ફરેશતા ખુશી થાએ. જો અનજુમનનું આફરગાંન બાજ ૧ પેવંદે ઇજે તો તેના શવાબનો છેડો નહી. જો એખલી બાજ ઇજે તો ૧ તનાંપુર શવાબ લાગે. જંદરવાંન ૩ ની ફરજ છે તથા નહી પાંમે તો ૧ બી કરે. જો ૩ કરે તો એમ કરે જે પેહેલું જંદરવાંન કીધું તેને વરશ ૮ તથા ૪ ગીઆં હોએ તો વલી જંદરવાંન તેજ રોજે કરે. વલી ૩ કરે તો તેજ રોજ આવે તે વલગેલાં કરે. તથા જો આદે દન કરે તો તે તરણુનો શવાબ તેટલો નહી લાગે. જો ૩ વલગેલાં કરે તો નાચારે એક ગરીબને ગટે. જો હમેશાં ૧૨ હમાએશત, વંદીદાદની તથા ગેથીખરીદની તથા હેરબદની ફરજ છે.

સાત ગરેહે લખીઆ છે.

૧ **આદીત**–ખુરશેદ ઇજદ તથા શેહેરેવર અમુશાશપંદને હવાલે છે.
૨ **શોમ**–મોહોર ઇજદ તથા બહમન અમશાશપંદને હવાલે છે.

૩ **મંગલ**–બેહેરાંમ ઇજદ તથા અરદીબેહેશત અમશાશપંદને હવાલે છે.
૪ **બુધ**–તેશતર ઇજદ તથા ખોરદાદ અમશાશપંદને હવાલે છે.
૫ **બરેશપત**–શતુઅશ ઇજદ તથા દાદાર હોરમજદને હવાલે છે.
૬ **શુકરે**–વંનત ઇજદ તથા અમરદાદ અમશાશપંદને હવાલે છે.
૭ **શની**–આંવાં ઇજદ તથા અશપનદાદમદને હવાલે છે.
૮ **રાહુ.** ૯ **કેત**,–એ બેહુ હપત અમશાશપંદને હવાલે છે.
એ ૯ ગરેહે પીદા કરે તો તેનાં ફરેશતાને માંનેઆથી શારૂ થાએ.

આજારી પડે તો કયા ફરેસ્તાને માને?

ગોશતાશપ પાદશાહે પુછયું જે આજારી પદે તો કીઆ ફરેશતાને માંનીઆથી આજાર જાએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે:—
માથું દુખતું હોએ તો બેહેરાંમ ઇજદને માને.
નાંખે દરદ હોએ તો મોહોર ઇજદને માંને.
આંખ દુખે તો ખુરશેદ ઇજદને માંને.
માંથે દરદ હોએ તો પાણી તથા દરીઆવમાં મીઠાઇ નાંખે.
કાંને દરદ હોએ તો ખેશદ કરે,
ગરદને દરદ હોએ તો રામ ઇજદને માને.
પીઠે દરદ હોએ તો વાગા બક્ષે.
પગે દરદ હોએ તો બહમન અમશાશપંદને માંને.
તાપ બરગલ આવતી હોએ તો ગહમબાર કરે.
હુઈઆનું દરદ હોએ તો ગોવાદ ઇજદને માંને.
ચીતાનું દરદ હોએ તો હરેક ફરેશતાને માંને.
પેતનું દરદ હોએ તો આતશ બેહેરાંમને માંને.
તલીનું દરદ હોએ તો ખશબોઇ દરીઆવમાં તથા તલાવમાં નાંખે.
આંખને ફુલુ પદે તો શુનાંની આંખ આતશ બેહેરાંમને ચદાવે.
પગનાં ગુદાને દરદ હોએ તો અશપનદાદમદને માંને.
આંગલાંને તથા હાથને દરદ હોએ તો હોમ ઇજદને માંને.
કમરે દરદ હોએ તો તીર ઇજદને માંને.
પીરૂને દરદ હોએ તો તથા વીરજને દરદ હોએ તો આશતાદ ઇજદને માંને.
પીશાબનું દરદ હોએ તો આંવા ઇજદને માંને.
વાહપર ગયો હોએ તો ગોવાદ ઇજદને માંને.

નખ કેશનું દરદ હોએ તો ગોવાદ ઇજદને માંને.
દુખતું નહીં ભાગતું હોએ તો બેદાં ૩૩ બાજ અરદીબેહેશતની ઇજાવે.
અનાજ ગણો પાકવવા માંગે તો ખોરદાદ અમશાશપંદને માંને.
ફરજંદ નહીં આવતું હોએ તો ઝાડ રોપે.
છોકરાંને દાહાપણ નહી હોએ તો આતશ બેહેરાંમને માંને.
બોલ ઉપર કરવા માંગે તો બાજ બેહેરાંમ ઇજદની ઇજાવે.
દુશમન જોરાવર હોએ તો બેદાં ૩૩ મોહોર ઇજદને ઇજાવે.
જાતે નરો નહીં હોએ તો મોહોર ઇજદને માંને.
ફકીર હોએ તો આંવા અરદુઇશરને માંને.
ખુવાબમાં બીહીતો હોએ તો મુક્તાદને માંને.
દરદથી બીહીતો હોએ તો ખેશીસંપદરને માંને.
મંદવાડને ફેકર કરે તો ફરેદુનને નાંમે ઇજાવે.
જોરૂને દુધ નહીં હોએ તો આંવાં ઇજંદને માંને.
જોરૂ છોકરાં જણતાં કશતાએ તો બેહેરાંમ ઇજદને માંને.
જોરૂને હમેલ નહીં રેહેતા હોએ તો અરદીબેહેશત તથા હોમ ઇજદને માંને.
મોટું દરદ હોએ તો દાદાર અહુરમજદને માંને.
હરેક દરદ હોએ તો ફરેશતાને માંને, તેની ઇજશને કરાવે, વંદીદાદ, હરેક બાજ આફરગાંન તે હરેક ફરેશતાને નાંમે કરે તો આશાંન થાએ.

રમલનાં નાંમ ફારસીમાં લખેઆ છે.

મેખ–હમલ, વરખ–શોર, મીઠુન–જુજા, કરક–શરતા, શહી–અશદ, કનેઆ–શમંબુલે, તોલા–મીજાંન, વરચક–અકરબ, ધન–કુશ, મકર–જદી, કુંભ–દલવે, મીન–હુત.

સાત વાર, ઘરેહે ૯ નાં નાંમ લખીઆં છે.

શમશત–આદીત, કમર–શોમ, પરીખ–મંગલ, આતરદ–બુધ, મુશતરી–ભરેશપત, જેહોરે–શુકર, જહાલ–શનીશર, રાશ–રાહાને, જંનૂમબ–કેતને. ફારશી હીંદી બંને છે.

ફાલ નામું.

કોઇ કામની શરૂઆત કરતાં યા બીજે કોઇ વખતે આપણું કામ સફલ થશે કે કેમ, યા તે કામમાં ફાયદા છે કે કેમ તે જો જાંણવું હોય તો પાસેનાં પાનાં ઉપર આપેલાં ચક્રમાં ખુદાનું નામ દઈ આંગલી મુકવી ને તે ખાંનાંમાં જે આંકડો હોય તે નીચે લખેલા આંકડાવાલી તાસીર વાંચવી. એકજ સવાલ એકથી વધુ વખત જોવો નહી.

એ પાસેના ચકરમાં આંકડા કાડેઆ છે. અને આંક ઉપર ફરતા છે એ રમલનું ચકર છે. કામે કાજે જાએ તે એ ચકરમાં જોવું.

૧૧ એ આંકે મન વાંચતાં ફલ પાંમીએ, ધનની વરધી હોએ. જે માંગે તે મનની મોરાદ શાંમને પાંમે. શંતાબ તલે. જે ચેતવે તેને લાભ હોએ. લાભ લઇ ઘેર આવે તે ફતે છે.

૧૧૧ એ ફાલનાં ધણી તું ખોદાય પાસે માંગે તે બખશશે. ફતેહ પીરોજી પાંમે. જે તારા દીલમાં છે તે તું પાંમશે. તારો શેતારો ભરેશપત છે.

૧૨ અ ફાલનાં ધણી ફાલ તુને લાભ હોએ. દોહેલુ તલે. દન ૫ લગે શુભ છે. અણુચીતીઉં લાભ છે શહી માનજે. ધણીનું શાહેબનું ઉમેદવાર રેજે, તુંને ફતેહ પીરોજી છે. અને હાંશેલ થાશે.

૧૧૨ એ રમલ ધણી તુને ગણી ખુશી નેઆમત વધશે. ખુશ ખબર તુને પોંહોંચશે. તાહારો રજક હલાલ રોજી વધશે. મતલબ તું રૂશનાઇ દેખશે. જે કાંમે કાજે જાએ તો, ગાંમ જાએ તો શીતાબે જા; લાભ લાવશે. તારો શીતારો શુકર છે. માટે ફતે છે. ફતે કર લાભ છે.

૧૩ એ ફાલનાં જોનાર મરદ તારૂ દોલત વીચારીઆંનો અંદેશો છે તે ટલે. કાંઇ મુલગી વશતુ ગઇ હોએ તે તથા હરેક વસતુ ગઇ હોએ તે તથા હરેક વસ્તુ ઉપર ઉમેદ રાખે છે તે આવી મળશે. કોઇ એક તું પર માથું ચીતવે છે, તેથી તુને કંઇ નહીં થાએ. વેરી તલે,

લાભ ફતેહ છે. તારો દુશમન નેસત નાબુદ થાશે.

૧૧૩ એ નેક કેરદાર હરેક ખબરથી તું ખુબ ખબરદાર થા જે ખોદાતાલાએ તમાંમ બલાથી બહાર કાહાદીઉ છે. કેટલાએક દન શબુર કર, શબુરીથી તાહારૂ કાંમ ફતેહ છે.

૧૪ દોહેલ ટલે. મનમાં વમાસન કરે છે તે મુ કર. કોઇ બલાથી ભલું થાશે મનમાં ચીતીઉ છે તે થશે. દોહેલ તલશે. રૂડુ થાશે કરી જાંણુ.

૧૧૪ એ ફાલનાં ખાવીંદ જે તું અંદેશો કરે છે તે મુબારક થાશે. જે ઉમેદ તેં દીલમાં રાખી છે તે થશે. ગેબથી ખુબ ખુશખબર પહોંચશે. તારૂં કાંમ હર જગે ખોદાતાલા તારી મોરાદ પાંમશે.

૬૫ એ ફાલમાં ચીતવીઉં છે તે થાશે. શગ શગામાં ખુબી થાશે. જે તુને માંથું ચીતવે છે તે વાત તુને લાભથી થાશે. વેરી પગે લાગશે. દુશમન નેસ્ત થાશે. તુને લાભ છે તે લાવશે.

૧૨૧ એ રમલનાં જાંનનાર તુને ખેર. જે તું ચીતવે છે તે ખબર તુને મુબારક છે. તારાં કામમાં રૂશનાઇ ગણી વધશે. તારૂં કાંમ તારાં દીલની મતલબે થાશે, તારો શેતારો બલીઓ છે. શફર કરતો શેતાબી જા. લાભ લઇ ઘેર આવશે, ચાકરી જાંનશે.

૨૧ એ મરદ તું એ ચીતવીઉ છે તે શુખ થાશે. રૂડી વધામની આવશે. કશી ચીનતા નાં કર.

૧૨૨ એ રમલનાં જોનાર જે તું ખોદાઇ પાશે માંગે તે પોંહોંચશે. જે તું ફીકર કરે છે તે ખોદાયતાલા તાહારી મુશકેલ તાલશે. એ દાહાદામાં તારૂ કાંમ શીધ થાશે.

૨૨ રમલનાં જોનાંર તારૂં કાંમ શીધ નીપજશે, પણ કોઇની આશા નાં કરતો મનની વાત કોઇને ના કહેતો દન ૯ લગે મધમ છે પછે રૂડુ છે શહી.

૧૨૩ એ ફાલનાં ધણી તુને મુબારક રૂદી છે. પછે ખુશાલ થાસે. મનમાં ચીતવીઉં છે તે થાશે. તારા ધરેહે બલ્યા છે.


૨૩ એ રમલનાં ચીતનાર જે મનમાં ચીતયું છે તાંહાં વગન વધારો ઘણો છે. તે વેરી વેર ઘણું કરશે. દન ૭ લગે કોઇસે બોલતો ના દોહેલું છે.

૧૩૧ એ ફાલ તુને મુબારક નહીં થાએ. કાંમથી વેગલો રેહેજે કેટલાએક દન તુપર ભારી છે કાંમ શીધ નહીં થાએ. શીતાબી મા કર.


૨૪ જે કાંમ ચીતવશે તે શીધ નહીં થાએ, માથું દેખીએ છે. દુશમન છે તેથી કદવાશ થાશે. દન ૨૦ પછે શાર૩ છે.

ફાલચક્ર.

ફાલ જોતી વખતે ખરા દીલથી ખુદાને યાદ કરીની ચલાંચક્રમાં આંગલી મુકવીને તેમાંજે આંકડો આવે તે આ ચોપડીનાં પાનાં ૨૦૩ થી પાનાં ૨૨૦ સુધીનાં પાનાંમાંથી જોઈ કહાડી તે આંકડાવાલો જવાબ તમારા સવાલના જવાબ તરીકે ગણવો.



ગુસતાસ્પ પાદુશાહે પુછ્યુંજે મુલક સાતકોણ-
ને હવાલે છે અને ફરેસ્તાનાં ઘર કાંહાં છે. કીઆં આશમાન પર છે.
જવાબ એજે કુંદાલી માફક ચીતાર છે તે જુઓ.



ગુશતાસ્પ પાદશાહે જામાસ્પ હકીમને

પુછ્યું જે દીપશાત કહીકહી દશાએ છે.


જામાસ્પ હકીમે જવાબ દીધોને એ દીપ ચારદશા-એ છે તેજોગતે લખેઆં છે.

ઇશાનંકુન બોરૂનેસતે	પુરવ દશા. શનીચર તથા સુકર સેતારાનું ઘર. સવેહ.	અગનીકુન ફરદ્રહે દફુર
ઉતર દશા. આદીત સેતારાનું ઘર.	[illegible] ખુનરશ બામી જેને હીન્દવીમાં જંબુ દીપ કહે છે દીપની દરમ્યાન વસ્તુ. [illegible]	દખણ દશા. ચાંદરમાહ તથા મંગલ- સેતારાનું ઘર.
[illegible]	પસથમ દશા. ભરેસપત તથા બુધ સેતારાનું ઘર. અરને.	[illegible]

અરને સવેહ, ફરદેદફશ, વીદેદફશ, વોરૂબરેશત, વોરૂજરેશત એ હરેક દીપી દરસંગ ૭૦૦ છે હરેક દરસંગ ગાઉ ચારનો કયો છે.

ગુશતાસ્પ પાદશાહે પુછ્યું જે ચારે દશાએ શેતારા મુકીઆ છે. તે કેમ છે. ચીજ કેટલી પર મેલીઆ છે.

જામાસ્પે જવાબ દીધો જે મુલક તથા જંગલ તથા ઓરવદ તથા ડુંગર જાલવવા મેલીઆ છે કુંદલીની રવેશ છે. તે જુઓ.



૧૩૨ એ ફાલના ધણી ખોદાઈ પાશે માંગજે આરાંમ જે મોહોતી બલાથી બાહાર નીશરે. જે માંનીઉં હોએ તે શેતાબી કર, વીશરનાં, તેથી મુશકેલ ભાંગશે.

૨૫ દોહેલું તલશે. પણ વત થોડું હોએ. પણ કોઇનો વીશવાશ માં કર. કાંઇ હાતાપનું કર જે તેથી ખુશાલ થાશે.

૧૨૪ ખોદાયતાલાની તું પર મેહેરબાંની છે. એ કાંમથી તુને ખુશાલી પોંહોંચશે. જે મનમાં ચીતવીઉં છે તે મોરાદ પાંમશે, પણ ખુશાલ થશે.

૩૧ એ નજુમનાં વાંચનાર તાહારા મનમાં છે તે ગણી ખુશાલ છે. ગમાતરૂ કરજે, લાભ લઇ આવશે.

૧૩૪ એ તારી મોરાદ હાંશેલ થાશે. તારી ઉમર ખુશીખુશાલીશે ગુજરશે. ખુબીમાં મનની મોરાદ પોંહોંચશે.

૩૨ એ નજુમી જે તું કારજ ચીતવે છે તે ભલુ નથી. દન ૧૬ તથા ૧૭ શબર કરજે તો કાંઇ શમરશે.

૧૩૩ એ વાતમાં કેટલાએક દન શબુરી કર. જે તારૂ કાંમ શીધ થાશે. વેચવામાં તથા લેવામાં સાશતો થાઇને ફેકરે કાંમ કરજે. એ મહીનાંમાં ગમાતરૂ માં કર, કાંએ જે જાંન થાશે. રૂદુ નહી થાએ. માંથું દેખીએ છીએ. એ કાંમ નાં કરતો. એ ફાલ ખરાબ દેખે છે.

૩૩ એ ચીતવીઉં છે તે થાશે. રધાર શીધ્ર થાશે. મનનો હરખ પોંહોંચશે. ધનનો લાભ છે.

૧૪૧ એ ફાલનાં ધણી ખબર શીધ છે. તે હોએ તે તારો હાલ ગણો જોરાવર દેખીએ છીએ. તારા ગરમાં ખુશાલી, ફરજંદ લાભ કરે. બરકત ગણી દેખશે. રોજ મહીનો તુને મુબારક થાશે.

૩૪ એ નજુમી વાત શાંભલ. યાદ રાખજે એ તારા દીલમાં છે તે વાત ફલદાર થાશે. પણ આપણાં કુટુંબમાં વીશવાશ નાં કર. દન ૧૦ લગે શબુરી કર જે વીલમ છે શહી.

૧૪૨ એ વાત ખુબ શમજ જે તારી હાજત પોંહોંચશે. તાહારૂં કાંમ તારા દેલની મોરાદે હાંશલ થાશે. કોઇનું માથું બોલીશ માં, વમાશબી નો દુશમન પર જીત છે.

૧૪૩ એ ફાલનાર જોનાર મરદ તુંને ગમ વગર બીજી ફીકર કંઇ નહી. પણ ખોદાયતાલાનાં શુકરાંનાં કર જેથી તાહારૂં કાંમ શીધ થાશે. જે મનમા ચીતવ્યું છે, તેનાં દાહાડા દોહેલા દેખાએ છે માટે શબુરી કર.

૧૪૪ એ ફાલનાં ખાવંદ જે તુંએ ચીતવ્યું છે, વમાશીણ છે, માટે કેટલાએ દાહાડા શબુરી કર. દુવા માંગ ખેર કર. તેથી તારૂં કાંમ ફેલ

વધશે. તું ખુશાલ છે પણ કાંઇ માહેતમ છે.

૩૫ મન માંને તેમ ઇજત થાશે. શગાંમાં શુખ થાશે. જે દાવાદાર તુને માંથું ચીતવે છે તેજ તુને ફલશે.

૨૧૧ એ ફાલનાં ધણી તું શાશતા થા. એ કામમાં દેલ તંગનાં કર. એમાં કંઇ ફાએદા નથી. એ કાંમ ખોદાયતાલાને શોંફ તેથીજ થાશે. શબુરી કરજે.

૨૧૨ એ ફાલના ધણી તુને ખબર ખુબ છે. નેઆમત પોંહોંચશે. દુશમનથીં માં બીહી તારૂં કામ શીધ થાશે.

૨૧૩ એ ફાલનાં ખાવીંદ જે વધાઇશે જે જગાની ઉમેદ રાખે છે તે તારી ઉમેદ હરખ વધશે. રોજીની વરધી થાશે. દોલત પોંહોંચશે. શુકરાંનાં કર જે રૂડુ થાશે.

૨૧૪ એ ફાલનાર જોનાર તુંએ ચીતવ્યું છે તેની ફીકરનો ચારો કીધો જોઇએ. એ કાંમ કેટલાએક દન પછી નીપજશે. પાછલ પદીઉં છે. કોઇશે મોબદ ખેરાદ કર.

૪૧ એ ફાલનાં ખાવીંદ તાહારૂ દોહેલું તલશે શુભ થાશે. મનની ચીંનતા ભાંગશે. દન ૫ તથા ૭ શબુરી કર પછી કારજ શીઘ્ર થાશે.

૨૨૧ તુને એની ખબર છે. નકી સલાંમી મકશુદ ખોદાતાલા તુને આપશે. જે મુરાદ દીલમાં રાખે છે તે પાંમશે.

૨૨૨ એ ફાલનાં જોનાર મરદ હવડાં પછી તું ખુબી દેખશે. મોહોતાંનાં બલથી તું બહાર નીશરીઓ છે. દુશમન પર તું ફતે પાંમશે. પણ દન ૭ કોઇશે બોલીશ માં. કાજ કાંમ તારૂં શરવે શીઘ થાશે.

૨૨૩ એ ફાલનાં ખાવીંદ તમાંમ બલાથી કેટલાએક દન શબુરી કરજે. નઇએત ધરે તેથી વેગલું રેહેજે. એ કાંમમાં બરખત નથી. એ કાંમ માં કરતો, વેગલો રેજે, શારૂ થાશે.

૨૨૪ એ ફાલનાં જોનાર તુને ઇજત વધશે, શુખ નીપજશે. દુખ જાએ. શગાં શગાં મલે. મનમાં ચીતવીઆં ફલ પાંમે. દુશમન નેશત થાએ.

૨૩૧ એ ફાલનાં ધણી તું આરાંમ ગણો પાંમશે. ગમથી બહાર નીશરીઓ છે. ખેરત. શું ગમાતરૂ કરજે. લાભ પાંમશે. કારજ શીઘ થાશે. શહી કરીને જાંણજે.

૨૩૨ એ ફાલનાં ધણી તુને જે દાહાદો ભારી ગયો છે તેંથી તુંને ખોદાતાલા નેગા રાખે છે. જે મનમાં ચીતવીઉં છે તે કરજે તારી મુશકેલ ભાંગશે. એ કામમાં ખુશાલી પાંમશે. આરામ દેખશે.

૨૩૩ એ ફાલનાં ધણી તુને વધામણી હોએ. જે મનમાં ચીતવીઉ [illegible]મે તે

નેકીની ખેરીયત દેખશે. મોહોતાની આગલ વલખતર થાશે. તાહારાં કાંમમાં નેકી ગણી થાશે. તમાંમ ચીતવીઉં છે તે પાંમશે.

૪૩ એ ફાલનાં ધણી તેં ચીતવીઉં છે તે શીધ થાશે. લાભ છે. ખેર કરજે તો ભલું કાંમ નીપજશે.

૨૩૪ એ ફાલનાં ખાવીંદ તાહારી મોરાદ ખોદાતાલા પોંહોંચાદશે બંદગીમાં ખંદો રેહેજે. જો શફર જાવા તું નહીં દરતો તો શીતાબ જા. લાભ છે.

૨૪૧ એ ફાલનાં ખાવીંદ જે કાંમ તુએ ચીતવ્યું છે, પણ કેટલાએક દન શબુરી કર. ખેરાત કર. ખોદાતાલાનાં ઘરમાં ઘીનો દીવો કર જે શેતાબથી તાહારૂ કાંમ રોશન થાએ. દુશમન જેર થાશે. મનની મોરાદ પોહોચશે શબુરી કરજે.

૨૪૨ એ ફાલનાં ચીતનાર દુશમનથી મો બીહી પાક ખોદાતાલાની ખબરથી તાહારૂ દેલ તાજુ કરજે. જે માંનીઉ હોએ તે પણ કરજે. તેવાર પછી મોરાદ પાંમશે.

૨૪૩ એ ફાલનાં જોનાંર તાહારૂ કાંમ બાંધીઉ છે તે ખોલશે. તમામ તારી હાજત થાઇ આવશે. તાહારા ઘરમાં ખુશાલી વધશે. ખોદાતાલા પાશે માંગે તે પોહોંચશે.

૪૪ એ નજુમી તાહારા દેલમાં છે તેથી લાભ છે. ગણો પાંમશે. શંગામ ખુબી થાએ, જે ચીતવીઉ છે તે શીધ થાશે.

૨૪૪ એ ફાલનાં જોનાર તું તારા દેલશે ફીકર નો કર જે રાંમશની ખુશાલી પોહોંચશે. તાહારા દોશતબી ખુશાલ થાશે, દુશમન જેર થાશે, તારૂ કાંમ મુબારક થાશે. ખોદાએતાલાની બંદગી કરજે. રૂદુ થાશે શહી કરી જાંણજે.

૩૧૧ એ ફાલનાં ધણી તાહારૂ કાંમ તારાં દીલની મકશુદે થાશે. ગમગીન નાં થા વખત તાહારો આરામનો પોહોચશે. રંજ દુર થાશે. દેલની મતલબ થાશે. ચીતવીઉ છે તે ગણું રૂદુ છે.

૩૧૨ એ ફાલનાં વાંચનાર જે ફીકર કરે છે તે ખરી છે. વેગલો રેહેજે. ફાયદો નહી દેખે. પરેજગારી કર, ભલાંઓની શોબત ધર, બુરાઓથી વેગલો રહે. આવતો મહીનો શારો છે. શારૂ થાશે. કારજ શારૂ નહીં.

૪૫ એ ફાલ તુને મુબારક શુખ થાએ. આપણે હાથ વશત આવશે. જેગ લેજે ભરચલ થાશે. ગમાતરૂ કરજે. લાભ છે.

૩૧૩ એ ફાલનાં જોનાંર ગમગીન થા. બાહાર આવીઓ છે, માંથું છે, એ કારણ નાં કરતો. શારૂ નહીં.

૩૧૪ એ ફાલનાં ખાવંદ જે તેં ચીતબ્યું છે તે શીધ થાશે. ખબર શાંભ-

લીએ તે શારી હોએ. શુકરાંનાં કરજે તારૂ શમરત થાશે.

૩૨૧ એ ફાલનાં ખાવીંદ તુંએ ચીતવીઉ છે તે પાંમશે રજક રોજી ગણી વધશે. તારો દશત હાલ શારૂં થાશે. તારા ઘરમાં ખેરીઅત છે.

૫૧ એ ફાલનાં ધણી જે તુંએ ચીતવીઉ છે એ વાતની વમાંશન નાં કર, વીલંબ છે. કાજ કાંમ શીઘ નહીં થાએ.

૩૨૨ એ ફાલનાં ધણી તું પરેજગારી કર. ભલાંઓની શોબતે બેશજે. તારૂં નુકશાન થાઇઉં છે માટે વીલંબ કર તારા દીલમાં નુકશાંન છે.

૩૨૩ એ ફાલનાં ખાવીંદ તું ખુશાલ થા. તું ફીકર કરે છે તે શારૂ નીપજશે. ગણી નેકી કરી માંનજે. દીઆંનત પાક રાખજે. રૂડુ છે કરી જાંણજે.

૩૨૪ એ નજુમી તારૂં કાંમ ચીતવીઉં છે તે મુરાદ તારી પોંહોચશે. હરેક જગેથી ખબર શારી પાંમશે. શુકરાંનાં ખેર કરજે. દીનનું કાંમ કર, તેથી તારૂ કાંમ કારજ નીપજશે. ગમાતરૂં રૂડું છે લાભ લાવશે. ફાલ શારી છે.

૩૩૧ એ નજુમીનાં ખાવંદ તારૂ કારજ ખોલશે. રજક ફરાક થાશે. મનની મુરાદ પાંમશે. તારા ઘરમાં ખેરાત થાશે, ખુશાલ થાશે, રૂડુ થાશે. શહી કરી જાંણજે.

૩૩૨ એ ફાલનાં ધણી કેટલાએક દાહાડા શબુરી કર જે તુંએ ચીતવીઉ છે તે નહી થાએ. મનની મોરાદ નહીં પાંમે માટે કાંમથી પરેહેજ કર. વેગલો રેહેજે રૂડું નહી.

૫૨ કંઇ કાંમ નાં કરતો. માશ ૧ દોહેલું છે. માટે વીચારીને કાંમ કર.

૩૩૩ એ ફાલનાં ધણી તું ખુશાલ થશે. દુર ગમાતરૂથી એક વસ્તુ એવી મલશે તેથી ખુશાલ થાશે. મુશાફરી મેલાપ થાશે શહી.

૩૩૪ એ ફાલનાં ધણી દુશમનથી નાં બીહી. ઉમેદ ખોદાતાલાની કર, તેથી શતોક થાશે. ખુબી પોંહોચશે. બુરાઇથી દુર રેહેજે.

૩૪૧ એ ફાલનાં ખાવંદ કેટલાએક દાહડા એ વાતથી વેગલો રેહે. તારી મુશકેલ ખોદાતાલા ભાંગશે. પણ તારા જીવને તપાશી રાખ.

૩૪૨ એ ફાલનાં ખાવંદ એ કામમાં શેતાબી નાં કર, કાંએ જે એ કાંમમાં ભલીવાર નથી. ગમતરૂ નાં કર. કોઇ શાથે બોલીશ માં.

૩૪૩ એ ફાલનાં ધણી કેટલાએક દન શબુરી કરજે. કારજ શીઘ નહી થાએ. જો એ કારજ કરશે તો પશતાશે. તોબાહ કર ખોદાની આગલ ખેર કર.

૫૩ મકર દશાએ 'જાગે કાંમની વરધી હોએ' પણ વીલંબ કર થોડું ની-

પજશે.

૩૪૪ એ ફાલનાં ખાવંદ તુએ ચીતવીઉ છે તે પોહોંચશે. ખુશાલ થાશે. ગમાતરૂ નાં કરતો, કાંઇએક દલગીરી પોહોચશે. મકશે મકશુદને જગે કાંઇ ઇજત પાંમસે. શારૂ થાશે.

૪૧૧ એ ફાલનાં ધણી જે તુએ ચીતવીઉં છે, અંદેશો કરે છે, તું શબુરી કર, તેથી શંતોક પાંમશે. દીલની મકશુદે પોહોંચશે. ખોદાતાલાનાં શુકરાના કર.

૪૧૨ એ ફાલનાં જોનાંર, તવકલ ખોદાતાલા ઉપર રાખ. નાંઉમેદ નાંથાતો. જે નઇઅતે કરેચ તે ધર તારી મુરાદ પોંહોંચસે દન ૫ શબુરી કર.

૪૧૩ એ ફાલનાં ધણી જે તુએ ચીતવીઉ છે તે મુરાદ પાંમશે. શેતાબી મુ કર. શબુરી કરજે. વાત ભારી છે. એ નાં કર.

૫૪ એ કામ દન ૫ લગે નો કરતો. વેલંબ કરજે. ખેરાત કરજે. ખેર છે.

૪૧૪ એ ફાલનાં ખાવંદ જે તુંએ ચીતવીઉ છે તે ખોદા તારી મોરાદ પોં-હોંચાડશે. ગમાતરૂ કરજે. લાભ થાશે શહી.

૪૨૧ એ ફાલનાં જોનાર મરદ તુંએ મોરાદ ધારી છે તે ખોદા ઉપર ઉમેદ રાખ, ખેર કરે. તુને આગલ ગણી હાંન હોશે. કેટલાએક દન સબુરી કર તું જેને માને છે તેથી તુને હાંન હોશે. માંથું દેખીએ છીએ.

૪૨૨ એ ફાલનાં ધણી તુંએ ચીતવીઉ તે તાહારૂ કાંમ શીધ થાશે. ગેબથી તુને ખુશાલી વસ્તુ પોંહોંચશે. શારૂ છે.

૫૫ એ કારજ શીધ થાએ. મનમાં ચીતવીઉ છે તે ફ્લ પાંમે. ગમાતરૂ રૂડુ હોએ. ધનની વરધી શારી હોએ.

૪૨૩ એ ફાલનાં જોનાર વીચારીઉં છે તેથી વેગલો રેહેજે. એ ચારો ના કર, ફેકર બીજી કર. જેવારે એનો વખત આવશે તેવારે તારાં દી-લની મતલબ થાસે. રૂડુ થાશે.

૪૨૪ એ ફાલનાં ચીતનાર તારો કારજ ખોદાએની અશતક સોપીઓ છે. ઉમેદ તે ઉપર રાખે. નઇએત ખુબીની રાખ. ખોદાની રાહા ઉપર ખેર કરજે. લાભ છે.

૬૧ એ ફાલનાં જોનાર ખોદાય ઉપર ઉમેદ રાખજે. તારી મોરાદ હાંશલ થાશે જે ચીતવીઉ છે તે મનની મોરાદ પોંહોંચસે.

૪૩૧ એ ફાલનાં ધણી એ કારજ નાં કર. બીજી ફેકર કર. એ કાંમ શીધ નહી થાએ.

૪૩૨ એ ફાલમાં ચીતનાર જે તુંએ ધારીઉં છે તે શીધ નહી થાએ. ઉમેદ ખોદા ઉપર રાખ, બંદગી કર.

૪૩૩ એ ફાલનાં ધણી તુંએ ચીતવીઉ છે તે પોંહોંચશે. તારા દુશમન ઉંધા પડશે. જો ગાંમ જાવાનો હોએ તો શીતાબ જા. લાભ છે.

૬૨ એ ફાલનાં ખાવંદ તારો શેતારો મધમ છે. તુંએ ચીતવીઉ છે તેનાં કર. લાભ નથી. માંથું દેખીએ, નાં કરતો.

૪૩૪ એ ફાલનાં જોનાર તારો દુશમન તું પર કમી નહી કરે છે. તેનાં મકર હીલાથી વેગલો રેહેજે. ખોદા પાશે હુજર ખોવાઇ કર. જો દુશમન જોરાવર છે, તપાશી ચાલ.

૪૪૧ એ ફાલનાં ખાવંદ જે તુંએ ચીતવીઉં છે તે શીધ થાશે. એ કામથી ખુબ ફાએદો થાશે. ખોદાની બંદગી કર.

૬૩ એ કાંમનાં ચીતનાર જે તુએ ચીતવીઉં છે તે થાશે. લાભ છે. ગમાંતરૂ કરજે. શારો છે. રૂડુ થાશે. ફીકર ના કર.

૪૪૨ એ ફાલનાં ધણી જે તારા મનમાં છે તે ખોદાયતાલા પોંહોંચાડશે. જે કાંઇ ભલાં રૂડાં કાંમ કરવાનો હોએ ને શીતાબી કર.

૬૪ મનમાં અંદેશો નાં કર. ચીનતા નાં કર. જે ફીકર તે શારી લાભદાર છે. શગને રોતી નાંખવા માંન જે તારી બલા દુર થાએ શહી.

૪૪૩ એ ફાલનાં ખાવંદ જે તારા દીલમાં છે તે શીધ નહીં થાએ. વલી વર કરશે. તારા દુશમન ગણાં ઉભા થાશે. એ વાતથી વેગલો રેહેજે.

૪૪૪ એ ફાલનાં ખાવંદ જે તુએ ચીતવીઉ છે તે શીધ પામશે. મનની મોરાદ પોંહોચશે. ગમાતરૂ કરજે. લાભ લાવશે.

ગુશતાસ્પ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે એક રમલ દેખાડ જે તે જોઇને ફતેહ પાંમું. ફતેહ થાએ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે એ શુકડી રમલની છે. તેહેનું એઆંન જોઇ તે ઉપર અમલ કરવો તે આગલ લખી છે. તે શમજી જોવી.

૯	૧૦	૧	૨	૩
૮	૭	૬	૫	૪

એ શુકડીનાં આંકડા તેહમાં આંગલી મુકીને પછે શુકડીમાંહા ચુક ૧૦ વાતનો જે મનમાંહા હોએ તે જોવો કુદાલું પાછલ. આએ રાશનાં નાંમ છે, તે શરવે હકીકત લખી છે. એક રાશે તથા ગરેહે શારા તથા માલમ પડે અને ફલે તે જોવાનાં લખેઆં છે,

રવીવારની રમલ લખી છે.

૧ દુશમન દફે થાશે કાંમ કાજ કરજે શારૂ છે નેક.
૨ મલુલ છે તેહેને ધરમથી ચંતા નો કરતો આવશે.
૩ તાહારી જે કાંઇ હાજત હોશે તે થાશે શારૂ છે શબર.
૪ ખેદમત કરશે તેહેમાંહા ફાએદો નથી, માં કરતો.
૫ શહીઆરૂ કરજે શારૂ છે, રૂદ્દુ થાશે, નેકી થકી.
૬ ચાલેઆથી બેઠા માંહાજ લાભ છે, નાં ચાલતો.
૭ ઓરત મો કરતો કાંઇ એહેમાહા શારૂ નથી રેહેવા દેજે.
૮ વેપાર નો કરતો લાભ નથી ગણું માંથું છે.
૯ એમારત કરજે શારૂ ગણું છે લાભ થાશે નેક છે.
૧૦ ખબર પોતાની મેલે આવશે ચંતા નો કરતો.

શોમવારની રમલ લખી છે.

૧ જપ માંડશ કાંમ કાજ માં કરતો શારૂ નથી.
૨ મીતરાઇ કરજે તથા દોશતી કરજે શારૂ છે લાભ.
૩ વેરી દુશમનથી દરતો માં. ફતેહ છે. હોશીઆર રેહેજે.
૪ મોલક શમા ગુમ છે શારૂ નીપજશે. શબર કર.
૫ ગરજ હોશે તાહારી તે શારી પખે આવશે શબર કરજે.
૬ ખેડ કરજે શારૂ થાશે, વરશ શારૂ છે બેન્નાશક કરજે.
૭ દોશતી કરજે લાભ છે, શારૂં થાશે, ગણું નેક છે.
૮ ચાલેઆથી જગો ઉપર બેઠો ભલો છે નો ચાલ.
૯ ઓરત કરજે, હરેક વેપાર ખરીદ કરજે શારૂ નેક છે.
૧૦ વેપાર નો કરતો લેશે તો લાભ નથી.

મંગલવારની રમલ લખી છે.

૧ ગામડે છે તે રૂડી પખે આવશે લાભ ગણો થાશે.
૨ ખબર જુડી છે માંણતો માં. શારી આવશે. ક્ષબર કર.
૩ દાવો માં કરતો લાભ નથી, દન ૪ પછે.
૪ ફરજંદ આવશે તે બેટો આવશે તે નેક છે.
૫ ખરીદ નો કરતો લાભ નથી ખોટ છે, પશતાશે.
૬ જપ માંડજે, લાભ છે, બરકત થાશે, શબર કરજે.
૭ મીતરાઇ એ શાથે માં કરતો શારૂ નહી થાશે.
૮ દુશમન મરશે નહી તો ખુહાર થાશે. મરે તો સારૂં.
૯ મોલકને સુખ છે લાભ થાશે.
૧૦ ગરજ તાહારી લાવશે લાભ ગણો થાશે.

બુધવારની રમલ લખી છે.

૧ દોશતી કરજે શારૂ છે. હરેક કાંમ કરજે.
૨ વાટે ચાલતાં દોહેલ છે, નાં જાતો, માંડું ગણું છે.
૩ અશતરી થકી ગુણ છે, કરજે, લાભ છે કરજે.
૪ વેપાર કરતાં દાહાજ લાગશે પણ ખોટ છે.
૫ એમારત બંધાવજે લાભ છે પરાપતી છે શારી.
૬ ઘોડો છે તે બાંધી મેલીઓ છે પણ આખરે લાભ.
૭ ખબર જુડી છે પણ માંડી છે. કારજ માં કરતો.
૮ દાવો કરજે લાભ છે. વેપાર ગણો વધશે.
૯ ફરજંદ આવશે શારૂ બખતાવર છે અને નેક.
૧૦ ખરીદ માં કરતો લાભ નહી. ખોટ છે, ખરાબ.

ભરેશપત વારની રમલ લખી છે.

૧ ખરીદ નો કરતો રૂડું નથી. ખોટ ગહણી છે. ખરાબી.
૨ બંદગી કરજે, કાંમ ગહણું શારૂ થાશે. શબર.
૩ મીતર બેહુ પરે વાર છે લાભ લાવશે, શારૂં છે.
૪ દુશમનને જાલવતો રેહેજે, તે ગહણો બલા છે.
૫ મોલકમાંહા રેહેજે હરવેથી સુખ ગણું થાશે.

૬ હાજત તાહારી ગહણી પોહોચશે પરાપતી છે.
૭ ખેડ તથા વેપાર કરજે ગહણી લાભદાર છે.
૮ દોશતી માં કરતો લાહાભ નથી બુરાઇ છે.
૯ ગાંમ જાતાં લાભ છે, ભરેલ ઘેર આવશે.
૧૦. ઓરત કરજે, વેપાર કરજે, લાહાભ ગહણો છે.

શુકર વારની રમલ લખી છે.

૧ દાવો કરજે લાહાભ છે તે વાશતે આવશે.
૨ ફરજંદ આવશે તે શારૂ રૂડુ છે. ગહણું બખતાવર.
૩ ખરીદ માં કરતો લાભ નથી ખોટ ગહણી છે.
૪ પંતીલું માઠું છે, લાભ નથી નો કરતો.
૫ દોશત કરજે રૂડુ છે, લાહાભ થાશે શારૂ છે.
૬ દુશમનથી દુર રેહેજે, અહણું માંથું છે. નાં જાતો.
૭ મોલક માંહાં ધરમ કરાવજે ગહણું શારૂ થાએ.
૮ હાજત તાહારી પોહોચશે. ખુશાલ થાશે.
૯ ખેડ, વેપાર, કાંમ કાજ માં કરતો, શારૂ નથી.
૧૦ શહીઆરૂ માં કરતો માંઠું છે લાહાભ નહી.

શની વારની રમલ લખી છે.

૧ અશતરી કરજે, ખરીદ કરજે, લાહાભ ગહણો છે.
૨ વેપાર કરજે લખક્ષમીની પરાપતી છે શારૂ છે.
૩ એમારત કરજે લેહેણું છે તેથી શુખ પાંમશે.
૪ ગેબથી દોહેલ છે તે ટાલશે શરવે ઘેર આવશે.
૫ ખબર શાંભલી છે તે સાચી છે કાંમ તપાશી કરજે.
૬ દાવો કરશે તો જીતશે, બોલ તારો ઉપર થાશે.
૭ ફરજંદ આવશે પણ ઉમર થોદી છે તેથી મરશે.
૮ ખરીદ કરજે બરકત ગહણી લાવશે શારૂ છે.
૯ હાજત પંતીઆલુ કરજે લાહાભ ગણો છે.
૧૦ દોશતી કરજે શહી ગહણી વધશે શારૂ થાશે.

રાહુ ગરેહની રમલ લખી છે.

૧ હાજત તાહારી હરેક વાતે પોહોચશે શબર કર.
૨ ખેડનું કાંમ કરજે ગહનું શારૂ થાશે. ખેડાવજે.
૩ દોશતી તથા શગાઇ ગણી કરજે શારૂ થાશે.
૪ ચાલતાં શારૂ છે, ગમાતરૂ કરજે લાહાભ છે.
૫ એોરત કરજે તથા ખરીદ કરજે ગહણું શારૂ છે.
૬ વેપાર કરજે લાભ ગહણો આવશે શારૂ છે.
૭ એમારત કરજે તથા બાંધજે ગહણું શારૂ છે.
૮ ગેબી છે તે શરવે ગર એહાં આવશે શુકર કર.
૯ ખબર જુઠી છે, શાચી નથી, શબર કર નેક થાશે.
૧૦ દાવો વારૂ દીશનાં કરજે ફતેહ પાંમશે. નેકી કર.

મેખ રાશીની રમલ લખી છે.

૧ ખબર સાચી છે વાશતે ખુશાલી પાંમશે.
૨ દોવા કરજે તાહરો બોલ ઉપર થાશે નેક થાશે.
૩ ફરંજદ શારૂ હોશે તથા સુખ પાંમશે. શબર કર.
૪ ખરીદ કરજે, હરેક શોદો લેજે શારૂ થાશે.
૫ બંદગી કરજે તેથી રૂડુ થાશે તેથી લાભ છે.
૬ મીતરાઇ મો કરતો એથી દગો પાંમશે. પશતાશે.
૭ દુશમનથી બીહીતો રેહેજે ખરાબ કરશે.
૮ મોલકને બુરૂ છે તે શાંભલી રેહેજે બદલો પાંમશે.
૯ હાજત છે તેહેને વેલંમ છે, ગહણાં દાહદા લાગશે.
૧૦ ખેડ કરજે લાભ ગહણો છે. શારૂ થાશે.

વરખ રાશીની રમલ લખી છે.

૧ એમારત કરજે તથા કાંમ કાજ કરજે શારૂ છે.
૨ ગેબ ગીઉ છે તે નહી આવે ભરોશો માં કરતો.
૩ ખબર શાંભલી છે તે શાચી છે અને શારી છે.
૪ દોવા કરજે માલદાર થાશે. ધન ગણું વધશે.
૫ ફરજંદ આવશે તે ગહણો નેક ખાહા થાશે.

૬ ખરીદ કમ કરજે શારૂ નથી, ખરાબી ગહણી છે.
૭ બંદગી કરજે તેથી ખુબી તથા લાહાભ થાશે.
૮ મીતર દોશત કરજે ગહણું શારૂ થાશે ભલો છે.
૯ દુશમન લોકોથી બીહીતો નાં ફતેહ પામશે.
૧૦ માંદુ આજારી છે તેહેને શારૂ થાશે ફરી ઉઠશે.

કરક રાશીની રમલ લખી છે.

૧ ખેડ કરજે માલ ગહણો થાશે, લાહાભ ગણો.
૨ શહીઆરૂ કરજે, શગાઇ કરજે લાહાભ છે.
૩ રાહે ચાલજે, ગમાંતરાંમાં લાભ ગહણો છે.
૪ અશતરી કરજે તથા શોદુ લેજે શારૂ થાશે.
૫ વેપાર નાં કરતો ફાએદો નથી, રેહેવા દેજે, પશતાશે.
૬ એમારત કરજે, પોશાક શીવાડજે શારૂ છે, એશ છે.
૭ ગેબ છે તે વશતર હાથ આવશે ચંતા નહી શબર કર.
૮ ખબર શાચી છે શબર કરજે, ગહણું શારૂ થાશે.
૯ દાવો કરજે શરવે ગીઉ હોશે તે હાથ આવશે.
૧૦ ફરજંદ આવે તે શારૂ નથી, હાંણુ છે, ખરાબ છે.

શહી રાશીની રમલ લખી છે.

૧ મીતરાઇ કરજે લાભ ગણો છે. શારૂ છે.
૨ દુશમનથી નચીત માંહાં રેહેતો, શારૂ નથી, અમોલો રેહે.
૩ હાજત તાહારી બંધ છે તે વાશતે ઊતાવલ માં કરતો.
૪ ખેડ માં કરતો લાભ નથી, પછી પશતાશે.
૫ શહીઆરૂ કરજે તેથી લાભ ગહણો છે.
૬ ચેઆનો તથા ગમાતરાંનો બાગ નથી તપાશજે.
૭ ખબર થોદા દાહાદામાં થાશે શબર કરજે.
૮ વેપાર કરજે લાંહાભ ગહણો છે. લાવશે, શારૂ છે.
૯ એમારત માં કરતો, જેઆંન છે, શારૂ નથી.
૧૦ માંદુ હોશે તે તેહેને જેઆંન છે પણ આખરે શારૂ.

કનેઆં રાશીની રમલ લખી છે.

૧ વેપાર કરજે, હરેક શોદો લેજે, શારૂ ગહણું થાશે.
૨ એમારત કરજે લક્ષમી ગહણી ચાલી આવશે.
૩ ગેબ છે તે આવશે કશી ચીંતા માં કરતો.
૪ ખબર શાંભલી છે તે શાચી છે ફીકર નહી કરવી.
૫ દાવો હવદાં માં કરતો બુરૂ છે, શબર કરજે આવશે.
૬ ફરજંદ આવશે તે બેટાનું છે. ગહણું નેક બખત છે.
૭ ખરીદ કરજે જે લાહાભ લક્ષમી ગહણી આવશે.
૮ બંદગી કરજે લાહાભ ગણો લાવશે, શારૂ છે.
૯ એહેની શાથે દોશતી કરશે તો ગહણું માંઠુ છે. શારૂ નહી.
૧૦ દુશમનથી માંથું થાઇ આવશે, માંથો છે તપાશજે.

વરશચક રાશીની રમલ લખી છે.

૧ મોલકને ભારી છે કેટલાએક દન શબર કરજે.
૨ હાજત તાહારી હોશે તે દન ૧૦ માં થાશે.
૩ ખેડ માં કરતો લાહાભ નથી, ગહણાં દન રેહેજે.
૪ શહીઆરૂ કરશે તો ભલીવાત નહી થાશે.
૫ વાટે નાં ચાલતો દુશમન છે તે બુરૂ કરશે.
૬ અશતરી માં કરતો ગહણી અવરદશા લાગશે.
૭ વેપાર કરજે લાહાભ છે, ગહણું શારૂ થાશે. બેશ છે.
૮ એમારત ગહણી બાંધજે શારૂ થાશે, હાત લાગશે.
૯ જે ગેબ છે તે શરવે આવશે ચંતા નાં કરતો, શારૂ છે.
૧૦ ખબર શાભલી છે તે શાચી છે, જુઠી નથી, આવશે.

તુલા રાશીની રમલ લખી છે.

૧ હમનાં માં ચાલતો શારૂ કાંમ નહી થાએ.
૨ વેપાર કરજે, હરેક શોદો લેજે ગહણું શારૂ થાશે.
૩ અશતરી નાં કરતો હેરાંણુ થાશે, શારૂ નથી.
૪ એમારત કરાવજે, ગહદાવજે, પેહેરાવજે શારૂ છે.
૫ ગેબ ગીઉ છે તે જોવદાવીઆથી આવશે, શબર કર.

૬ ખબર શાંભલી છે તે શાચી છે પણ શબર કર.
૭ દાવો કરજે ફ્તેહ પાંમશે, તાહારો બોલ ઉપર થાશે.
૮ ફરજંદ આવશે તે ગહણું શારૂ નેક બખત છે.
૯ ખરીદ કરજે તેથી ભલાઇ ફદી થાશે, શારૂ છે.
૧૧ બંદગી કરજે તેહેમાં લાભ ગહણો થાશે.

ધન રાશીની રમલ લખી છે.

૧ બેટો આવશે તે ગહણો શારો નેક બખત છે.
૨ ખરદી મા કરતો જો કરશે તો રીબશે, પરી રેહેશે.
૩ બંદગી કરજે શલાંમત ઉઠશે, ગહણું શારૂ થાશે.
૪ એ શાથે દોશતી કરજે લાભ ગહણો છે.
૫ દુશમનથી બીહીજે અને સાચું બોલજે, માંથું છે.
૬ માંદુ છે તેહેને શમાધંન છે આખરે શારૂ છે.
૭ ગમાતરૂ કરજે ગહણો લાભદાર થાશે.
૮ ખેડ કરજે, વેપાર કરજે, ગહણું રૂડુ થાશે શારૂ છે.
૯ શહીઆરૂ માં કરતો જો કરશે તો હાંણ થાશે.
૧૦ વાટે ચાલતાં ગાંમ જતાં લાહાભ ગણો છે.

એ ફાલ નાંમું તમાંમ શમપુરંણ થાઇ છે. પાદીઆબ કુશતી કરીને રમલ જોવી જેહેવું હોશે તેહેવો જવાબ દેશે. જમાંનાંને મેલે જવાબ શારો માંઠો દેશે.

છીકની તાસીર.

ગોશતાશપ પાદશાહે પુછ્યું જે શવારી કરતાં તથા લદાઇ પર પર જાતાં તથા કામે કાજે જાતાં છીક આવે છે તે શેતાંનની છે કે? તે પર લેઆંનત નાંખવી જોઇએ કે નહીં.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે જેવારે શવારી કરી બહાર નીકલે અને કોઇ છીકે તે લખીયું છે.

ઘેરમાંથી નીશરતાં પુરવે કોઇ છીકે તો મરદ ગાત હોએ. ગમાતરૂ કારજ નહી. કરે.

ઘરમાંથી નીશરતાં અગનીખુણે કોઇ છીકે તો ખુશ હેએ. કારજ ગમત્તરૂ કરે.

ઘરમાંથી નીશરતાં **દક્ષીણ** દીશાએ કોઇ છીકે તો હાંણુ કરાવે.

નઇરૂત કુંને ગાંમ નીશરતાં છીકે તો પરદક્ષણાં કરાવે. કારજથી પાછો ફરે.

ગાંમ બહાર નીશરતાં **પશ્ચમ** દશાએ છીકે તો અરથ લાભ કરે.

ગમાંતરે **ગાંમ બહાર** કોઇ છીકે તો અશતરીનો લાભ થાએ. ગમાંતરૂં કીજે.

ગામ જાતાં **ઉતર** દશાએ છીકે તો કલેશ ઉપજાવે.

ગામ જાતાં **નઇરૂત ખુણે** કોઇ છીકે તો ધણીની હાંણુ કરે.

ગામ જાતાં **માલ ઉપર** છીકે તો માથું.

માલ ઉપરથી હેઠે ઉતરતાં **જમીન ઉપર** છીકે તો લાભ હોએ.

બાહાર નીશરતાં **પોતે છીકે** તો માંથું.

બાહાર નીશરતાં **પશુ છીકે** તો માંથું નહીં.

શુતાં **શાંમની** છીક થાએ તો માંથી, પાછલ છીક થાએ તો શારી.

જાંનવરની બોલીની તાસીર.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે જમશેદ પાદશાહ જાંણુવરની બોલી જાંણતો તો, તેપર શવારી કરતો, તે હરેક જાંણુવર વેલાપર શી તરે બોલે છે તેનાં શબ્દનાં શગણુ કેહે જે તે વાત યાદ રાખું ને અમલ કરૂ.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે તે વાત પરછીને કહી જે તમાંમ જાંણુવર વેલાપર શી તરેહે બોલે છે. તેનાં શબ્દની વાત કહું તે પર છે.

કગાડાની બોલીના સગન.

પરથમ ગાંમ જાતાં, ગમાતરૂ, શવારી કરતાં કાગડો બોલે, નીશાંન, ધજા ઉપર બેશી કાગડો બોલે તો ફતેહ તથા લાભ હોએ.

ગામ જતાં, ગાંમમાં પેશતાં, શવારી કરતાં, નાંહાલા લાકડાંનાં ખુતા ઉપર બેશી બોલે તો માંથું હોએ.

કેથે જાતાં આવતાં કુદાંના ઝાદ પર બેશી બોલે તો માંથું હોએ. ચોરઓ ઉપજાવે.

ગમાંતરૂ કરતાં તથા શવારી કરતાં કાગ ૨ તથા ૩ તથા ૪ બોલે તો માંથું હોએ.

ગાંમ જાતાં ૨ વદે તો માંથું હોએ.

ગાંમ જાતાં શુકાં કનાંપર બેશી બોલે તો માંથું હોએ.

ગાંમ જાતાં, પેશતાં કાગદો બોલે તો ઉતરતાં હોએ તો લાભ હોએ, કે શાંમણુ બોલે તો લાભ હોએ તથા શારૂં હોએ. પાછલથી બોલે તો શારૂ હોએ.

બેઠો જણાએ તો કાંમ શીઘ થાએ.

જો ગાંમ જાતાં ખેતરમાં ભોંય પર બોલે તો ચીતેલું લાભ હોએ.

કનપર બેશી બોલે તો કણનો લાભ હોએ.

ઓતલાપર બેશી બોલે તો કલેશ કરાવે.

આરનીઆ પર બેશી બોલે તો ભોજન કરાવે.

હથીઆર પર બેશી બોલે તો વીઘ્રન ઉપજાવે.

ધજા તથા નીશાંન પર બશી બોલે તો મરણ આવે.

ફલ લઇ માલ ઉપર તથા ઉનચી જગાએ બેશી બોલે તો લાભ હોએ.

કાંમે કાજે જાતાં કાગદો મોંહોમાં રાતું લુગદુ લઇ શાંમને મલે તો ઘાત કરે.

છાંનું તથા શું કું લાકડું મોહોદાંમાં ગાલી દાવો ઉતરે તો આગ લાગે.

કાગ પાછલે પોહોરે ૫ તથા ૭ દક્ષીણ ભણી મોહો કરી બોલે તો ગાંમ ભાંગે.

સફેદ કપડું મોહોદાંમાં લઇ મલે તો ગણો લાભ હોએ.

એ ૮ દશા કાગદો બોલે તો સારો માંથો લખીઓ છે. કાગનાં શગણ ૮ દશાનાં. હરેક દશાના પોહોર ૪ જોવા.

પુરવ દશાએ પેહેલે પોર બોલે તો લક્ષમી હોએ. બીજે પોહોર રૂદો લાભ હોએ. તરીજે પોહોર કલેશ કરે. ચોઠે પોહોર ધન લાભ હોએ.

અગણી ખુણે પેહેલે પોર બોલે તો માંથો. બીજે પોહોર ધન લાભ. તરીજે પોહોર કલેશ કરાવે. ચોઠે પોહોર મોત શંભલાવે.

દક્ષણ દશાએ પેહેલે પોહોર બોલે તો ભલાઇ. બીજે પોહોર અરથ નાશ થાએ. તરીજે પોહોર કલો કરાવે. ચોઠે પોહોર વેપાર કરાવે.

પશચમ દશાએ પેહેલે પોહોર બોલે તો આકાશ ભો ઉપજે. બીજે પોહોર લાભ હોએ, તરીજે પોહોર બોલે તો ધનનો લાભ હોએ, ચોઠે પોહોર બોલે તો ચીનતા ઉપજાવે.

ઉતર. દશાએ પેહેલે પોહોર બોલે તો ભો ઉપજે. બીજે પોહોર લક્ષમી ઉપજે. તરીજે પોહોર શંતોક કરે. ચોઠે પોહોર વેપાર કરાવે.

ઇનશાન ખુણે પેહેલે પોહોર બોલે તો ગુરૂનો લાભ. બીજે પોહોર સ્રા-

ભ દેખે. તરીજે પોહોર કલો કરે. ચોઠે પોહોર ધન વધે.

વાવ્ય ખુણુને પેહેલે પોહોરે બોલે તો મીતર મેલવે. બીજે સુખ હોએ. તરીજે મેજબાંન આવે. ચોઠે સંતોકશે મેલવે.

નયરૂત્ય ખુણે પેહેલે પોહોરે રોગ વધે. બીજે મીત્ર સમાગમ. તરીજે ધનનો લાભ. ચોઠે દેશી મેલે.

કાગડો અને વરશાદ.

વરશાદમાં કાગડો માલો બાંધે તે વરશે વરશાદ થોડો ગણો માલમ પડે.

કાગ પુરવર દશા તરફ માલો બાંધે તો વરશાદ થોડો વરશે.

કાગ દક્ષણુ દશા તરફ માંલો બાંધે તો માશ ૪ વરશે કે નહીં વરશે.

નયરૂત્ય ખુણે માલો બાંધે તો વરશાદ થોડો.

પશચમ દશાની દાલે માંલો બાંધે તો ગણો વરશે.

વાવ્ય ખુણુંની દાલે બાંધે તો શુકાલ કરે.

ઉત્તર દશા માલો બાંધે તો અનાજ ગણો નીપજાવે.

ઇશાંન ખુણે માલો બાંધે તો પરજા સુખી હોએ.

અગણી ખુણે માલો બાંધે તો થાડો ગણો વરશે.

એ વરશાદનાં શગણુ છે.

કાગડીની બોલીનાં શગન.

કાગડી પુરવર દશા તરફ બોલે તો ભો ઉપજે.

દક્ષીણુ દશા તરફ બોલે તો દુખ ઉપજે.

ઉત્તર દશાએ બોલે તો રૂડી વાત કરાવે.

પશ્ચીમ દશાએ બોલે તો આકાશ લાભ ઉપજાવે.

અગણી ખુણે બોલે તો આગનો ભો ઉપજાવે.

નૈરૂત્ય ખુણે બોલે તો ગમાતરૂ કરાવે.

વાવ્ય ખુણે બોલે તો લક્ષ્મી લાભ હોએ.

ઇશાન ખુણે બોલે તો નગરમાં ભો ઉપજે વાત શંભલાવે.

કાગની બોલી લખી છે.

"કરાં, કરાં, કરાં," કરી બોલે તો લાભ હોએ. વરશાદ ગણો વરશે. તો

વરશ રૂડુ હોએ.

કા, કા, કા, શબદે બોલે તો માહા દુખ ઉપજાવે.

ક્રુ, ક્રુ, ક્રુ, બોલે તો ગણો લાભ હોએ.

લો, લો, લો, બોલે તો માહા દુખ ઉપજાવે.

કલી, કલી, કલી, શબદ બોલે તો મરણ દેખે.

કાં, કાં, કાં, શબદ બોલે તો લાભ હોએ.

શરડો તથા ગલોડી મનીશ પર પડે તે લખીયું છે.

ગલોડી માંથાં પર પડે તો લક્ષમી જાએ.

દલદરીને માંથે પદે તો દલદર નાંશે તથા કસ્ટ તલે.

માંથે પદે તો કશતથી છોડવે.

પીઠ પર પદે તો ભાઇની હાંણુ કરે.

પેટ પર પદે તો અવેજ જોવડાવે.

દાંભે પાશે ગલાં પર પદે તો લાભ હોએ..

જમણે પાશે પદે તો પોતીકો શગો આવે.

હાથ પર પદે તો ધન પાંમે.

પીઠ પર પદે તો માંથી હાંણી હોએ.

જમણા હાથ પર પદે તો રોજીથી લાભ પાંમે.

કેડ પર પદે તો લુગડાં પેહેરાવે.

ઈંદરી પર પદે તો પરાઇ અશતરીશે ભોગ કરાવે.

દાબી જાંગ પર પદે તો છોકરીનો લાભ હોએ.

જમણી જાંગ પર પદે તો પુતરનો લાભ હોએ.

પીઠુથી હેથે પદે તો ગણી હાંણી કરે.

નીંદરામાં સુતો હોએ ને પદી હોએ ને કોઇ કેહે તો માશ ૬ નું આઇશ ખુટે.

એ ગલોદીનું પોર ચારનું જોવું.

પેહેલે પોરે માંથા પર પદે તો સુખ હોએ. મોહેદાં પર પદે તો ભોજન કરાવે. પગપર પદે તો મરણ હોએ.

બીજે પોહોર જમણે પાશે પદે તો સુખ ઉપજાવે. દાવે પાશે પદે તો રોજી ઉપજાવે. જમણાં હાથ પર પદે તો રોગ ઉપજાવે. વશતરની હાંણુ કરે.

તરીજે પોહોર જો પીઠ પર પદે તો રોગ ઉપજાવે. જો જમણાં પગ પર પદે તો હાંણુ કરે.

ચોઠે પોહોર જો માથાં પર પદે તો તે ધણીને મરણ હોએ. જો કપાલે પદે તો સુખ ઉપજાવે.

શીઆલ દીશે બોલે, દશા આઠ તેના પોહોર ચાર જોવા. શગન શારા માઠાં જોવા.

પેહેલે પોહોર ઇશાંન ખુણે બોલે તો દરવ્ય લાભ કરે. બીજે પોહોર મીતર શમાગુણ કરે. તરીજે પોહોર શતરૂ નાંશ કરે. ચોઠે પોહોર પુર પરા પતી કરે.

પુરવર દશા પેહેલે પોહોર બોલે તો રાજભોગ કરે. બીજે પોહોર રાજથી લાભ હોએ. તરીજે પોહોર રાજભંગ દુકાલ પદે. ચોઠે પોહોર ગોતર, અનાજ નાશ કરે.

ઉતર દશા પેહેલે પોહોર મીતર ભોજન કરે. બીજે પોહોર ચોરનો ભો કરે. તરીજે પોહોર ગાંમ ભંગ કરે. ચોઠે પોહોર શારી વાત કરે.

પશચમ દશા પેહેલે પોહોર આકાશ ભો ઉપજે. બીજે પોહોર ચોરનો ભો ઉપજે. તરીજે પોહોર અરથ લાભ કરે. ચોઠે પોહોર મીતરથી ભો ઉપજે.

વાવ્ય ખુણે પેહેલે પોહોર મીતર મલે. બીજે પોહોર લાભ ગણો. તરીજે પોહોર માંદું કરે. ચોથે પોહોર કુટુંબ નાંશ હોએ.

અગણી ખુણે પેહેલે પોહોર દેશ ભો ઉપજે. બીજે પોહોર રાજ લાભ. તરીજે પોહોર પાદશાહજાદી મરે. ચોઠે પોહોર છોકરાનો જનમ.

દક્ષણ દશાએ પેહેલે પોહોર દન ૧૦ માં ભો ઉપજે. બીજે પોહોર શારો લાભ હોએ. તરીજે પોહોર કોઇ મરે ચોઠે પોહોર રાજ ભોગ.

નયરૂત્ય ખુણે પેહેલે પોહોર દન ૧ લગે ભો ઉપજે. બીજે પોહોર અચીતો ભો ઉપજે. તરીજે પોહોર ગણું માંદું હોએ. ચોઠે પોહોર દોશતથી માંદું હોએ.

શીઆલ રાતે બોલે તે લખાં છે.

ઇશાંન ખુણે રાતે પેહેલે પોહોર બોલે તો માશ ૧ લગે ભો ઉપજે. બીજે પોહોર અગની ભો ઉપજે. તરીજે પોહોર કોઇ મરે. ચોઠે પોહોર રાજ લાભ હોએ.

દખણ દશા પેહેલે પોહોર પુતરનો જનમ. બીજે પોહોર દુશમન મરે. તરીજે પોહોર અચીતો ભો ઉપજે. ચોઠે પોહોર મરણ હોએ.

અગણી ખુણે પેહેલે પોહોર અગણી ભો ઉપજે. બીજે પોહોર ધનનો લાભ. તરીજે પોહોરં પુતર ઘાત હોએ. ચોઠે પોહોર લક્ષમીનો લાભ હોએ.

નઇરૂત્ય ખુણે પેહેલે પોહોર બોલે તો ભો ઉપજે. બીજે પોહોર અચીતું માંથું હોએ. તરીજે પોહોર ગુરૂનો લાભ હોએ. ચોઠે પોહોર રાજ્ય ભોગ.

વાવ્ય ખુણે પેહેલે પોહોર બોલે તો ચોર ભો ઉપજે. બીજે પોહોર લાભં કરે. તરીજે પોહોર નવી વાત શાંભલીએ. ચોઠે પોહોર ઘરમાં સુખ હોએ.

ઉતર દશા પેહેલે પોહોર બોલે તો ઉતપાત કરે. બીજે પોહોર દોશત મલે. તરીજે પોહોર અચીંતો લાભ હોએ. ચોઠે પોહોર શગાં મલે.

પુરવ દશા પેહેલે પોહોર બોલે તો લાભ હોએ. બીજે પોહોર ભો હોએ. તરીજે પોહોર તોફાન ચદે. ચોઠે પોહોર દુશમનનો ભો ઉપજે.

પશચમ દશા પેહેલે પોહોર બોલે તો વીગન કરાવે. બીજે પોહોર ચોરનો ભય હોએ. તરીજે પોહોર ગણો લાભ હોએ. ચોઠે પોહોર ઘરનો ભો ઉપજે.

એનો અરથ એજે "શીઆલ" બોલે તેવું ફલે. જો કોઇનાં ઘર આગલ આંગલે તથા પાછલે બાંને બોલે તો તે ઘણીનેજ શારૂ માંથું હોએ. જો પાદરે બોલે તો ગાંમનાં લોકને. ચોકમાં બોલે તો રાજાને, વાતે જાતાં બોલે તો રશતે જાનાંરા વતેમારગુને શારી માંથી જોએ.

ભેરવ દીશે બોલે તેનાં શગન.

પુરવ દશા પેહેલે પોહોર બોલે તો ભો ઉપજે. બીજે પોહોર મોટો મરે. તરીજે પોહોર ચોર ભો વાટ મારે. ચોઠે જુઠી સાચી વાત શંભળાવે.

ઇશાન ખુને પેહેલે પોહોર બોલે તો આગની ભો ઉપજે. બીજે પોહોર નકલંગ લદાઇ ઉઠે. તરીજે પોહોર ભલાંને ભુદુ શુજે. ચોઠે પોહોર ફતવો પેદા થાએ.

ઉતર દશા પેહેલે પોહોર બોલે તો લાભ કરે. બીજે પોહોર રાંણી મરે. તરીજે પોહોર શરપર વગન પડે. ચોઠે પોહોર દેશ મધે ભો ઉપજે.

પશચમ દશાએ પેહેલે પોહોર બોલે તો લાભ હોએ. બીજે પોહોર શંતોશ. તરીજે પોહોર વીરજનો લાભ. ચોઠે પોહોર શગો મરે.

વાવ્ય ખુણે પેહેલે પોહોર બોલે તો મરણ દેખે. બીજે પોહોર લાભ દેખાદે. તરીજે પોહોર મોહોતમ શોક હોએ. ચોઠે પોહોર મેહે ગણું હોએ.

અગની ખુણે પેહેલે પોહોર બોલે તો મીતરનું મોહોત જોવું. બીજે પોહોર રૂદુ હોએ. તરીજે પોહોર ખુન હાન કરે. ચોઠે પોહોર શારી વાત

શંભલાવે.

દખણ ખુણે પેહેલે પોહોર બોલે તો લાભની વારતા કેહે. બીજે પોહોર અગની ભો ઉપજે. તરીજે પોહોર પંથ જાએ તે મધમ. ચોઠે પોહોર હાંણ કલેશ કરે.

નઇરૂત્ય ખુણે પેહેલે પોહોર બોલે તો અરધ લાભ હોએ. બીજે પોહોર અંગની ભો ઉપજે. તરીજે પોહોર ચોરનો ભો કરે. ચોઠે પોહોર રાંજા ભાંગે.

ભેરવ રાતે બોલે તેનાં શગન.

ઇશાન ખુણે પેહેલે પોહોર બોલે તો હાંન કરે. બીજે પોહોર રાજાશે મેલવે. તરીજે પોહોર પરાંણો ઘર આવે. ચોઠે પોહોર ભો ઉપજાવે.

ઉતર દશા પેહેલે પોહોર બોલે તો નાંશવાની વાત. બીજે પોહોર બોલે તો વેપારનો લાભ. તરીજે પોહોર બોલે તો શાથીનું મરણ. ચોઠે પોહોર બોલે તો મુંવું દેખાડે.

પાવ્ય ખુણે પેહેલે પોહોર બોલે તો શતરૂ વશ કરે. બીજે પોહોર બોલે તો રૂદી કાંઇ વાત શારી શમજાવે. તરીજે પોહોર બોલે તો શેતાંન ભુત લાગે. ચોઠે પોહોર બોલે તો વેહેવાનો લાભ હોએ.

પશચમ દશા પેહેલે પોહોર બોલે તો વરશાદ ગણો વરશે. બીજે પોહોર બોલે તો રાજપાટ હોએ. તરીજે પોહોર બોલે તો પશુ મરે. ચોઠે પોહોર બોલે તો ગમાતરૂ કરાવે.

પુરવ દશા પેહેલે પોહોર બોલે તો ગાંમમાં લડાઇ પડે. બીજે પોહોર બોલે તો કોઇ મરે. તરીજે પોહોર બોલે તો ચીંતા ઉપજાવે. ચોઠે પોહોર બોલે તો રાજાને દોલત.

દક્ષણ દશા પેહેલે પોહોર બોલે તો લાભ કેહે. બીજે પોહોર બોલે તો ગમાતરૂ કરાવે. તરીજે પોહોર બોલે તો ગામ ગએલો આવે. ચોઠે પોહોર બોલે તો ગાંમનો અધીકારી મરે.

અગણી ખુણે પેહેલે પોહોર બોલે તો માતપીતાનો ભો હોએ. બીજે પોહોર બોલે તો પરાપતી કરે. તરીજે પોહોર બોલે તો પશુની હાંણ હોએ. ચોઠે પોહોર બોલે તો ગમાતરૂ કરે.

નઇરૂત્ય ખુણે પેહેલે પોહોર બોલે તો મીતર લાભ હોએ. બીજે પોહોર બોલે તો રાજા વજીર મરે. તરીજે પોહોર બોલે તો ગમાતરૂ કરાવે. ચોઠે પોહોર બોલે તો ગયું હોએ તે હાથ લાગે. એ ભેરવરની વાત પુરી પદે.

શગન ગુણુ ગોટીઆનાં.

હરેક જનાવર મલે, મારગે જતાં ગુણુ ગોટીઓ, તથા નોલીઓ, તથા મોહોર, તથા ચાશ એટલાં જણુાવરનો શબ્દ શાંભલીઓ હોએ તો, તથા દીઠા હોએ તો લાભ હોએ.

જો વાંદરા વાટે જતાં જમણો ઉતરે તો શારૂ. તથા વાંદર શબ્દ કરે તે માંથો. ભુંદ તથા રીછ દીઠામાં માંથું કાજ કાંમે નહીં જાએ.

કુતરાનાં શગન.

કુતરો દીશ ઉગતે પુરવ દશા બોલે તો માંથો. પેહેલે પોહોર માંથી વાત શંભળાવે. બીજે પોહોર ગાંમ જતાં ભુકે તો ચોરનો ભો ઉપજે. દક્ષણુ દશા મોહ કરી પાણી કાઠે કણી રેડે તો ભુંડી વાત શંભલાવે. તથા ચોઠે પોહોરે પશચમ દશા મોહો કરી ભુકે તો માંથું હોએ. બાહાર જતાં શાંમુ મળે તો શારૂ હોએ.

ગધેડાનાં શગન.

ગાંમ જતાં કાંમે કાજે તથા હરેક કારજ જાતાં ગધેડા શાંમે મલે તો લાભ હોએ. જો સાબો તથા ડાબો બોલે તો ચંતા ઉપજાવે. જમનો લાભ હોએ, દાબો માંઠો.

જલ કુકડીનાં શગન.

ગાંમ જતાં પાણીમાં જલ કુકડી બોલે તો લાભ હોએ. પાણી બહાર નીકલી બોલે તો માંથું હોએ.

પોપટનાં સગન.

ગાંમ જતાં, કાંમે કાજે જતાં, જમણો બોલે તો તે રૂડો હોએ. ડાબો બોલે તો માંથો.

મેનાનાં સગન.

ગાંમ જતાં તથા કાંમે જતાં જમનું રૂડું હોએ. દાવું માંથું હોએ. પુઠ પાછલથી જાએ તો મીતર મેલવે. શાંમી કલો ફતવો દેખાડે. સુકે કારણ દેખાડે.

બુલબુલ જનાવરનાં સગન.

ગાંમ જતાં જમણે હોએ તો રૂડું. દાભીએ વીજહુરૂ. આડી જમણી ઉતરે તો લાભ હોએ.

મોરનાં સગન.

ગાંમ જતાં શબ્દ એક કરેતો લક્ષમી લાભ હોએ. બે શબ્દ કરે તો શરીરનો લાભ હોએ. તરીજે શબ્દ કરે તો એખલો ખોરેહ જાએ. ચોઠો શબ્દ કરે તો મોર રાજ હોએ. પાંચમો શબ્દ કરે તો શારો હોએ. મોર નાંચતો દેખે તો લાભ હોએ.

ઘુવડનાં સગન.

ગામ જતાં દાબો લાભ હોએ. જમણો ભો દેખાડે. પાછલ બોલે તો આપણો વેરી આપણે હાથ આવે. શાંમણે બોલે તો લાભ હોએ. વારંવાર ગણે બોલે તો ગણાં વેરી ઉપજાવે. દન ૭ લગે ઘર પર બોલે તો ઘરનો ધણી મરે. દન ૩ લગે બોલે તો ચોર ખાતર પાદે.

કોલાંનાં સગન.

ગાંમ જતાં કાલ કાંથીનું બોલે તો લાભ હોએ. દાબો દેખીએ તો માંથો હોએ.

મરઘાનાં સગન.

ગાંમ જતાં દાબો જોએ તો લાભ હોએ. દાબો બોલે તો ભો ઉપજાવે.

જમણો બોલે તો લાભ હોએ. જમણો ઉતરે તો શાંભા ગુરૂ શતરૂ લાભ હોએ. આથમતાં બોલે તો ગાંમનો ભો ઉપજાવે.

ભમરાનાં સગન.

જો ભમરો બીજા ફુલ પર બેશે તો લાભ હોએ. રાતાં મુખનો ભમરો શારો હોએ. જમણો ઉતરે તો શંમભંગ હોએ. જો ભમરા બે વઢતા (લડતા) માંથાં ઉપર પદે તો લુગડાં ધોઇને નાહે. અરદતું દાંન કરે.

કાન કુચરાનાં સગન.

ગાંમ જતાં કાંન કચુરો દાબો દેખે તો લાભ હોએ. જમણો માંથો હોએ. શરીરે પદે તો કલેશ કરાવે.

હાથીનાં શગન.

ગાંમ જતાં હાથી જમણો દેખે તો શર ઉપર શુંદ મેલી શાંમબો શુંદ ઉંનચી કરી આવે તો લાભ હોએ. દાબા શલ ઉપર મેલે તો શગન એત્રાજ (મદયમ) હોએ.

ઘોડાનાં શગન.

ગાંમ જતાં ઘોડો પોતીકે ઠેકાંણે પાનડાપર પગ ખેરે તો તથા જમણો અંગ દાંતે કરી ખજવાલે તો કારજ શીધ હોએ. દાબે પાશે ખેરે તો કલેશ ઉપજાવે.

ઉંઠનાં શગન.

ગાંમ જતાં દાબે બોલે તો શીધ હોએ. જમણે પાશે બોલે તો કલેશ ઉપજાવે.

બલદનાં શગન.

ગાંમ જતાં દાબે પગે તથા દાબે શીંગે ખણે તો લાભ હોએ,; શુખ

હોએ. જમણે મગે અણુ તો શુખ કમ હોએ. બલદ તથા ભેંશ એકઠાં મ-રતાં દેખે તો ગાંમ નહીં જાએ. જાએ તો મરે.

ગાયનાં શગન.

ગાંમ જતાં ગાયનાં શીંગડાં દાબી બાજુએ રીભાએ, તથા વાછરડું ધ-વાડતી હોએ તો ગણો લાભ હોએ. જમણી પાશે ગાંગરે (પોકારે) તો તથા અરધી રાતનાં રીભાએ તો તાંહાંથી નાશવું પડે.

બીલાડીનાં શગન.

ગાંમ જતાં મુખ શાંમણે બોલે તો શારૂં હોએ. આદપાશની માંથી. જમણી પાશની દાબી ગમ ઉતરે તો માંથી. પાછલ ફરે તો શારી. જમણી શારી હોએ.

હરણનાં તથા શાંભર તથા ચીતલ જંગલીનાં શગન.

ગાંમ જતાં જમણાં ભલાં હોએ તથા એખલાં દાબાં ભલાં. જંગલી હરણ શીંગડે કરી માંથું ધુનાવે, લીનાવે, લીડી કરે તે શુકવે, મુતરે તથા જમણાંથી દાબાં જાએ તે ભલાં.

ટીટોડીનાં સગન.

ગાંમ જતાં, ઘરમાં જતાં ટીટોડી જમણી બોલે તો લાભ હોએ. જો માંથું બોલે તો માંથો લાભ હોએ.

ચાકરનાં સગન.

ગાંમ જતાં, કાંમે જતાં ચાકર ગણાં મલે તો લાભ. થોડા મલે તો થોડો લાભ સમગાત હોએ.

કરાલીઆનાં શગન.

ગાંમ જતાં દાબી પાંશે જાલાં ગાલે તો શારૂ હોએ. દાબીથી જમણે ઉતરે તે માંથું. કરાલીઓ પગથી જાંગ લગીન ચહડે તો વશતર પેહેરાવે. તેથી માશતક લગીન ચહડે તો રાજ પાંમે. પરજા સુખી હોએ. ઉનચેથી નીચે ઉતરે તો માંઠો. મરદને જમણો લાભ અને અશતરીને દબો લાભ થોદો હોએ.

માણુસનાં અવયવો પરથી તેનાં ગુણદોશની પરીક્ષા.

ગુશતાસ્પ પાદુહાદશાહે પુછ્યું જે માણુસ માએથી જનમે તેની પરીક્ષા કેવી, શારી માંથી, દલદરી, ભાએગવાંન મને કેહે.

જાંમાસ્પ હકીમે જવાબ દીધો જે વાત કહુ તે શાંભલ. અશતરીને દાબુ ગમતું શરવ જોય. મરદનું જમણા પાશાંનું શરવ જોવું. મરદને પાંચ વાતે શારી મોહોતી. ચાર વાત તુકી શારી. પાંચ વાતનાં પાતલા શારા. ૭ વાતનાં ઉંનચા તે શારા. સાત વાત રાતી તે સારી. તરણ વાતનાં ભરતે શારાં. એ વાનાં ભરતે શારાં. એટલી વરણુન દીલપરની કહુ તે શાંભલ અને તે વરણુન દીલપર જો. ધહંબાર તો કાને કહીએ, જે દીલે પોહોળો હોએ તે ધહંબાર.

મરદની પરીક્ષા.

પાંચ વાના સારા મોહોટાં, લાંબાં, તે કીહાં. પુરૂષનાં હાથ લાંબા તે શારા, નખ લાંબુ શારૂ, આગલાં લાંબા તે શારાં.

ચાર વાંના તુંકાં કહુ તે શાંભલ, ગરદન તુકી ભલી. વાંસો તુકો ભલો. હઇઉ તુકું ભલુ. જાંગ તુકી ભલી. એ ચાર વાનાં તુકાં શારાં.

હવે ૭ ઉનચાં તે શું? ખભાં ઊંનચાં ભલાં, હઇઉ ઉનચું ભલું, પાશરાં ઉનચાં ભલાં, પીઠ ઉનચી ભલી, એ ૭ વાનાં ઉંનચાં તે શારાં.

હવે સાત વાનાં રાતાં ભલાં તે કીઆં. હથેલી રાતી ભલી. જીભ રાતી ભલી. હાથ રાતાં ભલા. નખ રાતાં ભલાં. તાલવું રાતુ ભલું. આંખ રાતી ભલી. પગનાં તુલીઆં રાતાં ભલાં.

હવે તરણ વાંનાં શાંભલ. કઇચું પોહોળું તે શારૂં. નાંખનું શર પો-

હોળું તે ભલું. નીદાલ પોહોલું સે ભલું. એ તરણ વાનાં પોહોલાં કહીઆં છે:

તથા હાથ કથન હોએ તો અને કાંમ કરતો નહીં હોએ તો અને મારગ ચાલતો નહી હોએ તે મરદ ભાએગવાંન હોએ.

હાથની તથા પગની રેખા.

હવે લખા લેનાં કહું તે શાંભલ. પુરૂષની છટી આંગલીથી તે રેખા તે નરજાણુ આંગલી અંગોથાની પાશેની તે શારી હોએ તેનું આયુશ વરશ ૧૦૦ નું હોએ. છટી આંગલીથી તે મધમની આંગલી મોટી સુધી હોએ. તે રેખાનાં ધણીને વરશ ૮૦ નું આયુશ હોએ. અનામીક આંગલી સુખાય હોએ તો તે મરદનું ૬૦ નું આયુશ હોએ. જેને ગણાં રેખા હોએ તે કલેશવંત હોએ. થોડી રેખા હોએ તે ધનવંત હોએ અતીઘણાં હોએ તે દલદરી જાંણવું. જે મરદને હાથે રાતી રેખા હોએ તેને સુખી જાંણવો. કાલી રેખા હોએ તેને દલદરી જાંણવો. જે મરદને અંગોથે જવ હોએ તે સુખી હોએ. તથા જે મરદને હાથે મછ હોએ તે સાચો સતપુરૂશ જાંણવો. જો મર પદીયું હોએ તો તે મરદ શંગરા જીતી તથા હેથે શંખા હોએ તો તે મરદ કાથીગજ હોએ. જો પંદમ પદીયું હોએ તો તે મરદે કોડી ગંજ ખજાનો ભરીઓ હોએ. જેની રેખાની કુડાં તે જમની બાજુ પર પદીયું હોએ તો તે મરદ જોગી હોએ. જે મરદનાં પગનાં તલીઆં ગરભ શરખાં હોએ તથા કમળનાં શરખાં હોએ તથા રાતાં હોએ તે મરદ નીરધન કદી નહીં હોએ. નખની જંવત કાચબાનાં શરખાં હોએ તો શુખ ભોગવે. મરદનાં નખ શુપડાં શરખાં હોએ તો તથા ઉજલાં હોએ તો તે ગણો દુખી, ભુખે મરવું જાંણવુ. અને જેનાં અંગોઠો વાકો હોએ, મંડવાડી હોએ તે ગણું ચાલનાર કાશદી હોએ. જે નરનાં નખ તરાંબા શરખાં હોએ તે નરને ધન હોએ. તથા પગને અંગોઠેથી તીજી આંગલી અદકી લાંમબી હોએ તે મરદ કમી હોએ. મધની આંગલી અદકી હોએ તેને પરથમ અશતરીનો વીજોગ હોએ, પરદાર ગમન કરે. અનાંમીક અંગોઠાની પાસેની વધતી હોએ તે વીદીઆવાંન હોએ, અને પરદારગમ નહી હોએ. અને જાદી હોએ તો ભોજાયસે ભોગવે. જે પુરૂશની આંગલી ટુકી હોએ અને મલતી હોએ તથા અમલતી હોએ અને એકએકથી ઉતરતી હોએ તે મરદ જેહાંનનો પાદશાહ હોએ.

નખની પરીક્ષા.

હાથનાં નખ ઉજલાં હોએ તો તથા ફાતાં હોએ તો તે મરદ દલદરી હોએ, પરાએ ગરઆ દીન હોએ. તથા પીલાં નખને ફાતાં હોએ તો દલદરી હોએ તથા પાપી હોએ. જો જેનાં નખ અનીઆંલ શરખાં હોએ તો સરદાર હોએ, રાજવંત હોએ. જો નખ તરાંબા શરખાં હોએ તો ધનવંત હોએ. જો નખ પાતળાં હોએ તો શોભાગ હોએ. જો ચોપડા હોએ તો રાજવંત હોએ.

જાંગની પરીક્ષા.

જો મરદને ઘોડા શરખી જાંગ હોએ તો ધનવંત હોએ. જો જાંગ જાડી હોએ ને લાંમબી હોએ તો તે મરદ ચાલનાર જોર હોએ. જો જાંગ સરખી હોએ તો આઇયુશ ગણું હોએ. જો સીંહનાં સરખી હોએ તો અને કેશ નહી હોએ તો ધનવંત હોએ જો કેશ એક ઠદમાં બે તથા તરણ હોએ તો પઢનાર હોએ. જો જાહાજા એકઠા કેશ હોએ તો દલદરી હોએ.

ચાલની પરીક્ષા.

જો મરદની ચાલ હસ્તનાં જેવી હોએ તો તે શોભાગ હોએ. જો મરદની ચાલ બલદનાં જેવી હોએ તો ધનવંત હોએ. જો સુદાના શરખી હોએ તો ભોગ અવતારી હોએ. જો મરદ હરણની કાંણી ઉતાવલો ચાલે તો દલદરી હોએ. જો ઘોડાની તથા કાગની કાંણી ચાલે તો નીરધન હોએ.

હીન્ધરીની પરીક્ષા.

જો મરદને જમણે પાશે નર વાંકો હોએ તો તેને છોકરાં ઘણાં હોએ. જે મરદને ડાબી પાશે નર વાંકો હોએ તો છોકરી ગણી હોએ. જે મરદનો નર લાંમબો હોએ તે દલદરી હોએ. મરદનો નર જાડો હોએ તો નીરધન હોએ. મરદનો નર શગલે શરખો હોએ તો રાજ પાંમે. નર કાલો અને જાડો હોએ તો મહા દુખી હોએ. ઘોડાનાં શરખો નર લાંમબો હોએ તો ધનવંત હોએ. મરદનો નર એક ધારે હોએ તો પરથવીપતી રાજા હોએ. નર બે ધારે હોએ તો ધનવંત હોએ. જે જાહાજો ધારો હોએ તો દલદરી હોએ.

પરસેવાની પરીક્ષા.

જો મરદને કાચઆ શરખી ગંધ હોએ તો તેને દુજાનું ગણું હોએ. મરદને મધનાં શરખી ગંધ હોએ તો તેને અશતરી ગણી ગમે. મરદને ફુલનાં શરખી ગંધ હોએ તો પાદશાહ હોએ. કદવી ગંધ હોએ તો ચોર થાએ. લીંબુનાં સરખી ગંધ હોએ તો કાંમે શીધો હોએ. મુરગનાં સરખી ગંધ હોએ તો તે દલદરી હોએ. ખરનાં શરખી ગંધ હોએ તો અશતરી નહી દીઠી ગમે.

કદ રૂપની પરીક્ષા.

જો મરદને દુધનાં શરખો રંગ હોએ તો તે રાજા હોએ. પીલા વરણનો હોએ તો માંદો હોએ. રાતી વરણનો હોએ તો દલદરી હોએ. મરદનો પગ ભોંય ઉપર મુકે ભોંય લાગે તો દલદરી હોએ. એડી લાગે તો ધનવંત હોએ. કાંઇ રાતું કાંઇ ધોલું હોએ તો તેને દીકરી ગણી હોએ અને દુખી હોએ. શીઆલ તથા ઉંટ તથા ગધેડો તથા ભેંશ શરખુ લોહી હોએ તો તે ઉદાશપનુ કરે.

દોકની પરીક્ષા.

જો મરદની દોક વાંકી હોએ તો તે મરદ શોભાગી ગણો હોએ. પોહોલી હોએ તો પુતર ગણાં હોએ. દોક પાતલી હોએ તો પીઆરાં કાંમ ગણાં કરે. સહીંનાં શરખી દોક હોએ તો તે અપાર બુદ્ધ હોએ. મરઘાંનાં તથા મોરનાં તથા દેડકાની શરખી ઉપર હોએ તો તે શદા શોભાગી હોએ. સહીનાં શરખી ઉપર ગણી હોએ તો તે પુતર ગણાં જણે ને ગંજપતી હોએ. જેની નાંભી પાતળી હોએ તો તે શોભાગવંત હોએ. જેની અવલી ઉંચી હોએ તો સદા દુખી હોએ.

પરચુટણ પરીક્ષા.

જો મરદનું હૈયું ઊંચું પોહોલું હોએ તો તથા માશે ભરાયું હોએ તો તે મરદનું આઊખુશ વરશ ૧૦૦ નું થાએ. શહીનાં શરખી પીઠ હોએ તો ધનવંત હોએ, જેની બાંહે લાંમબી હોએ તો તે ગુણવંત હોએ. જેની બાંહે ટુકી હોએ તો તે પરાયું કાંમ કરે. જો મરદનાં હાથમાં મચ્છ પદીઓ હોએ

તો તેનું કાંમ શીઘ્ર થાએ તથા ધનવંત હોએ તથા ફ્રરજંદ બેટા ગણાં હોએ. જે મરદનાં હાથમાં સંખ ગણાં હોએ તથા પદમ હાથમાં હોએ તો તે તેજવંત હોએ. જે થોડું બોલે તે લક્ષમીવંત હોએ. જેનાં હાથમાં ચકર તથા ગંજકર તથા છતર કાહાડીઓ હોએ તો દયાવંત શુખી હોએ. જે મરદને ખડકાર પડયો હોએ તે વીદીઆવંત હોએ તથા તાજવંત હોએ. જેનાં હાથમાં ત્રીશુલ હોએ તે ગણો દાંનાંવ હોએ, ખોદાની બંદગીનો કરનાર હોએ. ફિશતાદ તથા ગુરૂની બંદગીનો કરનાર હોએ. જેની ગણી રેખા તથા આઇયુશ રેખા એકઠી તો તે ઘણો ધનવંત હોએ. જો પગની કનીષ્ટ આંગલી રેખા મુલ શાથે હોએ તો તે મરદ ચતુર હોએ. જે મરદનું મુખ વાંકુ હોએ તથા શમુદર હોએ તો તે ધનવંત હોએ. જરા એક મુખ લાંમબુ હોએ તો તે દલદરી હોએ. ગલું રાતું હોએ તો તે ધનવંત હોએ અને જશ હોએ. જેનાં હાથ રાતા હોએ તો તે સુખી હોએ. જેનાં દાંત કમલનાં શરખા હોએ તે રાજા હોએ. દાંત કાલા હોએ તો દલદરી હોએ. જેને દાંત ૩૨ તથા ૩૩ હોએ તે સુખી હોએ. વાંકાં તથા વલા હોએ તે દુખી હોએ.

જીભની પરીક્ષા.

જેની જીભ તલેની રેખા કારી હોએ તો તે ઘણી ભુખે મરે. જેને શાંમલી હોએ તે પાપી હોએ. કઇ શામલે વરણને હોએ તો જુઠું ગણું બોલે. જો જીભ રેખા શફેદ હોએ તો વીદીઆવંત હોએ.

ટાળવાંની પરીક્ષા.

જેનું ટાલવું કાલું હોએ તે દુખી હોએ. જેનું ટાલવું રાતું હોએ તે જમીન જેહાંનનો પાદશાહ હોએ. ટાલવું ઉજલું હોએ તે ધનવંત હોએ. ટાલવું પીરૂ હોએ તો પરાઇ ચાકરી કરે.

શરની પરીક્ષા.

જેનું શર શુંધંમ હોએ તે ધનવંત હોએ. જો કાગનાં શરખું હોએ તો પાપી હોએ અને નીરધન અને જુગારી હોએ.

નાંખની પરીક્ષા,

જેનું નાખ શુદાનાં શરખું હોએ તો રાજ પાંમે. જો નાંખ લાંમણુ હોએ તો ધરમી હોએ. ને જેનું નાંખ હાથીની સુન સરખું હોએ તે જગમાં શુરો હોએ. જો ચપતું હોએ તો એકમારગી હોએ. જો જેનું તુકુ હોએ તે નીરધન હોએ.

મોહોદાંની પરીક્ષા.

જો જેનું મોહોદું દયાવંત હોએ તથા રાતી આંખ હોએ તો તે ધનવંત હોએ. મોહોદે દાંમતું હોએ તો તે શરદાર નીરધન હોએ. મગરનાં શરખું મોહો હોએ તો દલદરી હોએ. જેનું મોહો હરણનાં શરખું હોએ તો તે ધરમદાંન કરે, શુખ કારજ કરે. જેનું મુખ વાંકુ હોએ તો તે હરાંમી, ચોર. દગલબાજ હોએ.

કાંનની પરીક્ષા.

જેનાં કાંન નાહનાં હોએ તો તે ઉતમ હોએ. કાંન લાંમબા હોએ તો મધમ હોએ. કાંન ઉપર નીમાલા હોએ તો તે સુખી હોએ.

નીદાલની પરીક્ષા.

જો નીદાલ અરધુ ચંદરમાહા જેવું હોએ તો ઉતમ તથા વીદીયાવંત હોએ. કપાલ શાંકડું હોએ તો તેનું આયુશ થોડું હોએ. જેનું નીદાલ ગણું વીશાલ પોહાલું હોએ તે ધનવંત હોએ. જેનું નીદાલ વાંકુ હોએ તે દુખી હોએ. જેનું નીદાલ તરીશુલ હોએ, તે ઉતમ હોએ. જેને નીદાલે રેખા હોએ તો તેનું આયુશ વરશ ૧૦૦ નું હોએ. જેને રેખા ૪ હોએ તેનું આયુશ વરશ ૮૦ નું હોએ. જેને રેખા ૩ હોએ તેનું આયુશ વરશ ૬૦ નું હોએ. જેને રેખા ૨ હોએ તો તેનું આયુશ ૪૦ નું હોએ. જો જેને રેખા ૧ હોએ તો તેનું આયુશ વરશ ૨૦ નું હોએ.

માંથાંની પરિક્ષા.

જેનું માંથું મોહોટું હોએ તેને કરમી જાંણવો. જેને માંથાં બે હોએ

તેને મંદવાડી જાંણુવો. જેનું શરખુ શોભાગી હોએ તો તે શોભાગી હોએ. તથા ગનું નાનું હોએ તો દુખી જાંણુવો.

બાલની પરીક્ષા.

જેને માંથે જીનાં બાલ હોએ તે કરમી જાંણુવો. ગણાં કાલા હોએ તે ધરમી હોએ. જાડા હોએ, ગણાં લાંમબા હોએ તો દુખી જાંણુવો. જે પુરૂષને અવલા કેશ હોએ તો રાજા થાએ. જેને આંકડી સરખા કેશ હોએ તેને માહા દુખી જાણુવો. જેને શુનાં શરખા કેશ હોએ તેને અરાગી જાંણુવો.

નશની પરીક્ષા.

જે મરદની નશ કાલી ગલી જેવી હોએ તો તે રાજા થાએ જે મરદની નશ લીલી હોએ તે નીરધન હોએ.

એટલી મરદનાં દીલ પરની લક્ષન કહી તે શરવે જોય તેપર મરદ સારો માંઠો માલમ પદે.

અશતરીની પરીક્ષા.

હવે અશતરીની પરીક્ષા કહુ તે શાંભલ અને શમજ. પગનાં તલીઆં તથા આંગલી તથા નખ તથા ધુટી તથા જાંગ તથા જાત તથા પેડુ તથા કેડ તથા નલી તથા પેટ તથા થાંન તથા હાથ ખભાં તથા મુખ તથા દાંત તથા આંખ તથા નીદાલ તથા કેશ તથા રેખા એ શરવે લખીઆં છે તે શમજીને જોવાં.

પગની પરીક્ષા.

જો પગની ભોંય બેશતી હોએ તે અશતરી ઉતમ હોએ. ભોંયપર બેશે ને અંગોથો ઉંચો હોએ તો તે અશતરી મરદને વહાલી હોએ, ગણું માન હોએ. ઓરતનાં પગલાં ઉંચાં હોએ તો પોતાનાં મરદ શાથે બાજે નહીં. પગલાં ગણાં હોએ તો પોતાનાં મરદને વેહેલો મારે, દ્રવ્યનો નાશ કરે, માંદી હોએ. જેને પગે પદમ તથા છતર તથા શંખ તથા ધજા તથા ચકર, એટલી વસ્ત જે ઓરતને પગે હોએ તે ઓરત રાજ પાંમે, પુત્રવંતી હોએ, મરદને

ગણી વહાલી હોએ. પગની તલીએથી રેખા, છઠી આંગલી શુધી હોએ તે અશતરી વેહેલી પરણે. લક્ષમી પામે, ભરથારને ઘણી વહાલી હોએ. જે અશતરીની છઠી આંગલી ભોંયે નહી લાગતી હોએ. તે અશતરી ભરથારને મારે, જે અનાંમીક આંગલી ટુકી હોએ તે કલો કરતી હોએ. છઠી આંગલી તેની પાશેની બેહુ ભોંયને લાગતી હોએ તો તે ભરથારને મારે. જો અનામીક આંગલી ટુકી ગણી હોએ તો કલો કરે અથવા મકર ગણાં કરે. જો ટાંચી આંગલીતેની પાશેની બેહુ ભોંયને નહીં લાગતી હોએ તો તે ભરથારને મારે. અશતરીનો અંગોથો તેથી તરીજી આંગલી વધતી હોએ તો તે અશતરી બ્યાભીચરણ હોએ. મશી શરખી હોએ તો શોભાવંતી હોએ. અશતરીની પગની પાતલી ઉંચી હોએ તથા પોહોલી હોએ તે અશતરી દલદરી હોએ. લાંબી હોએ તો વરાદ વહદકની હોએ. શમી હોએ તો ભાએગવંન હોએ. અશતરીનો અંગોઠો પતલો ગોલ હોએ તો તે અશતરી કલાગારી હોએ. જે અશતરીની ગુતી ગુપત હોએ તે અશતરી શુખ ભોગવે. કંઠ વર ઉપર હોએ તો તે અશતરી ગણું શુખ ભોગવે.

જાંગની પરીક્ષા.

જો અશતરીની જાંગ હાથીની શુંઢ સરખી હોએ, અને તેપર રૂવાં હોએ તો તે અશતરી શુખ ભોગવે. જે અશતરીની જાંગ કાચબા શરખી હોએ તો તથા કાલી લગારક હોએ તો તે અશતરી ધન ધ્યાન પાંમે, શુખ ભોગવે, પુતરવંતી હોએ. જે અશતરીની જાંગ લાંમબી શરખી હોએ તે અશતરી દલદરી હોએ.

પરચુટન પરીક્ષા.

જે અશતરીને કાંણે રૂવાં હોએ તો તથા ભુરાં હોએ તો તે રાજવંતી હોએ. જે અશતરીનું જમનું પાશું ઉનચું હોએ. તે પુતર જણે. જે અશતરીનું દાબુ પાશું ઉનચું હોએ તે છોકરી જણે. જે અશતરી શોબત કરતાં કથણ હોએ અને તાશગીશ કરતી હોએ તે અશતરી કરમી હોએ. અશતરીનું ભાએગ ગોપત હોએ, શમી હોએ, અને દુતીએ તરવલ વલે તે અશતરી ઉતમ કહીએ.

થાંનની પરીક્ષા.

જે અશતરીનાં થાંન મોટાં તથા કઠણ હોએ, દેખાતા શકુમલાં, ઉપર રૂવાં નહી હોએ, તે અશતરી ભરથારની વાહાલી હોએ. તે ધનવંત હોએ. જે અશતરીનાં થાંન લાંમબાં તથા ધીલાં હોએ, દેખીતાં ખરાબ હોએ, તે અંશતરી દુરભાગની હોએ અકરમી હોએ.

જીભની પરીક્ષા.

જે અશતરીની જીભ રાતી હોએ તે અશતરી પુતરવંતી હોએ, શોભાવંતી હોએ. જે અશતરીની જીભ ઉજાસ પર ઉજલી હોએ તો તેનાં છોકરાં મરે નહી, આયુશ મોટા હોએ. જે અશતરીની જીભ કાલી હોએ તે અશતરી વશદ વધતી પરવારે નહી, ચીબાલી હોએ, તે ધનનો નાશે કરે.

ટાલવાંની પરીક્ષા.

જે અશતરીનું તાલવું ઉનચું હોએ તેનો મરદ જીવે નહીં. જે અશતરીનું તાલવું કાલું હોએ તે વરદવી હોએ, તેનાં છોકરાં નહીં જીવે. જે અશતરીનું તાલવું પીલું હોએ તે દલદરી હોએ. જે અશતરીનું તાલવું રાતું હોએ તે ઉતમ હોએ પુરવંતી હોએ.

નાંખની પરીક્ષા.

જે અશતરીનું નાંખ લાંમબુ અને વલું હોએ, ભલી હોએ, તો અશતરી દુરભાગણી હોએ, ભાયગ દુર હોએ. જે અશતરીનું નાંખનું તેરવું લાંમબુ હોએ તે અશતરી ગુસ્સાદાર રીશાલ ગણી હોએ. જે અશતરીનું નાંખનું તેરવું ટુકુ હોએ તે ઉદાશપણું ભોગવે, પારકાં કાંમ કરે, પારકાં કાંમ વનાં નહી ગમે. જે અશતરીનું નાંખ ચપટું હોએ તે રંદાપો વેહેલો પાંમે. જે અશતરીનું નાંખ શમુ શરખુ હોએ અને પોહોલું તે અશતરી શંખની સુખી હોએ. જે અશતરીનું નાંખ શમુ હોએ અને નાનું હોએ તો શુખ ભોગવે, ધનવંત હોએ.

પરચુટન પરીક્ષા.

જે અશતરીની આંખ પીલી હોએ તે અશતરીનાં આઇયુશ થોડા હોએ; મરે. કદાચ જીવે તો રંદાપો ભોગવે. જે અશતરીનું નીદાલ પોહોલું હોએ, લાંમબું હોએ તો દેરને મારે. મોહોડુ લાંમબુ હોએ તો ભરથારને મારે. અશતરીનું નીદાલ આગલ ચારનું હોએ તો, શંમવરજી તથા નીમાલા નહી હોએ તો અને શ કુમલ હોએ તે અશતરી ઉતમ હોએ. જે અશતરીનાં કેશ નાંધલા હોએ, કઠણ હોએ તે ભરથારને મારે. જે અશતરીનાં કેશ લાંમબા હોએ અને શ કુમલ હોએ તે ધરમ ધેઆંન કરે. જે અશતરીનાં કેશ ઉભા અને કઠણ હોએ, તે માંડી હોએ. જે અશતરીનાં કેશનો રંગ પીલો હોએ અને કઠણ હોએ તે અશતરી શોભાવંતી હોએ.

જે અશતરીનાં ૪ વાનાં શારાં હોએ તે હરણનાં શરખાં હોએ તે અશતરી ભરથારને વાહાલી હોએ. ધનવંત શોભાવંત હોએ. એક જાંગ, બીજી આંખ, તરીજી કોટ. ચોથો ઉદેર, એ વાંનાં હોએ તો અશતરી શારી હોએ. જે અશતરીનું પેડું ઉનચુ હોએ તે એક પુતર ને એક છોકરી જણે. જે અશતરીને નીમાલ એક એક હદમાંથી હોએ અને રમલા હોએ તે અશતરી શોભાવંતી હોએ. જે અશતરીને કન કન શરખી વરન કાલી હોએ, અને કન કન વરનનો નેતર હોએ તે અશતરી શતોમની કહીએ. જે અશતરીને નીંદરા ગણી હોએ તથા ધ્રુરે તે દુરભાગી હોએ. જે અશતરીને હાથે તથા નીદાલે તથા માંથે તથા કાંને કાલો તલ હોએ તે અશતરી પુતર ગણાં જણે. અશતરીને અંગોથેથી તરીજી આંગલી વધતી હોએ તો તે અશતરી લંપત હોએ તથા તે અશતરી યાર સાથે રમે. જે અશતરીને મધને પાશની ટચી આંગલી તે આંગલી ભોએ ને નહી લાગતી હોએ તે અશતરી ભરથારશે ભોગવે. જે અશતરીની ટચી આંગલી ટુકી હોએ તે અશતરી દુખી હોએ. જે અશતરીની જીભ વાંકી હોએ તે ગણાં ઇઆરશે રમે. જે અશતરીની જાંગ પાતલી હોએ તેને ભરથાર થાશે પદે નહી કલેશ કરે. જો રોમનાં મોખ વાંકાં હોએ તો તે ભરથારને મારે. જે અશતરીનાં રૂવાં કઠણ હોએ ગધેડાંનાં શરખાં તે અશતરી રાજપતી હોએ તે દાશીપણું પાંમે. જે અશતરીને રાતો તલ હોત તથા હઇઆં ઉપર હોએ તો તે અશતરી ભરથારને વાહાલી હોએ. જે અશતરીને હઇએ કાલો તલ હોએ તે અશતરી ભોગ વીશ પાંમે. જે અશતરીને થાંને રાતો તલ હોએ અને નીરમલ હોએ તો તે અશતરી સુનું ગણું પેહેરે અને ધનવંત હોએ. જે અશતરીની કેડ પઉઆરોકી હોએ, શરખી હોએ તથા કેડ ગોલવાતલી હોએ તે અશતરી રાજપતી હોએ. જે અશતરીને

ગરદર્શન હોઆલ તેલ હોએ અને જમણી આરો હોએ તે અશતરી શોભા
વંતી હોએ. ઉતમ હોએ જો અશતરીને વાલને હોએ તલ મસું હોએ તો તે
અશતરી શોભાવાળી હોએ. જે અશતરીનાં દીલને અરસંગ લશન શરણા હોએ
તથા પ્રકાર શરણા હોએ તે અશતરી આણી આંખે હોએ તેને તજે. જો નહી તજે
તો દુખી હોએ ધણીની ઘાત કરે. જે અશતરીને પાયનાં સુતર શરણા તથા હરેક
મુતર શરણા અંગ હોએ તે અશતરીને વરજવી નહી વરજે તો મરણને મારે
જે અશતરીનાં દીલ શરીર વાશ આવતો હોએ તે અશતરી ઉતમ હોએ
જે અશતરીનું કેત પાતલું અને નીરમલ હોએ તે અશતરીને ઉતમ જાંણવી
જે અશતરીને એટલાં વાંનાં હોએ તે અશતરી ઉતમ જાંણવી
૧ શરવ અલપ હોએ, ૨ ચાલ અલપ હોએ તથા કેશ શીધા હોએ.
૩ નાશ વાંકી હોએ. ૪ જન અલપ હોએ, કીતાબ હોએ, ધીરે બોલી
હોએ, ઘાવથી નાશી હોએ તો તે અશતરી હોએ તે કરસી હોએ. જે
અશતરીની ચાલ હાથીનાં શરણી હોએ તથા આંખ મરગાનાં શરખી હોએ
તે અશતરી ભાએગવાંન હોએ. જે અશતરીની જીભ કાલી હોએ તથા કેશ
શરખા તથા સુધરા હોએ, ઉતમ હોએ અને કેશ લાંબા હોએ તો તે અ-
શતરીને શાંકણ કહીએ. જે અશતરીને મુખે રૂવાં ઘણી હોએ તે રંડાપો ભો-
ગવે. જે અશતરી ગણી ઉનચી હોએ અને ગાનારી હોએ તથા અતકડી
હોએ, સુક હોએ તથા ગણી કાલી હોએ તથા ગણીજ જોરાવર હોએ તથા
ગણીજ ઉતાવલી ચાલ હોએ એટલાં વાંનાં અશતરીને હોએ તે અશતરી
ભલી હોએ. જે અશતરીની આંખ પીલી હોએ તથા ઉભા ગાલ હોએ તે
અશતરી પરણાએ મરદશે રસે. જે અશતરીનાં હાથ કાલા હોએ તથા જીભ
ઉજલી હોએ તથા હાથ લાંબા હોએ તથા જો અશતરી જાડી શીતલ
તથા કેશ ઉભા હોએ, કાગનાં શરખી આંખ હોએ તથા પેટ સુંવલ શક
રાખે હોએ તથા ગોરી હોએ પણ તે અરજુલી નહીને સરીખ તથા કનક
જાંતનીર હોએ તો તે નહી અરજુલી હોએ તે કુલ લજવાવે, ભરથારને મારે.
જે અશતરીનાં પાતલા વાલ હોએ તે અશતરી પદમની જાંણવી. જે અશ-
તરીનાં કેશ ઉતમ હોએ, તે જાડી હોએ, તે અશતરીની જાત અંતની નજર
આવે. જે અશતરીનાં કાલા કેશ હોએ, લાંબા હોએ તો તે અશતરી નીલ
જાંણવી. અને કેશ સુક હોએ અને જાડા હોએ તે અશતરીની શાંખની
જાત જાંણવી. અશતરીનાં થાંન વાંકા હોએ તો તે પદમણી જાંણવી. જો
કોઈ અસ્થાંન કઠણ હોએ તો તે અશતરી હશતી જાત જાંણવી. અશતરીનાં
નાંખલાં થાંન હોએ તે તથા મોટાં ચાકરીઆં હોએ તો તે અશતરીને મંત્રની
જાત કહીએ. જો લાંબાં થાંન હોએ ને ધીલાં હોએ તે અશતરી શાંખણીની

જાત જાંણવી. જે અશતરીને દાડમની કલી શરખાં હોએ તથા નાંખલાં હોએ. તે અશતરી પદમની જાંણવી. જે અશતરીનાં દાંત મોકલા હોએ તે અશતરી હશતનીક હોએ. જેનાં દાંત શમાં હોએ તે અશતરીને ચંટની કહીએ. જે અશતરીનાં દાંત લાંમબા હોએ તે અશતરી શંખનીની જાત જાંણવી.

હવે પદમની ખશબો કમલનાં શરખી હોએ. હશતીની ખશબો મધનાં શરખી હોએ. ચંટની ખશબો શુખદનાં શરખી હોએ. શંખની ખશબો ગધેડાનાં શરખી હોએ. પદમની ખશબો હાથીનાં શરખી હોએ. હશતીની ખશબો ગાયનાં શરખી હોએ. પનચકની ખશબો કોકીલાનાં શરખી હોએ. શંખનીની ખશબો શવર ઘોડાના શરખી હોએ.

પદમની હોએ તે એક પોહોર નીન્દ્રા કરે. હશતીની હોએ તે બે પોહોર નીન્દ્રા કરે. ચંતનીની હોએ તે તરણ પોહોર નીન્દ્રા કરે. શંખણી હોએ તે ઘરે ને નીંદરા કરે. એ અશતરી મરદની શગલી પરીક્ષા તપાશી જોય તો શરવે માલમ પડે.

ગુશતાશપ પાદશાહે જાંમાસ્પ હકીમને પુછ્યું જે જમશેદ પાદશાહનાં વખતમાં વાંજની ઓરત જણ ૭ ને છોકરાં કાંએ નહી, તે શું છે તે મન કેહે.

જાંમાસ્પે *જવાબ દીધો જે એ ૭ ઓરતની વાત પુછી તે તેનું હકીમુ દારૂ એ છે, શરવે કહુ તે શાંભલ, જે અશતરી ૭ જમશેદ પાદશાહ પાશે ગઇ જે હમો ૭ ઓરતોને છોકરાં નહી આવતાં. તેવારે જમશેદે જવાબ દીધો જે શબુર કરો તમારે ખાતર ખોદાની આગલ નાંલેશ કરીએ. શાથે ૭ તે અશતરીને બોલાવીને કહીએ. એ શાત અશતરીને છોકરાં નહી આવતાં. તેવાર પછી પરી ૭ તે જવાબ દીધો જે એ ૭ અશતરીને ખોડ છે તે કહુ તે શાંભલ. પેહેલું એ ખોદ એ જે અશતરીનું કમલ ફરીયું હોએ તેમાં બુધ નહી રહે તે માટે ગરભ નહી ધરે. બીજી એ જે અશતરીનાં કમલપર ગોશ વધે તે માટે બુધ નહી ધરે. તરીજી ખોડ એ જે અશતરીનાં કમલને વા ધરીઓ હોએ તેથી વાટ બંધ થાએ માટે ગરભ નહી થાએ. ચોથી ખોડ એ જે અશતરીનાં કમલપર કરમ પેદા થાએ તે બુધને ખાઇ જાએ માટે ગરભ નહી ધરે. પાંચમી ખોડ એ જે અશતરીનાં કમલપર ચરબી ફરે તેથી ગરભ નહી ધરે. છઠી એ જે અશતરીનાં કમલપર શીતાંન ધરીયું હોએ તેથી ગરભ નહી ધરે. શાતમી એ જે અશતરીનું કમલ ઉંધું હોએ તો ગરભ નહીં ધરે. એ ૭ તે પરીઓએ પાદશાહ જમશેદ શાથે ૭ તે ઓરતની પરીક્ષા કહી.*

અશતરીને હમેલ નહી ધરે તેની બાબતની દવા.

હવે ૭ અશતરીનાં ઇલાજ કહું તે શાંભલ જે અશતરી મેલી બેશે તે નાઇઆ પછે દન ૩ પછે મરદ તેની પાશે જાએ. પછી તે અશતરીને મરદ પુછે જે તારૂં શું દુખ છે? તે અશતરી કેહે જે મારૂ માંથું દુખે છે તો કમંલ ફરીયું કરી જાંણવું, માટે તેનું ઓશદ એ જે, અંગુરી શરકામાંનું મગજ, પાણીમાંની મરગીનો પીતતો શરકાનાં મગજમાં મુકીને તે પર તેની લેપ કરે, પીદુને લપેતે, બઇરાંની જાતને લપેતે, તથા લગાડી તરજ બુજાએ. તેવાર ફરીને મેલી બેશે તે નાઇઆ પછી ૩ દન થયા પછી શોબત કરે અને પુછે જે તારૂ શું દુખે છે? તેવાર ઓરત એમ કેજે મારૂં હઇયું દુખે છે, તેવાર એમ જાંણવુ કે કમલે શીતાંન ધરીઉં છે. તો તેનું ઓશદ વેખંદ તથા કુલીજંડ તથા બાપડી તથા કલુજી એ વંશાનાંના તરણ શરખા ભાગ કરે, પછે તેલ મીઠુ તલીને મોંય નાંખીને રાંધે ને રૂઉનું પોહોદીયું કરી તેપર વશાંનાંની લેપ કરીને પેડુપર બાંધે તો ગરભ ધરે. જે તે કેહે જે મારૂં દીલ ફરે છે, તથા ફરકે છે, તેનું જાંણવું એ જે કમલે વા ભરાયો છે, તો તેને વીશેનું ઓશદ કીશમીશ દરાખ તાંક ૨ તથા તલનું તેલ માફક ખલમાં ગાલીને પરતે એ તેની લેપ પેડુને લગાડે તરણ દીવસ સુધી; તો ગરભ ધરે. જો તે કેહે જે ઓશડ લગાડીઆ પછી હાદ મારાં દુખેચ તો કમલ પર ચરબીની જાલી બંધાઇ હોએ તો તેનો ઇલાજ અરશીંઉ તેલ તથા અશોડામાં મુલ એકઠાં વાતે તેની લેપ કરીને પેડુ પર બાંધે તેથી ગરભ ધરે.

જો અશતરી કેહે કે મારો કમર દુખેચ, તો જાંણવું જે કમલપર માશ ચદીયું છે તેનો ઇલાજ, ઉજલુ જીરૂ, હાથીનું નખ વાતીને કપર છંદ કરે, તેને ગાલે, ને ગાએનાં ઘીમાં લેપ કરે ને તે પીડુપર લગાડે તો ગરભ ધરે. જો અશતરી કેહે જે મારા પગનાં તેતાં દુખેચ, તો તેનું જાંણવું એ જે કમલ પર કરમ છે. તેનું ઓશદ એ જે શાબુનું પાંણી તથા શાહાજી ખાર તથા હરદાં તથા બેદાં એ તરણેવે એકઠાં કરીને વાટે આંકરાનાં દુધમાં લપેતીને લેપ કરીને પીડુને લગાડે તેથી ગરભ ધરે.

એ કે જે મને નથી દુખતું અને તે વીરજ નહી ધરતી હોએ તો તેને કોઇ દેવ શેતાંનનો ઓજાડ છે માટે દેવ શેતાંન ભાંજવાનો ઇલાજ કરવો. તે તાવીજ છે, તે કુંકું તથા કેશર તથા કશતુરી તથા ગોલાબ તથા અબીર તથા શુખદ એ, શરવે એકઠાં કરીને તેને દશકતે તાવીજ લખીએ, તે અશતરી મેલી બેઠી નાહાઆ પછી એ તાવીજ તેની બાજુએ બાંધે તો નાંપાક નાશે.

તાવીજ [illegible] લોબાને ધુપી દન ૭ તથા દન ૧૪ તથા દન ૨૧ એ રીતે લખી ધુપી પાંણીએ ધોઇને પાએ તો તે [illegible] શેતાન તથા [illegible] તથા મુતની [illegible] જાત જે હોએ તે ભાગે અને ગરભ ધરે. એ તાવીજ શીતવાર લખે જે [illegible] તરફનુ કમરે બાંધવી તથા ડાવી તરફનુ તાવીજ ધુપી પાણીએ ધોઇને પાએ તો ગરભ ધરે. એ જમાવેલુ છે.

(જુઓ તાવીજ નંબર [illegible] ૨૨.)

એ તાવીજ એ રીતે લખીએ એવુ કરી દોરો ૧ તાર ૭ નો તેને ગાંઠ ૧૨ પાડે. જે અશેતરીને લખી આપીએ તેનુ નામ લેતા જાએ. અને ગાંઠ વાળતા જાએ. પછે તે દોરો તાવીજ કરીને ડાબી બાજુએ બાંધે, ધુપાલે બાંધે, શુતર કુમારી છોકરીનુ જોઇએ તો વીરેજ રહે. વળી નાડીઆ પછી રાઇ પાણીમાં વાટીને પાએ તો હમેલ રહે, બીજુ પેલાશ પાપડો તથા શાજી પાણીમાં ઘશીને પઇશા એક ભાર પાએ દન તરણ લગે, તો હમેલ રહે. તેની નીશાન એજ જો જાબુના જેવુ લોહી શેતાનમાં આવે જો કેડ દુખે માં ઓશદ પાએ, તુરત ફુલ તથા તગર તથા કાંગ્ત તથા જેઠીમધ તથા મુખદ એ શરવે શરખે ભાગે કરીને વાટે અને બકરીનુ દુધ પાશેર માંહે નાખીને ૭ દીવશ પાએ તો ગરભ ધરે. તરીજુ મુશલી કંદ વાટે પઇશા એક ભાર, ગાયનુ ઘીઇ ૨ પઇશા ભાર મેલવીને પાએ ૩ દીવશ સુધી, તો ગરભ ધરે. ચોથુ એ જે તલ પાહાદ ૧ પઇશા ભાર ગોલીને વાટે તે અશેતરીને પાણીમાં ઉભી રાખીને પાએ જો હમેલની ગાંઠ પડતી હોએ તો રેહે પાંચમુ જો અશતરીને હમેલ હોએ ને અશતરી દશતાન એશે તેનો ઇલાજ, કબુતરની હગાર, ચોખાનુ પાણી ૨ પઇશા ભાર ગોલીને પાએ તો ગાંઠ પડે નેહી. છઠુ એ જે અશતરીને ગરભ વધે કુમારની હાથેની મટોડી ૨ પઇશા ભાર તથા મધ ૨ પઇશા ભાર તથા બકરીનુ દુધ પાશેર ગોલીને પાએ તો ગરભ વધે;

અશતરી વીઆતા કશતાએ તેનો ઇલાજ.

અશતરી વીઆતાં કશતાએ તો, છોકરૂ આવતાં હેરાન થાએ તો, તેનો ઇલાજ; માલુધીનાં મુલ [illegible] માંથી કાહાડી લાવીને અશતરીની કમરે બાંધે તો તે અશતરી છુટે; બેણુ ડાબી તરફે બાંધે, તે છોકરૂ ડાબી તરફની કુકમાં હોએ તો જમની તરફ દોરો તાર [illegible] કરી બાંધે છોકરૂ આવતાં પછી મુલ છોડી નાંખે.

અશતરીને હમેલ હોએ ને નહી વધે તેનો ઈલાજ.

અશતરીને હમેલ હોએ ને તે નહી વધે તેનો ઇલાજ, શુખદ તથા દેવદાર તથા ગુજ તથા ઉજલા તલ એ ચાર મલીને એક શેર કરી શરખે ભાગે વાટીએ અને નવાડીએ પછી દન ૪ ખાએ મરદન કરે. ગરભ નહી વધે તો પદમકન ૩ પઇશા ભાર, હરદેરનું મુલ તેનો રશ તથા કોશટ ૩ પઇશા ભાર શરખે ભાગે બકરીનાં દુધમાં પાએ ૩ દન સુધી, તો ગરભ વધે. જો ઉતલી મુલ જડમાંથી કાહાદીએ, નદી વેહેતી હોએ તેમાથી કાહાદીએ તે પાણીમાં ગશીને ૨ પઇશા ભાર પાએ ૭ દન સુધી, તો ગરભ રહે.

અશતરી અપાદ ભેદની હોએ તેનો ઈલાજ.

રાતી ઇત કપર છંદ કરીને વશતરે ગાલીને તાહાદાં પાંણીમાં પાએ દન ૧૭ સુધી તો પરમે જાએ. આપલાનો રસ ખાંનાંમાં ગાલીને પાએ તો પરમે જાએ. ઉનાલામાં આંમલા ખાએ દન ૭ સુધી તો ચતકા મારે તે પરમે જાએ ને ભાગે. અજમો તથા તલ શરખી વાંટીએ વાતે, ખાંદમાં ગાલી પઇશા ૧ ભાર ખાએ તો પરમે જાએ. અમરત શંજવનું મુલ તથા શેલારશ ૧ પઇશાભાર ગશે તાહાદાં પાણીમાં ૭ દન લગે પાએ તો તદકીઓ પરમે ભાગે. ભેશનું છાંન તથા મુતર એકઠું કરીને ખાંન સાથે પઇશા ૧ ભાર કરી ખાએ દન ૭ સુધી, તો પદરોગ પરમે જાએ. આંદાંનો રશનું પથું, હલદર તથા વાલું એ શરવે શરખે ભાગે કરી રશ દીએ પછી રાખી મેલે શુકાએ ચુરણ કરીને ખાંદમાં પઇશા ૩ ભાર કરીને આપે દન ૭ સુધી, તો ગુદરૂ પરમે જાએ. લીમની છાલ તથા બાવલની છાલ છુંદીને નવા કતકામાં ગાલે, માહે પાણી શેર ૧ રેડે તેનું પાશેર પાણી રેહે તેવું ગરમ કરીને ચુલાપરથી ઉતારવું. તેમાંથી પઇશા ૧ ભાર દન ૭ સુધી પીએ તો વરજ પરમે જાએ. માછલી તથા ખાતુ ખોરૂં ખાએ નહીં, તેલ નહીં ખાએ. મરદનેબી એ ઓશદ કામ આવે.

અશતરીને દુધ નહીં આવતું હોએ તેનો ઈલાજ.

જો અશતરીને દુધ નહીં આવતું હોએ તો ચોખા ગાએનાં દુધમાં વાટીને ખાએ તથા કોલાંનો રસ ગાએના દુધમાં ગાલીને પાએ તે પીધાથી દુધ આવે. પીપરીમુલ તથા વેખણ દુધમાં વાટીને લેપ કરીને થાંને બાંધે તો

દુધ આવે. અંદરવાંણીનું મુલ કાઢી આંછણમાં ઘશીને લેપ થાંને લગાડે તો દુધ વધે.

દશતાંનનો ઈલાજ.

જો અશતરીને રૂતે દશનાંન ગણું આવે તો પીપલાનાં પાંતરાં દન ૭ લગે ખાએ, રોજ ૭ ખાએ તો દશતાંન થોડુ થાએ. દશતાંનનું પાણી છુટું હોએ રીંગનીનાં ફુલનો રશ તથા તલીનું તેલ લપેતે, તેનો લેપ કરે, પીઢુને મારે, તેથી તે રોગ રહે, દન ૩ લગેન લગાડે. કાંશકીનું મુલ તથા બકરીનું મુતર તથા ઊંટનું મુતર તેમાં મુલ ગશીને લેપ કરે, તે પેડુમા લગાડે દન ૩ તેથી શારૂ થાએ. જો અશતરીને દશનાંન પેડુમાં ગણું જાએ તો ઉમરાના ઝાદનાં મુલનો રશ શેર પા કાઢે અને ચોખાનો આંટો પઇશા ૪ ભાર તથા શાકર તાંક ૪ દન ૩ લગે પાએ તો દશનાંન થોડુ થાએ.

અશતરીને હમેલ રહેવાનું ઓશડ.

અશતરીને હમેલ રેહેવાનું ઓશદ. ગરમાલાનું મુલ પઇશા ૧ ભાર, આંબો રાતો તેની છાલ ૧ પઇશા ભાર, ચલોતીનું મુલ પઇશા ૧ ભાર તથા ગાએનું દુધ શેર પા રોજ પીએ, શાતાં ૭ પીએ. દન ૪૯ સુધી પીએ, ઉપર ધાંન દુધ ખાએ, ખાતું ખારૂં, માશલી નહી ખાએ. શોપારી ૧ પાણી શેર ૨ માં ગાલીને ઉકાલે પાંણી શેર ૧ રેહે તેને શીશામાં ભરી રાખે, રોજ નવતાંક પીએ દન ૭ લગે, ખાતું ખારૂં નાહીં ખાએ, દશતાંનથી નાહીને પીએ. વજ ટાંક ૯ તેમાં પાણી શેર ૧ ઉકાલી તેમાં પા શેર રાખીએ તે દન ૩ લગીન પીએ, જેવારે દશનાંન બેશે તે નાહીઆ પછી. જેને અકલાએ તો તરત ઘી ખાએ તેથી શમે. પણ એ ઓશદ લાગે તે શારૂ. ગણું અકલાએ તેવારેજ ઘી ખાએ તેથી રેહે. વજ પઇશા ૧ ભાર તથા ખાંડ તાંક ૨ પાણીશે કાઢે. રૂત કાલી તથા માલુગીનાં બી તાંક ૫ વાતે કાલી ગાએનું દુધ શેર પા તેમાં ખાંડ પઇશા ૧ ભાર દશતાંન બેશે તેવારે પાએ દન ૭ લગે. મુશલી કદનાં પાતરાં પઇશા અરધા ભાર તથા નાંગ કેશરનાં પાતરાં પઇશા ૧ ભાર તેના રશ કાઢાડીને ખાંડશે, કાઢે તાહાદાં પાણીએ ઉતારે તો બાલગાંનાં પેટમાં છોદ રેહે છે તે પડે. કાલા તલ તથા ઉજલા તલ શેર ૧ પાણીમાં ઉકાલીને પાણી પાવ શેર કરે તે પીએ દન ૭, ખાતું ખારૂં નહી ખાએ. મેંદીનાં મુલ ગાયનાં દુધમાં ગશે પઇશા ૧ ભાર

આએ. દશતાંન બેશે તેવાર જો ઓશદ લગાડે તો વધે નહીં. જો મુલ નહીં લાગે તો પઇશા ૩ ભાર પાએ. છોદ વધે.

અશતરીને હમેલ હોએ ને દશતાંન બેસે તેનો ઉપાય.

અશતરીને હમેલ હોએ ને દશતાંન બેશે તો કબુતરનો હગાર ચોખાનાં ધાંનમાં ૨ પઇશા ભાર ગાલીને ખાએ તો ગાંથ પદે નહી. બીજુ ઓશદ કુભારને તાંની મટોડી પઇશા ભાર ૧ તથા મધ પઇશા ૨ ભાર તથા બકરીનું દુધ પાવ શેરમાં ગાલીને પાએ તો ગરભ વધે.

અશતરીને છોડ થાઇઓ હોએ તેનો ઉપાય.

જો અશતરીને છોડ થાએ તો રૂનાં ઝાડનું મુલ શનીશરવારે નાંણીને દીતવારે કાહાદી લાવીને કુવારીનાં હાથનો શુતરનો દોરો ૧ તાર ૭ નો કરે, પછે રૂનાં ઝાદનું મુલ તેને ૭ ગાંથ વાલે **ઇઅથા અહુ વયરીઓ** પદે. છુપી કમરે બાંધે તો છોડ પદે.

બઇરાનાં બાંધેજની ગોલી.

બઇરાંની જાતમેથી પાણી જાતું હોય તો ભાંગે. શેલા રસ ટાંક ૧૦, માએઆ ટાંક ૩, ભાંગ ફુલ ૧, કેશર ટાંક ૧, જેથીમધ ટાંક ૧, એખરાનાં બી ટાંક ૧૦ એનો ભુકો કરે, પછે કાંલાં જંમબુંમાં ગોલી વાલે અને જાત માં રાખે, ઘડી ૪ પછે કાહાદી નાંખે, પછે શોબત કરે તો પાણી નહીં થાએ.

બીજી બંધેજની ગોલી ભાંગનાં ફુલ તથા હીરાકશી તથા ફટકી તથા પદવાશ તથા માએઆ તથા જાએફલ તથા ખુરાશાંની અજમો તથા અકલગરો તથા હીમજી હરદે તથા બોદાશીગ તથા દારામની છાલ તથા ઇશપંદ તથા અરીન એ શરવે વશાંણાં વાટીને તાહાદાં પાણીમાં ગોલી કરે જાતમાં રેહે તેવી કરે. જાતમાં ગાલે તો બંધેજ થાએ.

વીરજનું ઓશડ છે.

જો વીરજ જતું હોએ તેનું ઓશદ છે. કઉચાનું મુલ ગાયનાં દુધમાં ગશીને પાએ. પઇશા ૨ ભારે દન ૨૧ તથા ૩૧ લગીન, અને ખાતું ઓર

નહી ખાએ.

જોરૂને બંધેજનું. બાવરીનાં ફુલ ટાંક ૧, માએઆ ટાંક ૧, પદવાશ ટાંક ૧, કશીશ ટાંક ૧, કશોતી ટાંક ૧, ભાંગનાં ફુલ ટાંક ૧ સફેદ, તેની ગોલી કાલી દરાખમાં વાલે. જે વખત શોબત કરવાની હોએ તે દન પોહોર એક આગમચથી ઓરતની જાતમાં રાખે પછે ગોલી ભાંજીને જાતમાં લગાડે.

દશતાંન વીશે.

દશતાંન આવે હરેક વાતપર ગરમનું તથાં તાહાદકનું તથા પીતનું. શોપારીનાં ફુલ તથા કાથો તથા કોએલા અગરનાં શરખે ભાગે લીએ, વાટી કપરછાંદ કરીને ખાંડ શાથે ફકાડે પઇશા ૧ ભાર દન ૭ લગે. બીજુ મેદીનાં પાંતરાં શીલામાં શુકવીને ખાંડી કપર છંદ કરે, ખાંડ શરખે ભાગે નાંખીને પઇશા ૨ ભાર ખાએ, તાહદાં પાણીએ ઉતારે, દન ૭ લગે ખાએ તો દશતાંન શમે. જો દશતાંન ગણું જાએ તો કેવડાનાં મુલ ગશીને, માંહે ખાંડ શરખે ભાગે નાંખીને પછે પઇશા ૨ તથા ૩ ભાર પીએ તો દશતાંન થોડુ થાએ.

મરદને સરવ બંધેજની ગોળી.

મરદને શરવ બંધેજની ગોલી લખી છે. ઝાદ શુનવેલ તે તરાંનું રશ તથા ગોખરૂ તથા ખશખશ એ તરણુંએ શરખે ભાગે કુટે, પછે શાકર ટાંક ૨ મેલીને પઇશા ૩ ભાર પીએ તો સરદી આવે. તે પાતરાંનો રશ લખીઓ છે. તે આંબાનું વાડું લીબુનાં પાતરાં જેવું હોએ તેનો રશ ગતે.

બીજુ પારો પાવશેર, બકરીનાં પીતા ૭ નું પદ દીએ, ખલમાં ગાલી વાટે તો જાએ. પછી મરગી ૨ કાલી, પગ બી કાલા, તથા તેનું ગોશબી કાલુ, તે મરગીને ચનાંનાં આટામાં ગાલીને મરગીને ખવાડે, પછે તે પારો જરે, પછે તે મરગી કાપીને ગીમાં તલે. તે લોહી પેઆલામાં ગાલે તે બી તલે, અને મરગી ૧ દન ૧૪ કરે તથા બીજુ છે તેબી તલીને કાચીને દન ૧૪ લગે ખાએ ખાતું ખોરૂં નહી ખાએ તો મરદી ગણી આવે. તરીજું મરગીનાં એદાં ૫૦ ભાંજે, તેની દાલ જુદી કાહાદે, લોહોદાંનાં પેનાંમાં તલે, તેનું તેલ કાહાદે, પછે દાલ ભાંજે અને પેનાંને ઘીનો હાથ દીએ. પછે તે તેલ દન ૭ તથા ૨૧ તથા ૩૧ ખાએ, મરદી વધે. ખાતું ખોરૂં નહી ખાએ. હીંગલો ટાંક ૧૦ તથા જાએફલ ટાંક ૧૦ તથા જાવંત્રી ટાંક ૧૦ એ શરવે વાટી કપર છંદ કરે, મરગીનાં એદાંની જરદી ગોલી બંધાએ, તેલ કાહાદીએ,

ગોલી ચનો બોર જેવી ગોલી એક એક સવાર બપોર ખાએ તે પર દુધ ગાએનું શેર ૧ પીએ, ખાતું ખોરૂં નહી ખવાએ. કઉચા ટાંક ૧ તથા જાવનતરી ટાંક ૧, જાએફલ ટાંક ૧, હીંગલો ટાંક ૧, કપુર ટાંક ૧, શમદર ફલ ટાંક ૧, શમુદર શોખ ટાંક ૧, ખુરાશાની અજમો ટાંક ૧, વજ ટાંક ૧, અફીમ મીશરી ટાંક ૧, શકર ટાંક ૧ શરવે વશાંનાં છુદે, કપદ છંદ કરે તથા શાકર તોલો ૧ રોજ ટાંક ૩ ફાકે, ઉપર ગાએનું દુધ શેર ૧ પીએ. જેમ બંધેજ થાએ અને શોબત કરે. જો બંધ નહી ખરે તો ખાતું ખોરૂ ખાતાં વાર છુટે.

મરદનું બંધેજ છે. મગ તથા અરદ તથા વેકરીઉ તથા અખરીઓ તથા કુતુદર એ વશાંનાં શધાં દલે તેને પોટલી કીજીએ તથા ઘીમાં તલે, દન ૨૧ ખાએ, ખાતું ખોરૂં નહી ખાએ, ધાંન દહીશે જમે, મરદીની ગોલી ખાએ. ચીક મોહોદાંમેનો કાહાદીએ ઇંદરીને લગાડે શોબત કરે. તજ ટાંક ૭, ચીનીકબાલા ટાંક ૭, એ વશાંણાં બે વાતે તથા તેમાં મધ ટાંક ૨ રેદે એક કરે. શાંજે જમીને ખાએ, મોહોદાંમાં ગાલીને ચાવે મગજ દાહાદને ચીક લાગે તે કાહાદીને ઇદરીને લગાડે, તે સુકાએ પોહોર ૧ રાખે, પછે અશતરીશે શોબત કરે તો નર ફુલે તથા કાંઇએક જાદો બી થાએ તેથી અશતરી મરદથી પનાહ માંને અને શુખ પાંમે અને ખુશ થાએ. જો ઈદરીની નશ નરમ પદી હોએ તો તે પર ધાત પર દોધીઓ વછ નાગની જદ ટાંક ૯, ધતુરાનાં બીઆં ટાંક ૯, તથા માલ કંગની ટાંક ૯, તથા ધાલા ધાલીની જદ તે શેર ૧ માં તે ઇંદરીને ચોપદે તે વલી વા પર બી કાંમ આવે.

ધાત જાએ તે વીશે.

ધાત બંધેજ ઉપર છે. માલ કાંકણી શેર ૧, ગુવાર શેર ૨, એ શરવે દલે પછે મધમાં ગોલી કરીને ખાએ, પઇશા ૩ ભાર તો ધાત બંધ થાએ. તલશીનાં બી પઇશા ૭ ભાર તેનો ભુકો કરીને મધમાં ગોલી ૭ કરીને ખાએ ખાતુ નહી ખાએ.

મરદીનો ઇલાજ.

મરદી પુરનું છે. પીપર ટાંક ૧૦, તથા ગાએનું દુધ શેર ૧૦ તથા શાકર શેર પાવ શેર એ વશાંણાં ઉકાલવાં તે માહે મેલે દુધ શેર ૧૦ ચુલા પર અવતાવે પછે ઉતારે શુકાએ પછે ભુકો કરી ટાંક ૨ રોજ ખાએ, ઉપર

ગાએનું દુધ શેર ૦ાા પીએ, શાંતાં ૫ ખાએ તો મરદી ગણી આવે. ચીની કબાલા ટાંક ૧, જીરૂ ટાંક ૧. નગુદ ટાંક ૧, કોશબાનાં બીજ ટાંક ૧, અકલગરો ટાંક ૧, મુશલ કંડ ટાંક ૧, એખરો ટાંક ૧, શુથ ટાંક ૧, વછનાંગ શોધેલો ટાંક ૧, દુધમાં ઉકાલે, એ શરવે કપરછંદ કરે, મધમાં ગોલી ટાંક ૧ ની કરે, તે ગોલી જમી રહીને મોહોદાંમાં ગોલી એક એક મુકે દુધ શેર ૧ ઉપર પીએ.

બદ હજમીનું ઓશડ.

બદ હજમી થાએ તેવાર હરદે મોટી ટાંક ૩, પીપર ટાંક ૩, દોડ તથા મરી ટાંક ૩, શેન ટાંક ૩, તથા હીમજી હરદે ટાંક ૩ ગોલમાં ગોલી કરે ટાંક ૩ ની તથા હદીની રોજ ૧ ખાએ ઉપર ઉંનું પાણી પીએ, રાતનાં, તો બદ હજમી ભાગે.

હરશનું ઓશડ.

કેશર ટાંક ૧, લવંગ ટાંક ૧, જાએફર ટાંક ૧, જાવનતરી ટાંક ૧, ચીનીકબાલા ટાંક ૧, તીરકુટ ટાંક ૧, એલચી ટાંક ૧, કપુર ટાંક ૧, અકલગરો ટાંક ૧, હીંગ ટાંક ૧. ગોખરૂ ટાંક ૧, એ શરવેનો ભુકો કરીને પાંનનાં રશમાં ગોલ ગાલીને ગોલી ૨૧ કરે, સાતાં ૩ ખાએ, શહવારે ખાએ, ગોશ, માહી તથા ખાતુ ખોરૂ નહી ખાએ. નાંગકેશરનાં બી ટાંક ૧, અંદર જવ ટાંક ૧, રશતી ટાંક ૧ એ વશાંનાંનો ભુકો કરીને ગોખાંનાં ધાંનમાં ખાએ દન ૭ લગે, ખાટુ ખોરૂ નહી ખાએ.

ઓરત વીઆતા કસતાએ તેનો ઇલાજ.

ઓરત વીઆતાં કશતાએ તો તેનો દોરો કરે, તાવીજ કરે, કપાશની જડ લઇને તેનો કટકો ૧ કાહાદે, તે કાપીને કટકા ૩ કરે, ઉનનો દોરો તાર ૭ નો કરે, તેને જડનાં કટકા ૩ બાંધે, તે દોરો કુમારી છોકરી પાશે બંધાવે, દાવી જાંગે બાંધે, ઓરત છુતા પછી દોરો કાહાદી નાંખે.

માથું દુખે તેનો ઇલાજ.

માથું દુખે તેનો ઇલાજ. કુનેરની કલી ટાંક ૪, બીલાં ટાંક ૪, વા-

જીનાંગ ટાંક ૪, તેલ મીઠુ શેર ૧ તે ચુલાપર મુકીને ઉકાલે પછી માથાંમાં ભરે તો શારૂ થાએ.

મેદાંન બન થાએ તેનો ઇલાજ.

મેદાંન બંધ થાએ તેનો ઇલાજ. રેજદયા બુદ ટાંક ૧, ફાક ટાંક ૧, રેજદ કલમ ટાંક ૧, અતી વખ ટાંક ૧, બીલી ટાક ૧, દારમની છાલ ટાંક ૧, એ શરવેને ગશીને દન ૭ પીએ.

હમેલ રેવાનો ઇલાજ.

હમેલ રેવાનો ઇલાજ. અજમો ૨ પઇશા ભાર, ગોલ ૧ પઇશા ભાર, નાલીએરનું દુધ શેર ૦। ઉકાલે, વશાંણું ઉપર મેલીઆં છે તેમાં મુકે, પછે તે પાએ દશતાંન બેશે તેવારે.

શોજાનો ઈલાજ.

જે સુનીયું હોએ તે જેને સોજો હોએ તેને લગાડે, હાથ પગ તથા શરવે દીલને લગાડે. શુંથ પઇશા ૦॥ ભાર, શાતોડી પઇશા ૦॥ ભાર, ધતુરાનો રશ પઇશા ૦॥ ભાર, તથા શેખટાનો રશ પઇશા ૦॥ ભાર. એ શરવે દારૂમાં ગશી લગાડે તો શોજો ઉતરે.

એક વાત જે શુજીયું હોએ તેને તાહકનું.

શટોડી ટાંક ૫, લીમ છાલ ટાંક ૫, શુથ ટાંક ૫, ગોલ ટાંક ૫, દેવદાર ટાંક ૫, દારૂ હલદર ટાંક ૫, ગુગલ ટાંક ૫ ની પદી ૫ કરે, દન ૫ ખાએ, તે પદીમાં ગાએનું મુતર મેલે, શાંજ શહવાર ૨ વાર ખાએ તો શોજો ઉતરે.

મબારકી વધે છાનુ જેવી થાએ તેનો ઇલાજ.

મબાંરકી વધે છાંણું જેવી થાએ તે પર લગાડે. કાચકો ટાંક ૫, ગારથી ટાંક ૫, ગુગલ ટાંક ૫, ઇશેશ ટાંક ૫, રગત બોલ ટાંકે ૨, તથા શેશ

ટાંક ૨, એ શરવેનો ભુકો કરીને મધ ટાંક ૫ માં લેપ કરી મભારકી પર લગાડે, ઉપર રૂઉનું પોલીયું ચાંપે.

મેદાન વાડો લાગો હોએ તેનો ઈલાજ.

મેદાન વાડો લાગો હોએ તેનો ઇલાજ. ગુગલ તોલો ૧, ગાએનું દુધ શેર ૦॥ તેમાં કાલવીને ખાએ, તે ઉપર દહી, ધાંન ખાએ, ખાતુ ખોરૂ નહી ખાએ.

મરદ તાહાદો હોએ તેનો ઇલાજ.

મરદ તાહાદો હોએ તેની ઈંદ્રી પર લેપ કરે. શુંથ, ખારકનો થરીઓ ગશાને ગી માહે લેપ કરી ઈંદ્રીને લગાડે.

બાજી ગણી થાતી હોએ તેનો ઇલાજ.

જેને બાજી ગણી થાતી હોએ તેનો ઇલાજ. ખાંડ પઇશા ૧॥ ભાર, લોબાંન પઇશા ૧॥ ભાર. તથા ગઉનો આટો ટાંક ૩, એ એ વશાંણાંનો ભુકો કરે, ને બધું એકઠું કરે, ભુજે, પછે મધમાં ગોલી કરે, ગોલી પઇશા ૧॥ ભારની કરે. તે રોજ ખાએ, શાનાં ૩ ખાએ, ખાટું ખોરૂં નહીં ખાએ.

ધાત જાતી હોએ તેનો ઇલાજ.

જેને જાતમાંથી ધાત જાતી હોએ તેનું ઓશડ છે. કુપેલી મુલમાથી કાહાદીને શુકવે તથા બાવલની પાલી શુકવે તેને તડકો તથા થાર લગાડે. શુકાએઆ પછી ભુકો કરીને ગાએનું દુધ બમનું લીએ, ભુકો તેમાં મુકે. લોહા જેવું થાએ તે ઉકાલે ને ઉતારીને ખાએ, ખાતુ ખોરૂ નહીં ખાએ.

લોહી ફેરો જાતુ હોએ તેનું ઓશડ.

લોહી ફેરો જાતું હોએ તેનું ઓશડ. જાએફલ એક કોરીને તેમાં અફીન ટાંક ૧ આદનીને જાએફલમાં મેલીને ધતુરાનાં દીહવા જેવાં કોરીને જાએફલમાં ગાલે, પછે ગઉનાં આટાનો ગલેફ કરે અને આતશમાં ગાલે

કાલો આટો થાઇઆ પછે કાહાદે અને જાએફલને કાહાદીને પથરની ખલમાં ખુંદે અને ચાલનાં દાંના ૪ જેટલુ મોટાંને આપે ને નાહાના છોકરાઓને ચાવલ ૨ ભાર ચોખાનાં ધાંનમાં આપે, ખાતું ખોરૂ, વીશદુ નહી ખાએ. બીજુ કાશકીનાં ઝાડનું મુલ કાહાદીને ચોખાનાં ધાંનમાં ગશીને પાએ તો તરત શારૂ થાએ.

ગાંઠ ખશી હોએ તેનો ઉપાય.

જો કોઇની ગાંઠ ખશી હોએ તો કાંશકીનાં પાતરાં ૩ા જુનાં ગોલમાં ગોલી કરીને ખવાડે દીતવારને દન, તથા ગાંઠ તલી હોએ અને કાંશકીનાં ઝાડની જદ શનીવારે નાંણે અને દીતવારે ધુપીને બાંધે, પગની ૬ થી આંગલીએ બાંધે. જો ગાંઠ જમની ગમ ખશે તો દાબી ગમ બાંધે, જો દાબી ગમ ખશે તો જમની ગમ બાંધે તો ગાંઠ ઠેકાંણે આવે.

રતવાનો ઇલાજ.

જેને રતવા થાઇઓ હોએ તેનું ઓશદ છે. પગે તથા દીલે રતવાનાં ગાંઠ પદીઆ હોએ તો, ચાઠાં પદીઆં હોએ તો તેને બોડો જીનોટો તેનાં પાંતરાં નાવી રશ કાહાદીને ચાઠાંને લગાડે તો રતવા રોગ જાએ.

દાજયું હોએ તેનો ઇલાજ.

જો કોઇને દાજયું હોએ, તેને તલાવમાંની શેવાલ લઇને દાજેલાંપર મુકે તો શારૂ થાએ.

પગભુ ગણી વેઆધ થઇ હોએ તે.

જેને પગભુ ગણી વેઆધ થઇ હોએ તે પગને નલે ઝાદ ભરવાડનાં મુલ કાહાદીને ગાયનાં માંખણમાં ગશે પછે તે લુદા જેવું થાએ પછે ચાઠાં ઉપર મુકે, તેપર પીપલાનું પાતરૂ મુકે તેનેથી ભુંદની રોગ જાએ.

બલદની ખાંધ આવે તેનો ઇલાજ.

બલદની ખાંધ આવે તો શુનેલો ભરવાડનાં પાતરાંનો રશ કાહાદીને ખાંધે ચોલે તો તરત શારૂ થાએ.

રેવાશનનો ઉપાય.

જેને રેવાશન થાઇયું હોએ તેનું વે. ભરડતી કોહનું જપું છું હરવેન મજશર લખેઆશો કોણુ ધણી લખાવે. હું લખું લખે તે શુરીજણુ હાર દોત કલમ તુજ હાથ હે લખવને ગયો મનીહાર-કુમારી છોકરીને હાથનું શુતર તાર ૭ નો દોરો કરે ઉપર લખેઆ છે તે બોલે ને ગાંઠ વાડે ૫ લોબાને ધુપે. દોરો ગલે બાંધે એટલે રેવાશન જાએ.

લાગણ વાહા થાઇઓ હોય તેનો ઈલાજ.

જેને લાગણુ વા થાઇઓ હોએ તેનો ઇલાજ છે, તથા કમરે લુલો તથા એક પાશનું ધર રહી જાએ તેનો ઇલાજ છે. ધમાશો ૧, ઝાહાદ મોટાંપર વેલો જાડો હોએ તેનાં પાતરાં કારંજનાં જેવાં તે વેલો હીજ ખાએ તેનો જાહાદો હોએ તો તેને જુનો વેલો હોએ તો વીશતી પંદર પુનમને દન રાતનાં દીવા કીધા પછી તે વેલો લાવે તેનાં વેહદા તરણુ વાદીને તેનું કદુ કરે તે કદુ ધુપીને હાથે ગાલે તેજ વખત હાથે ગાલે.

દરાજનું ઓશદ.

ગજ કદ રાજનું શોમકા માશો ૦ાા તથા શુખદ માશો ૧ એ વાંનાં એ બંધ ગશીને દીલે લગાડે ગજરંન દરાજ જાએ. બીજુ કંતોલ વાટીયું પાંણીમાં ગશીને લગાડે તો ગજરંન દરાજ તે કાલી જાએ. નગુડીઉ તેલ મધ ગાલીને લગાડે તો ગજકર દરાજ જાએ.

ખરજનું ઓશદ.

ખરજનું ઓશદ. શીંદુર તથા મરી તથા ભેંશનું માંખણુ મેલવીને દીલે લગાડે તો શારૂ થાએ.

આમનનો ઈલાજ.

છોકરાંને આમન નીશરે તેનો ઇલાજ છે. કેવડાનાં મુલનો રશ તથા મીઠુ તેલ એ એહુને ઉકાલે તેનો લેપ કરી આમનને લગાડે તો શારે થાએ.

છાતી બાહાર નીસરે તેનું ઓશદ.

છોકરાંની છાતી બાહાર નીશરે છે તેનું ઓશદ. હરદાં તથા વેઅન તથા હલદ તથા અજમો તથા છોકરાની માએનું દુધ કાહાદીને તેમાં વશાંણું મેલે વાટીને પાએ તો શારૂ થાએ.

લુખરીનું ઓશદ.

લુખરી દીલે થાએ તો તેનો ઇલાજ. લીબુનાં ખોપટાં ગાએનાં મુતરમાં વાટીને લગાડે તથા વલી આમલા તથા શોપારી તથા હલદ તથા અજમો તથા મોરથુથુ શરખે ભાગે વાટે ગીર્ઈ માહે કરે તે લગાડે તો લુખરી જાએ.

ભરજોત તનખીયું.

ભરજોત તનખીયુ જાએ. નરમારૂનાં પાતરાંનો રશ પઇશા ૫ ભાર તથા શાકર પઇશા રાા ભાર રશમાં નાંખીને પીએ.

પીહાદનું ઓશદ.

પીહાદનું ઓશદ. કરંજનું મુલ ઠીકરી એ કરાવીને વાટીને તે ઠીકરાં પીહા ઉપર મેલે, એક બીજી ઠીકરી બીજા ઠીકરાંમાં ગાલે, હેથે આતશ કરે, ગડી એક રાખીને પછે પીહા ઉપર મેલે દન ૭ એ રીતે કરે એ ચોટકો છે. બીજુ કાલા તલ મુઠ ૧ તથા અજમો મુઠ ૧ લીએ તથા લીમનો પાલો મુઠ ૨ એકઠાં વાટે દન ૧ માં ચમટી ૩ ખાએ દન ૭ લગે ખાએ તો પીહાં જાએ.

ગાંઠ તલે તેનો ઉપાય.

જો ગાંઠ તલે તો ભાંએ આંમલીનું મુલ દીતવારે કાહાડી લાવે ને કુમારી છોકરીને હાથનો દોરો બાંધે.

દાંતનો ઉપાય.

દાંત હાલે, કીડા હોએ, દાંત એ તેનું ઓશદ. વાએ વદગ ટાંક ૨, મરદાશીંગ ટાંક ૨, તથા કાથો ટાંક ૧ એ શરવેને એકઠું વાટે રાતનાં એક ચમતી દાંતમાં ગાલીને શુવે દન ૨૧ લગે તો દાંત શારા થાએ.

આંખનો ઉપાય.

આંખ દુખે તેનું ઓશદ ડોલામાં ગાલે. હરદે તથા પચોરી કોસ્ટ પીપલ તથા મરી તથા લીબની નીમોલીનું મગજ એનું ચુરન શરખે ભાગે કરે બકરીનાં દુધમાં બોલીને ડોલામાં ગાલે, આંખ દુખતી રેહે.

નલનો આજાર તથા શંગરીનો આજાર.

નલનો આજાર તથા શંગરીનો આજાર હોએ તો ગલવેલ ટાંક ૬, એલની છાલ, ધાંના તથા પદમક તથા તગર તથા ચંદર શાતોડી તથા દુલભા એ શરવે શરખે ભાગે વાટીને ગોલમાં ગોલી કરે, અને ભેશનાં મુતરમાં ગોલી ૧ આપે પઇસા ૧ ભાર તેની ગોલી જેટલી કરવાની હોએ તેટલી કરે તે ખાધાથી શારૂ થાએ.

ડોલામાં ફુલુ પડે તેનું ઓશદ.

ડોલામાં ફુલુ પડે તેનું ઓશદ. ઉજલી ચનોટીનું મુલ છોકરાંની માએનાં દુધમાં ગશીને અંજન કરે તો ફુલું જાએ.

બીજું અખીરાનું બીજ, ઉજલી ગુજ તાહાદાં પાણીમાં ગશીને અંજન કરે તો ફુલુ જાએ. તરીજુ શમદરફલ તાહાદાં પાણીમાં ગશીને અંજન કરે. ચોથુ ઉજલી ગુંજ, તથા લવંગ તથા શમંદરફલ લાવીને અંજણ કરે. પાંચમું અંઘાદીનું મુલ તરાંબાની વાટી બકરીનાં મુતરમાં ગશીને લગાડે.

હુકશલકનું ઓશડ તથા હાફ્ણનું ઓશડ.

હુક શલકનું ઓશદ છે. જીરૂ, હરદે, શંચર, જવ, ખાર, શીધવ, શુંઠ, મરી, પીપલીમુલ શરખે ભાગે વાટીને ૧ પછશાભાર તાહાદાં પાંણીમાં પાએ તો હાફ્ણુ રેહે. બીજુ ઇંટ ટાંક ૧ લીબુ કાગજીનાં રશમાં વાટીને આપે. અડદનું પાપદ ભીજવીને તેનું પાંણી પાએ ઉપર લવંગ ખવાડે તો હાફ્ણુ રેહે. તરીજુ શખ ઉકાલીને તેનું પાણી પાએ તો હાફ્ણુ રેહે.

હગામન તથા મરદાનું ઓશદ.

અગામન ઝાડો લાગો હોએ તો તેનું ઓશદ. ધાવરીનો ચીક શેર ૧ તથા ખાંડ શેર ૧ ગાએના ગીઝમાં તલે, પછે ખાંડ મુકે કેરાં શાથે દન ૭ સુધી ખવાડે. બીજુ મરદાશીંગ ટાંક ૩, ધાવરીનું મુલ ટાંક ૩, મોચ રશ ટાંક ૩, અજમો ટાંક ૩, એ શરવેનો શરખો ભુકો કરે તાહાદાં પાણી સાથે ફાકે, દન ૩ લગે. તરીજું એ જે એરદાની છાલનો રશ દહી સાથે આપે તો ઝાડો બંધ થાએ.

પેટનો નલ ભરાએ તેનું ઓશડ.

જો પેટનો નલ ભરાયો હોએ તો બાવલની પાલી મુઠ ૧ તથા જુનો ગોલ કાલવીને ખવાડે દન ૩ લગે.

બીજુ દારૂ હલદર તથા તરોડી તથા શોવાગીનાં ફુલ વાટીને મધમાં ગાલીને ખવાડે દન ૭ તો શારૂ થાએ. કાલુ જીરૂ દન ૩ ખાએ, નલ તથા પીશાબ શારી થાએ.

વાઆનું ઓશડ તાવનુ.

વાનું ઓશદ. હરતાલ તથા હીગલો તથા પારો તથા મનશલ તથા કપુર લીંબુનાં* રશમાં ગાલીને વાટે ઠીકરાંપર ગોહવે, તેપર વશાંનાં મેલીને ધાંકે, હેઠે આતશ રોશન કરે, પોહોર ૧ તેપર રાખે તેથી વશાંનું બલીને ભશમ થાએ. પછી રોજની ગુજ ૧ આપે. જેટલી ગુજ માફક થાએ તેટલી ગુજ દન ૧ માં ખાએ. તાવ તરીઓ, ચોઠીઓ શરવે જાએ. બીજું કાલી કાવલીનું મુલ કાહોદી લાવીને ભીજવે, પછી વાટે, વશતરે ગાલે પછી ખાએ. તરીજુ શુલ-

વેલ તથા શુંઠ તથા ધાંનાં તથા મેઠ શરખે ભાગે કાહાદે પાંણી શેર ૧ મેલેં પાવશેર રાખીને પાએ તો તાવ જાએ. ચોથું પદવલી તથા મોઠ તથા દેવદાર તથા કુલીંજણ તથા અદુશો તથા શુંઠ સરખે ભાગે કાહાદે, દન ૩ લગે ખવાડે, શેર ૧ પાંણીતું પાશેર રાખીને પાએ તો તાપ જાએ. પાંચમું આંમલા તથા કચુરો સરખે ભાગે કાહાદે દન ૩ લગે કાહાદે, પાએ તો વા પીત જાએ. છઠુ કરીઆતુ તથા ઉનવેલ તથા આંમલા તથા કચુરો તથા હરદે શરખે ભાગે પડી ૩ કરે દન ૩ પાએ જવર જાએ.

હરેક શાપનું તથા જાનવરનું જેહેર ચઢે તેનું ઓશદ.

જેને હરેક શાંપનું જેહેર ચદે તેનો ઇલાજ છે. જાઇનાં પાતરાં તથા નાઇનાં પાતરાં, કદવા દુધીનાં મુલ તથા જે તુમદી ગારોદી વજાદે છે તેનું મુલ તથા શનચલ તાહાદાં પાણીમાં વાતીને પાએ તો ઝેર ઉતરે. પણ તે જેહેરની પારખ જોવી. કાલી મતોડી ખવાડી જોએ. જો ખારી લાગે તો જાણવું જે કાલા શાપે ખાધો. તથા મટોડી મીઠી લાગે તો જાંણવું જે ઊંદરે ખાધો હોશે. તથા તે મટોડી તીખી લાગે તો જાણવું જે હરેક શાપે ખાધો તે જોઇને ઉતારે તથા ધતુરાનું દીદવું ગાયના મુતરમાં ગશીને તે દંખને લગાડે. વીછુ તથા શાપ તથા કુતરાનું જેહેર ઉતારે. બીજું આંકડાનાં પાતરાં તથા ગુગલ બાલે તે ધુઇ દીજીએ તથા આંકરાનાં પાતરાંનો રશ દંખપર લગાડે. તરીજું એરડીઊ તેલને દંખપર લગાડે તો ઊંદરનું ઝેર ઉતરે. તથા જોલ તથા આંકડાનું દુધ તથા તલ તથા આંમલીનું મુલ તેનો રશ કાહાદીને તેમાં પરતીને પાએ તો તેહેનું જેહેર ઉતરે.

કુતરે કરદીઓ હોએ તો ધતુરાનું દીડવું લીબુનો પાલો જે લીબુનો હલવો કરે છે તેનો પાલો વાટીને લેપ કરે તે લેપ તે પર લગાડે તો જેહેર ઉતરે. માયાનાં મુલનો લેપ કરે તો જેહેર ઉતરે.

વાઘનું જેહેર પર. મરી તથા એરદાની છાલ તથા લીબુની છાલ તથા ઉજલી દોરીનું મુલ કાહાદી લાવીને વાટીને પાએ તો તેવાર વાઘનું જેહેર ઉતરે.

મોહોદાં વાટે લોહી પડે તેનો ઉપાય.

મોહોદાંની વાતે લોહી પદે તો ધમાશો ઉકાલીને દન ૩ પાંણી પાએ તો લોહી પડતુ રહે.

હાલાની કીડનો ઉપાય.

જશતનાં ટાંક ૧ તથા કપુર ટાંક ૧ જીતેલાનું મુલનાં કટકા કરીને લોડીમાં ગાલીમાં બાલે, રાખ થઈઆ પછી આખમાં ગાલે, તાહાદી પાદીઆ પછે.

દાંતનાં પારા ચઢે તેનો ઊપાય.

અખીરાની જડ લાવીને તેનું દાંતન કરે તથા ચાવીને મોહોદાંમાં રાખે તેથી મોહોમાં થુક આવે તે કાહાદી નાંખે, તેવું દન ૩ લગે રાખે તો દાંત શારા થાએ.

શંગરાનાં નલનું ઓશદ.

ગલવેલ ટાંક ૬ તથા બાવલની છાલ ટાંક ૬ તથા પ્રાંનાં ટાંક ૬ પડમક તથા રગતચંદ તથા શાતોડી એ શરખે ભાગે વાટીને ગોલી કરે, પઇશા ૧ ભારની ગોલી ભેશનાં મુતરમાં કરે, ૧ આપે, તેની ગોલી જેટલી કરવાની હોએ તેટલી કરે દન ૨૧ લગે ખવાડે તો શારૂ થાએ.

ગોળી અમલની છે.

અફીણ મીશરી ટાંક ૪, વછનાંગ દોધીઓ ટાંક ૧, કેશર ટાંક ૨, જાએફર ટાંક ૨, નરબર ટાંક ૨, કપુર ટાંક ૨, કચુરો ટાંક ૨, શુનાંગેરૂ ટાંક ૨, કઉચ્યાં ટાંક ૨, અકેલગરો ટાંક ૨, લવંગ ટાંક ૨, શમદરશોખ ટાંક ૨, તથા ધરૂનાં પાતરાંનો રશ તેનાં પત ૨ તથા ૩ આપીએ તથા ભાંગરાંનાં રશનાં પત ૨ તથા ૩ દીજીએ વશાંનાં શરવેને, પછે ગોલી ૧ શહવારે ખાએ, ખાતુખોરૂ નહી ખાએ.

તાવ તારીઓ બાંધવાનું ઝાદ.

તાવ તાહારીઓ બાંધવાનું ઝાડ, જીજોટાને શનીવારે કેહેજે હું તુને દીતવારે કાહાદીશ, તાવ ફલાંનાંનું બાંધીઆ પછે દીતવારે કાહાદી લાવે શનનો દોરો તાર ૭ નો કરે તેને તે જડ બાંધે, ધુપીને દાએ હાથે, ગલે બાંધે તો

તાહારીઓ જાય.

તાવ ચોઠીઓ બાંધવાનું ઓશડ.

તાવ ચોઠીઓ બાંધવાનું ઓશદ છે. માકરીગરનું ઝાહાદ હોએ તો તે ભોંયરી ગણી જેવું પણ માહે કારી ગણી ઉભી હોએ તેની જડ કાહાદી લાવે. શનવારે નાંણે ને દીતવારે કાહાદી લાવીને શનનો દોરો કરીને બાંધે, ઘીએ કરીને ધુપે. પછે દાભે હાથે બાંધે તો ચોઠીઓ જાએ.

તાવ દરરોજનો.

તાવ દરરોજનો તેને કાંશકીનું મુલ શનીવારે નાંણે ને દીતવારે કાહાદી લાવે, દોરો ૧ તાર ૭ નો કરે કુમારી છોકરીનાં હાથનો શુતરનો દોરો કરીને તેને ગાથમાં જડ બાંધે તો રોજ તાવ આવતો હોએ તો જાએ.

પરચુતણ બાબદ.

લવંગ ટાંક ૧, છડીલું ટાંક ૧, અગર ટાંક ૧, તગર ટાંક ૧, તવક્ષીર ટાંક ૧, તથા તજ શેલાની ટાંક ૧, પીપર ટાંક ૧, શુખડનો વેહેર ટાંક ૧, જીરૂ ટાંક ૧, વાલો ટાંક ૧, નાંગ કેશર ટાંક ૧, જાએફલ ટાંક ૧, કનતોલ ટાંક ૧, કમરકાકરી ટાંક ૧, ખશખશ ટાંક ૧, ગોખરૂ ટાંક ૧, શાકર ટાંક ૧, એ વશાંણાં છુડીને ફાકી કરે, હથેલી ભરીને મોહોડાંમાં મુકે ઉપરથી દુધ શેર ૧ પીએ, શહવારને પોહોર પીએ. ખાતું ખોરૂ, માશલી નહીં ખાએ. એ ચુરણુ લવંગવાડી ચુરણો ગુણવાઇને તથા પીતને તથા કફને તથા વીરજને રૂદી કોદી હોએ તો, આધાર હોએ તેને, તે અગની બંધ હોએ, મરદીનું બંધ બલ થોડુ હોએ, અરૂચીને, ગોલાને, પરમેને, પીપનાં રોગને, પીતને, અતેસારને, ઉધરસને, ખહી રોગને, ગલાંનાં રોગને સમાવે. એ લવંગવાડી ચુરણુ એટલે દાંમ કાંમ આવે, શરવે રોગોને તાલે શહી.

જેને શેહેતાંન દેવ દરૂજ ભુત પરી દાકણુ બલા હર કશાંની ઉજાદ લાગે તેના ઊતાર લખેઆ માફક. જોઇને કરે તેની વીગત.

ભુત લાગો હોએ તથા જે બકે તેનો ઉતાર ધાંન, દુધ એક ઠીકરાંમાં

ગાલીને વડ હોએ, તાં મેલે.

પરીનો ઓજાદ લાગો હોએ તો એક ઠીકરાંને કુકુ લગાડે, તીલાં કરે, મરગી કાપીને તે ઉપર મેલે, વાટ ૪ હોએ તાં મેલે.

કુતરાંનો ઓજાદ લાગે તો રોટીને ઘી લગાડી શેર ૭ તથા ૫ ની મેલે.

મનીશ દીઠાં ઓજાદ હોએ તો લીબુની ફાડ ૪ કરે ને માહે શીદુર ભરે ને એડુ ૧ વાર ૭ ઓવારીને મેલે.

પંખીની દીઠની લાગે તો તથા બોલે તો લાવડા ઓવારીને નાંખે.

પશુ દીઠાંની લાગે તો ગાશને હાથ લગાડીને મેલે.

ફકીરની દીઠા લાગે તો રાંધેલો અનાજ હરકાંઇ ૪ વાટે હાથ લગાડીને મેલે.

બરાંમનની નજર લાગે તો અડદ ઓવારીને આપે.

જોગીની નજર લાગે તો ગોશ્ટ ઓવારીને શગને મેલે.

શાપની દરશતી લાગે તો શગને દુધ પાએ.

બીલાડીની નજર લાગે તો માશલી ઓવારી બીલાડાંને મુકે.

નાહાંનાં છોકરાંની અથવા બાલકની નજર લાગી હોએ તો દુધ ભાંન મેલવી રશતા પર નાંખે.

કાગની દસ્તા લાગી હોએ તો ધાંન ગી કરીને જણાંવરને નાંખે.

વેરાગીની દરસ્તા લાગે તો તરકારી રાંધીને ૪ વાટે મેલે.

દાકણની નજર લાગે તો ધાંન, દહી, દુધ, શાખ, આંથનું, વાલ, વંટેણા આરીને એક ઠીકરૂ લીએ તેને ગેરૂનાં તપકાં કરીને ૪ વાટે મેલે જેને આજાર હોએ તેને શુગાડે મેલે.

દશતાંન બેથી ઓરતની દરશતી લાગે તો પીછી કરાવે, પઢાવે.

વઇદની નજર લાગે તો લીબુ ઓવારીને નાંખે.

રાંડીની નજર લાગે તો ક્ષીરી દાંન કરે.

અશતરી માંથી મેલી હોએ ને તેની નજર લાગે તો તે પરથી કેલાં ઉતારી નાંખે.

જોરૂ વેઆએલીની નજર લાગે તો લીબુ ઓવારીને નાંખે.

ખવીશ લાગે તો ખાશડાં ૭ મારે તથા દહી દેખાડીને નાંખે. જો નહી ઉતરે તો નરખ શુંગાડે પછે નેરંગ લખ્યા છે તે પઘે તો જાએ.

બહરાંમનનો ભુત લાગો હોએ તો ગુગલ બાલે અને થોડીએક ચોટલી કાપે.

વાણીઆંનો ભુત લાગો હોએ તો તરકારી રાંધી વાટ ૪ હોએ તાં નાંખે.

ભરવાડનો ભુત લાગો હોએ તો દારૂ ગોશનો ઉતાર કરે અને ભેરંડને ધાશ મેલે.

ઉટની નજર પડે તો દાંનાં ઉતારીને ફકીરને આપે.

ઘોડા તથા **ગધેડાની** નજર પડે તો મગ, ચણાં, અરદ, મઠ એને બેલીને ખેરાદ કરે.

માહાર તથા **માછણ** એની નજર લાગે તો મોહોટો ઉતાર કરે, એક ઠીકરાંને હલદ તથા કુકાંનાં ૭ તીલાં કરે પછે તેમાં અરદ, ચણાં, વટ તેણાં, મેશુર, વાલ, તુવર, મગ, ચોખા, ગહુ એની માહે જણુસ ૯ મેલીને ઉતાર કરે, રાંધીને તેમાં ભાજી વેગનાં હરેક તરકારી મેલે, તેમાં મીઠુ નહી મેલે, અચાર, ઇંડુ, લીબુ મેલે પછે તેને હેથે બેસાડીને ૭ વાર ઓવારીને દરીઆ કીનારે મેલે.

બોરકી રાંડની નજર લાગે તો લીબુ ઉતારી નાંખે.

જો હરેક ઉતાર નહી કરે તો તુરત ઇંડુ ઉતારે. લીબુ ફાર ૪ કરે તેમાં ૪ જાતનો રંગ લગાડે. કુંકું, શીદુર, ગુલાલ અને અબીર કાંઠાને લગાડે પછે નાડુ રાતુ તાર ૭ નું કરે, દોરો કરે, નેરંગ પડેતો જાય. અને વેલા ૭ કરવે પછી ૪ વાટે મેલે. એ રીતે કરે તથા હરેક ઉતારમાં કોએલો મેલે.

જે મરદે હાથદરાજી કીધી હોએ તેની રવા નાંતવાંન પડેઓ હોએ તેનો ઈલાજ છે.

કાલી ટલી ટાંક ૧૦, જુગ, ટાંક ૧૦, અશનનાંગોરી ટાંક ૧૦, એ શરવેનો ભુકો કરીને તે માહે પીપર ટાંક ૨ાા તથા ગાએનું દુધ મણ ૧ ચુલે ચરાવીને બાલીને શેર ૫ રાખે, સુકાઇઆ પછે કપરછંદ કરે, પછે તેમાંથી થોડુ થોડુ લઇને દુધ ગાએનું શેર ૨ ઉકાલે. માહે શાકર મેલે, ટાંક ૯ મેલીને પાએ. ખાતું ખોરૂ નહીં ખાએ, શાંતાં ૩ ખાએ.

લેપ ઇંદ્રીનો.

લેપ ઇંદ્રીનો. એ વશાંણુંનો લેપ કરે. ગોલી મશતકી ટાંક ૧, શફેદ કનેરીની જડ ટાંક ૨, બેડી શીર હાથદરાજી કીધી હોએ અને એ વશાંણું છુંદીને લેપ કરીને લગાડે તેથી નર શારો થાએ. બીજુ ગુગલ તોલા ૮, વછનાંગ તોલા ૨, સફેદ ગુજ તોલા ૨, તેલ મીઠુ તોલા ૮, સોમલ તોલા ૨, સફેદ કનરની જડ તોલા ૨, તથા મેડક તે ભોયમાંનો કાલો તેને કાપીને કટકા કરે, તે સરવે વશાનુ છુડીને પેટમા ભરવા મીઠાં તેલમાં દન ૩ આંઠી

મેલે. પછી તે તેલને લુગડાંમાં ગાલીને ગાલે પછે તેનું તેલ શીશામાં ભરે ને ઇંદરીને ભરીઆ કરે, લગાડીઆ કરે.

મબારકીનું છાનું નીસરે.

મબારકીનું છાંનું નીશરે તો કુડેલી કાંતાની વાડપરની તેનાં પાતરાં ચોલીને ગોલી ટાંક ૧।। ની કરે તેલે કરે ગોલીને. તે ઉપર ગોલ ટાંક ૨।। ની ગોલી ઉપર ગલે તો વારૂ થાએ.

પુચકનું ઓશડ છે.

પુચક તે ઉજાદને કહે છે, ઉજલાં ફુલનો જલવાશો મીઠીઆવ શમ ભાગે તનવની તાર વાટીને. ગોલી ૧૦૦ કરે ટાંક ૧ ની કરે, રોજ ૧ ખવાડે. ખાતુખોરૂં, માશલી નહી ખાએ.

મોહોડાપર લાલી આવવાનો ઉપાય.

કઉચાં ટાંક ૨, શાકર ટાંક ૨, દુધ શેર ૦। રોજ એ વશાણું ફાકીને દુધ પીએ. ટાંક ૩ પીએ તો લાલી આવે. બીજુ ભોય રીગણીનાં પાતરાં શુકવે અને તાહાદાં પાંણી સાથે ફાકે. ચાપુ રોજ એક શાતાં ૩ ખાએ તો લાલી આવે ખાધું હજમ થાએ.

ઇંદરીને મુખે પાણી આવે તેનું ઓશડ.

ઇંદરીને મુખે પાણી આવે તેનું ઓશદ છે. શમદરશોખ ટાંક ૧, વછનાંગ ટાંક ૧, ખુરશાની અજમો ટાંક ૧, અફીન ટાંક ૧, જાએફલ ટાંક ૧, ગોખરૂ ટાંક ૧, કનકબીજ ટાંક ૧, એલચી ટાંક ૧, લવંગ ટાંક ૧, કેશર ટાંક ૧, કઉચાં ટાંક ૧. એ શરવેને એકઠું કરીને છુંડે પછે પાનનાં રશમાં ગોલી કરે, તેમાં મધ ગાલે તો બંધ થાએ. પછી ઘી પઇશા ૧ ભાર ખાએ. ખાતુ ખોરૂં નહી ખાએ, વીશદુ નહી ખાએ. બીજુ ભોંય પાતરીનું રશ, ઉજલી દરોઇ શમુલીનો રશ, પીલાં ફુલની ભોંય પાતરીનો રશ, ભાંગરાનો રશ, તથા ધંતુરાનાં કાલાનો રશ, એ સરવેને એકઠાં કરે તથા શીગીઉ વછનાંગ ટાંક ૦।। પેંરથમ તેમાં વછનાંગ ગશે અને પઇશા ૪ ભાર રૌજ પીએ,

તે શાંતાં ૩ રોજ પીએ તો ઇંદરીને મુખે પાણી આવતું રેહે. ખાતુંખોરૂં, વીશદુ નહીં ખાએ.

મલમ પાકવાનો.

શફેદુ પઇશા ૧ ભાર, મોરથુથુ પઇશા ૧ા ભાર, મીન પઇશા ૦ાા ભાર ગાએનાં ગીહીમાં પકાવે, આંગડી કરીને આપે.

મરદીની ગોળી.

મરદીની ગોલી ખાએ ચીક મોહોમાંના લઇને ઇંદરીને લગાડે. તજ ટાંક ૭, ચીનીકબાલા ટાંક ૨, વશાંણાં વાટે તેમાં મધ ટાંક ૨ાા રેડે ગોલી ૧ કરે રોજ શાંજે જમીને ખાએ. મોહોંદાંમાં ચાવી ખાએ. તેનું મગજ ઈંદરીને લગાડે તે શુકાએ ને પોહોર ૧ રહીને શોબત કરે કાંઇ જાડો તથા પુલઇ એ મરદી માંને.

ગઇઉ મરદ વલે હરખ વીરજમાંથી જાએ તેનું વીરજ ફરી આવે.

લવંગ ટાંક ૫, પીંપર ટાંક ૫, અકલગરો ટાંક ૫, ભાંગ ટાંક ૫ એ શરવે એકઠું કુંદે, તેમાં મધ શેર ૦ાા નાંખે શહવારે દન ૭ ખાએ. ટાંક ૩ તથા ૫ ખાએ તો ગએલો મરદ વલે. બીજુ રગમાહી ટાંક ૧, પીપર ટાંક ૭, મધ ટાંક ૫ એની ગોલી કરે રોજ ૧ ખાએ.

પીશાબનો ઇલાજ.

જેને પીશાબનું આરેજને ગણું હોએ તેનો ઇલાજ. શોવા શેર ૧ાા મધ શેર ૦ાા, ખાંડ શેર ૦ાા તેનાં લાડવા વાલે રોજ ૧ ખાએ.

પાંચ કોલની પડી.

પાંચ કોલની પડી વાને, પીતને, કફ્ને તાલે. ચીનતો ટાંક ૫, શુઠ ટાંક ૫, પીપર ટાંક ૫, પીપલીમુલ ટાંક ૫ એની પડી ૩ કરે, દારામાં ૨

વાર ખાએ, શહવાર સાંજ પીએ, રોજ ૧ દન ૩ પીએ.

ધાનાં પચકની પડી.

ધાનાં પચકની પડી જવરને તથા પેટ બંધને તોદે છોદવે, પડી ૩ કરે ધાનાં ટાંક ૬, કરીઆતીની પાતરી ટાંક ૬ એની પડી ૬ કરે. પાંની શેર શવાનુ પાવશેર રાખી પીએ.

ગરમાલા પંચકનું જોલાબ છે. તાવપરનું.

ગરમાલો ટાંક ૬, રીંગની ટાંક ૬, ભરંગ ટાંક ૬ એની ગોલી ૩ કરે દન ૧ માં વાર ૨ ખાએ, મેદાં છુતે તથા વા તલે. તાવ જાએ.

મોરચી તથા ચુકનો ઇલાજ.

શુઠ ટાંક ૫, શંચલ ટાંક ૫ લીબુ કાગડીમાં ભરીને ચુશે તો ચુક જાએ. તથા ફાકી મોરચીની છે. શુઠ ટાંક ૫, અમશારો ગંધક ટાંક ૫, પીલવન ટાંક ૫, કાચવન ટાંક ૫, શંચલ ટાંક ૫ એની ફાકી કરે.

દસતાંનનું ઓશડ.

આંગર પઇશા ૧ ભાર બાલીને રાખ કરે, તવખીશ પઇશા ૧ ભાર, ઉમરાની છાલ પઇશા ૧ ભાર, શાકર પઇશા ૧ ભાર કપરછંદ કરે, ફાકી તાહાદાં પાંણીએ ઉતારે, દન ૩ લગે. બીજુ હીરા દખન પઇશા ૧ ભાર, એલચી ખુરશાંની પઇશા ૧ ભાર કપરછંદ કરીને ફાકે ઉપર ગોલાબ પીએ. તરીજુ દશતાંનનું એદાંની છાલ બારીને રાખ કરે, રાખ પઇશા ૧ ભાર કપરછંદ કરીને ફાકે ઉપર ટાહાડું પાણી પીએ. ચોથું ફતકવી ફુલવી પઇશા ાા ભાર તથા ખાંડ પઇશા ૧ ભાર ફાકે ઉપર તરબુજ ખાએ.

એ કુઆત વેઆલીને પાએ તથા વા ઉપર પાએ.

રાશનાં ટાંક ૩, ગોખરૂં ટાંક ૩, લાતવની ટાંક ૩, પીઠવની ટાંક ૩, અશગ ટાંક ૩, હરદાનું મુલ ટાંક ૩, કઉચ્યા ટાંક ૩, શાટોડીનું મુલ ટાંક

૩, ગલો ટાંક ૩, બલવીજ ટાંક ૩, શતાવરી ટાંક ૩, એની પડી ૩ કરે, પાણી શેર ૧ નું શેરપાવ રાખે પછી પીએ.

કુવત વાઆ ઉપરનો છે.

શાલવરની ટાંક ૨, પીહવરની ટાંક ૨, શાતોડીનું મુલ ટાંક ૨, ઉદ કતાંનાં મુલ ટાંક ૨, ભોંય કોલુ ટાંક ૨, ગાદીશાની ટાંક ૨, શતાવરી ટાંક ૨. એની પડી ૩ કરી દન ૩ કરીને પાએ તો વા પીતને શમાવે.

એ કુઅત પીત કફને તાલે.

તહરેમાંન ટાંક ૧ાા, અંદરજેવ ટાંક ૧ાા, અદુશો ટાંક ૧ાા, કલો ટાંક ૧ાા. પલો ટાંક ૧ાા, લીંબ છાલ ટાંક ૧ાા, ધમાશો ટાંક ૧ાા, કરીઆતુ ટાંક ૧ાા, પદમક ટાંક ૧ાા પીત પાપ ટાંક ૧ાા, મોઢ ટાંક ૧ાા એની પદી ૨ કરી ઉકાલીને શેરપાવ રાખે પછી પાએ.

કુવાત રાશનાંદી સરવે વાઇને ટાલે.

રાશનાં ટાંક ૧. ગલો ટાંક ૧, હરદાનું મુલ ટાંક ૧, શુંઠ ટાંક ૧, બલમુલ ટાંક ૧, ગરમાલો ટાંક ૧, શુવા ટાંક ૧, શાતોડી ટાંક ૧, અંદરવાનીનું મુલ ટાંક ૧, શડણનાં મુલ ટાંક ૧, અરણીનું મુલ ટાંક ૧, પદ્દર ટાંક ૧, બીલીનાં મુલ ટાંક ૧, કાંટાશરીઉ ટાંક ૧, ધમોશો ટાંક ૧ એની પડી ૩ કરે ઉકાલે ને પાએ.

એ ઓશડ વાઈનું તથા કફને તથા શુલને, હરેક વાાને હરધ વાઇને, કુજરોગને, હરશને, શીરો લાધન વાઇઉને, કેડ દુખે તેને એ વશાણાં ઉપર લખઆ છે, તે શરવે વાઈને ટાલે. બીજું વાાની તાજવન ટાંક ૧, કપર મુલ ટાંક ૧, અશધ ટાંક ૧, વધારો ટાંક ૧, શતાવરી ટાંક ૧ મજી ટાંક ૧, ગુગલ ટાંક ૧, પદી ૨ પાએ.

ચુરણ ચતુક જાતક જે બેહોશ થાએ તેને તથા ગુમરાં તેને ટાલે.

તજ શેલાંની ટાંક ૧, તમાલપતર ટાંક ૧, એલચી ટાંક ૧, નાંગ

કેશર ટાંક ૧, તવખાર ટાંક ૧, જીરૂ ટાંક ૧, ધાંણું ટાંક ૧, તાલતશ પતર ટાંક ૧, તાતડીક ટાંક ૧, કોઠવડી ટાંક ૧, પીંપડ ટાંક ૧, મરી ટાંક ૧, શુઠ ટાંક ૧, ચવક ટાંક ૧, ચીતરા છાલ ટાંક ૧, પીપરીમુલ ટાંક ૧, શાથોર ટાંક ૧, અમલેવેતશ તાંક ૧, શાકર ટાંક ૧, એ શરવેને કપર છંદ કરે, તલેથી ભરીને ફાકે શાતાં ૩ ફાકે, દુધ ગાએનું શેર ૧ પીએ. તેને કરી ઉતારે તથા તાહાદે પાંણીએ ઉતારે. એ ચુરણ બેહોશ થાઇઓ હોએ તો તેને તથા ગુમરાં થાઇઆં હોએ તેને શમારે.

નાંધલા છોકરાની ગોલી વધે તેનું ઓશડ.

પીપલ વરણુનાં પાતડાં છુડીને એરંડીઉ તેલ માંહે નામે એકઠું કરે શેતું શેતું બાંધે દન લગીન. બીજુ હલદર શેર ૦I, કોકમણી શેર ૦I, શાજી શેર ૦I એ શરવેને છુડીને ભુકો કરે, તેમાં કટનાં થુવરનું દુધ મેલે અને ટાંક ૨ નાં વજનનાં લાડવા કરે, ને રોજ ૧ ખાએ, ઉપર વાશી પાંણી પીએ. એવા ૪ વાર કરી ખાએ, ઉપર તાહાડું પાણી પીએ.

ગોલાનો ઈલાજ.

શાજી ટાંક ૭, હલદર ટાંક ૭, એ છુંદીને કપરછંદ કરે. એટલું ફાકે. ઉપર તાહાદુ પાંણી પીએ. શાતા ૭ ખાએ.

રેજની પડી ૧ કરે.

કાલી દરાખ ટાંક ૪, ગોલ ટાંક ૯, વરીઆલી ટાંક ૩, નીશોતેર ટાંક ૩, શીધવ ટાંક ૩, શુંનામુખી ટાંક ૩, હીમજી હરદે ટાંક ૩, ગરમાલો ટાંક ૩, પાણી શેર ૧I તેનું શેર ૦I રાખીને પીએ. બીજું સુનામખી ટાંક ૫, હીમજીહરદે ટાંક ૫, ગોલ ટાંક ૯, તેની ગોલી કરીને ઉનાં પાંણીશે પીએ. તરીજુ શુનામખી ટાંક ૭, હીમજીહરદે ટાંક ૭, રાતનાં દુધમાં ભેલીમેલે અને શહવારે ગાલે એની માહે ગોલ મેલીને પીએ. ગાએનું દુધ તથા એરંડીઉ તેલ પઇશી ભાર મેલવીને પીએ.

કુવત કફને તથા વાને ટાલે.

એલચી ટાંક ૧, દેવદાર ટાંક ૧, કુદર ટાંક ૧, મોર મશ થુમીઉં ટાંક ૧, રેનક ટાંક ૧, તગર ટાંક ૧, કપુરકાચલી ૧, ચોરામની છાલ ટાંક ૧, ચોરગંડી ટાંક ૧, રોહીશ ટાંક ૧, ઉધાવલી ટાંક ૧ા, કેશર ટાંક ૧ા, ઉપલોટ ટાંક ૧ા, શેલારશ ટાંક ૧ા, કાંગ ટાંક ૧ા. તજશેલાની ટાંક ૧ા, લવંગ ટાંક ૧ા, અગર ટાંક, ૧ા, તમાલ પતર ટાંક ૧ા, નાંગ કેશર ટાંક ૧ા એની પડી ૩ કરે દન ૩ પાએ વાહાને તથા શલકને તાલે તથા શલખમને તાલે.

પાણીની શોશ ઘણી લાગે તેનો ઇલાજ.

દરાખ ટાંક ૨, હરદે ટાંક ૨, પીત પાપડો ટાંક ૨, એની પડી ૧ કરે ઉકાલીને પાએ તેવારે શોશ ભાગે.

એ કુવત ચોઠીઆ પરનું છે.

અરદુશો ટાંક ૨, આંમલા ટાંક ૨, દેવદાર ટાંક ૨, હરદે ટાંક ૨, શુંઠ ટાંક ૨, શાકર ટાંક ૨, મધ ટાંક ૫, પડી ૧ કરીને પાએ.

એ કુવત દન ૩ આંતરીઓ આવે તેનો ઇલાજ.

મોઠ ટાંક ૨, ગલો ટાંક ૨, સુખદ ટાંક ૨, રતાંજની ટાંક ૨, ધાંનાં ટાંક ૨, મધ ટાંક ૫ પડી ૧ કરીને પીએ.

કુવત અતેસાદનું છે.

શુંઠ ટાંક ૧ા, મોઠ ટાંક ૧ા, કરીઆતુ ટાંક ૧ા, આંબા ખાતફ્રી મોરવા ટાંક ૧ા, બીલ ટાંક ૧ા એની પડી ૧ કરે તેવી દન ૩ પાએ.

કુવત ધધીકારને સમાવે સનેપાતને તથા બુધને તથા પીશાબને તથા પશેવને તથા શીતને તથા સુલને આફરા થાએ તેને એટલા રોગને સમાવે.

પીપલીમુલ ટાંક ૧, ગુગલ ટાંક ૧, વંડગ ટાંક ૧, રંગ ટાંક ૧, ગોખરૂ ટાંક ૧, પીપર ટાંક ૧, મરી ટાંક ૧, શુઠ ટાંક ૧, ચીતરાછાલ ટાંક ૧, કાએફલ ટાંક ૧, પકરમુલ ટાંક ૧, રશનાં ટાંક ૧, હરદે ટાંક ૧, રીગણી ટાંક ૧ અજમોદ ટાંક ૧, રેણુક ટાંક ૧, કરીઆતું ટાંક ૧, વજ કાવલી ટાંક ૧, વાળ ટાંક ૧, એની પદી ૩ કરે દન ૩ પાએ.

કુવત કફને તથા મરૂત વાહાને ટાલે

રીગણી બેહુ જાતની ટાંક ૨, ગલો ટાંક ૨, શુંઠ ટાંક ૨, કપુર ટાંક ૨ એની પડી ૧ કરે દન લગે ૩ ઉકાલી પાએ.

કુવત અશાતા વશેકની પડી છે.

ધાંણાં ટાંક ૨ાા, કરીઆતું ટાંક ૨ાા એની પડી ૧ કરે ને દન ૩ લગે પીએ.

એ કુવત બંધેજ પરનું છે.

હરદે ટાંક ૧, ગોખરૂ ટાંક ૧, ગરમાલો ટાંક ૧, પાખણ ભેદ ટાંક ૧, ધમાશો ટાંક ૧, અદુશો ટાંક ૧, કુવાત ઉતારી મધ મેલીને પાએ. એવી પડી ૩ તથા ૭ કરે ધાત શરવે બંધ થાએ.

એ કુવત પરમે પરનું છે. તબકી ટીપાં પડે તે રોગને સમારે.

બેરશાલ ટાંક ૨, અંદરજવ ટાંક ૨, લીમ છાલ ટાંક ૨, વજ ટાંક ૨, તરીગડું ટાંક ૨, તરીફલાં ટાંક ૨, નીશોટર ટાંક ૨, ઉકાલીને ઉતારે, પછે બોકરાનું મુતર પઇશા ૧ ભાર ગાલીને પાએ, દન ૭, તો પરમો પીડાતો તપકતો રહે.

એ કુવત તાહાદક પરનું છે.

દેવદાર ટાંક ૧, રેણુ ટાક ૧, એરદાલ ટાંક ૧, પતોલ ટાંક ૧, નીશોતર ટાંક ૧, ચીતરો ટાંક ૧, વાએવણુ ટાંક ૧, લીમ છાલ ટાંક ૧, અરદુશો ટાંક ૧, શતાવરી ટાંક ૧, આપચી ટાંક ૧, પીપર ટાંક ૧, શુંઠ ટાંક ૧, હળદર ટાંક ૧, મુથ ટાંક ૧, અતીવખ ટાંક ૧, પીપલીમુલ ટાંક ૧, બાશ્રદો ટાંક ૧, શાતોડી ટાંક ૧, આંકડા શીંગ ટાંક ૧, દારૂ હલદર ટાંક ૧, તરાએમાંન ટાંક ૧, ગલો ટાંક ૧, કચુરો ટાંક ૧, બીજુરી મુલ ટાંક ૧, કાંટા શરીક ટાંક ૧, અંદરજવ ટાંક ૧, બરાંમી તાંક ૧, ભારંગ તાંક ૨, અજમુદ તાંક ૨, દશમુલ તાંક ૨, લવંગ તાંક ૨, અકલગરો તાંક ૨, કુલીજણુ તાંક ૨, એની પડી ૩ કરે દન ૩ પાએ તાહાદક સીતાંન વાને તાલે. ખાતુ મોરૂં વીશદ્દ નહીં ખાએ.

મરદ કાંમથી ગયો હોય, તથા ઓરતથી ગયો હોય તેને ગોલી કરી ખવાડે તો મરદી આવે.

જાવંત્રી ટાંક ૧, તમાલપતર ટાંક ૧, વછનાગ શોધેલું ટાંક ૧, અજમાની ભુકી ટાંક ૧, મશતકી ટાંક ૪, દેવદાર ટાંક ૧, ગંધક ટાંક ૧, મુશલીકદ ટાંક ૧, પીપર ટાંક ૧, કનક બીજ ટાંક ૧, ચીનીઉ કપુર ટાંક ૧, નાગ કેશર ટાંક ૧, અકલગરો ટાંક ૧, હીંગલો ટાંક ૧, લોબાંનના ફુલ ટાંક ૧, મનશલ, ટાંક ૧, કેશર ટાંક ૧, કમર કાકડી ટાંક ૧, મોચરશ ટાંક ૧, બરાશ કપુર ટાંક ૧, મરી ટાંક ૧, લવંગ ટાંક ૧, વીદરીકદ ટાંક ૧. ઉગતુજીરૂ ટાંક ૧, શામદરશોખ ટાંક ૧, ચીનીકબાલા ટાંક ૧, બરાંમણી ટાંક ૧, ખશબો ચંદન ટાંક ૧, તેશુદ ખુરાશાંની લોહો ટાંક ૧, સુંઠ ટાંક ૧, કઉચાં ટાંક ૧, પ્રશિપન ટાંક ૧, પીપલીમુલ ટાંક ૧, ખારક ટાંક ૧, અફીમ મીશરી ટાંક ૧, કશતુરી વાલ ૧॥, ચીતરો ટાંક ૧॥ એલચી ટાંક ૧, બલબીજ ટાંક ૧, અગર ટાંક ૧, તરાંખુ ટાંક ૧, ગોખરૂ ટાંક ૧, તજ ટાંક ૧, તગર ટાંક ૧, માએઆ ટાંક ૧, પોકી ટાંક ૧, મેથી ટાંક ૧, બહમને શફેદ ટાંક ૧, બહમને સુરખ ટાંક ૧, શાલમ ટાંક ૩, ભુજેલા ચણાં ટાંક ૨, છડ ટાંક ૧, પારો ટાંક ૧, ઉરીગન ટાંક ૧, વજ ટાંક ૪, શેલાજણુ ટાંક ૧, શેલા રશ ટાંક ૩, દારૂ જલદર ટાંક ૧, એ શરવે વશાણા વાટી કપરછંદ કરે મધમાં ગોલી ટાંક ૨ ની કરે રોજ એક લીએ શેહે તેવી ખાએ. ખાટુંખોરૂં નહીં ખાએ.

ખરજ ફોદાનો મલમ છે.

લીમનાં પાતરાં પઇશા ૧ ભાર વાટે ઘી શેર ૦। માંહે નાંખીને ઉનુ કરે, તનકખાર પઇશા ૦॥ ભાર, કાથો પઇશા ૦॥ ભાર, શુનાગેરૂ પઇશા ૦॥ ભાર, મોગરેલ નાંખી પાણીનો છાંટો નાંખી ઉતારવું મીન ટાંક ૯ ઉકાલી માંહે નાંખે તો મલમ થાએ. પછે શંધે લગાડે તથા દાગ પરબી લગાડે.

રૂજવાનો મલમ.

લીબની લીએડી પઇશા ૦॥ ભાર, બોદાશીગ પઇશા ૦॥ ભાર, રાહાલ પઇશા ૦॥ ભાર, ગાએના ઘીમાં રગડોલીને આંગલીએ લગાડે. રાલ તથા ગુંદર તથા હીરા દખણુ તથા બોદાશીંગ એ શરવે લઇને શરખે ભાગે છુંદે ઘીમાં લપેટે પછે લગાડે. તરીજુ શાજીખાર ટાંક ૯, ચુનો ટાંક ૯, બાપચીની કાલી શેર ૦॥। મોરથુથુ ટાંક ૨॥, હરતાલ ટાંક ૪, રાળ ઉજલી ટાંક ૨, ગંધક શેર ૦।, શોમલખાર ઉજલું ટાંક ૧॥ એ શરવે કપરછંદ કરે શરશીઆં તેલમાં લગાડે દન ૩ લગે તદકુ લગાડે પછી ચોપડે.

મલમ પાકવે તથા રૂજવે તેનો.

હીરા દખણુ પઇશા ૧ ભાર, મુસ્તકી પઇશા ૦॥ ભાર, રાહાલ પઇશા ૦॥ ભાર, છુડી કપરછંદ કરે. ગાએના ઘીમાં નાંખી ચુલે ચડાવી મેરવીને ઉતારે. જો વરસાદમાં કરે તો કોપરાંનાં ઘીમાં કરે એજ પાકવે એજ રૂજવે. બીજુ રાહાલ શેર ૧, મીણ શેર ૦॥ મીઠુતેલ શેર ૦॥, ભુંડની ચરબી શેર ૦। એ શરવે તરાંબાનાં વાંશણુમાં ઉકાળે, એક રશ કરે. એનું માજનું એ જે એમાંથી ટીપુ પાણીમાં નાંખે જો ચીકણું થાએ તો જાણવું જે મલમ થઇઓ. તે ઉતારે પછે તેને આંગલીએ કરી લગાડે, હુકપર તથા શુલપર તથા કમરદુખે તેપર શરવે પર પલાશતર કરીને મેલે તો શારૂ થાએ. ચાંદુ, ધડ, ગુમડું શરવે શારૂ થાએ.

અશતરીને પેટમાં વાહ હોએ તથા શુકાં મેજાં થાએ તેનો ઈલાજ છે.

એ કુચાંઠ પાએ. રાશનાં ટાંક ૩, દેવદાર ટાંક ૩, શુંઠ ટાંક ૩, વજ

કાંવલી ટાંક ૩, એની પડી ૩ કરે, પાણી શેર ૧ા નું પાવ રાખીને પાએ તો શારૂ થાએ.

ઈંદ્દીરીને ફોદા થાએ તેનો લેપ.

ચીધ ટાંક ૧૦, બરજી ખોરાશાંની ટાંક ૧૦, રાહાલ ટાંક ૧૦, એ શરવેને છુંદીને કપરછંદ કરીને પછે ઘી શેર ાા લીએ તેમાં મેલવે તેનો લેપ કરે ખાટું ખોરૂં વીશરૂં નહી ખાએ ને પવનમાં નહીં ફરે, તો એથી ફોદાં નવાં જુનાં શરવે જાએ.

ચુરણ અધીકારનું

ધાનાં ટાંક ૧, જીરૂ ટાંક ૧, જવ ટાંક ૧, વાલો ટાંક ૧, શંચલ ટાંક ૧, તજ શેલાંની ટાંક ૧, તમાલપતર ટાંક ૧, એલચી ટાંક ૧, નાગ કેશર ટાંક ૧, શુંઠ ટાંક ૧, મરી ટાંક ૧, ચીતરા છાલ ટાંક ૧, પીપરી મુલ ટાંક ૧, દાદમશારા ટાંક, ૧, પીપર ટાંક ૧, ધાવરીનાં ફુલ ટાંક ૧, અજમુદ ટાંક ૧, તતદીક ટાંક ૧, બીલખી ટાંક ૧, શાકર ટાક ૧, કોથવડી ટાંક ૮ એનો ભુકો કરે, હાથની તલાથી ભરીને મોહોમાં નાંખે, પાણીનાં ગોતે કરીને ઉતારે ખાટું ખોરૂં, વીશરૂં નહીં ખાએ. એ અરૂચીને તથા રોગને ગલાનાં રાજ કશને તથા પીશાબને તથા અગણી બંધને તથા શશણીને તથા શમીશીનાં રોગને તથા ઉધરશને એટલા રોગને ટાલે, શમારે.

વીરજને વધારવાનું ઓશદ.

એ ચુરણ બંધેજનું છે. હરદે ટાંક ૩, અતી વખ ટાંક ૩, શંચલ ટાંક ૩, વજ કાવલી ટાંક ૩, હીંગ ટાંક ૩ શેકીને છુદે પછે ફાકે, ગાએનું દુધ શેર ૧ પીએ ઉપર, તો વીરજ આવે.

ચુરણ હીંગ પંચક.

હીંગ શેકીને ટાંક ૧, અમલવેલ ટાંક ૧. શીંધવ ૧, શંચલ ટાંક ૧,

બીલદ વણુ ટાંક ૧, વજકાવલી ટાંક ૧, પીપર ટાંક ૧, પીપરીમુલ ટાક ૧, ચવક ટાંક ૧, ચીતરા છાલ ટાંક ૧, શુંઠ ટાંક ૧, મરી ટાંક ૧, શદ ટાંક ૧, તતદી ટાંક ૧, અજમુદ ટાંક ૧, ધાણા ટાંક ૧, પાહાદ ટાંક ૧, શાવર ટાંક ૧, પકરમુલ ટાંક ૧, હોશ ટાંક ૧, જવખાર ટાંક ૧, શાજીખાર ટાંક ૧, દાડમશાર ટાંક ૧, હરદે દલ ટાંક ૧, ઉપલોટ ટાંક ૧, અફીમ મીશરી ટાંક ૧ એ સરવે વશાંણાને કપરછંદ કરે અને તલેથી ભરીને ખારાં પાણીએ ફાકે, એવતાં આજાર શમાવે. દન ૭ લગે. નીતદીક. તથા હાફરો તથા માથું દુખે તથા મલ બંધાઇઓ હોએ, તથા અંતરગલ તથા ગોલા ઉપર તથા ગલાંનાં રોગને તથા ઉધરસને તથા અગનીબંધ વાઉને તથા અરૂચી તથા બરોલને તથા હરશને તથા શુલને એટલા શરવે રોગને શમાવે.

પીશાબ કરતાં કશતાએ તેનું ઓશડ.

ગુઆરનો આટો તાંક ૯ એ દનપર તે એતલું મધમાં ચાટે દન ૭ લગે તો પીશાબનું અરજો શમાવે. સાતે ૨ તથા ૩ ખાએ તો શારૂ થાએ.

પીશાબનો આજાર ઘણો હોએ.

ગએલી મરદીપરની તથા પીશાબનો આજોદ ગણો હોએ તો પારો તાંક ૨ાા. હીંગલો તાંક ૨ાા, ગંધક તાંક ૨ાા, કપુર ચીનીઓ તાંક ૨ાા, અફીમ તાંક ૨ાા, વછનાગ પંચોલો તાંક ૨ાા એ માહે મધ પચાવે એકઠું કરે. તુલશીનાં રશમાં ગુંજ જેવડી ગોળી કરે, રોજ ૧ ખવાડે તે ઉપર પાનનું બીડુ ખાએ. પાન નહીં હોય તો ગાએનું દુધ પાએ તથા જો ગોળી ઉતારે તો ભુરાં કોરાંનો ગર, દહી, ચીનાઇ ખાંડ, ઘી શેર ૦ાા લપેટીને ખવાડે તો એ શરવેની રાબડી મલેઆ ઉકાળીને પછી ખવાડીએ.

પીશાબ બંધ થાએ તેનો ઇલાજ.

શુરો ખાર તથા ઉંદરની લીંડી ખાંડે કપરછંદ કરે પછે દુતીપર મુકે તથા પેડુમેં લગાડે અને ઉપર મોલાનાં પાંતરાં બાંધે દુતી તથા પેડુપર મુકે તો મીશીબ છુટે.

પીશાબમાં તનક મારે તેનું ઓશડ.

તે કુવત હરદે ટાંક ૫, પાંખંદ ભેદ તાંક ૫, ગોખરૂ તાંક ૫, ગરમાલાનો ગર તાંક ૫, ધાંણા તાંક ૫, ધમાશો તાંક ૫, એની પડી ૩ કરે ને ખાએ, શેર ૦। રહે ને ઉતારીને પાએ. બીજું કાકડીનાં બીઆં તાંક ૫, હરદે હલ તાંક ૫, શુરો ખાર તાંક ૨, પાંખણુ ભેદ તાંક ૨, કાળીદરાખના બી કહાડીને તે કાળી દરાખ તાંક ૫, એની ગોળી ૫ કરે રોજ એક ખાએ ઉપ તાહાદુ. તરીજુ બાવલની છાલને ખાંડીને ગાએનાં દુધમાં પાએ. ચોથું પરમે પર છે. નરમાંનાં પાતરાંનો રશ પઇશા ૫ ભાર, શાકર પઇશા ૨॥ ભાર એકઠું કરીને પાએ.

એ ગોલી આજમોદાંની છે.

ઓદાંશીંગ તાંક ૧, અજમોદ તાંક ૧. પીપલીમુલ તાંક ૧, પીપર તાંક ૨, અશન તાંક ૩, મરી તાંક ૧, શુવા તાંક ૧॥, શીંધિવ તાંક ૧॥, ચીતરા છાલ તાંક ૧॥, એ શરવે છુંદી ભુકો કરીને ગોળમાં ગોલી પઇશા ૧ ભારની કરે. રોજ ૧ એક ખાએ,

ગોલી વડા અજમોદની છે.

અજમોદ ટાંક ૧॥ લવંગ તાંક ૧॥ પીપલીમુલ તાંક ૧॥ પકરમુલ ટાંક ૧॥, ધાણાં ટાંક ૨, ગોખરૂ ટાંક ૨, અશન ટાંક ૩, એલચી ટાંક ૧॥, હરડે ટાંક ૨, આવલનું ફુલ ટાંક ૨, પીપર ટાંક ૨, શુઠ ટાંક ૨, મરી ટાંક ૨, ભારંગ ટાંક ૧॥ દેવદાર ટાંક ૧॥, તજ ટાંક ૨. નાગકેશર ટાંક ૨, કુલીજન ૨, ચવક ટાંક ૨, ચીતરો ટાંક ૨, જવાંન ટાંક ૨, કંકોલ ટાંક ૧॥, તમાલપતર ટાંક ૧॥, શદ ટાંક ૧॥, ગોલ શેર ૦॥ એ શરવે વાંનાંની ગોળી ૨૮ કરે સાતાં ૪ ખાએ.

ફુલાંનું ઓશડ છે.

અરીઠા ૩ તથા ૪ તથા ૫ કાંશીઆમાં પાણી નાંમી તેમાં ચોરીને પાણીનાં તીપા ૩ માહે નાંમીએ.

વાહુ પીતનું તથા તાવનું ઓશડ છે.

તજ શેલાંની ટાંક ૧, એલચી ટાંક ૨, પીપર ટાંક ૪, તવખીર ટાંક ૮, સાકર ટાંક ૧૬, એ શરવે કપરછંદ કરે પછે તલાથી ભરીને ફાકે શહવારે ખાએ આજાર તલે.

એ રેચ લેવાનું છે.

હરડે મોટી ટાંક ૫, શંચલ ટાંક ૩, લવંગ ટાંક ૨, એ વશાણું પાંણીમાં ગસીને પાએ.

અતેશારનું ઓશડ છે.

કાકદા શીંગ ટાંક ૨, પીપર ટાંક ૨, અતીવખ ટાંક ૨, એ વશાણા વાટે, મધમાં ગશીને પાએ, અતેશાર તલે.

પાઠાંનું ઓશડ.

જેને પાઠું નીકળે તે રોગપરનું છે. આમલા ટાંક ૨, બેહડાં ટાંક ૨, હરદે દલ ટાંક ૨, કરીઆતુ ટાંક ૨, એનું કુઆત પડી ૨ કરીને પાએ. પાણી શેર ૧ા નું ૦ા શેર કરીને પાએ.

અદગરીનું ઓશડ.

કલીચુનો ગોલમાં ગોલી કરીને આપે તે ગોળી ખાધાથી આરામ થાએ. બીજુ કુમારનો ગર તથા શુંઠ છુંદી ભેલીને ખાએ તેથી અદગરી ભાગે.

વાહા પરનું વશાનું.

એ લાવડાનું ઓશદ છે. વશાંનું વા પરનું તથા વાહને તાલે તથા જાતને નરી કરે તાજો થાએ. કોપરૂં શેર ૧ા, મેથી શેર ૦ાા, અશન શેર ૧ા, શુંઠ શેર ૧ા, અશારીઓ શેર ૨ા, ખશખશ શેર ૦ાા, બલુકલા શેર ૨ા, બલબીજ શેર ૨ા, ગોખરૂ શેર, ૧ા એખરો શેર ૧ા, ગુંદર શેર ૧ા,

માંઆં શેર ૨॥, ગંઉ શેર ૫, ગોર શેર ૧૦, ઘી શેર ૫ પદ્દવાશ શેર ०॥।, એ વશાંનાં છુંદીને લાડવા કરે રોજ ૧ ખાએ બાદને, પીત, કફ, અરૂચી, ધાત, વીરજને, વા પીતને શમાવે.

એ ગશારો શુજે તે પરનો છે.

કરીઆતું ટાંક ૧, દેવદાર ટાંક ૧, શુંઠ ટાંક ૧, શાતોડી ટાંક ૧, મુલશ તાવરી ટાંક ૧, પાણીમાં એ શરવે ગશીને પાએ. ઉપર ગોલને આદુ ખવાડે. દન ૭ લગે પાએ તો શોજો ઉતરે.

લોહી વાડો જાતો હોએ તેનો ઇલાજ.

જીરૂ ટાંક ૧॥, વાકુંભો ટાંક ૧॥, મરદા શીંગ ટાંક ૧॥, બેદા શીંગ ટાંક ૧॥, એ શરવે છુંદી એનાં પડીકાં ૫ કરે પડીકું રોજનું ૧ આપે. તાહડાં પાણીશે ઉતારે. ખાટુંખોરૂં વીશરૂ નહીં ખાએ.

એ ચાટન વાહાને તાલે.

કલાબા ચીની ટાંક ૩, ગોખરૂ ટાંક ૩, મુશલીકદ ટાંક ૩, ઊંટકટો ટાંક ૩, લંમ ટાંક ૩, ચતુર જાતક ટાંક ૩, હરદે દલ ટાંક ૩, નવખીલ ટાંક ૩, જાએફલ ટાંક ૨, જાવંતરી ટાંક ૧, લવંગ ટાંક ૨, વરાલી ટાંક ૫, બરાશ કપુર ટાંક ૧, કેશર ટાંક ૧, શુનામખી ટાંક ૫, ગોલાબનાં ફુલ ટાંક ૩, શુનાગેરૂ ટાંક ૩ શમદર ફુલ ટાંક ૩ શમદર શોખ ટાંક ૧॥, પકરમુલ ટાંક ૧॥, ખાંદ શેર ૧॥, એ શરવેનો ભુંકો કરે ખાંદ ભેરીને ફાકે દન ૨૧ તો વાહા જાએ, તાજો થાએ, ભુખ લાગે, અરૂચી ભાંગે.

ગુમડાંને પાકવવાનો ઇલાજ.

ગુગલ ટાંક ૨ વાટીને ભીજવે દન ૧ સુધી. ચુનો ટાંક ૧ પછે કાલવે એની આંગલી કરીને લગાડે તો ગોદ પાકવીને ફોદે.

પીશાબ ઘણી લાગે તેનો ઇલાજ.

શેલાજત ટાંક ૩, એલચી ટાંક ૩, ગોલ ટાંક ૩, પાખણ ટાંક ૩, કપુર ટાંક ૩, પીપર ટાંક ૩, એને છુંદી ભુકો કરીને એમાં ગોલ મેલી ચોખાનાં ધાંનમાં ગાલીને ખવાડે તો પીશાબનો આજોર થોડો થાએ.

એ ચાટણ વાહાપરનું તથા શાશપરનું છે.

અશન ટાંક ૧, શુંઠ ટાંક ૧, ગોખરૂ ટાંક ૧, અશાલીઓ ટાંક ૧, શુવા ટાંક ૧, બલબીજ ટાંક ૧, એખરાનાં બી ટાંક ૧, લવંગ ટાંક ૧, જાએફલ ટાંક ૧, ગુંદર ટાંક ૧, પીપર ટાંક ૧, પીપરી મુલ ટાંક ૧, એ વશાંનાનો ભુકો કરે, મધ માંહે નાંખે, ચાતણ કરે; હરેક વાહાને શમાવે. દન ૭ લગે ચાટે.

ઓકારીનું ઓશડ.

અંદર જવ ટાંક ૧, પીપર ટાંક ૧, પીપરીમુલ ટાંક ૧, ભાંગર ટાંક ૧, અજમોદ ટાંક ૧, એનો ભુકો કરે ને મધશાતે ચતાલે દન ૭ સુધી.

શાશપરનું ઓશડ.

પીપર ટાંક ૫, ઉજળાં મરી ટાંક ૫, વછનાગ શીગીઊ ટાંક ૫, અને કપરછંદ કરે. કાલી દરાખનાં દાંનાં કાઢે. દરાખ ટાંક ૫, તમાખુ ટાંક ૫, એ શરવે છુંદે ભુકો કરે તેની ગોલી તુવરનાં દાંણાં જેવડી. રોજ ૧ આપે દન ૨૧ આપે તો શાશ તલે.

નાનાં છોકરાંને ધાત જાએ તેનું ઓશડ.

ધાંનાં ટાંક ૫, બલબીજ ટાંક ૫, ગોખરૂ ટાંક ૫, મુશલી શફેદ ટાંક ૫, મુશલી કાલી ટાંક ૫, શાલમ ટાંક ૫, મશતકી ટાંક ૫, ઉઠકતાની છાલ ટાંક ૫, ખાખરનો ગુંદર ટાંક ૫ એ શરવે વાટીને કપર છંદ કરે, ખાંડ ટાંક ૧૦ ગોલી કરી રોજ ખાએ. ખાતું ખોરૂં વીશરૂં નહીં ખાએ. દુધશે ખાએ. બઇરાં તથા છોકરાં, મરદ શરવેને કાંમ આવે.

મરદીનું ઓશડ.

નરીએર ૧ લીએ તેને કાંનું પાદે. ગુગલ ભેંશાં શેર ા તે માંહે ભેલે. પછે તે નાળીએરનું મોહોડુ બંધ કરે, પછે મતોડાનો લેપ કરે, પત ૭ દીએ, તરકે મુકીને શુકવે, પછે તે નાળીએરને છાંનાં શાતનો અંગાર કરીને તે માહે મુકે, પછે આતશ ધીકવે, પછે તેમાંથી ખશબોઇ નીશરે તેવાર આતશમાંથી બાહાર કાહાદે. પછે તે મધે ચુરણ કરીને મેલે. ધાંણાં ટાંક ૧, રણુક ટાંક ૫, શુંઠ ટાંક ૯, મુશલી કંદ ટાંક ૯, બંદેલવંગ ટાંક ૫, વાશ કપુર ટાંક ૫, કેશર ટાંક ૫, તાઉશઓ ટાંક ૫, એનીગણુ ટાંક ૫, વરધારે ટાંક ૫, પીપર ટાંક ૯, પીપલી મુલ ટાંક ૯, દેવદાર ટાંક ૯, કઉચા ટાંક ૯, બહમને સુફેદ ટાંક ૯, તજ શેલાંની ટાંક ૯, ચોપચીની ટાંક ૫, અશન ટાંક ૫, કુલી જણુ ટાંક ૫, ઉઠ કાંટાની છાલ ટાંક ૧૦, શફેદ જારંગ ટાંક ૫, બહમને શુરખ ટાંક ૫, એલચી ટાંક ૫, ચતુર જાતક ટાંક ૯, બીજ બંધ ટાંક ૫, તુદરી શોરખ ટાંક ૫, તુદરી શફેદ ટાંક ૫, હીંગલો ટાંક ૫, વશનાંગશીગીઓ ટાંક ૭, એ શરવે વશાંણા કપરછંદ કરે અને ગાએનાં દુધમાં ઉકાળે પછે નાળીએર ભાંજીને વાટે. પછી મધ શેર ાા ગી શેર ૫ એ શરવે એકઠું વશાનાંમાં મલવે પછે તેની ગોલી પઇશા ાા ભાર કરે. રોજ ૧ ગોળી ખાએ. ખાતું ખોરૂં નહીં ખાએ. એ ગોળી બઇરાંનેભી આપે તો નખાઈ ગઇ હોએ તેને તથા શુશત થાએઓ હોએ તથા પગ ધુજતા હોએ તે શરવે શારૂ થાએ.

તમામ ખાધું હજમ થાએ.

શુંઠ પઇશા ૧ાા ભાર, તજ પઇશા ૧ાા ભાર, આંમલાનું બી પઇશા ૧ાા ભાર, હીમજી હરડે પઇશા ૧ાા ભાર, અનાર બી તથા ચીતરક, શાલમ, બદામની મીછ, બાવલનાં બી, નાલીએર શરવે શરખે ભાગે છુંદે મધ શેર ૩ ચાશણી કરે દરાખ ૩ કાલી મેલે અને ઉતારે પઇશા ૧ ભાર ખાએ.

ધાત વાએનીનું ઓશડ.

ગોખરૂ ટાંક ૫, લવંગ ટાંક ૫, જાએફર ટાંક ૫, જાવંતરી ટાંક ૧, મરી ટાંક ૧, કેશર ટાંક ા, શાકર શેર ાાા, મેથી શેર ા, ખાંદીને હથેલી ભરીને પઇશાં ૧ ભાર ફાકે, દુધ ગાએનું શેર ા પીએ.

ગલે કંઠમાલા નીશરે તેનો ઇલાજ.

શીંદુર ટાંક ૫, એલચી ટાંક ૫, કપીલુ ટાંક ૫, શાપની કાંચલી ટાંક ૫ એ શરવે વશાંણું એકઠાં કરે ને ખાંડે ને કંઠમાલાને ચોપડે. બીજુ શીંદુર ટાંક ૯, મરી ટાંક ૯, મીઠુ ટાંક ૯ એ શરવેને કપરછંદ કરીને તેલ મીઠું શેર ૦ા ગરમ કરીને તેમાં શાબુ ટાંક ૯ કાપીને નાંખે તેમાં વશાંણું મેલવીને પકાવીને ઉતારે કપરછંદ કરે માલાને લગાડે.

ખાવાપર રૂચ નહી હોએ તેનું ઓશડ.

પીપર ટાંક ૯ તેનો ભુકો કરે ખલમાં દન ૭ લગે પરતીઆ કરે પછે વછનાગ દુધમાં રાંધેલો ટાંક ૨, પીપલી મુલ ટાંક ૧, લવંગ ટાંક ૧. ચીતરા છાલ ટાંક ૧, ચોખ ટાંક ૧, કપરછંદ કરે ભાંગરાનાં રશમાં ગોલી વાલે ચનાં જેવી મોટી કરે, રોજ ૧ પાનમાં ગાલીને ખાએ ફાએદો થાએ તાંહાં સુધી ખાએ.

ઉંદરીનો ઇલાજ છે.

ઘોડાવજ લાવીને અશતરીનાં દુધમાં ગશીને લગાડે ઉંદરી જાએ. જો દુંધ નહી મળે તો પાણીમાં ગશીને લગાડે.

તનખીઆ પમેરનું ઇલાજ.

શુરોખાર ટાંક ૦ાા, શાકર ટાંક ૧, પડીકુ કરે રોજ ૧ ખાએ, તે ઉપર ગાએનું દુધ શેર ૦ાા પીએ. જો માશલીની કશર રહી હોએ તો તેને ઇલાજ મધ ટાંક ૯ શહવારને પોહોર પીએ તો માહીની કશર પડે.

ફીકૂરાંનો ઇલાજ.

શુંઠને માંથામાં ગશીએ અને નાંકમાં ટીપાં ૪ મુકે.

બાલક રડતુ હોએ તેના ઇલાજ.

જાએફલ ગોલાબમાં ગશીને નીદાસે લગાડે.

ગલશું થયું હોય તેના ઇલાજ.

તેને જલો મુકાવે. લોહી નહીં નીશરે તેને રેવંનચીની અંગુરી શરકામાં ગશીને લગાડે તો તુરત શારૂ થાએ. પછી કવડી કાલીજીરી ઝીની કરીને ઉપર ભરે અને તાંદરજાની ભાજી તથા છોડની રાખ તેને ગરમ કરીને ભરે તો દન સાતમાં શારૂ થાએ.

હાથ પગ ફાતે તેના ઇલાજ.

હાથ પગ ફાતે તેનો ઇલાજ ને કોઇરી જેવું થાએ તથા ખરજબી જાએ. ચોખા આંકરાના દુધમાં ભીજવે, શુકવે, વાર ત્રણ પતદીએ પછી તેને વાતે. ને ઉનચાં મોગરેલમાં ભીજવે અને મલમ કરીને દન ચાર ૪ લગાડે. બીજુ કમોદનાં ચોખા પાણીમાં ભીજવીને વાતે લીલી હળદર મીઠાં પાણીમાં દરોડાનાં ગાંઠ ગશીને તેબી લગાડે.

ઇનિદરીના હાથ દરાજીના લેપ એ છે જે,

કંટાલા થુવરનાં દુધમાં કપડુ પદ ૭ દીએ. ભીજવતા જાએ અને શુકવે. અને લોહોડાંની કડછીમાં ગાએનું ગી ઝીનું કરે તે માહે લુગડું મેલે, બોલી કાહાડે, પછે તેમાંથી લુગડું ઇંદરી માફક ફારીને ઇંદરીને લપેટે દન ૩ નવા કરે શારૂ થાએ તાંહાં લગે કરે.

ફોદાની ચાંદી ઇદરીપર પરી હોએ તેના ઇલાજ.

માજરવેલનાં ચોખા સુવાવડીનાં દુધમાં પડીકાં ૩ કરે તેની ગોલી કરે. પરથમ રેચ લીએ ગોલી પઇશા ૧ ભારની ખવાડે. પછી બકરીની નલી બાલીને રાખ કરે ને ગાએનાં ગીમાં મલમ કરે લેપ કરીને ઇંદ્રરીને લગાડે.

દીલમાંથી હરેક તાવ નહી નીશરે તેનો ઇલાજ.

પડી ૩ કરીને પાએ અદુશાનો રશ શેર ૦॥ તથા ભોયરીગનો રશ શેર ૦॥, ગલોનો રશ શેર ૦॥ એ શરખે ભાગે કાહાડે. તેમાં મધ પઇશા ૧ ભાર મેલે પછી પીએ તાવ જાએ.

કમલાનું ઓશડ.

નનદીરાંનો રશ ટાંક ૨, દહી તાંક ૫ તે સાથે પાએ.

કાન દુખે તેનું ઓશડ.

છોકરાંની માએનું દુધ, તેટલુંજ મીઠુ તેલ એકુને મેલવીને કાનમાં મુકે.

હલદીઆ રોગનું ઓશડ તથા શનેપાતનું.

શાર ટાંક ૩, ખડી ટાંક ૧૦, એનાં પડીકાં ૩ કરે ઉના પાણીશે પીએ તો શારૂ થાએ.

પીતનું ઓશડ.

આંમલાંનો રશ ટાંક ૧. લીંબુનો રશ ટાંક ૧ એ બંને ભેલીને દન ૭ પીએ.

હરેક તરેની ધાતનું ઓશડ.

નાંગોદની જડની છાલ થડની તથા નગોડનાં થડની છાલ તથા નગોડની પીલી દીરી. એ વશાંણું તરણુ શરખે ભાગે લાવીને શુકવે. એની ચોઠાઇ શરવેની પીપલી મુલ નાંખે કપરછંદ કરે. ખાંદમાં હથેલી ભરીને ખાએ ઉપર નાહાદુ પાણી પીએ શાતાં ૩ ખાએ.

માંદાં મણીશને આજાર હોએ અને મેદાંન જાએ તેનો ઇલાજ.

લવંગ ટાંક ૪, નગુદ ટાંક ૨, જાએફલ ટાંક ૪, અકલગરો ટાંક ૪ તંકનખાર ટાંક ૪, અફીણ ટાંક ૪ મધમાં અફીણને વાટીને વશાણાં છુંદે કપરછંદ કરે અને ગોળી મગ જેવડી કરે રોજ ૧, ખાએ મેદાંન બંદ થાએ.

ધાતપર છે.

માલ ખાખનીઓ શેર ૧ા, ગોવાર શેર ૨, ગોખરૂ શેર ોા, અજમોદ શેર ૧ા, ધતુરો શેર ૧ા, એને છુંદીને કપરછંદ કરે શાકર શાથે ફાકે.

ભુખ લાગવાપર છે.

કેશર ટાંક ૫, મશતકી ટાંક ૫, એલચી ટાંક ૫, એલચી દાણા ટાંક ૫, જાએફ્ર ટાંક ૫, શુંઠ ટાંક ૫, અકલગરો ટાંક ૫, મોઠ ટાંક ૫, છડ ટાંક ૫, ગોલાબનાં ફુલ ટાંક ૫, જાવંતરી ટાંક ૫, એ શરવે છુંદે ભાંગ શેર ોા, મધ શેર ૧ એકઠાં કરીને છુંદે, મધ તથા શાકરનો શીરો કરે તેમાં વશાંણાં નાંખે પછી બરનીમાં ભરે પછી માજમ રોજ પઇશા ૧, તથા ા તથા ોાા પોણો ભાર ખાએ.

ભુખ લાગવાનું ચુરણ.

ચીતરા છાલ ટાંક ૫, મેથીનાં પાતરાં ટાંક ૫. શુંઠ ટાંક ૫, કાલુજીરૂ ટાંક ૫, બેખરકર ટાંક ૫, મીઠું ટાંક ૫, શમુદર ફીણ ટાંક ૫, તુરબેણ શફેદ ટાંક ૫, હરદે ટાંક ૫, દશમલ ટાંક ૫, શાકર ટાંક ૫, એ શરવે છુંદે મધપાની તરીજી ગાલે કાલવીને પઇશા ૧ ભાર ખાએ.

મોહડે આંગરૂ હોએ તેનું ઓશડ.

ધમાશો તથા બાવલની તથા બોરની છાલ એ તગણે ઉકાળીને કોગળો કરે.

તકડીઆ પરમેનો છે.

નરમાંના પાતરાંનો રશ પઇશા ૧ ભાર, શાકર પઇશા ોા ભાર એકઠાં કરી પાએ.

એ મબારખીનું ઓશડ છે.

કાંટાની વાડપર ફુલેલી હોએ તેનાં પાતરાં ચોલે ટાંક ૧ા, ગુલ ટાંક

શા તે મેલે ને તે રશ પાએ. તે પાતરાંની નીશાંની એ જે તેની ઉપર કાંટા ઉગીઆ હોએ તે પાતરાં લાવે તેનો દન ૭ રશ પાએ.

એ બંધેજ હરેક પરકારનું છે.

લવંગ ટાંક ૧, જાએફર ટાંક ૧, કેશર ટાંક, ૧, જાવંતરી ટાંક ૧, અફીણ ટાંક ૧, ભાંગનાં બી ટાંક ૧, કપુર ચીનીઓ ટાંક ૧, શાકર ટાંક ૧, એ શરવે કપરછંદ કરે મધમાં ચણાં જેવી મોટી ગોલી વાલે ગોલી રોજ ૧ ખાએ. બીજુ વશનાંગ રાંધેલો શીંગીઓ ટાંક ૨, મરી ટાંક ૪ શુંઠ ટાંક ૯, તંકનખાર ટાંક ૬, તજ ટાંક ૨, જાએફર ટાંક...અફીણ ટાંક...હીંગલો ટાંક...તમલા પતર...પાનનાં રશમાં ચણાં જેવી મોટી ગોળી વાળે. પાનમાં તથા દુધમાં ખાએ. ખાતુ ખેરૂ વીશરૂ નહી ખાએ. પરેહજી કરે.

મોહોડાં પર મશા થાએઆ હોએ તેનો ઇલાજ.

દીતવારને દન પરભાતે જંગલમાં જાએ એખરાનો કાંટો લાવીને માંશને કાપે તેથી તલે.

માજુ શરવે પરની.

જાએફર, જાવંતરી, તજ, લવંગ, અગર, મશતકી, રૂમી શાલમ, મુશલી, મોચરશ, બીજબન, કમરકશ. ખાપરીઓ, ગુંદર, ઉદીગણ, તોખમે શલગમ, જરદક, તોખમે ખારક, તોખમે કહુ, તોખમે હલીમ, તોખમે પેઆજ, તોખમે મોલી, જાફરાણ, કશતુરી, રાંદલ છંદ, દરાખ કાલી, તોખમે અપશ, બદામનું મગજ, અખરોટનું મગજ, પશતાંનું મગજ, ફદુકનું મગજ, જલગોજાં, તવકીકર, ખેરાશાંની, હરદે અપશગુલ, ઇશપન માલ કાકરી, ગુંદર નાગોરી, ગુંદ ચીકણી, લોધર અકલકરૂ, પીપલીમુલ, શુંઠ, મરી શફેદ, ઊંચાં બેખશા, બીબી કરપુ, શરફ શીરાજી, દેવદાર ખલશમદર. ગુલશન, બાજેરબંદ, ખારશુશ, તોખમે અશપશ, જેજેગંદમ, બલર મીશરી, ગુલો શુરખ, તલ સફેદ, તોખમે બરણુજ, ચાહારેગ, માહી માહીશીતારે, પરવાલું, ફેદણુ, દેલમુશક, અંબર. એલચી, શેખતાલેશ, મધમીશરી, અખરો વરખ, તીગ, રાગણ, ખજુરબંધ, કનેર ઉજે, નીજેદ શફેદ ગુજે, મદુકરી શરપખનાં બી; એ શરવે એકઠાં કરીને છુંદે પછી ટોલે જેટલું થાએ તેથી બમણી

શાકર મેલે તેટલુંજ મધ મેલે એ મેલવી એકઠું કરીને પઇશા ૧ ભાર ખાએ.

❀

ભુખ લાગવાનો ઇલાજ.

તરાંબુ રતી ૧ પાણીમા ખાએ વલી વશાંણા ૪ લખેઆં છે, તે એજ તરાંબાંનાં પતરાં લઇને લીંબુનાં રશમાં વશાણું ગાલે. એકઠાં કરીને તરાંબાંના રશને લગાડે શુકવે પછે ખાડો એક ગજ ઉંડો ખણે તથા ગજ... પોહોળો કરે તેમાં મેંલે તરાંબુ થીકરાંમાં મેલીને ઉપર બીજુ થીકરૂં ઢાંકે અદીઆં બીડીને લગાડી મેલે તે બલી રેહેને કાહાડે. એ હકીકત પુરી થાઇ હકીમાંની.

ગુશતાસપ પાહાદશાહે જામાશપ હકીમને પુછયું જે જરથોશત કયા શેહેરમાં પેદા થાઇઆ ને તાંનો પાહાદશાહા કોણ છે, તે શેહેર કેવું, અને જરથોશત આઇઆ તે વખતે મોજેજો શો દેખાડયો, અને હોરમજદની દરગાહામાં કેટલાં વરશનાં ગીઆ, અને તાં કેટલા વરશ રહીઆ, અને તાં હરવશપ આગાથી શું દીઠું, આખરના હીંગામની શું વાત છે, દુનીઆમાં દીન રવા કીધી તે વાર પછી કેટલાં વરસ જીવીઆ હવે આખર હજારો મને માલમ કર જે તે ખલક કેવી છે.

જામાશપ હકીમે જવાબ દીધો જે જરથોશત મનોચેરની તોખમનો છે, અને રહે શેહેરમાં પેદા એખ છે. જેવારે માંએ જનેઓ તેજ ઘડી હશીઓ. તે શેહેર ટાનાં ભરીઉ. તે શેહેરનો પાહાદશાહા દોરાંશરૂન તેથી ટાલાંગર પોદીઓદકેશી હતો. જેવારે જરથોશત માએથી જનેઓ તે વેલા હશીઓ તે ખબર હેરેમનને થાઇ તે વાતપર તમામ દેવો કહેવા લાગા જે હવે આપણાંપર શું નીપજશે. જાદુગર હરેક જગે હતાં તે જરથોશત હશીઆથી દેવ દરૂજ દુશમન ફીકરમંદ થાઓ અને કહેવા લાગા જે એનું કામ આગળથી કીધું જોઇએ.

બીજો મોજેજો કહુ જે તે શેહેરનો પાહાદશાહ છે તે જાદુગરનો પાહાશાહા તથા શરદાર છે. તેનું નામ દોરાંશરૂન હતું, જાદુગરેનો શરદાર હતો, ગુમરાહા હતો. જેવાર. જરથોશત જેહાનમાં ખબંરદાર હતો. જેવાર. જરથોશત

પેદા થાઈઓ તેવારે તમાંમ જાદુગરી ઢંકાઇ. પછે દેવનો શરદાર દોરાંશરૂન પોરોશસ્પને ઘેર આવ્યો અને જરથોશતને ધાવતો દેખીને ખંજર મારવાને કાહાદીયું પણ હોરમજદે કારગાર થવા નહીં દીધું તેવાર તે પાદશાહ નામુરાદ થઈ ગયો. તરીજો મોજેજો જરથોશતને દેવે લઇને આતશની ચેહેમાં નાંખીઆ. તે આતશ બાગ થાઇ, તે આતશમાંથી તેની માએ કાહાદી લાવી. ચોથો મોજેજો એ જે દેવે જરથોશતને ગાયનો તોલો જાતો હતો તેના પગ હેથે નાંખેઓ પણ એક હરામી ગાએ પગ હેથે રાખી મુકયો તાંભી તેની માએ ગઇ ને પગ હેથેથી કાહાદી લઇ ગઇ. પાંચમો મોજેજો એ જે દેવે લઇને ઘોડાનાં તોલાં જાતાં હતાં તે શેહેરીમાં નાંખ્યો પણ ખોદાની એજમતે ઘોડાનાં તોલાંને મેહેર આવી ત્યાંથી બચાવ્યો. છઠો મોજેજો એજે દોરાંશરૂન કહેઆથી ગુરગોયાનનો તોલો વરૂ જે દેવ જેવું હતું તેથી તેની વાત વચલામાં જરથોશતને નખાવ્યો, તાંથી ખોદાયતાલાએ ઉગારીઓ. તે જગોથી માએ આવીને લઇ ગઇ. શાતમો મોજેજો જરથોશતને તમાંમ દેવોએ દીઠો જે પાદશાહ દોરાંશરૂન તથા વજીર બુરાંતરૂશ એ બેહુ તમાંમ દેવોના સરદાર હતા તેઓએ વીચારીયું જે ૭ જગે એને નાંખ્યો પણ નીરાશીઓ. હવે આપણે તેનું કરીએ. એને ઘર તમાંમ દેવો સાથે જઇએ, જાદુગરી કરીએ, એનો જીવ લેજીએ. તે ઘરમાં તેનું ઘાણું કીધું. જાદુગરી કીધી, પણ કોઇ દરીયું નહીં. કબીલો દરવા લાગો પછી ત્યાંથી નાથો, જરથોશત દરીઓ નહીં, પણ જરથોશતની માય આજારી દરદમંદ દુશમનનાં દરે ગુમખાહા થાઇ જાદુગરીની ખબરથી એ પોંહોંચી. જરથોશત આજારી થાઇઆ તેવારે વરશ ૮ નાં હતા. તેવારે બુરાંતરૂશ તથા દોરાંશરૂન દેવ હતા તે શેતાબ જરથોશતની ખેદમતમાં દારૂ ઓશડ લઇ ગયા જે પીએ તો મરે. જરથોશતે તે નહીં પીધું, મજાખરો જરથોશતનો જાદુગરો સાથે અને જરથોશતે જાદુગરોને દીઠા તેશે મજાગરા થાઇઆ. જુવાનીનાં હાલમાં જરથોશતે કામ કીધાં. જેવારે વરશ ૧૫ નાં થાઇઆ, રાત દીન ધેઆન ખોદાતાલાપર હતું. જરથોશતનું જવું ઇરાંન ગવેજ, જેવારે વરસ ૩૦ તેનાં કાંમમાં મુશકેલ ગઇ. જે કેટલીએક ઓરત હતી તે તેની હમરા હતી, તે દરીઆની નજદીક પોંહોતાં. પણ તાહાં કંઇ હોડી નહીં હતી જે પેલી ઓરતને હોડીમાં બેસાડે. તેથી જરથોશતનું દીલ હેરાંન હતું જે કેમ ઉતરશું. પછે જરથોશત પોકાર કીધો જે દાદનાં દેનાર પુરવરદેગાર માહારી આગાહી ભાંજ જે ઓરત કબીલા પાર ઉતારે. યજદાંનનો હોકમ થયો જે "જરથોશતનો કબીલો પાર ઉતરે, દરીઆએ પાણી બંધ કીધું ...કુદાંની મીશાલ પાર ઉતરી ઇરાંન જમીન આવ્યા. ખુવાબ દેખવું જરથોશતનું જે ઉતરથી એક લશકર આવ્યું અને તે લશકર રોહા બાંધે છે.

બીજું દક્ષીણથી આવ્યું એવો ખોવાબ દીઠો. જરથોશતનાં ખોવાબની તાશીર એ જે ખોદાતાલા પાશે જાએ અને દીનનાં મજાખર ભેદ કબુલ કરે. જાવું જરથોશતનું આબ દાએતીમ દરીઆવ કની ગયા તે દરીઆવને દાએતીમ કહે છે. જે દરીઆવમાં જરથોશત પેદા. પેહેલો હીગાંમ ધુંતી લગે થયો. બીજો હીશો તેની ગુટણ લગે થયો. તરીજો હીશો તેની કમર લગે થયો ચોઠો ગરદન લગે થયો તેની નીશાંની વરશ ૩૦૦૦ પછે આવી. જરથોશતની નજદીક આવવું બહમન અમશાશપંદનું, અને જે પાક રાહાની ખાતર ગીઆ હુરમજદની દરગાહા, જરથોશતને તમાંમ નીશાંની દેખાડી દીનની પુશેશ બીજી કહી, મોએદોનાં કાંમથી હોરમજદે જેહાંન આશકાર કરવાની વાત કહી, પાછુ ફરવું જરથોશતને ઇજદાંનની દરગાહાથી, હવે અમશાશપંદની રદ બદલે તમાંમ અમશાશપંદનું આવવું જરથોશતનું અને લડાઇ કરવી દેવોશે, મજાખરો કરવો એ દુનીઆમાં. ગોશતાશપ પાહાદશાહનાં દાંનાકેશ બીજે રોજે મજાખરો હકીમ પાહાદશાહાનાંશે રદ બદલ કરાવી, પાહાદશાહ તાહારી સાથે મહીનો ૧ રદ બદલ કીધો, ભલા ભલા દાનાંકેત હાથ જોડાવેઆ. "ચંધરધાચ" જેવો દુનીઆમાં નહી થાએ તે જરથોશતનાં પગપર માથું મેલી દીન કબુલ કરી ગયા, તેવાર અશપંદીઆરનાં ઘોડાનાં પેટમાં પગ ગીઆ તે કાહાદીઆ. પછે ફરેશતાએ દીનની ગોવાહી કીધી, પછે એરચે આંઠ ચીજ માંગી તે જણાં ચારને વેહેંચી આપીઆં. પાહાદશાહા તુંને જીવતાં બેહેશત દેખાડીયું, મેં આપયું તેથી પેશુતન અમરગ છે દુધ પીધાથી, અશપંદીઆરને અનાંર ખવાડીઊં દેહે તેની પચરશ થાઇ, અને મહને બેહશતનું ફુલ શુંગાડીઊં તેથાં શરવે હરવેશપ આગાની ખબેર અકલ આવી તેથી મહને બેહુ જેહાંનનું શુજ પડીયું. હવે તુને બહમન યશતનાં માએનામાં તમાંમ આખર હજારાની વાત છે તેપરછે. જેવારે જરથોશતે બેહેશતનો તમાશો દીઠો તેવાર ખુશાલ થાઇઆ ને હોરમજદને કહયું જે મને અમરગપણું આપ, હું તે દુનીઆંમાં નહી જાઉં. તેવાર હોરમજદે બેહેશતથી જવાબ દીધો જે એ જરથોશત જેવારે મેં તુને પેદા કીધો તેવારે હારેમન ગનાંમીનોએ તારો મુદઇ તુરબરાતુર દેવ પેદા કીધો છે. જો તુને અમરગ કરૂ તો નાપાક દેવ તેને બી અમરગ કરે અને રશતાખેજ કરી નાહાંશી જાએ. માટે જરથોશતે અહુરમજદ પાશે બે અવજુની અકલ માંગી અને વલી અમરગપણું માંગ્યું. તેવારે તે પાક ખોદાતાલાએ હરવશ્પઆગાની અકલ દેખદાવી. પછે જરથોશતે દીઠુંજે એક દરખત ૪ શાખનું હતું તેમાં શાખ ૧ શુંનાંની, તથા ૨ જી રૂપાની, ૩ જી શાખ પોલાદની, તથા ૪ થી શાખ મુંલાં લોખંડની. જરથોશતે એમ દીઠું જે જેમ ખુવાબમાં દેખે તેમ દીઠું.

જેવારે હરવશપ આગાની અકુલે જરથોશતની જાતમાંથી જુદી થાઇ તેવારે જાણીવું જે હું ખુવાબમાં દખુચ, તેવામાં હું જાગીઓ અને ખોદાતાલાએ પુછયું જે તુંએ શું દીઠું, તેવારે જરથોશતે જવાબ દીધો જે એ ગેથી તથા મીનોનાં શાહેબ જે મેં ૮ બેહેશત દીઠાં, ૧ ઝાડ તેને દરખતે ૪ શાખ દીઠી તે શું છે. જવાબ દીધો જે એ જરથોશત તુંએ ૪ શાખ દીઠી તે ૪ હીગાંમ છે. તે મેં તુને દેખાડયા. જે ગુશતાશપ પાહાદશાહા તારી દીન કબુલ કરશે ને દેવોનાં તમાંમ કાલાબુદ ભાંજશે અને ધંકાશે. અને પેહેલી શાખ શુંનાની તે ગુશતાશપનો હીગાંમ. બીજી દાલ રૂપાની તે અરદેસર કેઆંની પાહાદશાહા થાશે. તરીજી દાલ પોલાની કહી તે નોશેરવાંન કોબાદની પાદશાહી થાશે. તેના હીંગમમાં નાપાક મજદક પેદા થાશે બુરી બુનીઆદનાં. ચોઠીં દાલ કહી મુલાં લોદાંની તે આખર હજારની, આખર દેવોની કઉવત ફેશાદો થાશે. તે વાશતે તારા હજારાનું શર પેદા થાશે. એ જરથોશત તુંને બીજી વેલા નશીએત કરૂ જે બહમન યશત, ખુરદાદ યશતનાં માએનામાં નોશેરવાન કોબાદનાં વખતમાં બુરી બુનીઆદનો મજદક પેદા થાશે. એ ગણી બુરી રવેશ ચલાવશે. પછી નોશેરવાન પોતીકા દશતુરને માવંદાદ શાપુરને તથા બીજો દશતુર આદરબાદ ગાંન દીનનાં બીજા આદરબાદ આદર અવરમજદ આવેશ પછે તશગદે જઇને આતશ રૂશન કર તારા છે. દશતુર આદરબાદગાંન તથા આદર મેહેર આફરીન પડશે, અને ગજશતે મજદકથી શવાલ કરશે કે મજબ ખરો છે કે ખોટો છે. પછે આતશ બેહેરામ અવાજ આપશે જે બુરી બુનીઆદનો મજદક ખોટો છે. હારેમનનો વારૂલું છે માટે તે નાપાકને ગરદન મરાવશે. અને વલી શવાલ કરશે અગર જો દશતુરને જવાબ નહી દીએ તો મારે એવો કુલ પાહાદશાની આગલ કરશે. અને ગજશતે મજદકને ૧૦ શવાલ પુછશે, દીનનાં જવાબ તેથી નહી દેવાશે પછે ખશરો નોશેરવાંન શીતાબીશે નેહેશત નાબુદ કરશે જંદ યસતનાં બહમન યશતમાં જાહેર છે. બીજી વેલા જરથોશતે હોરમજદને પુછયું જે, અને કહયું જે મને અમરગપણું આપ અને માહારા મોતનો દરવાજો બાંધ, એટલા માટે જે દુનીઆમાં શરવે કોઈ જાણે એતેકાદ લાવે, જે એ તાહારી ગુવાહીપર, પાદશાહા એમ જાણે એતેકાદ લાવે જે પેગમબર ખરો છે, એમ એતેકાદ લાવે. જેમ શાહા પેશુતન વીશતાશપને અમરગપણું આપીયું તે મજ મને આપ જેમાં ઉપર કોઇ દશતગરી કરી નહી શકે, જે આદમી દેખે અને હકીકત જાણે, જે મેં દીન તુથી કબુલ કીધી. કંઇ શક અને ગુમાંન નહીં રહે. અને ખાલેશ ભલી દીનપર રહે અને બુરીરાહાથી દુર રહે. દરશત દીનપર એકદીલ રેહે મારૂ અમરગપણુ તે મોજેજો થાએ.

પછે હોરમજદે જવાબ દીધો જે અએ જરથોશત અગર તુને બેહ. મોહોત અમરગપણું આપું તો તુરબરાતુર બેહ મોહોત થાએ કધી મરે નહી. અને રાશતાખેજ તનપશીન થાઈ નહી શકે જેવારે હોરમજદને મહુહેની વાત પરછી જરથોશતે શાંભલી ને તેવાર જરથોશતનાં મનને દોહલું આવીયું અને માઠું લાગીયું તે વાત ખોદાતાલાએ હરવશ્પ આગાની અકલે જાંણીયું જે જરથોશતે અંદેશો કીધો જે મને અમરગ નહી કરે. પછે અશો ફરોહરે જરથોશતનો હાથ પકડયો પછી ખોદાયતાલાએ હરવશ્પ આગાની અકલે પાણીની મીશાલે જરથોશતનાં હાથમાં મુકીયુ અને જરથોશતને હોકમ કીધો જે તું એ ખા. તે હોકમ થતાં વાર જરથોશતે તે ખાધું તે હરવશપ આગાની અકલ હતી. પછે દીઠુ જે હપત કેશવર જમીન માહે જે હરેક મણીશની જાત માહે મનશની ગવશની કુનશની માહે શીશી ભાતો રાખી છે. વલી દીઠું જે ચોપગાંએ ગોશપંદમાંહે તેને કેટલા બાલ છે રંગ તથા બાલ તથા ચાંમડી કેટલી છે. વલી દીઠું જે જંગલમાંહે ઝાહાડને પાંતરા કેટલાં છે. અને ઝાહાડને દાહાલ ગાંહાંશ કેટલાં છે. એવું ધોમાન લાવીઓ જે એ શી રવેશે દેખુચ. પછે આખર દાહાડે પાક આધા જુદી થાઇ. પછી જરથોશતે એમ જાંણીઉં જે ખુશ ખુવાબથી હું જાગીઆ પછે બેહું હાથ પોતાનાં મોહોપર ફેરવીઆ અને એમ કહીયું જે એવડોવાર એ શુતો છે ઉમહનોજ ખુઆબથી ગરા એક નથી પછી દાદાર હોરમજદે જરથોશતને પુછ્યું જે ખુવાબમાં તુંએ શું દીઠું. જરથોશતે જવાબ દીધો જે, એ દાદાર હોરમજદ વેહ અવા જુની દીઠું જે કોઇ એ દુનીઆમાં માલદાર હતા તે ખુશી હતાં તે રવાંન દોજખમાં હતાં. મારૂં દીલ તે દીઠાથી ઉકલીઉ અને બલીઉં અને ઘણાંએક આદમી દુરવેશ દીઠાં તેહોનનાં રવાંન દોજખમાં હતાં મારૂં દીલ તે દીઠાંથી બલીઉ જે તુને બખશાએશ લાઉ. પછે મેં ગણાંએક દુરવેશ દીઠાં તથા દીનદોશતભી દીઠાં, તેઓનાં રવાંન બેહશતમાં હતાં, તે દીઠાંથી હું ગણો ખુશાલ થાઇઓ. જે દરવેશ હતાં તેનાં ફરજંદ હતાં તે ફરજંદથી ખુશાલ હતાં. તેઓનાં રવાંન પાક ને જાએગ બેહેશતમાં હતાં તેને દેખી ખુશી થયા. ને વલી કેટલાંએક રવાંન મેં દીઠાં તે વગર માલદાર હતાં, હરેક દશતુર મોબેદની ગીબત કરતાં, અને મશખરી કરતાં, દશતુર મોબેદનો હક નહીં આપતાં, અને દેલ પોતીકું કુશાદ રાખતાં અને કહેતાં જે ફલાનાંએ એમ કહીને ફલાનાંએ એમ કીધું, એને પઇશો આપવો નહીં જોઇએ એ રીતે કરતાં, પોતાને માંથે કાવતરાં હતાં તે નહી ગણતાં, ખોદાઇ રાહા નહીં પીછાનતાં તેને ફરજંદ નહીં હવું. બેટો જોઇએ, બેટીએ પાર નહીં ઉતરે. અને શવાબનાં કામમાં હરકત કરે કોઇ દશતુર, મોબેદોને હેરાંન કરશે. તેથી તેની ગીબત કરશે. એ જરથોશત તે ખુરા વખતમાં

મોબેદ, હેરબુદને, દાવરને હશેઆ બાજીમાં કાહાડશે તેનાં રૂવાન દોજખમાં આજબ ભરીઆં દેખી મારૂં દીલ રગ ભરીયું અને દરદ ભરીયું થયું. બીજું તાં એજે ૧ ઝાડ દીઠું તે ઝાડને દાલ્ર ૭ હતી. ૧ સુનાની ૨ રૂપાની ૩ કાંશાંની ૪ પીતલની ૫ કથીરની ૬ પોલાદની ૭ મોલાં લોઢાંની. પછે ખોદાયતાલાએ કહીયું જે એ જરથોશત પેહેલો હીંગામની વાત કહુ તે પર છે. ૧ ઝાડ દીઠું તેને ૪ શાખ હતી તે ઈક ખશશની હતી, તે તુંએ ૪ દીશાએ દીઠી તે ઝાડ ૪ દાહાલનું હતું તે દુનીઆં છે. પછે જે તુંએ ૭ દાહાલ દીઠી તે શાતે હીંગાંમ છે. શુનાની શાખ દીઠી તે તું મારી હમ પુરશેશ પોહચ્યો અને દીન કબુલ કીધી, અને ગોશતાશપ તુંથી દીન કબુલ કરશે. અને જેહાંનમાં દીન ચલાવશે અને દેવને ભાંજશે, જમીન તલે ધંકાશે. અંધારાં ગંદી દોજખમાં જાશે, પાણી, આતશ જમીનથી પરેજ થાશે.

બીજી દાહાલ તુંએ દીઠી તે રૂપાંની છે. તે કેઆંની પાદશાહાની છે. જે તેને બહમન અશપંદીઆર કરી કહે છે. તે આદમી દેવ દરૂજને બંધ કરશે અને જેહાંનમાં ભલી દીન ચલાવશે. આશમોગ દેવને જેહાંનથી દુર કરશે.

તરીજી પીતલની દાહાલ દીઠી તે આંશકાંનીઆંની પાહાદશાહી. તે શેકંદર પેદા થશે, દરવંદની રાહારશમ પેદા કરશે, ભલી દીનને ખરાબ કરશે અને પોતે જેહાંનથી નાપેદા થાશે. વરશ ૩૦૦ લગે આંશકાંનીઆનું હીંગામ રેહેશે.

ચોઠી દાહાલ દીઠી તે કાંશાંની છે તથા પંચકુટની જે તુંએ દીઠી તે જેહાંનનો શમારનાર છે. અરદેશર પાહાદશાહી કરશે અને શાહાપુરશાહા જેહાંન શમારશે, અને ખુદાની ભલી દીન કબુલ કરશે, અને આદરબાદ તથા અરદએવીરાફ દીન શમારશે. આદરબાદ પંચકુટ ઉકાલીને પોતીકી જાત પર રેડશે અને દરવંદનાં દીલમાંથી ૧૭૦૦૦ બેહેદીનનાં દીલથી શક કહાદશે અને અરદાએવીરાફ દીન લાવેઆ તે પશંદ કરશે અને ભલી દીન કબુલ કરાવશે, દેવોને રાશત રાહા પર ચલાવશે.

પાંચમી કથીરની દહાલ છે. તે બહેરાંમગોરની પાહાદશાહી થાશે. જેરૂશન દીન તે રાહા પેદા કરશે અને હરેમંદ દરવંદ દોજખમાં જશે.

છઠી દાહાલ પોલાદની તે ખશરો કોબાદની પાહદશાહી થાશે, જેને નોશેરવાંન આદલ કહે છે તેનાં વખતમાં મજદક બુરી બુનીઆદનું થાશે. બુરી રાહ રવેશ ગણી ચલાવશે, હલાક થાશે.

શાતમી મોલાં લોઢાંની દાહાલ છે તે તાહારો હજારો આખર થાશે અને આખેર આવ્યું છે. એ જરથોશત અસફનતોમાંન તે શીહાદેવ ખોલે જાંમેનો શર અંગરનાં રેહેનાર તે નાપાક હશમ દેવને પેદા કીધેલો તે હશમી

તોલો કરી કહેવાય છે જે તે હશમનો તોલો તમાંમ જેહાંનમાં તમામ ઇરાંણમાં આવશે. જરથોસતે પુછ્યું જે એ દાદાર હોરમજંદ જે આખર હજારાનાં શર નીશાંન શી છે. દાદારે હોરમજદે જવાબ દીધો જે હરવેશપ આગાહાની અકલે જે જાહેર કરૂ આખર હજારાની નીશાન. આખર હજારો થાતાં હીંગામ જેવારે પોહોચશે તેવારે દેવ જેહાંનમાંથી દુર થાશે, અને શીહા જામેનો હશમી તોલો ખોરાંશાંની તરફથી ૧૦૦ ભાતનું તથા ૧૦૦૦ ભાતનું તથા ૧૦૦૦૦૦ ભાતનું ઇરાંણમાં આવશે, અને મશતક મુડેલાં બાલનાં તથા ખોલી કુમચીનાં શીહા જીનની પીદનાં રાખશે, અને નાંધલાં મનીશ હોશે તે દોલતે પોંહોચશે-મોટા થાશે, અને મોટી બુનીઆદનાં હશે તે નાંધલી બુનીઆદનાં થાશે અને નીચી બુનીઆદનાં તેને ગણશે. મોટી બુનીઆદનાં નાંધલાં કહેવાશે અને ગરીબને શકતી પોંહોચશે, અને બુધાની ઇજત નહીં રહેશે, અને દરીઆમાં ચાર ગણાં પેદા થાશે. કોઈ વેપારીને સુખ નહીં, અને માહોમાંહે વેપારીઓ ચોરી કરશે, તેની મનશની ફરશે. દરીઆવમાં ફેશાદ ઘણો થાશે. ખુશકીમાં વાતપાદા ઘણાં થાશે. પાહદશાહ બેદાદગર થાશે ને હાલી મહવાલી શરવે લુટવા આવશે, અને લુંટવા આગળ કંઈ દેખશે નહીં. હરેક વાતનો ખલક પર જુલમ થાશે. નવા નવા કર કરશે, હરેક વાતે રંજ પોંહોચાડશે. બાપ દીકરાને માનશે નહી, દીકરો બાપને માનશે નહી, ભાઇ ભાઇની ઇજત રાખશે નહી. બાપ બેટાને, માય દીકરીને બનશે નહી. બાપ માયને કવેધુ જાણશે તે બોલશે. તે બુરા વખતમાં ૧ મરદને ૪ તથા ૧૦ અશતરી વલગશે, અને પોતીકા મરદને મુકીને બીજા મરદ પાસે જાશે. તે વેળા મરદ જોરૂનો વીશવાશ નહીં કરશે. જોરૂ મરદને છલભેદ કરશે. જોરૂના મકર આગળ મરદ ગોલાંમની મીશાલે થાશે. છોકરાં માએ બાપને મોહોમાંથી બુરૂ બોલશે અને અનશાફ કરશે તે જુદાંનાં બોલનારનું કહીયું કરશે અને હશમ તોલાનો જોર વધશે, દેવોની મીશાલ ઇરાંણમાં આવશે. માબાપને દીકરો જથવથ બોલશે, તે બુરા વખતમાં ૧ મરદને ૧૦ અશતરી વલગશે, પોતીકા મરદને મુકીને બીજા મરદ પાસે જાશે. અને ઘણી ખરાબી કરશે, અને હોકમ ફરમાંણ કોઇ માણસે નહીં, અને ખોદાયની મેલવેલી ચીજ જેહાંનથી જશે. હરેક ચીજ જણુન તથા ઝાડને લાગશે કમ થાશે તે આંખર વેલામાં મરકી પેદા થાશે તે એવી જે જેનાં ઘરમાં ૧૦ માણસ હશે તેમાં પાંચ રેહેશે અને તેમાંથી ૧ રહેશે. અને બાજે ઘરમાં નહીંબી રહેશે. અને રામશની ખુશાલી જાશે. તાહારી દીન ખરાબ થાશે, અને આતશબેહેરાંમ ધાંકઆ રેહેશે. કમીતા મનીશ બુજરોગીએ પોંહોંચશે. દશતર મોબેદની ઇજત નહી રાખશે, હતોખશાંતી

બેહેદીન થોડુ શમજશે અને દશતુરોશે લડશે, તે વાત જુઠી તે બેશ ચીંશા પેશ જાશે. જે નુકશાંનની નીશાંન એ જે કશબ ભુંડો અને પડશે તે તમામ મકર હીલ્લાં ભરેલો, તે બોલશે જે જુઠું તેનું માનશે, શાચો દાવો મોબેદોનો રાખશે. પણ શરવે ફતવો કરશે. અને તે હતોકશાંનીનો અશનાવ હુશે દશતુંર તથા મોબેદ તથા બેહેદીન તેને બેહેદીનનું બોલવું ગમશે, હરેક વાતમાં ગુનાહ ઉંપજાવશે તે નાપાક આગળ ભલાનું ચાલશે નહીં. તે બેહેદીનને હું તજારક દેવાડશ. હોકમ દશતુર મોબેદને જે કરશે તેને પુછશ. તે બુરી વેલાની નીશાંન એ જે દશતુર મોબેદ પર બેહેદીન હોકમ કરશે, અને બેહેઢીનનું કહીયું ચલાવશે. તે બેહેદીનને સજા તજારક ખુબ દેશે. એ વેળા એવી બુરી આવશે, બંદો હોશે તે શાહેબ થાશે અને શાહેબ હોશે તે બંદો થાસે, અને મોટું સેહેર હોસે તે ગામડું થાસે, અને ગાંમડું હોસે તે મોટું સેહેર થાસે, અને મોટાં સેહેર હોસે તે નાપેદા થાસે અને ગરક જાસે. બગર મકશુદે એક પાહાદશાહા થાસે અને તેને દોશ પાહાદશાહા કહેવાસે જે કાંઇ ચીજ હોરમજદની છે તે **કુશાદ દવારશની** બહરમનો કરનાર ફરેબનો દેનાર દેવોનાં હાથમાં પડસે. અને શીહાં જામેનાં ફરેબનાં દેનાર છે, તે બીજા કાંઇ નેકી કરસે તે રદ કરસે, અને શરને ખુશી નહીં રાખસે રદ કરસે. અને અમલ કુલ રવેશ જુઠી કરસે અને સરવે ખુબી નહીં રાખસે, અને બુરાઈ તથા ખુવારી તથા જુઠાંનાં બોલનારને વલબે કરી જાણસે અને હાથ પર હાથ કુલ આપસે તે પાલસે નહી અને ઘણાં મકરને ફરેબ કરસે. અસોને આપતાં કાહેલી કરસે અને દરવંદને આપતાં વાર નહી લગાડસે અને બેહેદીનની મનસની ફરસે અને પઢનારની હશાબાજી કરસે. જંદ અવસ્તા પઢવાનાં બોઝા કરસે. અને ખોટું પઢસે અને જુઠું ચાલસે. શારો દેખીતો હસે તે ધુતારો દેખીને શારૂ કહેસે જે પઢનાર સારો છે, અને તેનાં છલ ભેદની વાત શરવેને ગમસે, અને જે ગરીબ મોબેદ પઢનાર હસે તેને સબુરી હોસે, પઢવે જંદ અવસ્તા પઢીને મને યાદ કરસે, મને વીશરસે નહી તે બુરા વખતમાં તેને ખોટો કરસે. એ જરથોશત બુરા વખતમાં બેહેદીનનું દીલ દશતુર મોબેદ પર નહી રહેસે અને પઇશા આપીને ખખરસે અને ગુનેગારોને આપીને ખુશાલ થાસે તે નાપાક બેહેદીનને તજારક દેવાડસે. તે વખતમાં દશતુર મોબેદનાં તે બેહેદીનોનાં હુકમ પર ચાલસે નહી, અને બેહેદીન મકર હીલા ભરેલો થાસે તેને સરવે શારો કહેસે. તે ધુતારો હોસે અને તે બુરા વખતમાં આદમી ફરસે બે ઇમાન થાસે તેથી ઘુરાંણ જમીનમાં ઉજડ અને ખરાબી થાસે, અને તે વખતમાં આદમી ફરેબનાં દેનાર ઘણાં થાંસે અને બુરાઈ કરશે. ભલી ભલી બુની-

આદંનાં હસે તે બુરાં ફેલ કરસે. અને બીજાને શર બોહોતાન ચઢાવસે, એકએકની સાથે લડાઇ પડસે અને કહેસે જે એ બુરો ને હું રૂડો. તે મોહોટાને કહી શકસે નહી, ગરીબની બદફેલી જાહેર કરસે પોતીકી બદફેલી ઢાંકસે, બીજાને ઉઘાડસે. અને એકના મોહો પર દોશતી રાખસે અને દીલમાં દુશમનાઇ રાખસે. એક એકનું બુરૂ ચાહસે, હોરમત, ઇજત, શરમ, જેહાંનથી જાસે. અને મેહેર દરૂજ જેહાંનમાં ઘણી પેદા થાસે, અને દરવંદી ગણી પેદા થાસે. બાપની મેહેરબાંની બેટાથી ઉતરસે અને ભાઇની મેહેરબાંની ભાઇથી કમ થાસે, અને બેટીની મેહેરબાંની માએથી કમ થાશે. અને શુનું રૂપુ બુરી બુનીઆદને હાથ જાસે. અને દોશતી તે સાથે કરસે તાં દરવંદને બેહેદીન જોસે નહીં. અને બેહેદીન દરવંદની જોરૂને શદરો પેહેરાવીને બઇરી કરસે, તેસે બુનીઆદદાર વેવાઇ થાસે, તેવારે તેસે ગણી દોશતી મોબત થાસે કાંએ જે તે પાસે માલ છે અને હતોખશાંનીને ઘર દશતુર મોબેદ બેટી દેસે તથા બેટા દેસે. કાએ જે તે નીચા કશબનો ધણી મોટો કહેવાસે. તે દરવએ કરીને પોતીકી બુનીઆદ બોહસે અને દરવંદોસે દોશતી કરસે કાંએ જે તે પાસ માલ ઘણો છે. અને થીંગણા મનીશ ગણાં પેદા થાસે તેથી વફા નહીં પામસે. તેની નીશાંન એ જે કદે નીચો ગરદને કોતા, હાથ ટુંકા, પગ ટુંકા એ રીતનાં મનીશથી જે બીહસે તે જીવસે. અને વલી કહેઉં જે એ જરથોશત આખર હજારાની નીશાંન એ જે ખુરસેદની ચાલ ઘણી વધસે, અને વરશ મહીનો દાહડો ઘણો ઓછો થાસે અને આશમાંન ઉજેદ થાસે, એવું જાણે આશમાંન નજદીક આવે એ રીતે દેખાસે. અને અશપંદાદમદ અમશાશાપંદ ગણો ટંગ થાસે, અને તે જમીન પર નશા દશતાંન ઘણું પેદા થાસે, અને જમીનનું ફલ કમ થાસે અને ઝાડ વધસે નહીં ને મેવો કમ થાસે. અનાજનું બી સોએ પાંચ વાવસે અને સેરડીનો રશ કમ થાસે અને તેમાં શવાદબી નહી, અને ગોશપંદને દુધ કમ થાસે, અને વરધી નહી મળે, અને વધસે નહીં તેથી આદમી ધરાએ નહી, અને વળી તે ચીજ પાક નહી રેસે. અને ગુમાન અને ફરેબનાં દેનાર ગણાં થાસે અને તે ચીજમાં કાંઇ લેજત નહીં. અને દીન દોશત કમ થાસે. અને પોતીકા જીવ પર મેહેર કમ થાસે. રોટીની હોરમત નહીં રાખસે અને નાહના હોસે તે દોલતમંદ થાસે. પછે દોલતે પોહોંચસે તે વાર નજર ફેરવસે. કેસેજે એ ભાવન કાંથી આવી કાંહાં જાગે છે, એ તરે દીલમાં લાવસે અને જે મેહેરબાંન દાવર હસે તે તેને બુરો કરી જાણસે, અને જે દાવર બુરાં ફેલનો ધણી છીનાલને નચાવશે તે રૂડો કહેશે દીન દોશતને હેરાંન કરાવશે, તેની અદેખાઇ કરશે, દશતુર

અશોથી થોડાં કામ થાશે. દરવન દીનનાં દુશમન ઘણાં થાશે અને જે દીન દોસ્ત હશે તે ઘણી રંજ ખેંચશે. અને નશા ઘોનાર તે વખતમાં ઘણાં થાશે. અને નશો પાણી આતશમાં મેલવશે અને તે રવા રાખશે, અને નશા દશતાનથી પરેજ નહીં રાખશે, અને તે કાંમ સવાબ કરી જાણશે. અને બુરાઇ તથા દોજખની રાહ રવા રાખશે અને માજદીઅશનાં બેહેદીનો મોબેદો વોહણે ચદશે, આંવાં બાનુને તે નાપાકી, થુક, પીશાબે, ગોસલે, ખરાબ કરશે. દરવંદનું ખાણું ખાશે, પાણી પીશે, ને બે બાજે બોલશે અને બેહેદીનને જુદું શમજાવશે; જો દીનને ખાતર કરૂં અને પોતીકા રવાંનને દોજખની તરફ કરે છે. તે વેલામાં અશંતોશ દીનમાં ખરાબી માહો માંહે કરશે, અને હુશમી તોખમનો તોલો તેથી તમાંમ ફેશાદ પેદા થાશે અને હુશમી તથા શીહા તોખમનાં ઇરાંનમાં પાદશાહી કરશે. અને તે વેલામાં દીનદાર મરદ ઇજિશને કરશે તે પાક નહીં હોએ, તે અવાવ થાએ તેટલા માટે જે દીનદાર આદમી જાં પાવ ધરશે તાહાં નશો હોશે તેથી પરહેજ કરશે, પણ પરહેજ થાઇ નહી શકશે. કાંએ જે જગો નહીં જે પગ મુકે. જેવાર બરશનુમ ગાહાથી બરશનુમ લેશે ને આવશે તેવાર નશો અદકવાથી પરહેજ ગણી કરશે પણ શાથી દુર નહી રહી શકશે. જેવાર દરેમેહેરમાં ઇજશને ખાંને જાશે તાંહા બરશનુમ ઉઘાડી ધરી ઇજશને દરૂન ઇજશે જે શરવે ઉઘાડી બરશનુમા દેખે તે રવા રેહેશે. તે બુરા વખતમાં ભુડાં મનીશની તારીફ ગણીજ થાશે અને કરશે, અને પાક દીનદારોને કોઇ નજરમાં લાવશે નહીં. અને દીનદાર આદમી ઘણાંજ થોડાં થાશે, અને મોબેદનાં બરશનુમ બોલતાં બોલતાં ભાગશે તેની રૂશવાઇ થાશે અને જેનું કાજ કાંમ ચાનશે કાંઇ વાખો થાશે. બેહેદીન નેઆએ કરશે જે દુશમનાઇ છે એવું કરશે. ભલુ કાંમ કરતાં ચારો હાથ નહીં ચાલશે અને દુનીઆમા ૧૦૦૦૦ આદમી તથા ૧૦૦૦૦૦ લાખ આદમીઓ માહે કોઇ એકજ દીનદાર હશે જે દીનનું કાંમ કરી શકશે, અને દીનનું કામ ઘણુંજ મુશકેલ થાશે. શરવે કોઇ આતશ બેહેરામ જાવાપર ઇનતેજાર રેહશે પણ દેખી નહીં શકશે. એવો દર પોહોંચશે, એવી નાશા નાશ પડસે જે સો આતશ બેહેરાંમ એક જાગીરમાં દુગરમાં તોલે મળસે. તે વેળા એવી મુશકેલ થાસે જે કાથી બોએ તો નહી મળસે. જો કાથી હાથ લાગી હોએ તો તે અવાવ હોએ અને ખજાંનો જે જમીનમાં દાટેલો હસે તે નાપાક દરવંદને હાથ લાગશે તેમ તેમ માલ ખજાંનાથી તે નાપાકોની આંખ નહીં ધરાએ અને ધન માલ તોલે કીધું ધરાએ નહી. જોરૂ તથા મરદ જે કોઇ નેક કેરદાર ખુબ બુનીઆદના હસે તે કમતર શવાબ કરસે. હતોખશાંની બેહેદીન ઓહોંતાઓ ઉપર કામ કેરસે કરેબ ભરીઆ, માથાં ઉપર બાલ, મોહોમાં

બાંજ ને શીખામન દેસે, મોબેદી દાવો રાખસે. જુઠું ચાલવું, જુઠું બોલવું, જુઠું પઢવું એ તરેહ ચાલસે જે મોબેદોને ગતે નહીં. બેહેદીન તેનું જુઠું બર લાવસે અને અશલી રાહ દરૂશત હોએ તે ભાંજસે, અને સેહેરમાં તે ધુતારો કોઇને કાંઇ પઇસો આપસે નહી. એ વેળા એવી બુરી આવસે જે તે વેળામાં છેડેલી કસતીએ ચાલશે. પણ કાંઇ ગુનાહથી બીસે નહીં. કમ અશીલ બુરાઇનાં કરનાર હોશે તે મોટાઓની બેટી માંગસે અને પાકોની બેટીસે પરણુસે. જે બુજરોગીનાં ધણી હોસે તે દુરવેશીએ પોંહોંચશે. અને બંદા તથા હલકા મણીશ પાદશાહીએ પોંહોંચશે. પાક દીનદારોનું કેવું માણુશે નહીં. અને તેની વાત જુઠી કરશે, અને જુઠાંનો બોલનાર અને તોનાનો કરનાર છોકરવાદનું કહ્યું રાશત કરી જાણુશે. અને હરેક વાતે જુઠું બોલવું, જુઠા શેગન ખાવા ગણું કરશે અને હુરમજદ ઉપર કહેર ગણો કરશે, ગોશો કરશે, જુઠા શોગન ખાશે, અને જે કોઇ મોબેદ તથા બેહેદીન નેકી કરશે, રાશતી રાહ અખતીઆર કરશે અને તેની રાસતીની તરફ કોઇ નહી કરશે અને તે ખુબીની જગે તોમત જોડશે. પછે હેરબુદ એક એકની દુશમનાઇ કરશે. એક એકની અદાવત પર ગણા ઉઠશે. જેવુ બુરૂ તાંહા કહેશે તેવું શીતાબ થઇ આવશે, તે વેલામાં હેરબુદ તથા બેહેદીન ગણું કામ હારેમનનાં કરશે. એક એ જે કોઇનું ઇજતું લઇને ઇજશે નહી. તેના પઇશા હરાંમ ખાશે, તે વેલાનાં બેહેદીન એવા નાપાક થાશે જે દશતુર મોબેદપર હોકમ કરશે અને પોતીકો બોલ ઉપર કરશે પોતાને ભલો કેહેવાડશે અને દોજખનો દર પણ નહી રાખશે.

એ જરથોશત શપેતમાંન તારો હજારો પુરો પડશે તેવાર તમાંમ આદમી આજ દેવની પરશતરશ કરશે તે એજે આજ દેવનાં લોભમા પડશે.— આશમાંન ઉપર ઘણું વાદળ થઈ આવશે, ગાજવીજ ગણું થાઇ આવશે, પણ વરશાદ નહીં વરસશે; એટલા માટે જે નાપાકી તથા બુરાઇ જમીન પર ગણી દેખશે માટે વરશાદનો ફ્રેશતો ગાજવીજ કરશે પણ જમીનપર પાણી નહીં નાંખશે અને તે વેળામાં તાપો વાઆ તથા ઉઆંગાર વાઆ ગણો વાજશે, ઉનાળામાં લુ ઘણી પડશે અને શીઆલામાં તાઢ ઘણી પડશે. અને વાઆ એવો વાજશે જે તેથી મેવો તથા બીજ તુટી પડશે પરાંગદે થાશે. અને વરશાદ પોતીકા દહાડા ઉપર વરશે નહીં અને વરશે તો ખરવશતરનો વરશાદ વરશશે. તે વેળાએ ગાએ વાછરડાં કમ જણુશે. ભાર ખેંચે તે ગોશપંદને કુઊઅત થોડી હોએ અને ગોશપંદ મોટું નહીં હોએ, અને દુધ પણ ગોશપંદને ઓછું હોએ અને તે વખતમાં આદમી ગોધાંઓને ભણજાવીને જલદ ધાણા.

કરશે તેથી ગાએ ગોશપંદની ઊતપનતી થોડી થાશે. અને લડાઇનો થોડો ભાર થોડો ખેંચશે. આદમીમાં કમ હુનર હોશે. તે બુરા વખતમાં આદમી કુશતી બાંધશે, તે દરવંદોના હાથથી મોત માંગશે, અને ખુશાલી રાંમશની હાથથી ઉઠશે. જુવાન મરદોને ખુશાલી જોક નહીં આવશે. નરોજ કરવા દેઆનત કમતર કરશે. ખોદાયની અને ફરેશતાની ઇજશને વંદીદાદ હર જગે ઘેરેઘેર કરેશે, જે ઇજશને ઇજશે તે શક ભરીઆં ગોમાંનશે ઇજશે અને એમ બી કેહેશે જે ઇજવું ખુબ નથી, રવા નથી. એ રીતે ઇજિનાનું કાંમ શક શાથે કરશે. જે કોઇ ઇજનું ઇજાવશે તે ઇજાવીઆ પછી તેની મેહેનત મશ્કત નહીં પાંમશે. અને હરેક બેહેદીન શવાબનું કમતર કરશે. અને જે કોઇ શવાબનું કામ કરવા જાશે તે વલી પશતાશે જે મેં કાંએ શવાબ કીધું, અને જે આદમી ઘણી ઇજશને કરશે, ખોદાએ મજબ ઉપર ચાલશે તે ઘણો હેરાંન પશેમાન થાશે, અને દાનાંવ બુજરોગ આદમી પોતાનાં દીલ દીદારમાં શરમ મરવત નહીં રાખશે. અને દોલતમંદ હશે તે ગરીબ બીચારો થાઇ કમ અશીલોની આગલ જોડશે. અને તેની કર કાહી કાહાડશે અને જે કોઇ દુનીઆમાં નામ ઉઠાવશે અને જે કાંઇ દુનીઆમાં ચીજ હશે તેમાં કમી થશે અને હરેક ચીજને મુશકેલ પોહોંચશે. અને અશ પંદાદમદ મહુ ઘણું ખોલશે, ઘણોએક ગંજ દરવંદોને હાથ પોંહોંચશે, અને તેથી ગુનાહનાં કરનાર ઘણુંજ કરશે તે તવંગર થાશે. અને પાદશાહી ઇરાંણીઓને હાથ પડશે ઘણું લગે રેહેશે. તુરકનું તથા રૂમનું તથા આરબનું તથા ચીનનું તથા ફરંગીનું તથા કાબુલનું તથા ખરમાહીનાં તથા કીસ્તકીલીઆનું તથા ઉજબખનું એટલાં શેહેરનું લશકર દોર કરશે. ઇરાંણ જમીન પર અને પાહાદશાહી તુરકને તથા આરબને માંજંનદરાંનીઓને હાથ પડસે તે જેહાંનનાં બુરા પાહાદશાહા હોસે. તે નાપાકોને ખુન કરવા તથા મારવા તથા મરાવવા તેઓની નજરમાં હાંસેલ આશન કરી જાણસે. પારશનાં મુલકમાં જે ઘર જગો છે તે કબજ કરી રાખસે તાંહાનો ખજાનો તેને હાથ પોંહોંચસે. ઇરાંનમાં કલી નીશાંન તથા કાલી મોજાંનાં પેહેરનારનું હોકમ ચાલસે. તેવા પલીદ થાસે, તે ખજાનો શુંનાં રૂપાથી તેઓની આંખ અંધારી નહી થાસે જેહાંનનો માલ ટોલે કરીને જમીનમાં દાટસે દાટીઓ રાખસે. તે નાપાક બુરા ફેશાદનાં ઘણું થાસે. પાહાદશાહા તથા હાકમ તથા અમલદાર શારા હોસે જેની ખુબી કેહેવાસે. જે સેહેરને વખાણસે તે સેહેર તથા ગામડું તાંહાંનાં અમલ અકર. નવા નવા કરસે, આદમીઓને હરેક વાતે બેજાર કરશે, રઇયતને લુટસે, પોતાને શારૂ કેવડાવસે, અવલા અવલી રાહનાં કરનાર. પોતાનું રૂડું કેવડાવસે. શંરવે વેલાએ. બેહદીન શું આરબ, તુરકી, હીંદુ કોલાપોશ એ

શરવેની મનશની ફ્રસે, ફેશાદ કરનાર થાસે, પરેશાંન વા તેના લશકરમાં ગણી હોસે તે સાથે બદફેલી કરસે તથા છીનાલી જેહાંનમાં ગણી થાસે. ગોલામબારગીનાં તથા અવલી રાહાનાર કરનાર ઘણાં થાસે દસતાન બેઠી જોર સાથે બદફેલી ઘણી કરસે. અને નાપાકી દશતાનથી પરેજ નહીં રહેસે. અને બેહેદીન હશુદાઇ કરીને જુદા માએના કરસે. તે બેહેદીન રવા રાખસે. એવી ખરાબી ફેલ જેહાનમાં ઘણી થાસે. તે આખર વેલામાં દાહાડો તથા રાત ઘણીજ રૂશન થાસે. અને આફતાબી ચાલ ઘણીજ વધસે. વરશ, દહાડો. મહીનો ગણો ઓછો થાસે અને નજુમનાં જોનારને તફાવત પડસે અને જેહાંનમાં ઘણીએક ચીજ કમીનો થાસે. અને જેહાંનમાં મોત તથા હાજત કેહેતી ખરાબી હારેમનની મોરાદ પોંહોંચસે. દેવ દરૂજ આદમી ઊપર બુરા ગાલેબ ઘણાં થાસે.

એ જરથોશત દીનની વાત જંદ અવસ્તા તથા પેહેલવી હેરબુદોને શીખવજે જે પોતે ખુબ કામ કરે અને આદમીઓનેબી શીખવે, અને જે કોઇ દીનની વાત નહી જાણતાં હોએ તો જાણે જે રસ્તાબેજની ઉમેદ રાખીને રવાંનનો અંદેશો કરે. એ બુરા વખતમાં બેહેદીન મોબેદોની હર વખતે ખોદ કાહાડશે. પછે તે નાપાકોનાં સરવે સવાબ લુટીને મોબેદોને આપશ, અને ખુબ તજારક દેશ જે બેહેદીન થાઇને દશતુર મોબેદનો ઇનસાફ નહી કરે. પછે નાપાક બેહેદીનને તજારક દેખાડશે, એટલા માટે જે તેહેરાંનીઆ વખતમાં દીનદાર આદમી ઘણી રંજ ખેંચશે, દરવંદોથી તેને ઘણી મુશકેલ પડશે, પણ તેની જાતને રોજ શકતી પોહોંચશે, તો રવાંન બેહેશતમાં ખુસાલીશે આસુદ્દ થાય, અને જે કોઇ પોતીકી જાતને આજાર નહી દેશે તે બેહુ જેહાંનમાં પોતીકાં રવાંનને દરવંદ આજાર ભરીને હું હાજેતમંદ કરશે અને ફેકરમંદ થાઇને રંજ દેખશે.

જરતોશતે હોરમજદને પુછયું જે તે બુરા વખતમાં જે કાઇ પોતીકી કેરદાર ખુબ રાખશે, અને ખોદાની બંદગી ઘણી કરશે અને કમર ઉપર કુશતી રાખશે, અને ભલી દીનપર બેશક હોશે, અને ખેતીઓદથમનું શવાબ કરશે, અને દરૂન બરશનુમશે ઇજશે તેનું કેમ હોશે. કેમ મુજબ પાંમશે.

હોરમજદે જવાબ દીધો જે એ જરથોશત એ વેલામાં અશો મરદ જે કમરપર કુશતી રાખશે, અને બરશમ બાંધી દરૂન ઇજશે અને ૧ અશેમવોહુ, પડશે તોબશવાબ, એટલો આપશ જે ગોશતાશપનાં વખતમાં ઇજશને.

ઇજાધીઆનાં જેટલો શવાબ લાગશે. જે કોઇ જમવાની બાજ ધરીને જમશે, તેને એટલો શવાબ લાગસે જે ગોશતાશપનાં વખતમાં દોઆજદહ હમાએશ ઇજાવે તેટલું શવાબ લાગસે. જે ઇજિશને ઇજાવસે, તેને હમાએશ ઇજાવી-આનાં જેટલો શવાબ લાગસે. તે વેલામાં જે કોઈ હોરમજદ યસત પડસે તેને દોઆજદહ હમાએશનાં જેટલો શવાબ લાગસે. જે કોઇ તે વખતમાં બેતું એોદથમનું શવાબ કરસે, તેનું રવાન અસો પાક થાસે. ૯૦૦૦ વરશ જે આદમી દુનીઆમાં પેદા થાઇઆ છે અને ગુજરસે તે ૯૦૦૦ માં જે આદમી આખર હજારાનાં ઘણાં સખત હોએ. અને એક એક સાથે જેહાંન કરનાર હોએ અને તે વખતમાં દીન નહીં જોસે, પોતાની બોલી ઉપર કરવાને ખાતર હતોખશાની બેહેદીન મોબેદો તથા દશતુરો પર હોકમ કરસે, અનેં પઢસે તે દેલ શાફ નહીં, અને દશતુરોની ખોદ કાહાડસે, અને દશતુર મોબેદોનો અમલ પોતે કરસે, જે મારૂં કહુું ખરૂં. તે હતોખશાંની રાતદન દરવંદોસે વાપરસે, મુવાનાં કપડાં ઘરમાં લાવસે, અને દશતુર મોબેદો શામેલ રહેસે, તેથી મોબેદી કરસે, પણ ગુનાહ બેહેદીનને શર, હું તજારક દેખાડશ, દોજખનો આજાબ દેખસે. દીનદાર મરદપર રંજ શકતી એવી પડસે જે તેવી રંજ શકતી જુવાક અફ્રાશીઆબનાં વખતમાંભી આદમીપર નહીં પોંહોંચી હતી, તેવી રંજ મેહેનત તે વખતમાં દીનદાર મરદોપર પડસે. તે બુરી પાદશાહીમાં ઘણા જખમ ખુન થાસે અને સેહેર ઉજડસે. જેવારે તારો હજારો આખર થાસે તેવાર ઇરાંનનો મુલક ઉજડસે. તેનાંની આલમ દોલત પદશવારગડની તરફ પોંહોંચસે, દીન તથા પાદશાહી તે નાપાક ખરાબ કરસે. પછે જગા પદશવાર ગડથી તે નાપાક એમ દુર થાસે જે ઇજશને ખોદાયની મોબેદ ઇજસે. તેથી તે નાપદા થાસે અને તાંહાંથી નાંહાંશસે.

વલી હોરમજદને જરથોશતે પુછ્યું જે હેવા હીંગામમાં ફરી ભલી દીન આશાશતે કોણ કરશે, અને તે કાલે લેબાશનાં ખોલલે જામેનાં જાહેરદેવોને ફનાહા કોણ કરશે, અને તે વેલાનાં આદમીની ઊમર તુંકી કર જે એવડો ગુનાહ નહી કરે, અને પોતાના હેશાબ શુમારનું કાલુ નહીં કરે.

હોરમજદે જરથોસ્તને જવાબ દીધો જે કાળા લેબાશના પેહેરનાર **હશમી** બુનીઆદનાં અને તબેરશતાંનીની પાસે દાનેશત સેહેર છે, તે સેહેર સફેદ દેવની નીશાંન કાલે રંગની કહી છે. અને બીજી નીશાંન એ જે, લાલ કપડાં, લાલ કોહેલા, લાલ નીશાંન એવા હોએ. તે પેદા થાઇઆની નીશાંન એ જે, આશમાન કાળો થાએ, અને પાણીનો રંગ ફરે, અને ખોરાશાંનની જમીન ધુઆરધાર, કાલે રંગની, અંધારી, અને બરફ તથા તાહાડ ધુઅર ઘણો થાએ; અને તમાંમ જમીન કાલે રંગે અંધારી થાસે. અને અર ભાંતે આફતાબ નીશાંની દેખલાવસે. તે પેદા થાસે એવી જે કોઇએ કદી દીઠી ન હોએ, તેવી નીશાંન આંશમાંનપર દેખસે, અને જેહાંનમાં મરકી તથા કેહેતી તથા મુશકેલી ઘણી થાસે. વરશાદ નહીં વરશસે, જો વરસે તો થોડો પાક થાએ, અને કેથે નહી થાએ. કોઇના જીવને કરાર નહી, હાકમનો દંડ ઘણો તેથી સુખ નહીં, અને હરેક જગો લડાઇ પડસે. અને ઇરાંનમાં લડાઇ પડસે તેથી આરાબ ઘણાં મરસે. તે લડાઇમાં આરબ નાહશસે, હલાક ઘણાં થાશે. તે વેલામાં હશમનાં તોલાનાં ભાંજનાર કોઇ નહીં રહેશે. ઇરાનથી નાંહાંશી પદશવારગદની તરફ નાશશે. અને બાજે લોક ડુંગરની કદણે નાંશશે, અને ભાતભાતની ફીકર કરશે. તેઓ ઉપર રંજ શક્તી ઘણી પોંહોંચશે, એવી જે જોરૂ પોતાના ફરજંદને શંભાલે નહી. પછે ભરશપત શેતારો કુઉઅત પકડશે અને શુકરની કુઉઅત કમ થાશે. તેવાર શદશ પીકશતલાંઆંનાં ૧૦૦ ભાતનું તથા ૧૦૦૦ ભાતનું તથા ૧૦૦૦૦ ભાતનું ઇરાંનનાં મુલકમાં દોડશે. આલમ દોલત ઉભી રાખશે, ઇરાંનમાં ઘણી નાશાનાશ પડશે. શોસસ્તાંન સુરીનાં મુલક તાંઇ હશમની બુનીઆદ કાલે લેબાશનાં પેહેરનાર જાશે. માંથા ઉપર કાલી આલમ દુલત રાખશે. શદેશ પીતે તુરકીને કેહેશે તે બેહુ એકાએકની નજદીક પોંહોચશે, અને ઇરાનનાં અશો તે વખતમાં અહુરમજદની દરગાહામાં દાદ માંગશે, અને તરાગ લશકર ઇરાંનની તરફ આમણશામુંણ આવશે.

રૂમી લશકરમાં તથા તુરકી લશકરમાં આલમ દોલત ઘણી થાશે. અને ઇરાનમાં ઘોડાને શુંમે ઉજાડશે અને તુરક તથા રૂમી આરબ ભારી લડાઇ એકએકશી કરશે.

•. અને મોટી ભારે લડાઇ દુનીઆમાં વાર ૩ થાશે. એક લડાઇ પરથમ તેવારે થાઈ કાઉશ પાહાદશાહા આંશમાનની પાહાદશાહી લેવા ગયા હતા તેવાર શતર પઇઆં તાઇ, બીજીવાર અરજાસ્પે અફરાશીઆબને તોખમનું તે દીન ભાંજશે. તેની ખાતર ગોશતાસ્પ લડશે અને તે લડાઇમાં ગોશતાસ્પનો દીકરો મારેઓ જાશે. તે લડાઇ ઘણી મોટી ઉઠશે. ત્રીજી વાર આખર હજારાની લડાઈ પડશે. બેહેરાંમ વરજાવંદના વખતમાં ભારી લડાઇ પડશે અને બેહેરાંમ વરજાવંદની પેદા થાવાની નીશાંની એ જે, જે રાતના બેહેરાંમ વરજાવંદને જનશે, તે રાતના શેતારાનો વરશાદ વરશશે. આંશમાંનથી જમીન ઉપર વરશસે શને ૧૩૭૩ એ દને રોજ ૧ હોરમજદ માહા ૮ મો આંવાં વરજાવંદ માએથી તે દાહાડે જણસે. તે રાત સેતારાનો વરશાદ વરસશે તેવાર ખબર માલુમ થાશે. જે શાહા વરજાવંદ પેદા થયા. અને તેની પરવરશનાં કરનાર કમીકા શેહેરમાં તાંહાં જોરૂની પાહાદશાહી જંદન બેહેરાંમ વરજાવંદ જણશે. એ દન એક પેહેલી નીશાંન એ જે, આંશમાંનથી શેતારોના વરશાદ વરશશે. બીજી નીશાંન એ જે, તે દન તેનો બાપ મરશે. વરજાવંદને જનેઆ પછી મરશે. તે દન રોજ ૨ જો બહમન માહા ૮ મો આવાં, તથા બહમન યસતમાં રોજ ૧ હુરમજદ તે દન મરશે. અને તેનુ શેહેર હીંદુસ્તાનની વચમાં તથા ચીનની વચમાં એક શેહેર કહીયું છે, તેનું નામ કનીકા શેહેર. અને તે શેહેરની પાહાદશાહી હીંદુની જોરૂ કરશે—તેટલામાં તે જે શેહેરનો પાહાદશાહા બેહેરાંમ વરજાવંદ માએથી જણશે. પછે ને તે દન તેનો બાપ ગુજરશે. માટે હીંદુ જોરૂ હેરશેની પાહાદશાહી કરશે. અને તેનું નામ વરજાવંદ બેહેરાંમ કરી કેહેશે. અને વરજાવંદ તેની કદક, તેનું નામ બેહેરાંમ અને તેનો કબીલો તેનું નામ શાપુર કરી કેહશે, તે જોરૂ તે શેહેરની પાહાદશાહી કરસે, અને વરજાવંદ છોકરાને પાલશે. જેવારે વરશ ૨૧ નો થાશે તેવારે લશકર જોડશે. અને તેની હીંદોસ્તાનથી લશકર આવશે. ઘણું એક લશકર ટોલે કરશે, અને તે લશકરમાં આલમાં દોલત ઘણી હોશે. લશકર હીંદુસ્તાનનું, તથા ચીનનું બેહેરાંમશાહાની શાથે તે લશકર લઇને બલખ બોખારાની તરફ જાશે, અને હર તરફ દુનીઆમાં નજર કરશે. તેનાં લશકરમાં ચીનની તથા હીંદની આલમ દોલત ઘણી જલ કરશે. જેહેવી જે કોઇ આલમ તે દોલત દેખશે. તે ખુશાલ થાશે. પછે

જેવારે ભરસ્પતની ચાલ ઉપર વાગશે અને શુંકરની ચાલ ખુટશે તે વેલાંપર તું એક દેખશે, એ જરથોસ્ત જે તે દીનદાર, મરદ ૧ પદશવારગદમાંહે કમર બાંધશે અને પરસતાંન, શીસતાંન તથા ખુરાશાંનમાંહાં પદશવારગદથી લશકર આરાશતા થાસે અને ૩૦૦ શેહેરથી આલમ દોલત જુદી જુદી જગા કરશે, અને હરાક તથા બરસતાંન, તબરસ્તાંન, માંહાં તથા કોશતાંન. તે શરવેનું લશકર આવશે. તે લશકરમાં છોકરૂ ૧ નામનું ઉઠાવનાર તેની સાથે હાંમેઠાંમનું લશકર તે શરવે લશકર કેરમાંણની આશપાશ તોલે થાશે. તાંહાં ઘણીએક લડાઇ પડશે, ઘણુંએક લશકર મરાયું જશે. અને હશમના ટોલાંનો મારનાર ઇઆને વરજાવંદ બેહેરાંમની લડાઇમાં લશકર ખુવાર જંમનું તથા તુરકશતાંનનું તથા ફરંગીનું તથા કોલાપોશનું તથા રૂમનું તથા આરબનું લશકર એ શરવે લશકર ટોલે મલશે. અને લડાઇ ૩ મોટી ભારી પડશે. અને તમામ ઇરાંણ શેહેર ખરાબ અને પાયામાલ થાશે. એ લડાઇ તથા લશકરની બીકથી "આતશ બેહેરાંમને" પદશવારગદ લેઇ જાશે એટલા માટે જે ઇરાંણમાં કોઇ આદમી રહી નહી શકશે. બાજે લોકો ડુંગરમાં તથા બાજે લોકો ડુંગરને કીનારે ગાર તથા ખદકમાં રેહેશે. અને બાજે કેટલાએક પદશવારગદમાં રેહેશે અને ઘણીએક શક્તી રંજ થાસે, આદમી ઉપર થાશે. જેનો હદ હીશાબ નહી થાસે.

જરથોશતે પુછયું જે એ દાદાર તે નાપાક વેલામાં તે લશકર તાંહાં ઘણું હશે. અને બેહદ બેશુમાર લડાઇના કરનાર તેનાંનો વખત આખર શી રીતે થાશે. અને તે વેલામાં દીનની યારી કોણ કરશે.

હોરમજદે જવાબ દીધો જે એ જરથોશત કાલી કોહોલાનો હશમનો તોલો ખોરાશાંનની તરફથી આલેમ દોલત પેદા થાશે. તે વખતમાં હોશેદર જરથોશતનો બેટો માએથી પેદા થાશે. અને તેનો જનમ તેજ વેળામાં હોએ અને હોશેદરનું પરવરેશ કાબુલસ્તાંનની તરફની હદમાં થાશે. જેવારે હોશેદર વરશ ૩૦ નો થાશે તેવાર હોરમજદની દરગાહા આવી મારી શાથે પુરશેશ કરશે. તે વેલામાં ચીનોસ્તાંન તથા હીંદુસ્તાંન શરવેમાં પાહાદશાહા ૧ આગળ કેઆનીઓના તોખમનો વરશ ૧૦૦ લગે તે પાહાદશાહી કરશે. તેની જોરૂને પેટે હમેલ રેહેશે પછી તે હમેલથી બેહેરાંમ વરજાવંદ પેદા થાશે. મોટો

થાઇઆ પછી પોતીકું તોલ કુટમ સાથે લઇને જાશે, અને બુરાઇ જેહાંનનાં કરનાર જેહાંનથી દુર થાશે, આદમીનો માલ ખજાનો કોઈ ચોરી નહીં જાશે અને જેહાંનમાં આદમી ચોપગ વધશે અને તેની પેદાયશ ઘણી હોએ. અને ગાએ ગોશપંદને દુધ વધશે અને તેની પેદાયશ ઘણી હોએ. અને ૧ ગાયના દુધ વધેઆથી ૧૦ મરદ ધરાશે. ખાઇ નહી શકાશે, અને જેહાંન આબાદાંન થાશે. પછે હોશેદરનો હજારો પુરો પડશે અને હોશેદર હોરમજદની દરગાહા જાશે અને હોરમજદની દીન કબુલ કરશે. અને જેહાંનમાં દીન રવા કરશે. તરજાબુ ૧ દેખાડસે ૨૦ રાત ૨૦ દન લગે આફતાબ આશમાનની દરમેઆન રહેસે, અને ૨૦ રાત ૨૦ દન આશમાંનની આગળ ફરી નહી શકસે, અને આંશમાનને દરમેઆંન ઉભો રહેસે, તાંથી આગળ પાછળ ચાલે નહીં. જેવારે જેહાંનની ખલક એ તરજાબુ દેખશે તેવારે તરંને એક આદમી બેશક થાસે. એનો માએનો એજે તમામ જેહાંન તરીજી પાંતી દીન કબુલ કરસે, કબુલ લાવસે, હોશેદરમાહાની દીન પર બેશક ચાલશે, અને હોરમજદની દાદપર મન ધરસે. તે વખત એવો આવશે જે એક દન જમસે અને એક દનનાં જમીઆથી કેટલા દન ભુખ નહી લાગસે, અને ૧ ગાયનાં દુધે ૧૦૦ મરદ ધરાસે. જેહાનથી ગોશ ખાવું દુર કરસે, અને ગોશપંદ પશુને કોઇ મારસે નહી અને આદમી દુધ તથા દહી ખાઇને ધરાસે. અને તમામ અજદાહાપની જણસ દફે થાસે. આંશમોગ દેવ જીઆંગાર એક અજદા જેવો બીહાંમણો થાઇ દુનીઆમાં આવસે. અને તે અજદા ઘણો મોહટો બીહામણો તે ઘણાં આદમી ચોપગાંને ખરાબ કરસે, અને હોશેદરમાહા ખોદાયની ઇજશને ઇજસે. હોરમજદની એજમતે પાકાને જોરે કરી અને જંદ અવસ્થાની બરકતે કરીને તે અજદાને મારસે, અને જેહાંન પાક કરસે, અને આદમી તે વેલામાં ખુશીથી જીવસે, અને કોઇનાં દેલમાં બુરી વાતનો અંદેસો નહી આવસે, અને દરદ કાંતા જાણવર જંગલના આદમીને ફરસે. અને મુશતાક થાસે, પછે હોશેદર તે ખરવશતરને મારસે, ફના કરશે. તેવાર પછી જેહાંનમાં ફરી ખરવશતર નહી થાશે. માંખ, મછર ચતકાણું ભરનાર, શાપ, વીંછુ, વાઘ વરૂ એ શરવે, અને જેહાંનથી આશમોગ દેવ ફરેબનો દેનાર તમામ નેશ અને ફનાં થાશે, અને તેવાર પછે આદમી કોઇ જુઠું નહી બોલશે. તમામ જેહાંન આબાદાંન થાસે. કરાર પડસે, અને આદમીને કાંઇ અંદેસો તથા દલગીરી નહીં પોહોંચસે.

જેવારે હોસેદરની પાહાદશાહીનાં વરશ ૫૦૦ જાશે તેવારે પછે નુર અને પાકી ભરેલું શું શીકયેશનો જમાંનો થાશે. જીહાતનાં ઘણી ખોશીઓશ

વરશ ૩૦ નું થયા પછી હોરમજદની દરગાહા જઇ હમ પુરશ થસે. અને દીન કબુલ કરશે. જરથોસ્ત પેગમબરે કબુલ કીધું તેમજ કરશે. પછી જેહાનમાં લાવીને રવા કરશે. હફ્તે કેશવર જમીનનાં ચારે દશાનાં બેહેદીન ભલી દીનનાં પાકદીન કબુલ કરશે, અને શોશીઓસ અને હોશેદર માહાની દીન કબુલ કરશે. આદમીની જાત પાક ને જોર એવો રહેશે જે હારેમનની ખલક તથા દેવ દરૂજ તેની જાતમાં ભેલાઇ નહીં શકશે. અને દેવ દરૂજ દુનીઆમાં આવી નહીં શકસે. દીનમાં એમ ફરમાવ્યું છેજે, તે વખતમાંહાં દેવ પરીનો તોલો જમીન તળે હેઠે જાસે, પરીનો તોલો જે જાહેર દુનીઆમાં ફરે છે તે વખતમાં જમીન તળે જસે, તે તોલાનો શરદાર એક દેવ છે, તે સોશીઓશ સાથે ઘણી પુસેશ કરસે. પછે સોશીઓશ હોરમજદ અમશાસ્પંદની મદતે. તે દેવને તથા દેવનાં તોલાંને મારસે અને ઇઆંન તથા તમામ બુરાશને દફેર કરશે.

હોશેદર ૯ ખંડમાં આફ્તાબ દન ૧૦ તથા રાત ૧૦ ગોવાઇને ખાતર માથાપર રેહેશે. હોશેદર માહાના વખતમાં આફ્તાબ દન ૨૦ ગુવાહી દીનને ખાતર રેહેશે. પછી શોશીઓશનાં વખતમાં શોશીઓશની ગોવાઇને ખાતર આફ્તાબ દન ૩૦ લગે આફ્તાબ અધવચે આંશમાનપર રેહેશે. પછે તમામ આદમી દીન કબુલ કરશે. ઇમાન ખોદાયની દીન ઉપર લાવીને બંદગી ઘણી કરશે અને ૧ વારમાંહાં અને ૧ દનમાંહ વાર ૩ બંદગી કરશે, અને બંદગીમાં ખડા રહેશે જે ખોદાએ એ દીનમાંહાં ખુબ પેદા કીધી. પછી તે વેલામાં વરશ ૧ નાં દન ૩૬૦ ગણશે. હવડાં વરશ ૧ નાં દન ૩૬૫ ગણેચ, માટે જે વરશ દાહાડે દન ૫ વધેઆ પછે માટે તે વેલાએ દન ૫ ગણશે નહીં. આફ્તાબ મેખનાં બરૂજથી જેહેવો ચાલશે તે મીનને બરૂજે ફરી આવશે, દન ૩૬૦ ગણશે. દન ૫ રવાંને ખાતર કીધા હતા જે તે શારૂ શવાબ ગણો થાએ તે વેલા ગુનાંહગાર દશતુર રવાંનને વેખ બીજી વાતે શવાબ કાંમ કરાવશે કાંએ જે પોતે પઢવું પઢે. ગુનેગાર બેહેદીન તે દશતુરનું કહયું બાવર લાવશે. તે દશતુર દરવંદને મલદો હશે તેને શાહેબ શાહેબ કેહેશે એ એવી વેલા આવશે. ૧ દસ્તુર મોબેદ જેને ગુનાહ થોડો કીધો હશે તેને ચોલી મારશે. એ એવી વેલા ગુજરશે પણ દીનનું આદલ નહી રાખશે. અને તે પેલા દેવની મીશાલ કરશે અને કેહે જે, મારો બોલ ઉપર એવા એવા ગુનેહગાર બેહેદીન તથા દસ્તુરથી દીન ભાગશે પછે પાક દાહાડો થાશે તેવાર તે વેલામાં હાજત તથા બુરાઇ નહી થાએ. પછે તે નાપાક બેહેદીન તથા દશતુરને તર્જારૂક દેશ કોઇ દશતુરે જાતે ગુનાહ કીધો હશે. અને હેરાન પશેમાન હોશે તેને બેહેસત આપશે.

જુવાક બંધથી છુટશે.

દીનમાં ફરમાવ્યું છે જે તે વેલામાં જુવાક બંધથી છુટશે અને ૧ાા દહાડો પાહાદશાહી કરશે. તે જેહાંનમાં ઘણો જુલમ કરસે, ધણી એક શકતી જેહાંનમાં આદમી ઉપર થાશે. જેહાંન ઉજડસે ખરાબ કરસે, પછે ખોદાયતાલાનો હોકમ થાસે જે,

કેરશાશપનું કાલબુદ ખાકથી ઉઠશે.

શાંમ નરીમાંન ખુવાબથી બેદાર થાએ. તે હુકમ થતાંવાર કેરશાશપનું કાલબુદ ખાકથી ઉઠસે. પછે સોશીઓશ કેરશાસ્પને એક અવાજ મારીને કેશે જે, એ કેરશાશપ માજદીઅશની દીન કબુલ કર, જે તું બેમરગ થાએ, કદી નહીં મરે, જે હમો રસ્તાખેજ કરૂં છું. સોશીઓશ કેરશાશપને એટલું કહેસે, તે શાંભળી કેરશાશપ અજબ રેહેસે અને દીન કબુલ કરસે. અને સોશીઓશ બેહેશતની અજમતે અને મીનોઇ અવાજે કેરશાશપસે બોલસે, અને કેરશાશપ મીનોઇ બેહેશતનો અવાજ સાંભલતાં વાર સોશીઓશની દીન કબુલ કરસે, ને જુવાકની શાંમને જાસે. જુવાકને કેરશાશપ એમ કેહેસે જે પાક દીન કર અને બુરાઇથી તોબા કર. અને દીન પર બેશક થા. તેવારે જુઆકે કેરશાશપને જવાબ દીધો જે, એ ભાઇ તું મારી સાથે આવ જે આપણે એક દીલ થાઇને ખોદાયતાલાની મકશદે આપણે કાંમ નહી કરીએ અને હારેમનની મકશુદનું કામ કરીએ અને હોરમજદનાં હાથથી ગરોથમાન બેહેશત છીનવી લીએ. પછે હું અને તું જેહાંનનાં ધણી થાઇ બેશીએ. એટલી વાત પછી જુવાકને કેરશાશપે જવાબ દીધો જે એ નાપાક હારેમન મારેઓ જાઓ, ભાગો જડ શેકસતે થાઓ; તમામ દેવ સાથે ખુબીને ખાતર દીન કબુલ કર નહી તો મારા ભારી ગરૂજે કરી તારા શરનાં તુકડા કરૂ. અને ખોદાયતાલાની મકશુદે હું ચાલું છું તેમ તુંબી ચાલ. એ વાત પરછીને (શાંભરી) જુઆક કેરશાશપનાં દરથી પાકદીન કબુલ કરશે. તેવાર ખોદાયતાલાનો હોકમ કેરશાશપને થાશે તે હોકમથી જુઆક કેરશાશપને હાથ ઉપર મારીઓ જાશે. પછે તમામ જેહાંન ખોદાયની દીનુ ઉપર ચાલશે. તે વેલામાં મોહોત બુધાપો નહી. અને આદમી અમશાસ્પંદોની મીશાલે પાક થાશે. તે વાર પછી જે આદમી જેહાંનમાં હોશે તે ગોશત ખાવું મેલી દેશે.

હોશાદરનાં વખતથી માશાપંદ કોઇ નહી મારશે.

તે વખતમાં ૧ રોટીમાં ૧૦ મરદ ધરાશે. પછે રોટીબી નહી ખાશે, દુધ ખાઇ રેહેશે. બરશ ૩ લગે દુધ પીને રેહેશે. પછે તમાંમ ખલક પાણી પીને રેહેસે. વરશ ૧૦ લગીન પાણીનો ખોરાક કરશે. તેવાર પછી પાણીબી નહી પીસે. પછી તમાંમ ખલક મીનો ખોરશને થાસે. એનો માએનો એ જે તેનાંને ખાવાની કાંઇ હાજત નહી રેહેસે. બેહેસ્તી રવાનની મીશાલે ફરસે. તેવાર પછી દાદાર હોરમજદ અમશાસ્પંદને હોકમ કરસે જે કાંઇ મુંઆ છે તે આદમીનું હાએ તે હાં લાવો અને હાજર કરસે અને મીનોઇ વાથી તમાંમ આંદમીઓનાં રવાંન માંગશે, અને ખુરદાદ અમશાસ્પંદથી લોહી પીપ, અમરદાદથી હાદ રગ માંગશે, તથા બાલબી અમરદાદથી માગશે. દાદાર હોરમજદે જે જે કાંઇ મીનોને શોપ્યું છે, તે શરવે મીનો પાશે હરેક ચીજ માંગશે અને હોરમજદનો હોકમ થતાં વાર ફરેશતા શરવે લાવશે. તેવારે દાદાર હોરમજદ હરવસ્પ આગાની અકલે ને જોરે કરીને તે શરવે પીછાંનશે જે એ હાદ ફલાંણાનાં. એવી અકલે એવી રવેશ હરવેશ્પ આગાથી અકલને જોરે શરવે ચીજ પીછાની આપશે. પછે દાદાર હોરમજદ હોકમ કરશે જે હરેકનો જીવ પોતાની જાતમાં જાઓ, જેવાનાં તેવા થાઓ. પછે ખોદાયતાલાનાં હોકમથી પેહેલો ગયોમરદ પાહાદશાહ ઉઠશે. પછે તેની પાછલથી મશી મશીઆંનો ઉઠશે. પછે રાત અરધી જાશે. હોશણુ ગેહેમાં જે મુંવાં હોસે તે શરવે ઉઠશે. જેવારે સહવાર પડશે તેવાર શરવે કોઇ જોર અને કુઉઅતશે થાશે, જેવાર દહાડો બે પોહોર ચડશે તેવારં રવાંન શરવે જીવતાં થાશે. પણ જીવતાં જે જગાપર થાશે, જાહાંમુવાં હોશે તે જગાપર શેહેરમાં તે જગે પોતાપર જીવતાં થાસે તે જાગીરપર તથા ફરી ઉઠશે. એ રીતે ફરી જીવતા થાશે. ખોદાયતાલાની આગર ઉભાં રહીને નેમાજ કરશે. અને ખેશ ખેશને ઓળખશે, બાપ દીકરાને ઓળખશે, ભાઇ ભાઇને ઓળખશે, બેહેન બેહેનને ઓળખશે, કબીલા કબીલાને ઓળખશે. દોસ્ત દોસ્તને ઓળખશે એક એકનાં સેહેરને ઓળખશે, જે રીતે દુનીઆં ઓળખતાં હતાં, તેમજ શરવે ઓળખશે.

દાદાર હોરમજદ આદમીઓને દોજખથી આજાદ કરશે.

ખોદાતાલા પોતે ગોનાહ માફ કરશે. હીશાબ કરતાં ગુનાહ અદકો હસે, બાકી રહી હશે, તેને દોજખમાં લઈ જશે. ૩ રાત લગીન દોજખમાં રાખશે

